BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## બેચલર ઑફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ (BLIS)



## BLIS - 108

## ગ્રંથાલય યાંત્રિકીકરણ અને નેટવર્ક્સ.

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

# BLOCK- 1

## ગ્રંથાલય યાંત્રિકીકરણ

## (Library Automation)

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

BAOU
Education
for all

## BLIS-108

## ગ્રંથાલય યાંત્રિકીકરણ અને નેટવર્ક્સ.

**Library Automation and networks**

# વિભાગ

# 1

## ગ્રંથાલય યાંત્રિકીકરણ (Library Automation)

---

એકમ-1: ગ્રંથાલય યાંત્રિકીકરણની વિભાવના અને તેનો ઇતિહાસ.

---

એકમ-**2:** ગ્રંથાલય યાંત્રિકીકરણની વ્યાખ્યા, જરૂરિયાત, હેતુઓ અને તેને લાભાલાભ.

---

એકમ-**3:** ગ્રંથાલય યાંત્રિકીકરણના વિવિધ મોડ્યુલ: એકવીઝીશન, કેટલોગીંગ,સર્ક્યુલેશન, ઓપેક, સિરિયલ કંટ્રોલ.

---

**નિદર્શન :**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય — નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ. પ્રિયાંકી વ્યાસ — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. ચેતના શાહ — ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહ – સંપાદન :**

કિંજલ પરમાર — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**વિષય સમિતિ:**

**(2020-2022)**

ડૉ. પ્રિયાંકી વ્યાસ — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ. પ્રયત્કર કાનડીયા — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

ડૉ. અતુલ ભટ્ટ — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**(2017-2019)**

ડૉ. વૈશાલી ભાવસાર — ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

ડૉ. વૈદેહી પંડ્યા — ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર.

ડૉ. યોગેશ પારેખ — ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

ડૉ.મેઘના વ્યાસ — મુખ્ય ગ્રંથપાલ, નવરચના યુનિવર્સિટી, વડોદરા.

ડૉ.જયદીપ મેહતા — યુનિવર્સિટી ગ્રંથપાલ, ડૉ. કિરણ અને પલ્લવી પટેલ ગ્લોબલ યુનિવર્સિટી,વડોદરા.

**વિષય પરામર્શન:**

ડૉ. રાજેશ ત્રિવેદી — પી.ડી.યુ.મેડિકલ કોલેજ,રાજકોટ

**ભાષા પરામર્શન:**

પ્રિ. ધનશ્યામ કે. ગઢવી — નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક:** કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-91468-33-0

**પ્રકાશન વર્ષ :** 2021



## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## <u>પ્રસ્તાવના :</u>

આપણે સૌ જાણીએ છીએ કે વધતાં જતાં ઈન્ટરનેટના ઉપયોગથી દરેક ક્ષેત્રમાં કમ્પ્યુટરાઈઝેશન અગત્યનો ભાગ ભજવે છે. ગ્રંથાલયો પણ ૨૧ મી સદીમાં ડીજીટાઈઝેશનના પ્રોજેક્ટ પર કાર્યરત બની ગઈ છે. જ્યાં મોટા ભાગના ગ્રથાલયો, ગ્રંથાલયના દરેક કાર્યો, પુસ્તક મંગાવવાથી લઈને પુસ્તકોની આપ-લે સુધી તમામ કાર્યો કમ્પ્યુટર આધારિત કરે છે. આ પાઠયક્રમમાં ગ્રંથાલય યાંત્રિકીકરણની જરૂરિયાત, તેના લાભો, વિવિધ વિભાગમાં યાંત્રિકીકરણને અપનાવવા માટે યાંત્રિકીકરણની પ્રક્રિયા, સિસ્ટમ એનાલિસિસની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રંથાલય યાંત્રિકીકરણ માટેના હાર્ડવેર, સોફ્ટવેર અને નેટવર્કની જરૂરિયાત.; ગ્રંથાલય યાંત્રિકીકરણના સ્ટાન્ડર્ડ્સ: માર્ક, યુનિમાર્ક, માર્ક-૨૧; ગ્રંથાલય યાંત્રિકીકરણની પ્રપોસલ, નિગોશીયેશન અને ડેટા કન્વર્ઝન.; ગ્રંથાલય યાંત્રિકીકરણ ઉદ્યોગની પરિસ્થિતિ. ; ગ્રંથાલય યાંત્રિકીકરણની પ્રપોસલ, નિગોશીયેશન અને ડેટા કન્વર્ઝનની માહિતી આપવામાં આવી છે.

BLIS-108 Library Automation and networks વિષય કુલ **14** એકમોમાં વહેંચવામાં આવ્યા છે જેમાં 14 એકમો કુલ ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

**વિભાગ:૧ ગ્રંથાલય યાંત્રિકીકરણ**માં કુલ ૩ એકમ છે. **જેમાં** ગ્રંથાલય યાંત્રિકીકરણની વિભાવના અને તેનો ઇતિહાસ.; ગ્રંથાલય યાંત્રિકીકરણની વ્યાખ્યા, જરૂરિયાત, હેતુઓ અને તેને લાભાલાભ. ; ગ્રંથાલય યાંત્રિકીકરણના વિવિધ મોડ્યુલ: એકવીઝીશન, કેટલોગીંગ,સર્ક્યુલેશન, ઓપેક, સિરિયલ કંટ્રોલ.નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**વિભાગ:૨ ગ્રંથાલય યાંત્રિકીકરણ સિસ્ટમ એનાલિસિસ**માં કુલ ૪ એકમ છે. **જેમાં** ગ્રંથાલય યાંત્રિકીકરણ માટેના હાર્ડવેર, સોફ્ટવેર અને નેટવર્કની જરૂરિયાત.; ગ્રંથાલય યાંત્રિકીકરણના સ્ટાન્ડર્ડ્સ: માર્ક,  યુનિમાર્ક, માર્ક-૨૧; ગ્રંથાલય યાંત્રિકીકરણની પ્રપોસલ, નિગોશીયેશન અને ડેટા કન્વર્ઝન.; ગ્રંથાલય યાંત્રિકીકરણ ઉદ્યોગની પરિસ્થિતિ. ; ગ્રંથાલય યાંત્રિકીકરણની પ્રપોસલ, નિગોશીયેશન અને ડેટા કન્વર્ઝનનો સમાવેશ થાય છે.

**વિભાગ:૩ ગ્રંથાલય યાંત્રિકીકરણના સોફ્ટવેરનો પરિચયમાં કુલ ૨ એકમ છે જેમાં** ગ્રંથાલય યાંત્રિકીકરણના ઓપન સોર્સ અને પ્રોપ્રાયટરી સોફ્ટવેરનો પરિચય અને તેના લાભાલાભ.; સોલ ૨.0, કોહા, નયુજેનલીબ: એકવીઝીશન, કેટલોગીંગ, સિરિયલ કંટ્રોલ, ઓપેકના સંદર્ભમાં તેનું મૂલ્યાંકન સમાવેશ કરવામાં આવે છે.

**વિભાગ:૪ ગ્રંથાલય નેટવર્ક્સમાં કુલ ૨ એકમો છે જેમાં** ગ્રંથાલય નેટવર્ક્સનો ઉદ્દભવ અને વિકાસ, તેના મૂળભૂત કાર્યો; વિવિધ લાયબ્રેરી નેટવર્ક્સ: DELNET, INFLIBNET, ADINET તેના હેતુઓ, કાર્યો અને સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક ગ્રંથાલયથી બીજા ગ્રંથાલય સાથે જોડી રહેવામાં નેટવર્ક ખુબ જ મદદરૂપ બને છે. ગ્રંથાલયના સંસાધનો, સેવાઓની વહેચણી નેટવર્ક દ્વારા જ થતી હોય છે.

**વિભાગ:૫ પ્રેક્ટિકલમાં કુલ ૩ એકમ છે. જેમાં** SOUL 2.0, ; KOHA,; NewGenlibનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રંથાલયના કાર્યોને યાંત્રિકીકરણ કરવા માટે વિવિધ ગ્રંથાલય યાંત્રિકીકરણના સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં soul 2.0, koha, newgenlibને પ્રેક્ટિકલી શીખવું જરૂરી છે. soulમાં તેના વિવિધ મોડ્યુલ જેવા કે એક્વીઝીસન, સીરીયલ કંટ્રોલ, ઓપેક, સર્ક્યુલેશન વગેરેનો ઉપયોગ ગ્રંથાલય કાર્યમાં કેવી રીતે કરવો તેની સમજૂતી આપવામાં આવી છે. કોહા, સોલ અને ન્યુજેન્લીબ વચ્ચેનો સમાન્ય તફાવત પણ દર્શાવવામાં આવ્યો છે. જે ગ્રંથાલય વ્યવસાયિકોને ગ્રંથાલય સોફ્ટવેરની સમજ પૂરી પાડે છે.

# એકમ 1 ગ્રંથાલય યાંત્રિકીકરણની વિભાવના અને તેનો ઈતિહાસ

## LIBRARY AUTOMATION CONCEPT AND HISTORY

રૂપરેખા

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 ગ્રંથાલય યાંત્રિકીકરણની વિભાવના

 1.2.1 યાંત્રિકીકરણનો અર્થ

 1.2.2 ગ્રંથાલય યાંત્રિકીકરણનો અર્થ

1.3 ગ્રંથાલય યાંત્રિકીકરણનો ઈતિહાસ

1.4 ગ્રંથાલયિક યાંત્રિકીકરણ

1.5. ગ્રંથાલય યાંત્રિકીકરણનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય અને વિકાસ

 1.5.1 પ્રાયોગિક તબક્કો

 1.5.2 સ્થાનિક પ્રણાલિ તબક્કો

 1.5.3 સહકારી પદ્ધતિ તબક્કો

1.6. સારાંશ

1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.8 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

1.9 ચાવીરૂપ પ્રશ્નો

1.10 સંદર્ભ અને વિશેષ વાંચન

## 1.0 ઉદ્દેશો (Objective)

આ એકમના અધ્યયન પછી તમે આ બાબતથી સક્ષમ બનશો.

- ગ્રંથાલય યાંત્રિકીરણની વિભાવના સમજવા.
- ગ્રંથાલય યાંત્રિકીકરણની મૂળભૂત બાબતો ઓળખશો.
- ગ્રંથાલય યાંત્રિકીકરણનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સમજવા.

## 1.1 પ્રસ્તાવના (Introduction)

માહિતીનો સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ તથા તે એકમથી કોઈપણ ખૂણે પહોંચાડવા અંગે વ્યાપક સંભાવના ધરાવતી માહિતી અને ટેક્નોલોજીએ વિશ્વમાં હશે એટલી હદે ફેરફારો કર્યા છે કે આધુનિક યુગ "માહિતીયુગ" તરીકે ઓળખાય છે. ગ્રંથાલય અને માહિતી સેવાઓ તેમાં અપવાદ નથી. ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો દ્વારા કમ્પ્યૂટરોનો વધારેમાં વધારે ઉપયોગ રોજબરોજના કાર્યોના સંચાલન અને ઉપયોગકર્તાઓને માહિતી સેવા પ્રદાન કરવા માટે કરવામાં આવે છે. ગ્રંથાલયના સંચાલન માટે હવે પરંપરાગત પદ્ધતિઓને સ્થાને આધુનિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આજના ગ્રંથાલયો માહિતી અને સંચાર ટેકનોલોજી અને યાંત્રિકીકરણના ઉપયોગ તેની નિયમિત પ્રવૃત્તિ અને શોધસેવાઓ પૂરી પાડવા માટે કરે છે અને આધુનિક ગ્રંથાલય તરીકે જાણીતા બન્યા છે. કમ્પ્યૂટરનો ઉપયોગ આંતરિક કામગીરી માટે તેમજ ગ્રંથાલયમાં ઉપલબ્ધ સ્ત્રોત અને માહિતી એક્સેસમાં લેવાતા વધી રહ્યો છે. કમ્પ્યૂટર્સની એપ્લિકેશન અને યાંત્રિકીકરણથી પુનરાવર્તિત અર્થમાં વેડફતો સમય બચી રહ્યો છે. ગ્રંથાલય તેના ઉપયોગકર્તાને ઓછા સમયમાં ઝડપથી સેવા પૂરી પાડી શકે છે.

## 1.2 ગ્રંથાલય યાંત્રિકીકરણની વિભાવના (Concepts of Library Automation)

### 1.2.1 યાંત્રિકીકરણનો અર્થ

યાંત્રિકીકરણને 'ઓટોમેશન' કહેવામાં આવે છે. ઓટોમેશન શબ્દનો ગ્રીક શબ્દ 'ઓટોમટોસ'નો અર્થ છે કે જે સ્વયંસ્ફુરિત ગતિ અથવા સ્વ-ચાલિતની શક્તિ ધરાવે છે. આ શબ્દ "ઓટોમેશન" સૌ પ્રથમ 1936માં ડી.બીસ.એસ.હેડર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જે જનરલ મોટર કંપની યુ.એસ.માં હતી. તેમનો ઓટોમેશન શબ્દનો ઉપયોગ સ્વયં સંચાલિત ભાગથી અસરમાં આવતા યાંત્રિકીકરણ પદ્ધતિનો ઉપયોગ કરેલ.

યાંત્રિકીકરણ એ સ્વનિયમનકારી તકનીક છે કે જે પદ્ધતિને સંચાલિત કરે છે અને વ્યવસાયિક સામગ્રીની પ્રક્રિયાને જોડે છે. આ એક અર્થસંચાલનની પ્રક્રિયાની સાંકળ છે.

વેબસ્ટર થર્ડ ન્યુ ઈન્ટરનેશનલ ડિક્શનરી ઑફ ઇંગ્લિશ મુજબ - યાંત્રિકીકરણ એ એક ઉપકરણ બનાવવા માટેની તકનીક, આપોઆપ કામ કરનારી પ્રક્રિયા અને પદ્ધતિ. બીજા શબ્દોમાં જોઈએ તો યાંત્રિકીકરણ જે ગાણિતીક રીતે માહિતી અથવા આંતરિક રીતે માહિતી એકઠી કરે છે, પસંદ કરે છે રેકોર્ડ જનરેટ કરે છે અને રજૂ કરે છે. મુખ્યત્વે ગ્રંથાલયોના વિવિધ માહિતીસ્ત્રોતને સંગઠિત કરનાર અને વિવિધ કાર્યોને સંચાલિત કરનાર કમ્પ્યૂટર અને એપ્લિકેશન એટલે યાંત્રિકીકરણ.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વિશ્વકોશ, જ્ઞાનકોશ મુજબ ઓટોમેશન પ્રક્રિયાએ ડિઝાઈન અને વિકાસ સાથે સંકળાયેલી ટેકનોલોજી છે અને એવી સિસ્ટમ કે જેના ઓપરેશનમાં માનવ હસ્તક્ષેપની જરૂરિયાત ઘટે છે.

મેકગ્રોટિવ એન્સાયક્લોપીડિયા ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના જણાવ્યા મુજબ

ઓટોમેશન એ અત્યંત યાંત્રિક મશીનરી અને નિયંત્રિત સિસ્ટમ છે જે તકનીકી અર્થ, તેનો ઉપયોગ અને વિકાસ રજૂ કરે છે.

ઓક્સફર્ડ ઇંગ્લિશ ડિક્શનરી મુજબ ઓટોમેશન એ ઉદ્યોગ અને વિજ્ઞાન વિતરણ દ્વારા કોઈપણ શાખાની આપમેળે નિયંત્રણની અરજી તરીકે વ્યાખ્યાયિત કરેલ કે જે માનવશ્રમની જગ્યાએ ઈલેક્ટ્રોનિક અથવા યાંત્રિક ઉપકરણોન્પ્તો ઉપયોગ કરે છે.

### 1.2.2 ગ્રંથાલય યાંત્રિકીકરણનો અર્થ (Library Automation)

લાયબ્રેરી ઓટોમેશન એ કમ્પ્યૂટર્સની એપ્લિકેશન છે જે વિવિધ લાયબ્રેરી કાર્યોને કમ્પ્યૂટર સંચાલિત પ્રોડક્ટને સેવા રૂપે રજૂ કરે છે.

આધુનિક ટેકનોલોજીએ સમાજની પ્રક્રિયાને આમૂલ રીતે બદલવા માટે પ્રકૃતિમાન, આર્થિક, રાજકીય અને સામાજીક મુલ્યો અને ગ્રંથાલયોને અસર કરે છે. લાયબ્રેરી ઓટોમેશન વિવિધ લાયબ્રેરીની દિનચર્યામાં ઉંચી માત્રામાં યાંત્રિકીકરણ કરે છે જે મનુષ્ય દ્વારા પુનરાવર્તિત કાર્યો કરવામાં આવતા હતા. ઓટોમેશનના આગમનથી માનવ હસ્તક્ષેપનો મહત્તમ અંશે ઘટાડો થયો છે. કમ્પ્યૂટર પ્રગતિ ઉપરાંત ટેલિકોમ્યુનિકેશન અને ઓડિયો-વિઝ્યુઅલ ટેક્નોલોજીએ નવી શક્યતાઓને વેગ આપ્યો છે. જે માહિતી સંચાલનને વધારે અસરકારક બનાવે છે. ગ્રંથાલય યાંત્રિકીકરણ (Automation)માં કમ્પ્યૂટર્સનો ઉપયોગ થતા જેવી કે પંચ કાર્ડસ (Punched Card)માં રિપ્રોગ્રાફી (New Reprography) જેમાં માનવ હસ્તક્ષેપ વધારે રહેતો. જ્યારે લાયબ્રેરી ઓટોમેશનની વાત કરીએ ત્યારે મુખ્યત્વે કમ્પ્યૂટર્સ, સંકળાયેલા પેરીફેરસ મીડિયા (ચપ્તંબકીય ટેપ, ડિસ્ક, ઓપ્ટિકલ મીડિયા વગેરે)નો સમાવેશ થાય છે. ગ્રંથાલય યાંત્રિકીરણ એ માહિતીસ્ત્રોતનો સંગ્રહ કરનાર આધારભૂત ડેટા અને પુનઃપ્રાપ્તિની અસરકારક અને ચોક્કસ પદ્ધતિ.

## 1.3 ગ્રંથાલયના યાંત્રિકીકરણનો ઈતિહાસ (History of Automation)

પુસ્તકાલય યાંત્રિકીકરણ પર પ્રારંભિક કાર્ય 1930ના દાયકામાં શરૂ થયું હતું જયારે પુસ્તકાલયોમાં પરિભ્રમણ અને સંપાદન માટે પંચ કાર્ડ સાધનો લાગુ કરવામાં આવ્યા હતા. 1930ના દાયકા દરમિયાન અને 1940ની શરૂઆતમાં અને બીજા વિશ્વયુદ્ધને કારણે કમ્પ્યૂટર સિસ્ટમ્સની પ્રગતિ ધીમી હતી. કમ્પ્યૂટર અને કમ્યુનિકેશન ટેકનોલોજીના વિકાસની સાથે ગ્રંથાલય એ યાંત્રિકીકરણની પ્રગતિ કરી ગ્રંથાલય યાંત્રિકીકરણના ઈતિહાસમાં સીમા ચિહ્નરૂપ વિકાસ નીચે મુજબ છે.

1946થી 1947 સુધી, બે નોંધપાત્ર કમ્પ્યૂટર બનાવવામાં આવ્યા. ENIAC I (ઇલેક્ટ્રોનિક ન્યુમેરિકલ ઇન્ટિગ્રેટર અને કેલ્ક્યુલેટર) કમ્પ્યૂટર પેનસિલ્વેનીયા યુનિવર્સિટીના જહોન મૌચલી અને જે. પ્રેસ્પર એકકાર્ટ દ્વારા વિકસાવવામાં આવ્યો હતો. તેમાં 18,000 થી વધુ વેક્યુમ ટ્યૂબ સામેલ છે. તેનું વજન ત્રીસ ટન હતું. બીજું કમ્પ્યૂટર, EDVAC (Electronic Discrete Variable Automatic Computer)

એક સાથે બે પ્રોગ્રામ સ્ટોર કરવા અને સૂચનાઓના સેટ વચ્ચે સ્વિચ કરવા માટે બનાવવામાં આવ્યો હતો.

1947માં જ્યારે બેલ લેબોરેટરીઝ દ્વારા વેક્યૂમ ટ્યૂબ્સને ટ્રાંઝિસ્ટરની શોધ સાથે બદલી કરવામાં આવી ત્યારે એક મોટી સફળતા મળી. ટ્રાંઝિસ્ટરોએ કમ્પ્યૂટરનું કદ ઘટાડ્યું, અને તે જ સમયે ગતિ અને ક્ષમતામાં વધારો કર્યો.

UNIVAC I (યુનિવર્સલ ઓટોમેટિક કમ્પ્યૂટર) ટ્રાઝિસ્ટરનો ઉપયોગ કરીને પ્રથમ કમ્પ્યૂટર બનાવ્યું હતું અને યુ.એસ.ની ગણતરીના U.S. બ્યુરોમાં 1951 થી 1963 સુધી તેનો ઉપયોગ થતો હતો. આ સમયમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ પણ પ્રગતિમાં હતું. ઓપરેટિંગ સિસ્ટમ્સ અને પ્રોગ્રામિંગ ભાષાઓ બનાવવામાં આવી રહી હતી તે માટે કમ્પ્યૂટરનો વિકાસ કરવામાં આવ્યો હતો.

1960ના દાયકામાં ઇન્ટેલના રોબર્ટ નોઇસ અને ટેક્સાસ ઈન્સ્ટ્રુમેન્ટ્સના જે કકિર્બી દ્વારા ઇન્ટિગ્રેટેડ સર્કિટની શોધને હજી એક બીજું સીમાચિહ્ન માનવામાં આવી શકે છે. ઇલેક્ટ્રોનિક સર્કિટના બધા ઘટકો સિલિકોનની એક “ચિપ” પર મૂકવામાં આવ્યા હતા

એચપી લુહ્ન દ્વારા “સંદર્ભિત કીવર્ડ” (KWIC) નામની નવી અનુક્રમણિકા તકનીકનો વિકાસ 1961 માં કેમિકલ એબ્સ્ટ્રેક્ટસમાં દેખાતા લેખો માટે કીવર્ડ ઇન્ડેક્સિંગ નવું ન હતું. તેમ છતાં કમ્પ્યૂટર માટે ખૂબ જ યોગ્ય લાગ્યું કારણ કે તે સસ્તું હતું અને તેમાં બહુવિધ એકસેસ પોઇન્ટ્સ રજૂ કરાયા હતા.

1960ના દાયકાના મધ્યભાગમાં ગ્રંથાલય ઓફ કોંગ્રેસ (LOC) દ્વારા મશીન વાંચી શકે તેવા સૂચિકરણ રેકોર્ડર્સના ઉત્પાદન માટે કમ્પ્યૂટરનો ઉપયોગ. 1965 અને 1968ની વચ્ચે, LOC એ MARC 1 પ્રોજેક્ટ શરૂ કર્યો. ત્યારબાદ MARC II દ્વારા ઝડપથી. MARC ક્ષેત્રોને ઓળખવા માટે 3-અંકના નંબરોનો ઉપયોગ કરીને ગ્રંથસૂચિ રેકોડ્સપ્તને “ટેગિંગ” કરવાની રીત તરીકે બનાવવામાં આવ્યું હતું.

MARC II ફોર્મેટ એ 1974માં NISO (રાષ્ટ્રીય માહિતી ધોરણો સંગઠન) દ્વારા સમાયેલ ધોરણનો આધાર બન્યો. આ એક નોંધપાત્ર વિકાસ હતો કારણ કે ધોરણોનો અર્થ એ હતો કે કમ્પ્યૂટર દ્વારા ગ્રંથસૂચિ રેકોર્ડને વિવિધ પુસ્તકાલય સિસ્ટમ્સ વચ્ચે વાંચી અને સ્થાનાંતરિત કરી શકાય છે.

ARPANET, 1969માં ડિફેન્સ એડવાન્સ રિસર્ચ પ્રોજેક્ટ્સ એજન્સી દ્વારા સ્થાપિત નેટવર્ક, ઇ-મેલ, ટેલનેટ અને એફટીપીનો ઉપયોગ અસ્તિત્વમાં લવાયો હતો.

સંદર્ભ ડેટાબેસેસ (જેમકે DIALOG) ને શોધવા માટે વ્યાપારી સિસ્ટમ્સનો ઉપયોગ 1970ના દાયકાથી શરૂ થયો. 1970 ના દાયકાના અંતમાં BALLOTS (મોટા પુસ્તકાલય ઓપરેશંસનું ગ્રંથસૂચિ યાંત્રિકીકરણ) પ્રથમમાંનું એક હતું અને બાદમાં RLIN (સંશોધન પુસ્તકાલયો માહિતી નેટવર્ક)નો પાયો બન્યો.

ઓનલાઇન કમ્પ્યૂટર ગ્રંથાલય કેન્દ્ર 1970માં તેનું પ્રથમ સહકારી સૂચિબદ્ધ, સાહસ શરૂ કર્યું. આ નોંધપાત્ર પ્રોજેક્ટથી સભ્ય પુસ્તકાલયોમાં પુસ્તકાલય સામગ્રીની

તકનીકી પ્રક્રિયા કરવામાં સહાયળી

ARPANETના પેટા નેટ MELVYL યુનિવર્સિટી ઓફ કેલીફોર્નિયાની ઓન લાઈન જાહેર પ્રવેશસૂચિ કે જે 1980માં રાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ હતી. યુનિવર્સિટી ઓફ કેલીફોર્નિયાના તમામ કેમ્પસમાં MELVYL હજી પણ કેન્દ્રિત સંકલિત પુસ્તકાલય સોફ્ટવેર તરીકે ઉપયોગમાં લેવાય છે.

1980ના દાયકા દરમિયાન, કમ્પ્યૂટર્સનું કદ ઘટ્યું, તે જ સમયે તકનીકી એ ઝડપી ચીપ્સ, વધારાની રેમ અને વધુ સંગ્રહ ક્ષમતા પ્રદાન કરી. 1980ના દાયકા દરમિયાન માઈક્રોકમ્પ્યૂટર્સનો ઉપયોગ ખાસ કરીને વિકસિત દેશોમાં ઘરો, શાળાઓ, પુસ્તકાલયો અને કચેરીઓમાં વિસ્તૃત રીતે વિસ્તર્યો.

UNESCO દ્વારા 1980ના દાયકામાં દરેક વિકસિત દેશોએ તેના વિતરણ કેન્દ્ર દ્વારા માઈક્રો સીડીએસ - આઇએસઆઇએસનું વિતરણ શરુ કર્યું હતું. માઇક્રો સીડીએસ/આઈએસઆઈએસની મફત ઉપલબ્ધતા, ખાસ કરીને પુસ્તકાલય એપ્લિકેશન માટે વિકસિત, વિકાસશીલ  દેશોમાં પુસ્તકાલયો માટે એક વરદાન સાબિત થયું.

ઘણાં સંકલિત પુસ્તકાલય પેકેજ બજારમાં દેખાવાનું શરુ થયું. ભારતમાં લિબ્સીઝ શરૂઆત 1980 ના દાયકાના અંતમાં કરવામાં આવી હતી.

1980ના દાયકામાં, ઘણાં અન્ય સોફ્ટવેર ગ્રંથાલયોના ગ્રંથપાલો માટે ઉપલબ્ધ બન્યાં. જેમ કે સ્પ્રેડશીટ્સ અને પુસ્તકાલયોના વહીવટ અને માહિતી પ્રસારણ માટે ડેટાબેસિઝ.

1980ના દાયકાના અંતમાં સીડી- રોમના પરિચયથી પુસ્તકાલયોના સંચાલનની રીત બદલાઈ ગઈ. સીડી - રોમ્સ ડેટાબેસેસ સોફ્ટવેર ધરાવતાં ઉપલબ્ધ બન્યાં, અને માહિતી ફક્ત પ્રિન્ટ દ્વારા ઉપલબ્ધ હતી, જે માહિતીને વધુ સુલભ બનાવે છે.

OCLC , DIALOG અને RLIN જેવાં "બહારના" ડેટાબેસેસ સાથે જોડાણો ચાલુ રાખ્યાં, જોકે, 1990 ના પ્રારંભિક તબક્કે  ડેટાબેસેસ કે જે ઓનલાઇન પહેલાં ઉપલબ્ધ હતા તે સીડી-રોમ પર ઉપલબ્ધ થયા, ભાગોમાં અથવા તેમના સંપૂર્ણ રૂપે ત્યારબાદ પુસ્તકાલયોના વિવિધ વિકલ્પો દ્વારા માહિતી મેળવી શકાશે.

ઇન્ટરનેટએ ગ્રંથાલય યાંત્રિકીકરણમાં હજી બીજા યુગને જન્મ આપ્યો ઇ-મેઇલ, એફટીપી, ટેલર્નેટ, ઇન્ટરનેટ અને ઓનલાઈન  વ્યવસાયિક સિસ્ટમોના જોડાણો માટેના નેટવર્કનો ઉપયોગ વધ્યો.

1989માં વિકસિત વર્લ્ડ વાઇડ વેબ તમામ પ્રકારની માહિતી પહોંચાડવાનો સૌથી ઝડપથી વિકસિત માધ્યમો બની.

1990ના દાયકામાં સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષમતાઓમાં સુધારણા સાથે નિષ્ણાત સિસ્ટમ્સ અને જ્ઞાન પ્રણાલીઓ ઉપલબ્ધ થઈ હતી. વધુ અદ્યતન સિલિકીન કમ્પ્યૂટર ચિપ્સના વિકાસ સાથે વિસ્તૃત સ્ટોરેજ સ્પેસ અને ઝડપી, ક્ષમતામાં વધારો ટેલિકમ્યુનિકેશન

લાઈન, માહિતી પર ઝડપથી પ્રક્રિયા કરવાની, સ્ટોર કરવાની મોકલવાની અને પુનઃપ્રાપ્ત કરવાની ક્ષમતા વર્તમાન માહિતી વિતરણ સેવાઓ વિકસિત થઈ રહી છે.

## 1.4 ગ્રંથાલયિક યાંત્રિકીકરણ (Library Automation)

ભારતમાં કેટલાંક ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોએ તેમના પુસ્તકાલયના દિનચર્યાઓ અને માહિતી સેવાઓને યાંત્રિકીકરણ કરવા માટે 1960ના દાયકામાં પંચકાર્ડ સાથે કાનપુર અને બોમ્બેમાં ઉપલબ્ધ બીજી પેઢીના સામાન્ય કમ્પ્યૂટરનો ઉપયોગ કર્યો હતો. ઈન્સ્ડોક (INSDOC) 1964માં દસ્તાવેજો અને માહિતીના કામમાં તેમની અરજી માટે કમ્પ્યૂટરનો પ્રયોગ કરવામાં અગ્રેસર હતા. શરૂઆતમાં તેઓએ આઈબીએમ (IBM) 1620 મોડેલ-1નો ઉપયોગ કર્યો હતો જે આઇઆઇટી કાનપુર પર ઉપલબ્ધ હતો. પ્રથમ પ્રયાસ વૈજ્ઞાનિક સિરીયલના યુનિયન સૂચિકરણ માટે એકત્રિત ડેટા પર કામ કરવાનો હતો.

INSDOCમાં કમ્પ્યૂટરાઈઝેશનની શરૂઆત કરનાર રાયઝાદાના સહયોગથી હરાવવું એ INSDOC દ્વારા હાથ ધરવામાં આવેલા દસ્તાવેજીકરણ અને પુનઃપ્રયોગ શાસ્ત્રના આ કોર્સના ભાગ રૂપે કમ્પ્યૂટરાઇઝ્ડ ડેટા પુનઃપ્રાપ્તિમાં IBM 1620 નો પ્રયોગ કર્યો. તેમના પ્રયોગનો ઉદ્દેશ ડેટા સંગ્રહિત કરવા અને પુનઃપ્રાપ્ત કરવા માટે આઇબીએમ 1620 કમ્પ્યૂટરની યોગ્યતાને શોધવાનો હતો. આ પ્રયોગ માટેનો કાર્યક્રમ ફોટ્રેન (FORTAN) 11 ડી ભાષામાં લખવામાં આવ્યો હતો. આ પ્રયોગમાં કરવામાં આવેલ પ્રોગ્રામિંગને ત્રણ હેડ હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે : ડેટા સ્ટોરેજ માટે, ડેટા પુનઃ પ્રાપ્તિ અને સમજને યોગ્ય સ્વરૂપમાં ડેટા પ્રસ્તુત કરવા માટે કૉડ શીટ્સ પરના ડેટાને કી પંચ અને ચકાસણી કરતો હતો.

કમ્પ્યૂટરાઝેશનમાં ઈન્સ્ડોક (INSDOC) પર આગળનો પ્રયોગ કરવામાં આવ્યો તેપ્તભારતીય વૈજ્ઞાનિક એબ્સ્ટ્રેક્ટ્સને લેખક અને વિષય સૂચકાંકો તૈયાર કરવાનો હતો, 1969માં દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાં કમ્પ્યૂટર સુવિધાનો ઉપયોગ કરીને મૈસૂર (હવે કર્ણાટક) માટે યુનિયન કેટલોગ પર પ્રક્રિયા કરવા માટે સંપૂર્ણ અને સંકલિત પ્રોગ્રામ ડેકનો વિકાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. એવું કહેવામાં આવે છે કે કમ્પ્યૂટર સિસ્ટમ આ ડેટા ફાઈલ માટે કેટલીક સમસ્યાઓ ઊભી કરે છે. આખરે ઈન્ડેક્સ સાથેનો મુખ્ય ભાગ ઉત્પન્ન થયો. ઓનલાઈન સ્ટોરેજ મર્યાદાઓની સમસ્યાને દૂર કરવા માટે ઈન્સડોક (INSDOC)ની યુનિવર્સિટીના કમ્પ્યૂટર સેન્ટરમાં આઈબીએમ (IBM) 360/44 કમ્પ્યૂટરને અનુરૂપ કામને ફરીથી ડિઝાઈન કર્યું.

સિસ્ટમ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના સાંતા મોનિકા કેલિફોર્નિયાના હેરોલ્ડ બાર્કોએ ‘ટોમેટેડ ટીમેટેડ ડોક્યુમેન્ટ કલાસિફિકેશનમાં પ્રાયોગિક અધ્યયન’ વિષય પર એક પેપર સબમિટ કર્યો હતો. જેમાં તેમણે દસ્તાવેજોના સમૂહ માટે વર્ગીકરણ કેટેગરીઝ મેળવવા માટેની ગણિતની તકનીક- ફેક્ટર એનાલિસિસના ઉપયોગમાં પોતાનો અભ્યાસ રજૂ કર્યો હતો. યાંત્રિકીકરણ વર્ગીકરણમાં, વર્ગ સભ્યપદ દસ્તાવેજોમાં સમાવિષ્ટ શબ્દોના

આધારે નક્કી કરવામાં આવે છે અને શબ્દભંડોળમાં સમાનતા અથવા તફાવતોના આધારે દસ્તાવેજોને વર્ગમાં ઓર્ડર કરી શકાય છે. તેમણે દસ્તાવેજ વર્ગીકરણની આ સમસ્યાઓ માટે પરિબળ વિશ્લેષણની અરજીની તપાસ કરી હતી. તેપ્તાણે નિષ્કર્ષ કર્યો કે યાંત્રિકીકરણ દસ્તાવેજ વર્ગીકરણની તકનીકોનો ઉપયોગ વિશિષ્ટ દસ્તાવેજ સંગ્રહને ગોઠવવા માટે થઈ શકે છે.

ડો.એચ.પી. લુહને 1950માં કમ્પ્યૂટરાઇઝ્ડ ઈન્ડેક્સનું આયોજન કર્યું હતું. આ દાયકા દરમિયાન કમ્પ્યૂટરોએ અમેરિકન ગ્રંથાલયોમાં પ્રવેશ કર્યો અને તેમને કંઇક સ્થાન મળ્યું. જો કે હાર્ડવેરની કિંમત અને એપ્લિકેશન સોફ્ટવેર પેકેજોની ઉપલબ્ધતા ન હોવાના કારણે તેમનો ઉપયોગ અને એપ્લિકેશન ખૂબ મર્યાદિત અને પ્રતિબંધિત હતા. 1960ના દાયકા દરમિયાન, હાર્ડવેરની કિંમત ઘટાડવામાં આવી હતી અને પુસ્તકાલય એપ્લિકેશન પેકેજિસના વિકાસ તરફ પ્રશંસાત્મક પ્રયાસો કરવામાં આવ્યા હતા. આના કારણે પુસ્તકાલયો અને છાપવાના ઉદ્યોગોમાં કમ્પ્યૂટરનો ઉપયોગ વધ્યો. એપ્રિલ 1960માં અમેરિકન કેમિકલ સોસાયટીએ કમ્પ્યૂટર્સ દ્વારા તેના ‘કેમિકલ ટાઈટલ’ પ્રકાશિત કર્યા. આ દિશા MARC-Iમાં જોવા મળી હતી. વર્ષ 1963માં ડબ્લ્યુ .કે. ગિલબર્ટે ગ્રંથાલય ઓફ કોંગ્રેસના કમ્પ્યૂટરકરણ અંગેનો અહેવાલ તૈયાર કર્યો. MARC-I ના આ અહેવાલના આધારે 1966માં મશીન રીડિબલ કેટેલોગ (MARC) ફોર્મમાં ગ્રંથાલય ઓફ કોંગ્રેસ સૂચીકરણ બહાર લાવવાની કામગીરી શરૂ કરી અને પૂર્ણ કરવામાં આવી. હાલના દિવસોમાં કમ્પ્યૂટર્સ વિકાસશીલ દેશોમાં પુસ્તકાલયના કામના લગભગ આવશ્યક ભાગ બની ગયા છે. ભારતીય અપ્તંકડાકીય સંસ્થા કલકત્તા 1955માં કમ્પ્યૂટર સિસ્ટમ સ્થાપિત કરવા અને 1964માં સ્વદેશી કમ્પ્યૂટરનો વિકાસ કરવા માટે ભારતમાં પ્રથમ હતો. ભારતમાં કમ્પ્યૂટર્સનો ઉપયોગ પ્રથમ વખત પુસ્તકાલયના કામમાં ઈન્સડોક (INSDOC) દ્વારા કરવામાં આવતો હતો જયારે તેઓ 1965માં ‘ભારતીય વિજ્ઞાન સારાંશ’ના લેખક અને વિષય અનુક્રમણિકાને કમ્પ્યૂટરમાં બનાવતા હતા. 1967માં ઇન્સડોક (INSDOC) કમ્પ્યૂટર્સની મદદથી ભારતીય વૈજ્ઞાનિક અને તકનીકી ભાષાંતરકારોનું રોસ્ટર બહાર પાડ્યું. 1978માં આઈઆઈટી-મદ્રાસના સીએન / એસડીઆઇ સોફ્ટવેરના ઉપયોગથી ઈન્સડોક (INSDOC) કેમિકલ એબ્સ્ટ્રેક્ટ્સ અને ઈન્સ્પેક (INSPEC) ડેટા પાયા સાથે નિસાત (NISSAT) પ્રોજેક્ટ તરીકે એસડીઆઇ સેવા શરૂ કરી. 1970ના દાયકામાં ઘણા ગ્રંથાલયોએ કમ્પ્યૂટરાઇઝ્ડ ડેટાબેસેસ તૈયાર કરવામાં સાહસ કરી. નિસાત (ISSAT)ની પહેલ અને નાણાકીય સહાય દ્વારા ઘણાં પુસ્તકાલય નેટવર્ક શરૂ કરવામાં આવ્યા હતા અને તે કાર્યરત છે. આ નેટવર્કર્સના નોંધપાત્ર છે કેલિબનેટ (કલકત્તા ગ્રંથાલય નેટવર્ક) અને ડેલનેટ (દિલ્હી ગ્રંથાલય નેટવર્ક), ઈન્ફ્લિબનેટ (માહિતી ગ્રંથાલય નેટવર્ક), પુણેનેટ (પુણે ગ્રંથાલય નેટવર્ક) વગેરે. અન્ય નેટવર્ક્સમાં નોંધનીય છે કે, નિકનેટ (NICNET), ઇન્ડોનેટ (INDONET), સરનેટ (SIRNET) વગેરે. હવેના દિવસોમાં ઘણી સંસ્થાઓ જેમકે ડીઆરટીસી (DRTC), ઈન્સડોક (INSDOC), ડેસીડોક (DESIDOC), નિસાત (NISSAT) વગેરે. નિયમિત પ્રાયોજિત અને એડહોક અભ્યાસક્રમો દ્વારા પુસ્તકાલયના કામમાં કમ્પ્યૂટર એપ્લિકેશન માટે તાલીમ આપવામાં વ્યસ્ત છે. કામ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેરની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. આ પરિબળોને કારણે

કમ્પ્યૂટર ભારતીય પુસ્તકાલયોમાં લોકપ્રિય બન્યું છે.

ગ્રંથાલય યાંત્રિકીકરણમાં વાસ્તવિક વૃદ્ધિ INFLIBNETની સ્થાપનાથી થઇ છે તે પહેલાં INFLIBNET ખાસ કરીને આઈઆઈટીએસ (IITS) આઇઆઇએમએસ (IIMS) જેવા ખાસ પાત્રોની સંસ્થામાં શૈક્ષણિક પુસ્તકાલયોમાં છૂટાછવાયા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં હતાં.

## 1.5 ગ્રંથાલય યાંત્રિકીકરણનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય અને વિકાસ (Historical Perspective and Develoment Of Automation)

ગ્રંથાલય કાર્યમાં માહિતી ટેક્નોલોજી અને કમ્પ્યુટર્સના ઉપયોગની અસરથી મહાન પરિવર્તનની પ્રક્રિયા આજે ગ્રંથાલયમાં થઈ રહી છે. ગ્રંથાલય યાંત્રિકીકરણ (Library Automation)ને જેમ આગળ સમજવું તેમ એ એક મશીનનો ઉપયોગ કરે છે એટલે ગ્રંથાલયના નિયમિત કામગીરી માટે કમ્પ્યૂટર્સ અને એપ્લિકેશનનો ઉપયોગ જે એકવિઝિશન, સરક્યુલેશન, કેટલોગિંગ, સીરીયલ કંટ્રોલ જેવા કાર્યો માટે કરવામાં આવે છે. ગ્રંથાલયના યાંત્રિકીકરણની ઉંડાઈમાં જતા પહેલાં તેની ઐતિહાસિક જાણવી જરૂરી છે. ગ્રંથાલય યાંત્રિકીકરણ (Library Automation) ઘણા વિકાસના તબક્કામાંથી પસાર થયું છે. જે ત્રણ તબક્કામાં વિભાજીત કરી શકાય.

પ્રાયોગિક તબક્કો (1930-1960)

સ્થાનિક પ્રણાલી તબક્કો (1960-1970)

સહકારી પદ્ધતિ તબક્કો (1970-)

### 1.5.1 પ્રાયોગિક તબક્કો (1930-1960) :-

આ પ્રાયોગિક તબક્કામાં પુસ્તકાલયોમાં સ્વયંસંચાલિત ડેટા પ્રોસેસિંગ સાધનોની પ્રથમ એપ્લિકેશનની શરૂઆત જ્યારે યુનિવર્સિટી ઓફ ટેક્સાસે પોતાના સરક્યુલેશન પદ્ધતિમાં અપનાવપ્ત ત્યારથી શરૂ થઈ.

20મી સદીનાં પહેલા ભાગમાં એટલે કે 1960ના દાયકામાં USAમાં ગ્રંથાલય યાંત્રિકીકરણની પ્રથમ વિશ્વયુદ્ધ બાદ કરવામાં આવી હતી. ઉપરાંત આ દાયકામાં ઉ. અમેરિકા અને યુ.કે.માં પણ ઘણી લાયબ્રેરીઓએ પ્રાયોગિક ધોરણે શરૂઆત કરી હતી. તેમજ કમ્પ્યૂટર્સનાં ઉપયોગ દ્વારા માહિતી પ્રક્રિયામાં ઉપયોગ શરૂ કર્યો હતો. વિવિધ પ્રકારની તકનીકો રજૂ કરવામાં આવી. યુનિવર્સિટીઓ તેમજ રાષ્ટ્રીય ગ્રંથાલયોમાં આ પ્રકારની પદ્ધતિઓ જેવી કે Tabulators, Sorters પંચકાડ વગેરે પદ્ધતિઓનો ઉપયોગ સરક્યુલેશન પદ્ધતિમાં કરવામાં આવે છે. જેમ કે પુસ્તકોની લેવડ-દેવડ, સિરીયલ કન્ટ્રોલ, એક્વિઝિશન, કેટલોગિંગ વગેરેમાં કરવામાં આવતા

પ્રાયોગિક તબક્કામાં કેનેડાની પબ્લિક લાયબ્રેરીઓ, પશ્ચિમ સક્સેની જાહેર લાયબ્રેરીઓ અને ન્યુકેસલ અને સાઉતથેમ્પ્ટન યુનિવર્સિટીની લાયબ્રેરીઓ સામેલ હતી. આ તબક્કામાં ઘણી પદ્ધતિઓ જેવી કે Edje-notched કાર્ડસ ઓપ્ટિકલ કોન્સિકન્સ, પંચકાર્ડસ વગેરે

પ્રારંભિક કમ્પ્યૂટર્સના આ તબક્કામાં વિકસિત થયા હતા. તેમજ નીચે મુજબનાં કારણોથી નિષ્ફળ પૂરવાર થયા હતાં.

- તે સમયે કમ્પ્યૂટર તકનીક અપૂરતી હતી.
- ગ્રંથપાલોની જરૂરિયાતોમાં કમ્પ્યૂટર્સ આધારિત પદ્ધતિ માટે પૂરતા નિર્ણાયક ન હતા.
- કમ્પ્યૂટર્સને જાણતા લોકો તેવું માનતા હતા કે તેઓ ગ્રંથપાલોની કમ્પ્યૂટર્સ આધારિત પદ્ધતિની જરૂરિયાતને જાણે છે.
- તે સમયે તે લોકો માનતા હતા કે ગ્રંથપાલોની અલગ અલગ પદ્ધતિઓ એક સાથે કમ્પ્યૂટરાઈસ કહી શકાશે.

### 1.5.2 સ્થાનીક પ્રણાલી તબક્કો (1960-1970)

સ્થાનિક પ્રણાલી તબક્કામાં માહિતીની પુનઃપ્રાપ્તિ માટે ડિજીટલ કમ્પ્યૂટર્સનો ઉપયોગ કરવામાં આવ્યો. માહિતીનાં આ સમયગાળામાં કમ્પ્યૂટર્સનો ઓફલાઈન ઉપયોગ કરવામાં આવ્યો. આ સમયગાળા દરમિયાન ઘણા ગ્રંથપાલોએ કમ્પ્યૂટર્સનો ઉપયોગ એક સાધન તરીકે કર્યો હતો. જે દ્વારા ગ્રંથપાલની ઘણી બધી પ્રવૃત્તિઓ કરવામાં આવી. લગભગ ઘણીબધી પદ્ધતિઓ સ્વવિકસિત હતી. તે પછી શૈક્ષણિક ગ્રંથાલયો હોય કે જાહેર ગ્રંથાલય કે પછી વિશિષ્ટ ગ્રંથાલય. આ તબક્કામાં મોટેભાગે સંપાદન, સૂચિ અને પરિભ્રમણ પ્રક્રિયા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

આ સમયગાળા દરમિયાન OPAC (Online Public Access Catalogue) યુ.એસ.એ. (USA)માં પ્રાયોગિક તબક્કામાં હતું. આ ઉપરાંત MARC (Machine Readable Catalogue) ઈ.સ. 1963માં અસ્તિત્વમાં આવ્યું. જેની શરૂઆત લાયબ્રેરી ઑફ કૉંગ્રેસ દ્વારા થઈ. જે દ્વારા USAમાં ઓટોમેશનનું સ્ટાન્ડર્ડાઈજેશન 1967માં કરવામાં આવ્યુ.

આ ઉપરાંત ઓહિયો (Ohiyo) OCLC (Ohio College Library Centre)ની સ્થાપના કરવામાં આવી. તેણે સહકારી પદ્ધતિ અને યુનિયન કેટલોગની શરૂઆત કરી. ઈ.સ. 1969માં લાયબ્રેરી ઑફ કૉંગ્રેસે નવા MARC-2 ફોરમેટનાં રેકોર્ડ્સની વહેંચણી શરૂ કરી.

### 1.5.3 સહકારી પદ્ધતિ તબક્કો (1970)

સહકારી પદ્ધ્પતનાં આ તબક્કા દરમિયાન કમ્પ્યૂટર્સ આધારિત પદ્ધતિઓ દ્વારા ગ્રંથાલય સહકાર અને સંશાધન પદ્ધતિઓનો વિકાસ થયો. આ તબક્કામાં ઓનલાઈન પદ્ધતિનો વિકાસ તેમજ તેનું રૂપાંતરની પ્રક્રિયાઓ કરવામાં આવી. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન ઘણા લાયબ્રેરી નેટવર્કસ તેમજ ડેટાબેઝની વૃદ્ધિ પણ જોવા મળી હતી. તેમજ આ માટે મેગ્નેટિક ટોપ અને ફલોપી ડીસ્કનો ઉપયોગ માહિતીનાં સંગ્રહ માટે કરવામાં આવ્યો. ઈ.સ. 1980નાં દાયકામાં ઓનલાઈન સિસ્ટમ નેટવર્કસ, ઓપ્ટિકલ ડિસ્ક (DROMS) વગેરેનો બહોળો ઉપયોગની શરૂઆત થઈ. આ સમયગાળા દરમિયાન

ગ્રંથાલયોમાં માઈક્રો-કમ્પ્યૂટર્સનો ઉપયોગ થતો હતો. ત્યારબાદ ઈન્ટરનેટ અને ગ્રંથાલય નેટવર્ક દ્વારા ગ્રંથાલયોની દરેક પ્રવૃત્તિઓને એકીકૃત કરવામાં આવી.

## 1.6. સારાંશ (Summary)

આધુનિક ગ્રંથાલયોમાં માહિતીનાં એક્સેસ માટે કમ્પ્યૂટર્સનો ઉપયોગ વધવા લાગ્યો છે. જેમ દરેક ક્ષેત્રમાં આજે કમ્પ્યૂટર્સને એક અવિભાજ્ય સાધન તરીકે ગણવામાં આવે છે. તેમ જ ગ્રંથાલયોમાં પણ જ્યારથી કમ્પ્યૂટર્સનો ઉદ્‌ભવ થયો ત્યારથી ગ્રંથાલયોની દરેક સેવાઓમાં પણ તેની ઝડપ વધવા લાગી હતી. આપણે ઉપરોક્ત્પ્ત જણાવ્યા મુજબ જોઈ ગયાં કે ગ્રંથાલયોનાં યાંત્રિકીકરણનાં વિવિધ તબક્કાઓથી ગ્રંથાલયો તબક્કા મુજબ તેની સેવાઓને વિકસિત કરી હતી.

ગ્રંથાલયનાં દરેક કાર્યોમાં માહિતી ટેક્નોલોજી અને કમ્પ્યૂટર્સની મદદથી આજે ખૂબ જ મોટું પરિવર્તન આવ્યું છે. ગ્રંથાલયોનાં વિવિધ કાર્યો જેવા કે આપ-લે, આદેશ અને અન્ય મહત્ત્વની સેવાઓ કે કાર્યોમાં ગ્રંથપાલ યાંત્રિકીકરણની અસરો જોવા મળી રહી છે. જેથી વાંચકને તેની માહિતી ખૂબ જ ઝડપથી તેમજ સરળતાથી મળી રહે. ગ્રંથાલય યાંત્રિકીકરણનાં ઈતિહાસમાં મુખ્ય ત્રણ તબક્કાઓ ઈ.સ. 1930થી વિવિધ પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવ્યા. જેવા કે પ્રાયોગિક, સ્થાનિક અને સહકારી વિગેરેથી ગ્રંથાલય યાંત્રિકીરણને વેગે મળેલો અને આજે પણ જેમ જેમ કમ્પ્યૂટર્સ અને સંચાર માધ્યમોનો વિકાસ થતો ગયો તેમ તેમ ગ્રંથાલયોની યાંત્રિકીકરણ થકી ગ્રંથાલયો વિકસિત થતાં જાય છે.

### <u>તમારી પ્રગતિ ચકાસો</u>

**નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.**

**(2) એકમના અંતે આપેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરને સમજાવો.**

1. ગ્રંથાલય યાંત્રિકીકરણનો અર્થ સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..............................................................

..............................................................

2. ગ્રંથાલય યાંત્રિકીકરણ કેટલા તબક્કામાંથી પસાર થયું છે? તેના નામ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

3. ગ્રંથાલય યાંત્રિકીકરણના તબક્કાઓમાં સહકારી પદ્ધતિ તબક્કા વિશે ટૂંકમાં જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Anwer of Self Check Exercises)

1. લાયબ્રેરી ઓટોમેશન એ કમ્પ્યૂટર્સની એપ્લિકેશન છે જે વિવિધ લાયબ્રેરી કોષોને કમ્પ્યૂટર સંચાલિત પ્રોડક્ટ અને સેવારૂપી રજૂ કરે છે.

   આધુનિક ટેક્નોલોજી અથવા સમાજની પ્રક્રિયાને આમૂલ રીતે બદલવા માટે પ્રકૃતિમાન, રાજકીય અને સામાજીક મુલ્યો અને ગ્રંથાલયોને અસર કરે છે. લાયબ્રેરી ઓટોમેશન વિવિધ લાયબ્રેરીની દિનચર્યામાં ઊંચી માત્રામાં યાંત્રિકીકરણતા કરે છે જે મનુષ્ય દ્વારા પુનરાવર્તિત કાર્યો કરવામાં આવતા હતા. ઓટોમેશનના આગમનથી માનવ હસ્તક્ષેપનો મહાન અંશે ઘટાડો થયો છે. કમ્પ્યૂટર પ્રગતિ ઉપરાંત ટેલિકમ્યુનિકેશન અને ઓડિયો-વિઝયુઅલ ટેકનોલોજીએ નવી શક્યતાઓને વેગ આપ્યો છે. જે માહિતી સંચાલનને વધારે અસરકારક બનાવે છે. ગ્રંથાલય યાંત્રિકીકરણ (Automation)માં કમ્પ્યૂટર્સનો ઉપયોગ થતો જેવી કે પંચકાર્ડ્સ (Punched Card)માં રિપ્રોગ્રાફી (New Prography) જેમાં માનવ હસ્તક્ષેપ વધારે રહેતો. જ્યારે લાયબ્રેરી ઓટોમેશનની વાત કરીએ ત્યારે મુખ્યત્વે કમ્પ્યૂટર્સ, સંકળાયેલાં પેરીફેરસ મીડિયા (ચુંબકીય ટેપ, ડિસ્ક, ઓપ્ટિકલ મીડિયા વગેરે)નો સમાવેશ થાય છે. ગ્રંથાલય યાંત્રિકીકરણ એ માહિતીસ્ત્રોતનો સંગ્રહ કરનાર આધારભૂત ડેટા અને પુનઃપ્રાપ્તિની અસરકારક અને ચોક્કસ પદ્ધતિ.

2. ગ્રંથાલય યાંત્રિકીકરણને ત્રણ તબક્કામાં વિભાજિત કરી શકાય :

   1. પ્રાયોગિક તબક્કો (1930-1960)
   2. સ્થાનિક પ્રણાલી તબક્કો (1960-1970)
   3. સહકારી પદ્ધતિ તબક્કો (1970)

3. **સહકારી પદ્ધતિ તબક્કો (1970)**

સહકારી પદ્ધતિનાં આ તબક્કા દરમિયાન કમ્પ્યૂટર્સ આધારિત પદ્ધતિઓ દ્વારા ગ્રંથાલય સહકાર અને સંશાધન પદ્ધતિઓનો વિકાસ થયો. આ તબક્કામાં ઓનલાઈન પદ્ધતિનો વિકાસ તેમજ તેનું રૂપાંતરની પ્રક્રિયાઓ કરવામાં આવી. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન ઘણા લાયબ્રેરી નેટવર્કસ તેમજ ડેટાબેઝની વૃદ્ધિ પણ જોવા મળી હતી. તેમજ આ માટે મેગ્નેટિક ટોપ અને ફ્લોપી ડિસ્કનો ઉપયોગ માહિતીનાં સંગ્રહ માટે કરવામાં આવ્યો. ઈ.સ. 1980નાં દાયકામાં ઓનલાઈન સિસ્ટમ નેટવર્કસ, ઓપ્ટિકલ ડીસ્ક (DROMS) વિગેરેનો બહોળો ઉપયોગની શરૂઆત થઈ. આ સમયગાળા દરમિયાન ગ્રંથાલયોમાં માઈક્રો-કમ્પ્યૂટર્સનો ઉપયોગ થતો હતો. ત્યારબાદ ઈન્ટરનેટ અને ગ્રંથાલય નેટવર્ક દ્વારા ગ્રંથાલયોની દરેક પ્રવૃત્તિઓને એકીકૃત કરવામાં આવી.

## 1.8 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

1. ગ્રંથાલય યાંત્રિકીરણનો પ્રાયોગિક તબક્કો આ સમયગાળા દરમિયાન ગણવામાં આવે છે.

   (A) 1960-1970 (B) 1980-1990

   (C) 1930-1960 (D) 1950-1960

2. ગ્રંથાલય યાંત્રિકીકરણનાં પ્રાયોગિક તબક્કામાં સ્વયં સંચાલિત ડેટા પ્રોસેસિંગ સાધનોની પ્રથમ એપ્લિકેશનની શરૂઆત આ યુનિવર્સિટીએ પોતાના સરક્યુલેશન પદ્ધતિમાં કરવાની શરૂઆત કરેલ.

   (A) યુનિવર્સિટી ઑફ ઓક્ફર્ડ (B) યુનિવર્સિટી ઑફ ટેક્સાસ

   (C) યુનિવર્સિટી ઑફ ટોરેન્ટો (D) યુનિવર્સિટી ઑફ ચાઈના.

3. ગ્રંથાલય યાંત્રિકીકરણનો સ્થાનિક પ્રણાલી તબક્કામાં મોટાભાગે આ ગ્રંથપાલોનો સ્વયં સંચાલિત કરવામાં થયો હતો.

   (A) શૈક્ષણિક (B) વિશિષ્ટ

   (C) જાહેર (D) ઉપરોક્ત બધાં

4. ગ્રંથાલય યાંત્રિકીકરણનાં બીજા તબક્કામાં મુખ્યત્વે ગ્રંથાયલનાં આ કાર્યોમાં ઉપયોગ થતો.

   (A) આપ-લે (B) ઓપકે

   (C) પરિભ્રમણ અને સંપાદન સૂચિ (D) તમામ

5. ગ્રંથાલય યાંત્રિકીકરણનો પ્રાથમિક તબક્કો આ સમયગાળા દરમિયાન ગણવામાં આવે છે.

   (1) 1960-1970 (2) 1980-1990

   (3) 1930-1960 (4) 1950-1960

6. ગ્રંથાલય યાંત્રિકીકરણનાં પ્રાયોગિક તબક્કામાં સ્વયં સંચાલિત ડેટા પ્રોસેસિંગ સાધનોની પ્રથમ એપ્લિકેશનની શરૂઆત પોતાના સરક્યુલેશન પદ્ધતિમાં કરવાની શરૂઆત કરેલ.

   (A) યુનિવર્સિટી ઑફ ઓક્ફર્ડ (B) યુનિવર્સિટી ઑફ ટોરેન્ટો

   (C) યુનિવર્સિટી ઑફ ટેક્સાસ (D) યુનિવર્સિટી ઑફ ચાઈના

7. ગ્રંથાલય યાંત્રિકીકરણનો સ્થાનિક પ્રણાલી તબક્કાના મોટાભાગે આ ગ્રંથાલયોનાં સ્વયં સંચાલિત કરવામાં થયો હતો.

   (A) શૈક્ષણિક (B) જાહેર

   (C) વિશિષ્ટ (D) ઉપરોક્ત બધાં

8. ગ્રંથાલય યાંત્રિકીકરણમાં બીજા તબક્કામાં મુખ્યત્વે ગ્રંથાલયોનાં આ કાર્યોમાં ઉપયોગ થતો.

(A) આપ-લે (B) પરિભ્રમણ અને સંપાદન સૂચિ

(C) ઓપેક (D) તમામ

9. ગ્રંથાલય યાંત્રિકીકરણનો સ્થાનિક પ્રણાલી તબક્કો આ સમયગાળા દરમિયાન ગણવામાં આવે છે ?

(A) 1940-1950 (B) 1960-1970

(C) 1980-1990 (D) 1930-1940

10. સ્થાનિક પ્રણાલીના તબક્કામાં મુખ્યત્વે આ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલું ?

(A) સંપાદન સૂચિ અને પરિભ્રમણ પ્રક્રિયા પર

(B) લેખનકાર્ય

(C) આપ-લે

(D) અન્ય સેવાઓ પર

11. સ્પ્તહકારી પદ્ધતિનાં તબક્કા દરમિયાન મુખ્યત્વે કયા ક્ષેત્રે વિકાસ જોવા મળેલ હતો ?

(A) વાચક વર્ગનો વિકાસ

(B) ગ્રંથાલય સહકાર અને સંશોધન પદ્ધતિઓનો વિકાસ

(C) સાહિત્યનો વિકાસ

(D) દરેક ક્ષેત્રે

12. ઓટોમેશન શબ્દનો ગ્રીક શબ્દ આ પ્રમાણે થાય છે.

(A) ઓટોમસ (B) ઓટોમેટ

(C) ઓટોમિક (D) ઓટોમેડ

13. ગ્રંથાલયોની જરૂરિયાતોમાં કમ્પ્યૂટર્સ આધારિત પદ્ધતિ માટે શું પૂરતા પ્રમાણમાં ન હતા.

(A) કમ્પ્યૂટર્સ (B) નિર્ણાયક

(C) સાધનો (D) ચોક્કસ પદ્ધતિ

14. સ્થાનિક પ્રણાલીનાં તબક્કામાં માહિતીની પુનઃપ્રાપ્તિ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો ?

(A) ડિજીટલ કમ્પ્યૂટર્સ (B) પુસ્તકો

(C) સામયિકો (D) સંપાદન સૂચિ

15. સહકારી પદ્ધતિનાં તબક્કામાં મુખ્યત્વે પુસ્તકાલયોમાં શાનો ઉપયોગ કરવામાં આવતો હતો ?

(A) પંચકાર્ડ (B) પુસ્તકો

(C) માઈક્રોકમ્પ્યૂટર્સ (D) કોઈપણ નહીં

જવાબો :

1. C 2.B 3. D 4. C 5. C 6. C 7. D 8. B 9. B
10. A 11. B 12. A 13. B 14. A 15. C

---

## 1.9 ચાવીરૂપ શબ્દો (Key Wrods)

---

**Library Automation (ગ્રંથાલય યાંત્રિકીકરણ) :** યાંત્રિકીકરણને ''ઓટોમેશન'' કહેવામાં આવે છે. ઓટોમેશન શબ્દનો ગ્રીક શબ્દ ''ઓટોમસ''નો અર્થ કંઈક જે ''સ્વયંસ્ફુરિત ગતિ'' કે ''સ્વ-ચળવળની શક્તિ'' એવો થાય છે. આમ ગ્રંથાલયની સ્વયંસંચાલિત પદ્ધતિ જેના દ્વારા ગ્રંથાલયના કાર્યોનું યાંત્રિકીકરણ એવો થાય છે.

**OPEC (ઓપેક) :** ઓપેક એટલે ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટલોગ કહેવામાં આવે છે. જેના દ્વારા ગ્રંથાલયનાં સોફ્ટવેર થકી ગ્રંથાલયોની વાંચન સામગ્રીની વિગત મેળવી શકાય છે.

**આંતર ગ્રંથાલય ધિરાણ :** ગ્રંથાલયો વચ્ચે પુસ્તક અને અન્ય વસ્તુઓ ઉછીની આપવી.

**સૂચિ નકલ :** સૂચિની નકલમાં અન્ય ગ્રંથાલય દ્વારા સર્જન પામેલ સૂચિકરણની માહિતીની છાપણીનો સમાવેશ થાય છે. કે જે જરૂરિયાત મુજબ નવીનીકરણ સાથે તેના સ્થાનિક ઉપયોગને અપનાવાય છે.

**યંત્ર પ્રોગ્રામ :** પ્રોગ્રામ જે કમ્પ્યૂટર્સને જરૂરી સંચાલન કાર્યોમાં મદદ કરે અને અમલીકરણ પ્રોગ્રામને ચલાવામાં સક્ષમ બનાવે.

## 1.10 સંદર્ભ અને વિશેષ વાંચન (References and Further Reading)


1. Dhiman Anil K (2003). Basic of I.T. far Library and information Scientist : Vol 2 Application in library and information Science New Delhi : ESS Publication. 74

2. Pandey S.KÃík (1995). Fundamentals of Librarty automation. New Delhi : ESS ESS Publication. 131

3. Satyanayanm N.R. (2003). A Manual of Library automation and networking Lucknow : New Royal book Co. 148.

4. Tedd. L.A. (1977) An Introduction to Computer based library systems. London : Hetyden International.


●

| એકમ 2 | ગ્રંથાલય યાંત્રિકીકરણની વ્યાખ્યા, જરૂરિયાત, હેતુઓ અને લાભાલાભ |
|---|---|

# LIBRARY AUTOMATION, DEFINATION, NEED, OBJECTIVE AND BENEFIT

## રૂપરેખા

**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** ગ્રંથાલય યાંત્રિકીકરણની વ્યાખ્યા અને સમજૂતી

**2.3** ગ્રંથાલયમાં યાંત્રિકીકરણની જરૂરિયાત

- **2.3.1** માહિતી વિસ્ફોટ
- **2.3.2** નવી ટેક્નોલોજીનો સતત વિકાસ
- **2.3.3** ભૂલરહિત કાર્યક્ષમ સેવા
- **2.3.4** વાચકની જરૂરિયાતને સંતોષવા
- **2.3.5** ઝડપી સેવા
- **2.3.6** બચેલા સમયનો અન્ય સેવામાં ઉપયોગ
- **2.3.7** કાર્યના બેવડાપણાને અટકાવી શકાય
- **2.3.8** માહિતીને સંચાલિત કરવાની પરંપરાગત પદ્ધતિઓ અપૂરતી જણાતા
- **2.3.9** વિશેષતાઓની ડિગ્રીમાં મોટા પ્રમાણમાં વધારા અને વધારાને કારણે માહિતી અપડેટ કરવામાં મુશ્કેલી
- **2.3.10** ગ્રંથાલયના કાર્યોમાં ઝડપ, વિશાળ સંગ્રહ ક્ષમતા અને ચોકસાઈના કાયદા સાથે કમ્પ્યૂટરને લાગુ કરવા માટેની તક્નીકો
- **2.3.11** સહકાર અને સાધન વહેંચણીની આવશ્યકતા
- **2.3.12** કમ્પ્યૂટરના ઑપરેશનલ ફાયદાઓ

**2.4** શૈક્ષણિક ગ્રંથાલયમાં યાંત્રિકીકરણનું મહત્ત્વ

**2.5** ગ્રંથાલય યાંત્રિકીકરણના હેતુઓ

**2.6** ગ્રંથાલય યાંત્રિકીકરણના ફાયદા

**2.7** ગ્રંથાલયનું યાંત્રિકીકરણ કરવાનું આયોજન

**2.8** ગ્રંથાલય યાંત્રિકીકરણમાં લેવાતા આવશ્યક પગલાં

**2.9 સારાંશ**

**2.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**2.11 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)**

**2.12 ચાવીરૂપ શબ્દો**

**2.13 સંદર્ભ અને વિશેષ વાંચન**

## 2.0 ઉદ્દેશો (Objective)

આ એકમના ઉદ્દેશો નીચે મુજબ છે.

- ગ્રંથાલય યાંત્રિકીકરણની વ્યાખ્યાન્વિત સમજૂતી આપવા.
- ગ્રંથાલય યાંત્રિકીકરણની જરૂરિયાતોથી અવગત કરવા.
- યાંત્રિકીકરણના હેતુઓ અને ઉપયોગિતા સમજવા.
- કમ્પ્યૂટરાઈઝ્ડ સ્વરૂપમાં બધી સામગ્રીના ગ્રંથસૂચિ રેકોર્ડ રાખવા
- પુસ્તકાલયના હોલ્ડિંગના એક જ ગણનાત્મક એક્સેસ પોઈન્ટ દ્વારા ગ્રંથસૂચિ વિગતો પૂરી પાડવા માટે
- હાઉસકીપિંગ ઓપરેશન્સની તકનીકો પ્રક્રિયાઓમાં પુનરાવર્તન ઘટાડવું
- ઝડપી દરે માહિતીની પહોંચ આપવા માટે
- પુસ્તકાલય નેટવર્કિંગ દ્વારા સંશાધનો વહેંચવા
- ઉચ્ચ ગુણવત્તાની માહિતી પ્રદાન કરવા માટે નવી આઈટી પ્રક્રિયાઓનો અમલ કરવો

## 2.1 પ્રસ્તાવના (Introduction)

કમ્પ્યૂટર, દૂરસંચાર અને ઉપગ્રહિત પ્રત્યાયન આ ત્રણેય પરિણામોએ માહિતીયુગ રચી આપ્યો છે. કમ્પ્યૂટર દ્વારા માહિતી સંગ્રહની સક્ષમતા અને પુનઃપ્રાપ્તિ ઝડપી અને ચોક્કસ બની દુરસંચારને પરીણામે વ્યકિતગત સામૂહિક માહિતી પ્રત્યાયન વેગીલુ બન્યુ અને ઉપગ્રહીય પ્રત્યાયનને પડન્ણામે માહિતીના કોઈપણ પ્રકારના ભૌતિક સ્વરૂપનું પ્રત્યાયન અને યાંત્રિકીકરણના મહત્ત્વમય બન્યું છે. ગ્રંથાલય યાંત્રિકીકરણ એ મનુષ્ય દ્વારા કરવામાં આવતા પુનરાવર્તિત વિવિધ દૈનિક ગ્રંથાલય કાર્યોને યંત્રવત કરે છે.

## 2.2 ગ્રંથાલય યાંત્રિકીકરણની વ્યાખ્યા અને સમજૂતી (Defination and Explation of Library Automation)

ગ્રંથાલય યાંત્રિકીકરણ (લાયબ્રેરી ઓટોમેશન)એ ઓટોમેશન અને સેમીઓટોમેશન ડેટા પ્રોસેસિંગ મશીન એટલે કે કમ્પ્યૂટરની એપ્લિકેશન છે જે પરંપરાગત પુસ્તકાલયમાં કરવામાં આવતી પ્રવૃત્તિ જેવી કે સંપાદન, પરિભ્રમણ, સૂચિબધ્ધતા, સંદર્ભ અને શ્રેણીઓનુ નિયંત્રણ કાર્યોને યાંત્રિત કરે છે આજે ''લાયબ્રેરી ઓટોમેશન'' એ સૌથી પહેલા પ્રયોગમાં આવતો શબ્દ છે, જે દર્શાવે છે કે કમ્પ્યૂટરનો ઉપયોગ કરીને લાયબ્રેરી પ્રવૃત્તિનું મિકેનાઈઝેશન કરવું એટલે ગ્રંથાલય યાંત્રિકીરણ (Uddin, 2009)

લાયબ્રેરી ઓટોમેશન એ સ્વચાલિત કે અર્ધ-સ્વચલિત ડેટા પ્રોસેસિંગ મશીનનો ઉપયોગ જે પરંપરાગત પુસ્તકાલય પ્રવૃત્તિ જેવી કે ખરીદી, સૂચિબદ્ધતા, પરિભ્રમવા યંત્રવત કરે છે. આ પ્રવૃત્તિઓ આવશ્યક પણે અને પરંપરાગત રીતે પરંપરાગત ગ્રંથાલયમાં સંકળાયેલીના હોય તેવી પ્રવૃત્તિ પણ જેવી કે માહિતી પુનઃપ્રાપ્તિ સ્વયંસંચાલીત ઈન્ડેક્ષિંગ અને એબ્સ્ટ્રેક્ટીંગ અને ઓટોમેટીક ટેકસ્યુયલ એનાલિસીસ અલગ કરી શકે છે.

ગ્રંથાલયના વિભિન્ન કાર્યોમાં યાંત્રિક અને અર્ધયાંત્રિક ડેટા પ્રોસેસિંગ મશીનનો ઉપયોગ કરવો તેને લાયબ્રેરી ઓટોમેશન કહેવાય છે. સંપૂર્ણ સંચારક્રાંતિ માત્ર કમ્પ્યૂટરના વિજ્ઞાનની ઉપયોગ માત્ર છે. એ દિવસ દૂર નથી કે જ્યારે સંચાર એક પ્રમુખ સાધન કે પ્રિન્ટ મીડિયા કે જે કાગળો પર નિર્ભર હોય તે દુર્લભ વસ્તુ થઈ જશે અને તેનુ સ્થાન કમ્પ્યૂટર અને ઈલેકટ્રોનિક માધ્યમ લઈ લેશે.

લાયબ્રેરી ઓટોમેશન એટલે દરેક કાર્ય કમ્પ્યૂટર દ્વારા કરવામાં આવે છે. જેમાં લાયબ્રેરીમાં કરવા પડતા કાર્યો જેમ કે, એક્વિઝિશન, કેટલોગિંગ, સરક્યુલેશન, રેફરન્સ સેવા, ડોક્યુમેન્ટ સેવા વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. જેમાં વાચકની સ્વરૂચિને ધ્યાનમાં રાખીને બધીજ માહિતી કમ્પ્યૂટરમાં સંગ્રહિત કરવામાં આવે છે. જેથી જરૂર પડે વાચકને માહિતી  પી મેળવી આપવામાં સરળતા રહે છે. આમ લાયબ્રેરીની દરેક સેવા કમ્પ્યૂટર દ્વારા પૂરી પાડવામાં આવે છે તેને ગ્રંથાલય યાંત્રિકીકરણ કહેવામાં આવે છે.

"Library is The Heart Of Institute" – પરંતુ લાયબ્રેરી એ પુસ્તક સંગ્રહનું સ્થાન નથી. માત્ર શૈક્ષણિક સંસ્થામાં એક વિશાળ ભવનનું નિર્માણ કરીને તેમાં વિશાળ પ્રમાણમાં પુસ્તકો ઠાલવી દેવાથી તે લાયબ્રેરી બની જાય ખરી ? સંસ્થાની સફળતામાં અને વાચકસેવા આપવામાં તેનો ફાળો કેટલો ? એ પ્રશ્ન આજે ખૂબ જ વિકટ બનતો જાય છે. ગ્રંથાલયોમાં પુસ્તકો અને માહિતીનો વિપુલ જથ્થો ઉપલબ્ધ હોવા છતાં પણ તે વાચક સુધી પુસ્તક કે માહિતી પહોંચી શકતી નથી તેનુ મુખ્ય કારણ માહિતીનું અયોગ્ય, વ્યવસ્થાપન અને સંચાલકીય માળખું છે. તેથી માહિતીને વાચક સમક્ષ ઓછામાં ઓછા સમયમાં માંગના સંદર્ભમાં રજૂ કરી શકાય એવી વ્યવસ્થા કરવી જરૂરી બને.

લાયબ્રેરીમાં વાંચન સામગ્રીની સુયોગ્ય જાળવણી આજે કમ્પ્યૂટરે સંભાળી લીધી છે. કમ્પ્યૂટરની મદદથી વાચક તેનુ પુસ્તક પારંપરીક પદ્ધતિ કરતા ખૂબ જ ઝડપથી મેળવી શકે છે તથા વાચક અને ગ્રંથપાલનો સમય પણ બચે છે. જે સમય વાચકને ઉત્તમ સેવા પૂરી પાડી ગ્રંથપાલ ગ્રંથાલયના ધ્યેયને પાર પાડી શકે છે. દરેક શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીન કારકિર્દીના વિકાસમાં શિક્ષણની ગુણવત્તા વૃધ્ધિ થાય એ માટે ગ્રંથાલય અને ગ્રંથપાલ ખૂબ જ મહત્ત્વના છે.

## 2.3 ગ્રંથાલયમાં યાંત્રિકીરણની જરૂરિયાત (The Need for Library Automation)

માહિતી ટેક્નોલોજી અને કમ્પ્યૂટરએ માનવ જગતમાં ક્રાંતિકારી પરીણામો આપ્યા છે. અને ગ્રંથાલયો પણ તેમાં અપવાદ રહ્યાં નથી આજે જ્ઞાન વિસ્ફોટના કારણે માહિતી સંગ્રહ માટે તેનું કમ્પ્યૂટરાઈઝેશન કરવું ખૂબ જ જરૂરી ગયું છે.

લાયબ્રેરીમાં કમ્પ્યૂટરનો ઉપયોગ હવે વિવાદાસ્પદ બાબત રહી નથી. માહિતી સ્રોતના અતિસ્રોતને પહોંચી વળવા હવે માહિતી કેન્દ્રો જેમ બને તેમ વધુમાં વધુ ઉપયોગમાં આવ્યા છે. કમ્પ્યૂટરનો ઉપયોગ કરીને અનેક વિષયો સાથે સંકળાયેલી સંસ્થાઓ ઓનલાઈન લઈને નેટવર્કના માધ્યમથી નવા પ્રકારના માહિતી સ્રોત વિકસિત થઈ રહ્યા છે.

પ્રચાર અને પ્રસારના પ્રબળ માધ્યમો કારણો નથી. શોધો અને વૈજ્ઞાનિક સંશોધનો સામાન્ય જનસમુદાય સુધી ઝડપથી પ્રસરે છે. કમ્પ્યૂટરની શોધ અને કાર્ય મહત્તાથી આધુનિક જીવનવ્યવહારમાં ક્રાંતિ સર્જાઈ છે.

કમ્પ્યૂટરની અતિઝડપ અને તેની વિશાળ સંચય શકિત દિવસે દિવસે વધતી જાય છે. આપણા જીવનના મોટાભાગના ક્ષેત્રોમાં કમ્પ્યૂટરના ઉપયોગથી કાર્યદક્ષતા સરળતા, શીઘ્રતા અને સુલભતા વધી રહી હોવાથી દરેક ક્ષેત્રોમાં કમ્પ્યૂટરનો ઉપયોગ વિશાળ પાયે થતો જાય છે. લાયબ્રેરીનું જ્ઞાન માત્ર લાયબ્રેરી પૂરતુ સીમિત ન રહેતાં, વ્યાપક પાયે વિજાણુ સ્વરૂપે ઉપલબ્ધ બન્યું છે જે ઈ-બુક, ઇ-ડોક્યુમેન્ટ, ઇ-મેગેઝિન, ઇ-જર્નેલ્સ વગેરે અનેક ઇ-સોર્સિસ ઝડપથી લોકપ્રિય તેમજ તેની માંગ દિવસેને દિવસે વધતી જાય છે. તેનું મુખ્ય કારણ વાચકની માંગના સંદર્ભમાં તેની માહિતી ઝડપથી અપડેટ થતા સમય લાગે છે તેમજ વાચકે બીજું પુસ્તક વસાવું પડે છે. જયારે ઇ-સોર્સિસને સરળતાથી તેની જૂના ડેટા સાથે કરી શકાય છે.

આજે કોઈપણ પ્રકારનું ગ્રંથાલય હોય તેના વાચક કેન્દ્ર સ્થાને છે દરેક ગ્રંથાલયનો ધ્યેય હોય છે કે વાચકને જોઈતી વાચન સામગ્રી ઝડપથી મેળવી આપવી. જો લાયબ્રેરીની દરેક વાચન સામગ્રીનો કમ્પ્યૂટરાઈઝ્ડ ડેટાબેઝ તૈયાર હોય તો તે દ્વારા અનેક વિકલ્પોનો ઉપયોગ કરીને વિદ્યાર્થી તેને જોઈતી વાચન સામગ્રી, માત્ર ગણતરીની થોડી જ સેકન્ડમાં મેળવી શકે છે જેથી વિદ્યાર્થીનો સમય અને ગ્રંથપાલનો સમય બચી શકે છે. જે સમયનો

ઉપયોગ કરી ગ્રંથપાલ વિદ્યાર્થીને ઉત્તમ સેવા આપી શકે છે.

આવી અનેક કાર્યદક્ષતા, સરળતા, શીઘ્રતાના કારણે કમ્પ્યૂટરાઇઝડ ગ્રંથાલય સંચાલન અનિવાર્ય બનિં છે. કમ્પ્યૂટરનો ઉપયોગ દરેક લાયબ્રેરી માટે તેમજ લાયબ્રેરીયન માટે – પ્રતિષ્ઠિત અને લાભદાયી સિદ્ધ થઈ રહ્યો છે. આ ઉપરાંત નીચેના કારણોને લીધે ગ્રંથાલયમાં યાંત્રિકીકરણ કરવા જરૂરી છે.

કમ્પ્યુટર્સની જરૂરિયાત તેના ઉપયોગના આધારે તમામ ક્ષેત્રોમાં હાજર છે.

તે એક્વિઝિશન કંટ્રોલ સિરીયલ કંટ્રોલ અને સૂચિબદ્ધ કરવા અને પરિભ્રમણ નિયંત્રણથી લઈને છે.

અહેવાલો આંકડા, વગેરેના પુસ્તકાલય સંચાલકના મૂલ્યાંકન માટે પણ તેનો ઉપયોગ થાય છે. પુસ્તકાલયના સારા વહીવટ માટે કમ્પ્યુટર્સનો ઉપયોગ કાર્યના તમામ સ્તરોમાં થાય છે. બધા ઉપર કમ્પ્યૂટરની અનન્ય લાક્ષણિકતાઓએ તેને પુસ્તકાલય વિશ્વ માટે યોગ્ય પસંદગી કરીશરૂઆતથી જ કમ્પ્યુટર્સ, વિવિધ કામગીરી કરવામાં, માણસની સહાય માટે માનવામાં આવે છે.

❖ કમ્પ્યુટર્સની જરૂરિયાત નીચે પ્રમાણે છે.

- કોઈપણ માહિતી અને માહિતીને નિયંત્રિત કરવાની ક્ષમતા.
- નેટવર્ક પ્રોગ્રામરો અને સાધન વહેંયણીમાં ભાગ લેવો
- માહિતીની શોધમાં સુગમતા
- પુસ્તકાલય પ્રક્રિયાઓનું માનકકરણ
- માહિતીની ઝડપી પ્રક્રિયા અને તેની પુનઃપ્રાપ્તિ
- સ્થાનિક /પ્રાદેશિક/રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સારી ગ્રંથસૂચક નિયંત્રણ પ્રદાન.
- સંશોધન અને માહિતીની આંતર શાખાકીય પ્રકૃતિની સુવિધા
- નવીનતમ માહિતી તક્નીકનો આર્થિક અસર.
- ભૌગોલિક અને સંદેશા વ્યવહારના અન્ય અવરોધોને દૂર કરવા.
- મેન્યુઅલ શોધની તુલનામાં ઓછા સમયમાં વધુ ચોક્કસ અને સચોટ માહિતી પ્રાપ્ત કરો.
- થોડીવારમાં કોઇ ચોક્કસ વિષયની છાપેલ સૂચિ મેળવો.
- કમ્પ્યૂટરમાં ભારે સંખ્યામાં ડેટા સ્ટોર કરી શકાય છે અને આ રીતે લાકડાની કેબિનેટમાં રેકોર્ડ સ્ટોર કરવાથી ચોક્કસ થતી કેટલીક સમસ્યાઓ ટાળી શકાય છે.

કમ્પ્યૂટરના આ ફાયદાઓને કારણે, કમ્પ્યૂટર માણસને તમામ ક્ષેત્રોમાં સહાયતા પ્રદાન કરવા માટે એક વૈશ્વિક સ્વીકૃત સાધન બન્યું. ગ્રંથાલય વિજ્ઞાન ક્ષેત્રે કમ્પ્યુટર્સનો ઉપયોગ કરવાની જરૂરિયાત એટલે ગ્રંથાલય યાંત્રિકીકરણ નીચેના કારણોને મહત્ત્વનું બન્યું.

### 2.3.1 માહિતી વિસ્ફોટ :

માહિતી વિસ્ફોટના કારણે પ્રકાશન ક્ષેત્રે સતત વૃદ્ધિ થવાના કારણે માહિતી સર્જન સતત થયા જ કરે છે. આ બધી વિશાળ માહિતી માટે યોગ્ય માહિતી ઓછામાં ઓછા સમયમાં મેળવવા માટે ખૂબ જ સમય જાય છે. આવા  મયે ગ્રંથાલયનુ યાંત્રિકીકરણ કરવુ અનિવાર્ય બને છે.

### 2.3.2 નવી ટેક્નોલોજીના કારણો :

માહિતી વિસ્ફોટના કારણો માહિતીના પ્રકાશનમાં પણ બદલાવ આવી રહ્યો છે. આજે પુસ્તકોનુ સ્થાન ઇ-બુક પ્રકાશનોનું ઇ-પબ્લિકેશન, સામયિકોનું સ્થાન ઇ-જર્નલ્સ વગેરેએ લીધુ છે. આવા સમયે ઉપયોગકતાની જટીલમાંગને તો જ સંતોષ આપી શકાય જો ગ્રંથાલય કમ્પ્યૂટરરાઈઝ કરવા તરફ પગરણ માંડ્યા હોય.

### 2.3.3 ભૂલ રહિત કાર્યક્ષમ સેવા :

વાચકનીમાંગને પહોંચી વળવા પુસ્તકોની પસંદગીથી માડીને તેમને પાસે જાય ત્યાં સુધી દરેક પ્રક્રિયા તેમજ વાચકોની સંખ્યામાં થતો વધારો, નવા ઉમેરાતા જતાં જટીલ વિષયો તેમ છેલ્લા 10-15 વર્ષોમાં પ્રકાશિત સાહિત્યની કિંમતોમાં થઇ રહેલાં વધારા વગેરેના લીધે ગ્રંથપાલ અને ગ્રંથાલયના કર્મચારીગણ પર કાર્યબોજ ખૂબ જ વધી રહ્યો છે. પરંપરાગત રીતે માનવીય શ્રમ દ્વારા થતા કાર્યની સરખામણીમાં કમ્પ્યૂટર દ્વારા વધુ સારી રીતે અને ઝડપી કાર્ય કરી શકાય`, જેમાં ભૂલોને કોઈ અવકાશ રહેતો નથી. અનેક કાર્યશ્રમ સેવાઓ આપી શકાય છે.

### 2.3.4 વાચકની જરૂરિયાતને સંતોષ :

ગ્રંથાલયની સ્થાપનાનો મુખ્ય હેતુ વાચકની જરૂરિયાતને સંતોષવાનો છે. જયારે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થતા તે ક્ષેત્રના સંશ ધનો મર્યાદિત હતા ત્યારે ગ્રંથાલયો પરંપરાગત રીતે વાચકોની માંગ સંતોષી શકવા સમર્થ હતા. આજે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઝડપી વિકાસની સાથે સાથે વાચકોની વિશિષ્ટમાંગ સંતોષવા ગ્રંથાલયોનું યાંત્રિકીકરણ કરવું અતિઆવશ્યક થઈ પડે છે.

### 2.3.5 ઝડપી સેવા :

ગ્રંથાલયના કેટલાક કાર્યો એવા હોય છે કે જે માનવીય શ્રમ દ્વારા લાંબા સમય થાય છે. જેમ કે સ્ટોક મેળવવી, વાઙ્મય સૂચિ, સંઘસૂચિ તૈયાર કરવી વગેરે કમ્પ્યૂટર દ્વારા આ કાર્યો અને સેવાઓ વાચકોને ઝડપથી આપી શકાય છે.

### 2.3.6 બચેલા સમયનો અન્ય સેવામાં ઉપયોગ :

ગ્રંથાલયના દરેક કાર્યો કમ્પ્યૂટર દ્વારા થતા કર્મચારી પર કામનો બોજો ઘટે છે અને સમયનો ઘણો બચાવ થાય છે. આ બચેલાં સમયનો સદ્ઉપયોગ ગ્રંથાલયના અન્ય કાર્યો કે સેવાઓમાં આપી શકાય છે. ગ્રંથાલયની સેવામાં વધારો કરે છે.

### 2.3.7 કાર્યના બેવડાપણાને અટકાવી શકાય :

ગ્રંથાલયના કાર્યોને સેવાકીય પ્રવૃત્તિમાં કયારેક કર્મચારી ભૂલથી એક જ કાર્ય બેવડાવાનો પૂરો ભય રહે છે. જેમકે એક સભ્યની નોંધણી બે વખત થઈ જવી વાચકોની સંખ્યા વધુ હોય એવા સંજોગોમાં વાચકની ટિકિટ પર ખોટો પરિગ્રહણાંક નંબર (એક્સેસન નંબર) લખાઈ જવો વગેરે કારણે કાર્ય બેવડાઈ જવાનો ભય રહે છે. જો આ કાર્ય કમ્પ્યૂટર દ્વારા કરવમાં આવે તો કાર્ય બેવડાઈ જતુ નથી અને એમ થાય તો કમ્પ્યૂટર તરત જ સુચના આપી દે છે.

આજના સતત વિકાસાત્મક યુગમાં સતત થઈ રહેલા સંશોધનના પરિણામે વાચક અને તેમની માહિતીની માંગ લઘુત્તમ સમયમાં પૂરી પાડવાનો હેતુ દરેક ગ્રંથાલયનો રહેલો છે સતત વધતી જતી માંગ અને માહિતી વિસ્ફોટના કારણો ગ્રંથાલયો પરંપરાગત પદ્ધતિથી વાચકની માંગ સંતોષી શકવા સમર્થ નથી. તેથી ગ્રંથાલયનું યાંત્રિકીકરણ ખૂબ જ અનિવાર્ય છે.

### 2.3.8 માહિતીને સંચાલિત કરવાની પદ્ધતિઓ પરંપરાગત અપૂરતી જણાતા

આ યુગને માહિતી યુગ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે દરેક ક્ષણે મોટી માત્રામાં માહિતી ઉત્પન્ન થાય છે. આ માહિતી જે જનરેટ થાય છે તે સંગ્રહિત અને ગ્રંથાલયમાં પુનઃપ્રાપ્ત થાય છે જેનો ઉપયોગ વપરાશકર્તાઓ દ્વારા કરવામાં આવે છે.પુસ્તકાલયોમાં માહિતીને સંચાલિત કરવાની વિવિધ પદ્ધતિઓ છે જેમ કે સંદર્ભ સેવા પ્રદાન કરવી, સૂચિબદ્ધ કરવું વગેરે. માહિતી વિસ્ફોટના કારણે માહિતીને સંચાલિત કરવાની આ પરંપરાગત પદ્ધતિઓ અપૂરતી થઈ ગઈ છે અને તેથી તેને યાંત્રિકીકરણ કરવું જરૂરી છે.

### 2.3.9 વિશેષતાની ડિગ્રીમાં મોટા પ્રમાણમાં વધારા અને વધારાને કારણે માહિતીને અપડેટ કરવામાં મુશ્કેલી

સંશોધન પ્રવૃત્તિઓમાં વધારો અને વિવિધ ક્ષેત્રોમાં આંતર શાખાકીય વિશેષતાને લીધે મામિહત્ત્વવિસ્ફોટનું પરિણામ છે અને આને કારણે પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો માટે માહિતીને અપડેટ કરવાનું ખૂબ મુશ્કેલ છે. તેથી પુસ્તકાલયનું યાંત્રિકીકરણ આવશ્યક છે.

### 2.3.10 ગ્રંથાલયના કાર્યમા ઝડપ, વિશાળ સંગ્રહ ક્ષમતા અને ચોકસાઈના ફાયદા સાથે કમ્પ્યૂટરને લાગુ કરવા માટેની તકૂનિકો સૂચવવામાં આવી છે

આ ત્રણ, જેમ કે ગતિ, સંગ્રહ અને ચોકસાઇ એ કમ્પ્યૂટરની કેટલીક લાક્ષણિકતાઓ છે, જે મનુષ્યને ચોક્કસ કામગીરીમાં કમ્પ્યૂટર પર આધાર રાખવાની મંજૂરી આપે છે.

### 2.3.11. સહકાર અને સાધન વહેંચણીની આવશ્યકતા

આ વિશ્વની કોઈ ગ્રંથાલય આત્મનિર્ભર નથી અને તેથી તેના વપરાશકર્તાઓની માંગને સંતોષવા માટે, સાધન વહેંચણીની કલ્પના અસ્તિત્વમાં છે. સંસાધન વહેંચણીમાં એક પુસ્તકાલયના સંસાધનો નિયત સમયગાળા માટે બીજી ગ્રંથાલયને ધીરવામાં આવે છે.

તેથી, ગ્રંથાલય યાંત્રિકીકરણ ગ્રંથાલયના કર્મચારીઓ તેમજ વપરાશકર્તાઓનો ઘણો સમય અને પ્રયત્નો બચાવીને સાધન વહેંચણીને પ્રોત્સાહિત કરવામાં મદદ કરે છે.

### 2.3.12 કમ્પ્યૂટરના ઑપરેશનલ ફાયદાઓ :

- પ્રક્રિયા ઝડપી શક્ય બને છે.
- ગ્રેટર ચોકસાઈ, કાર્યક્ષમતા, સુસંગતતા અને વર્ક નિયંત્રણમાં સુધારો
- પુનરાવર્તિત કામગીરીમાં ઘટાડો
- ગ્રંથસૂચક નિયંત્રણ, તપાસ અને અપડેટ કરવાની મંજૂરી
- વપરાશકર્તાઓની અમર્યાદિત સાહિત્ય અને રુચિની માહિતી અન્વેષણ કરવામાં અસમર્થતા
- નિયમિત અને પુનરાવર્તિત પુસ્તકાલય કામગીરીને સંભાળવામાં ઘણા કિંમતી સમયનો વિનાશ
- સંસાધનોનો ઝડપી પ્રદાન કરીને હાલની સેવાઓનું પુનર્જીવિત કરવા અને નવી સેવાઓ પ્રદાન કરવા માટથી પરાશકર્તાની વ્યાખ્યાયિત ફોર્મેટમાં માહિતીની પુનઃપ્રાપ્તિ અને માહિતીનો પ્રસાર સરળ થઈ જાય છે.

---

મોટાભાગની ગ્રંથાલય ઈન્ટિગ્રેટેડ સિસ્ટમોને સિરીયલ્સ કંટ્રોલ મોડ્યુલનો ઉપયોગ

કરતા પહેલા સંખ્યાબંધ પર્વ નિર્ધારિત “માસ્ટર્સ “ બનાવવાની અને જાળવણીની આવશ્યકતા હોય છે. આ માસ્ટર સોફ્ટવેર દ્વારા સિરીયલોની ખરીદી અને જાળવણી માટે સમાનરૂપે ઉપયોગમાં લેવાય છે. કરન્સી મેનેજમેન્ટ વેન્ડર મેનેજમેન્ટ, બજેટ મેનેજમેન્ટ, પબ્લિશર માસ્ટર, બાઈન્ડર્સ, સિકવન્સી માસ્ટર ડિલિવરી મોડ, ફિઝિકલ મીડિયા, બાયન્ડિંગ ટાઈપ વગેરે સીરીયલ કંટ્રોલ મોડ્યુલને લગતા માસ્ટર્સ છે.

ગ્રંથાલયમાં આવતા જુદા જુદા ક્રમિક પ્રકાશનો જેવા કે જર્નલ, મેગેઝીન, સમાચાર પત્રો વગેરેની નોંધણી અને યોગ્ય સમયે લવાજમ ભરવા તથા અન્ય પ્રક્રિયાઓ ઘણી જ જટીલ હોય છે. યાંત્રિકીકરણની મદદથી આ પ્રક્રિયાઓમાં થતી સમસ્યાઓ નિવારી શકાય છે.

કોઈપણ શૈક્ષણિક કે વિશિષ્ટ ગ્રંથાલયમાં પત્ર પત્રિકાઓ ગ્રંથાલયને સંગ્રહના એક મોટા હિસ્સાનું પ્રિતિનિધિત્વ કરે છે. સામયિકોના વ્યવસ્થાપનનું કાર્ય, ક્રમિક પ્રકાશનોના નિયંત્રણનું કાર્ય છે જે કોઈપણ ગ્રંથાલયની રોજીંદા કાર્યનો હિસ્સો છે. કર્મિક પ્રકાશન એટલે કોઈ નિર્ધારીત અંતરે એકને નિયમિત રીતે પ્રકાશીત કરવામાં આવે છે. ક્રમિક પ્રકાશન નિયંત્રણ પદ્ધતિની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા છે. ક્રમિક પ્રકાશનના જુદા જુદા અંકોની ગ્રંથાલયમાં આવ્યાની માહિતીને નોંધવાની ક્ષમતા જો કે આ કાર્યમાં અનેક પુનરાવર્તીત ક્રિયાઓ સામેલ છે. ક્રમિક પ્રકાશને ચેક-ઈન માટેની બે આધારભૂત વિધિઓ છે જેના દ્વારા પદ્ધતિની આ કાર્યને સક્ષમ બનાવી શકાય છે. પ્રાથમિક પગલે સંચાલકોએ દરેક વખતે પદ્ધતિમાં ક્રમિક પ્રકાશનના આગમનની માહિતી-ડેટાની એન્ટ્રી કરવી પડે છે. જો કે આ પદ્ધતિ વધારે સમયમાંગી લે તેવી છે. દ્વિતીય પગલે પ્રકાશનોના સંભવીત સમયની વિગત પૂર્ણ કરવાની છે. તે મુજબ જો અપ્રાપ્ય અંકોનો દાવો કરવો હોય તો પણ યાંત્રિકીકરણથી નોટીસ મોકલી શકાય છે. ત્યારપછી બાઈન્ડીંગની પક્રિયા પણ હાથ ધરી શકાય છે અને એ મુજબ સેટ બનાવવા પણ યાંત્રિકીકરણની મદદથી સરળ બને છે. આમ સામયિક/ક્રમિક પ્રકાશોનોની પસંદગી તેની પ્રાપ્તિ તેનુ પૂર્ણ વિવરણ, ગ્રંથાલયમાં કયા એક ઉપલબ્ધ છે તેની જાણકારી, જરૂરિયાત મુજબ રીપોર્ટ બધી જ પક્રિયા સોફ્ટવેર દ્વારા યાંત્રિકીકરણની મદદથી ઓછા સમયમાં સરળતાથી મેળવી શકાય છે.

## 3.3. સારાંશ (Summary)

આજે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશી ચૂકેલ ટેક્નોલોજીથી સંપૂર્ણ જાણકાર હોવું તે એક ગ્રંથાલય માટે અતિ આવશ્યક છે કારણ કે હવેના ગ્રંથપાલનુ કાર્ય માહિતી ડેટા ઉત્પન્ન કરવા ઉપરાંત વિવિધ માહિતી ટેક્નોલોજીનું સંકલન કરીને ઉપભોક્તાને માહિતી પૂરી પાડવાનું છે. આ માટે ગ્રંથપાલ સ્રોતમાંથી માહિતી પુનઃપ્રાપ્તિની આવડત વિકસાવવી પડશે આજના ગ્રંથાલય વ્યવાસાયિકે બે રીતે સંપૂર્ણ સજ્જ રહેવાની આવશ્યકતા છે એક તો ઉપલબ્ધ બધી જ માહિતી સ્રોતોથી માહિતગાર રહેવાનુ અને બીજી આ માહિતી સ્રોતોમાં ઉપલબ્ધ જરૂરી માહિતીને કોઈ ટેક્નોલોજીના ઉપયોગથી કેવી રીતે સરળતાથી અને ત્વરીત મેળવી શકાશે તેની સંપૂર્ણ જાણકારી તથા ટેક્નોલોજીનો

પ્રયોગ કરવાની આવડત વિકસાવવી પડશે કારણ કે નજીકનાં ભવિષ્યમાં ગ્રંથપાલે નૉલેજ મેનેજર ઈન્ફૉર્મેશન એનાલિસ્ટની ભૂમિકા અદા કરવાની છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.**

**(ii) એકમનાં અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરને સમજાવો.**

**(1) ગ્રંથાલય યાંત્રિકીકરણના વિવિધ મોડ્યૂલના નામ જણાવો.**

**(2) OPAC એટલે શું ? એ તમારા શબ્દોમાં સમજાવો.**

**(3) યાંત્રિકીકરણ આધારિત સ્વ-ચાલિત આપ-લેના નિયંત્રણ કાર્યો કયા છે તે જણાવો ?**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 3.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Anwer of Self Check Exercises)

### 1. ગ્રંથાલય યાંત્રિકીકરણ કરવાના વિવિધ મોડયુલ (Library Autimation in Different Module)

ગ્રંથાલય સંચાલન પદ્ધતિએ (LMS) – એક આવશ્યક ઉપકરણના રૂપમાં સ્થાપિત થઈ ચૂકી છે. જે પ્રભાવશાળી ગ્રંથાલય વાચકસેવા, સંગ્રહ વ્યવસ્થા અને ગ્રંથાલય દ્વારા અપાતી સેવાઓનું સામાન્ય સંચાલનને સુયોજય

કરે છે. આ પદ્ધતિથી ગ્રંથાલય સંગ્રહ સાથે સંબંધીત પ્રલેખો રાખવા, જાળવવા વિકાસ અને નિયંત્રણ અસરકારક રીતે થાય છે. આ પદ્ધતિથી ગ્રંથાલય સંગ્રહને સંબંધિત સામગ્રીની પસંદગી, આદેશ, પ્રાપ્તિ, સુચિકરણ, પરિક્રમણ, નિયંત્રણમાં સહાયક થાય છે. આજના ગ્રંથાલયમાં આધુનિક સેવા જેવી કે ઓનલાઈન આદેશ, નિયંત્રણ, પરિક્રમણના નિયંત્રણ ઈન્ટર લાયબ્રેરી લોન, માહિતી વ્યવસ્થાપન આપવામાં આવે છે.

**1 એક્વિઝીશન (Acquisition)**

**2. કેટલોગીંગ (સૂચિકરણ)**

**3 Circulation (પરિભ્રમણ) :**

**4. ઓનલાઈન પબ્લિક એક્સેસ સૂચીકરણ (OPAC)**

**5. સીરીયલ કંટ્રોલ**

**2.** આ ઓનલાઈન પબ્લિક એકસેસ કેટલોગનો પર્યાય શબ્દ છે. ઓપેકને ગ્રંથાલયનું શોપવિંડો પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે સોફ્ટવેર વિક્રેતાઓ દ્વારા કેટલીક સૂચિકરણ પદ્ધતિઓમાં સમાવિષ્ટ ઓપેક મોડ્યુલ તૈયાર કરાય છે. જેનો ઉપયોગ ગ્રંથાલય દ્વારા પોતાની ઓપેક ડિઝાઈન તૈયાર કરવામાં વપરાય છે. આજે ઓપકની મદદથી ઉપયોગકર્તાઓ ગ્રંથાલયમાં રહેલા સ્રોતની જાણકારી ઝડપથી મેળવી શકે છે. ઉપરાંત એક વખત ઓપેકનો ઉપયોગ આવડી જાય ત્યારબાદ ગ્રંથાલયમાં કર્મચારીને ઉપયોગકર્તા વારંવાર પૂછવાને બદલે જાતે માહિતી શોધતા થઈ જાય છે. પરિણામે કર્મચારીઓનો સમય બચે છે. ગ્રંથાલયના OPACની સુવિધા ઉપલબ્ધ કરવાથી પરંપરાગત સૂચિ બનાવવાની જરૂરિયાત રહેતી નથી કારણ કે ઓપેકની મદદથી ઉપયોગકર્તાઓ લેખક, શીર્ષક અને વિષય મુજબ પુસ્તક શોધવાની સુવિધા પોતાને જરૂરી પુસ્તક ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે કે ઈસ્યુ થયેલ છે તેની માહિતી તે જાતે મેળવી શકે છે. વર્ગીકરણ નંબર અપાયા અનુસાર ઉપયોગકર્તા તે કયાં રેકમાં ગોઠવેલ છે તે પણ જાણી શકે છે તેથી તેની પુસ્તક શોધનો સમય વધારે લાગતો નથી. આધુનીક પદ્ધતિના કારણે OPAC પદ્ધતિ હવે WEBOPAC બની છે જેથી કોઈપણ વ્યકિત કોઈપણ જગ્યાએ અને કોઈપણ સમયે લાયબ્રેરી સ્રોતની માહિતી મેળવી શકે છે.

**3.** યાંત્રિકીકરણના આધારીત સ્વચાલિત આપ-લેના નિયંત્રણ કાર્યો જેવા કેઃ

દેયકાર્ય/નિર્ગમ કાર્ય (Charge/Issues)

પરત કાર્ય (Discharge/Return)

નવીનીકરણ (Renewal)

આરક્ષણ/રીઝર્વેશન (Holding/Reservation)

પુનઃઆમંત્રણ (Recall)

અતિદેય (Overdue)

અતિદેય ચાર્જ (Overdue charges)

શોધ અને પુનઃપ્રાપ્તિ (Search and Retrival)

રિપોર્ટ (Report)

## 3.5 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

1. OPAC એટલે ?

(A) Offline Private Access Code (ઓફલાઈન પ્રાઈવેટ એક્સેસ કોડ)

(B) Online Private Access Code (ઓનલાઈન પ્રાઈવેટ એક્સેસ કોડ)

(C) Online Public Acquire Catalogue (ઓનલાઈન પબ્લિક એક્વાયર કેટલોગ)

(D) Online Public Access Catalogue (ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટલોગ)

2. વર્તમાન યુગને કયા નામે ઓળખવામાં આવે છે. ?

(A) માહિતી ટેકનોલોજીનો યુગ (B) પાષણ યુગ

(C) પ્રાચીન યુગ (D) અર્વાચીન યુગ

3. ગ્રંથાલય યાંત્રિકીકરણના વિવિધ મોડ્યુલ્સમાં એકવીઝીશન મોડ્યુલમાં શું કરવામાં આવે છે. ?

(A) આપ-લે (B) આંતર ગ્રંથાલય લેવડ- દેવડ

(C) પુસ્તકોનો આદેશ અને પ્રાપ્તિ પદ્ધતિ (D) ઓપેક

4. ગ્રંથાલય યાંત્રિકીકરણના સરક્યુલેશન (આપ-લે) મોડ્યુલથી શું લાભ થયો છે. ?

(A) આપ-લેની પ્રક્રિયા ઝડપી બની છે.

(B) પુસ્તક પર થતી પ્રક્રિયા જેમ કે સ્ટેમ્પિંગ વગેરે ઝડપી બને છે.

(C) સામયિકોની પ્રક્રિયામાં લાભ

(D) કોઈપણ નહીં

5. વાચક પ્રત્યેની ગ્રંથાલયોની પ્રાથમિકતા શું હોવી જોઈએ. ?

(A) યોગ્ય વાચકને તેનું યોગ્ય પુસ્તક કે માહિતી ઝડપી મળવી.

(B) વાચકનો શૈક્ષણિક અનુભવ તપાસવો.

(C) વાચકને સરકારી કામોમાં મદદ કરવી.

(D) વાચકને અન્ય સેવા પૂરી પાડવી.

6. શેના ઉદ્દભવથી ગ્રંથાલયમાં ક્રાંતિનું સર્જન થયેલ છે. ?

(A) માહિતી ટેકનોલોજીના (B) પુસ્તકોના

(C) કર્મચારીઓની કાર્યક્ષમતા (D) અન્ય

**જવાબો : 1. D 2. A 3. C 4. A 5. A 6. A**

## 3.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**સરક્યુલેશન સિસ્ટમ** : ગ્રંથાલયમાં થતી એક પ્રક્રિયા જેમાં પુસ્તક આપ-લેની પ્રક્રિયાને સરક્યુલેશન સિસ્ટમ કહેવામાં આવે છે.

**સિરિયલ કન્ટ્રોલ** : ગ્રંથાલયમાં થતી એક પ્રક્રિયા જેમાં સામયિકોના વ્યવસ્થાપનની પ્રક્રિયા.

**એક્વિઝીશન સિસ્ટમ** : ગ્રંથાલયમાં થતી એક પ્રક્રિયા જેમાં પુસ્તકની પસંદગીથી માંડીને, આદેશ વગેરે કરવામાં આવે છે.

**અતિદેય** : પુસ્તકના નિયત પરત કરવાનાં સમય ઉપરાંત વાચક દ્વારા લાંબો સમય પુસ્તક રાખવામાં આવે અને તે માટે લેવામાં આવતી કિંમત એટલે અતિદેય.

**પુસ્તક આરક્ષણ** : કોઈપણ વાચકને જોઈતું પુસ્તક કોઈ બીજાં વાચક દ્વારા ઈસ્યુ કરેલ હોય તે અવસ્થામાં પુસ્તકનું આરક્ષણ કરવામાં આવે છે.

**Record (અભિલેખ)** : સંગ્રહ માહિતી એકમના રૂપમાં નિર્માણ પરંતુ તાર્કિક રૂપથી સંબધિત ક્ષેત્રોનો સંગ્રહ દા.ત ગ્રંથાલયના ઉપયોગકર્તા સંબંધિત માહિતીનો ઉપયોગના રેકોર્ડનું સર્જન છે.

**Database** (ડેટાબેઝ) : ગ્રંથાત્મક અભિલેખોની યાંત્રિક વાંચન-ફાઈલને સંદર્ભિત કરે છે. પરંતુ વિશેષ કરીને આ વિશેષ સોફ્ટવેર દ્વારા વ્યવસ્થાકીય પ્રત્યાયન ડેટાના સહભાગી સંગ્રહને સંદર્ભિત કરે છે.

**OPAC (ઓપેક) :** આને ઓનલાઈન પબ્લીક એકસેસ કેટલોગ કહેવાય છે જે ગ્રંથાલય શોપવિંડો પણ કહેવામાં આવે છે. ઘણા સોફ્ટવેર પેકેજ OPACનું એક મોડયુલ હોય છે આ મોડ્યુલથી શોધ કરતા ગ્રંથાલયમાં પડેલ વાચનસામગ્રીની વિગત મેળવી શકાય છે.

## 3.7 સંદર્ભ અને વિશેષ વાંચન (References and Further Reading)


1. અકબરી અતુલન કે ઈન્ફર્મેશન ટેક્નોલોજી (2004) અમદાવાદ. પ્રાશ્વ પબ્લિકેશન.
2. Kumar P.S.G (2004) Information Science and Service Delhi : B.R. Publishing
3. Sinha Mohinder (1998) Library and Information Management Delhi : IBT Publisher
4. Kent, Allen (1997) Encyclopedia of library and information science, New york : Marcel Dekker.
5. Uddin Hanif (2009) Library Automation : A Study of the AIC, INSDOC and National Library of Bongladesh.


★

# BLOCK- 2

## ગ્રંથાલય યાંત્રિકીકરણ સિસ્ટમ એનાલિસિસ

## (Library Automation System & Analysis)

BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**BLIS-108**

## ગ્રંથાલય યાંત્રિકીકરણ અને નેટવર્ક્સ.

**Library Automation and Networks**

# વિભાગ

# 2

ગ્રંથાલય યાંત્રિકીકરણ સિસ્ટમ એનાલિસિસ

એકમ-4: ગ્રંથાલય યાંત્રિકીકરણ માટેના હાર્ડવેર, સોફ્ટવેર અને નેટવર્કની જરૂરિયાત.

એકમ-5: ગ્રંથાલય યાંત્રિકીકરણના સ્ટાન્ડર્ડ્સ: માર્ક, યુનિમાર્ક, માર્ક-૨૧

એકમ-6: ગ્રંથાલય યાંત્રિકીકરણની પ્રપોસલ, નિગોશીયેશન અને ડેટા કન્વર્ઝન.

એકમ- 7: ગ્રંથાલય યાંત્રિકીકરણ ઉદ્યોગની પરિસ્થિતિ.

**નિર્દેશન :**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ. પ્રિયાંકી વ્યાસ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. ચેતના શાહ ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહ – સંપાદન :**

કિંજલ પરમાર આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**વિષય સમિતિ:**

**(2020-2022)**

ડૉ. પ્રિયાંકી વ્યાસ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ. પ્રયત્કર કાનડીયા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

ડૉ. અતુલ ભટ્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**(2017-2019)**

ડૉ. વૈશાલી ભાવસાર ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

ડૉ. વૈદેહી પંડ્યા ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર.

ડૉ. યોગેશ પારેખ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

ડૉ.તેજસ શાહ વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજ, રાજકોટ.

નિશા મહારાજ આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**વિષય પરામર્શન:**

ડૉ. યોગેશ પારેખ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**ભાષા પરામર્શન:**

પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક:** કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-91468-46-0

**પ્રકાશન વર્ષ : 2021**



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ 4 ગ્રંથાલય યાંત્રિકીકરણ માટેના હાર્ડવેર, સોફ્ટવેર અને નેટવર્કની જરૂરિયાત

## (Introduction to Library Automation)

રૂપરેખા


4.0. ઉદ્દેશો

4.1. પ્રસ્તાવના

4.2. લાયબ્રેરી ઓટોમેશનની વિભાવના

4.3. હાર્ડવેરની વિભાવના અને જરૂરિયાત

4.4. સોફ્ટવેરની વિભાવના અને જરૂરિયાત

4.5. નેટવર્કની વિભાવના અને જરૂરિયાત

4.6. સારાંશ

4.7. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.8. ચાવીરૂપ શબ્દો

4.9. સંદર્ભો અને આગળ વાંચન


## 4.0. ઉદ્દેશો (Objective)

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેની બાબતો જાણી શકશો.

- ગ્રંથાલય યાંત્રિકીકરણના ઈતિહાસની સમજૂતિ મળશે.
- ગ્રંથાલય યાંત્રિકીકરણ માટે હાર્ડવેર અને સોફ્ટવેરની જરૂરિયાતની માહિતી પ્રાપ્ત થશે.
- ગ્રંથાલયમાં નેટવર્કની વિભાવનાની સમજૂતિ મળશે.

## 4.1. પ્રસ્તાવના (Introduction)

આજના જ્ઞાન યુગમાં માહિતીની જરૂરિયાત રોજ-બરોજના જીવનમાં પડતી હોય છે. કોઈ પણ નાના અથવા મોટા કાર્ય માટે માહિતીની આપ-લે જરૂરી છે. માનવી હવે માહિતીને પુસ્તકોમાં શોધવાની જગ્યા એ ઈન્ટરનેટના માધ્યમથી ગુગલ પર શોધે છે.આથી જ મુદ્રિત દસ્તાવેજ અને માહિતીની બદલે ડીજીટલ અને ઈલેક્ટ્રોનિક માહિતીનો વપરાશ વધી રહ્યો છે. ડીજીટલ યુગમાં માહિતી દસ્તાવેજોથી વેબ સુધી પહીંચી ગઈ છે. જેમાં લાયબ્રેરી પણ તેમનું સ્વરૂપ, સેવાઓ અને દસ્તાવેજોને બદલી રહી છે. લાયબ્રેરીમાં થતા રોજ-બરોજના કાર્યો જેવા કે પુસ્તક મંગાવવા, તેની આપ-લે, નોધણી, વગેરે કાર્ય સ્વયં સંચાલિત થતા હોય છે પરંતુ ડીજીટલ અને ઈન્ટરનેટ યુગમાં લાયબ્રેરી ઉપભોક્તા સુધી પહોંચવાનું કાર્ય કરે છે. જેમાં લાયબ્રેરી ઓટોમેશન મહત્વનો ભાગ

ભજવે છે.

૧૯૬૦ના દાયકામાં મશીન રીડેબલ કેટલોગ રેકોર્ડ (સ્છ્ઇઝ)ના વિકાસ સાથે લાયબ્રેરી ઓટોમેશનની પ્રક્રિયા સરળ બની છે. જેના આધારે પરિભ્રમણ, પુસ્તકોની ખરીદી, વર્ગીકરણ, સૂચિકરણ, ઈન્ટર લાયબ્રેરી લોન અને દસ્તાવેજીકરણ જેવા કાર્યોનો સમાવેશ કરવામાં આવે છે. માહિતી અને સંચાર ટેકનોલોજી ૈંઝ્) નો ઉપયોગ પુસ્તકાલયોમાં તેની નિયમિત પ્રવૃત્તિઓના સ્વચાલિતકરણ તેમજ વપરાશકર્તાઓને શોધ સેવાઓ પ્રદાન કરવા માટે કરવામાં મદદરૂપ બને છે. કમ્પ્યુટરનો ઉપયોગ પુસ્તકાલયોમાં આંતરિક કામગીરી માટે તેમજ પુસ્તકાલયની ચાર દીવાલોમાં ઉપલબ્ધ માહિતીને એક્સેસ કરવા માટે થાય છે. કમ્પ્યુટરનો ઉપયોગ પુનરાવર્તિત કાર્યને અટકાવે છે અને વપરાશકર્તાઓ તેમજ લાઈબ્રેરી સ્ટાફનો શ્રમ અને સમય બચાવે છે. કોમ્પ્યુટરનો ઉપયોગ માત્ર ડેટા પ્રોસેસિંગ ટૂલ તરીકે જ નહિ પણ માહિતી સંગ્રહ,ઍક્સેસ અને પુનઃપ્રાપ્તિ માટે પણ થાય છે.

માહિતી ટેક્નોલોજીના બદલાતા સમાજમાં વપરાશકર્તાઓને માહિતી મેળવવા, જાળવવા અને વહેંચવામાં ગ્રંથાલયની ભૂમિકા બદલી છે. લાઈબ્રેરી ઓટોમેશન એ ગ્રંથાલયોમાં કમ્પ્યુટર્સની એક એપ્લિકેશન છે, જે એકવિઝીશન, સિરિયલ કંટ્રોલ,અને પરિભ્રમણની સૂચિ જેવી આંતરિક કામગીરીને જાળવી રાખે છે. અસરકારક લાઈબ્રેરી ઓટોમેશન એ હાર્ડવેર, સોફ્ટવેર અને લાઈબ્રેરી સ્ટાફની યોગ્ય તાલીમ પર આધારિત છે. જે યોગ્ય સમયે, યોગ્ય વાચકને યોગ્ય માહિતી પૂરી પાડવામાં અને ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સૂત્રોને અસરકારક બનાવવામાં મદદરૂપ બને છે. ગ્રંથાલયના હાર્ડવેર અને સોફ્ટવેરની પસંદગી મેનેજમેન્ટ તરફથી મળતી નાણાકીય સહાય પર આધારિત છે.ઓપન સોર્સ ઇનિશિયેટિવ (OSI) એ કોઈપણ નાણાકીય સુવિધા વગર ઓપન સોર્સ લાઈબ્રેરી ઓટોમેશન સોફ્ટવેર પસંદ કરવા અને અમલમાં મૂકવાની સારી તક છે અને લાયબ્રેરી ઓટોમેશનનો ખર્ચ ઘટાડે છે.

**The Oxford English Dictionary (Simpson & Weiner, 1989) defines automation as “application of automatic control to any branch of industry or science by extension, the use of electronic or mechanical devices to replace human labour”.**

## 4.2. લાઈબ્રેરી ઓટોમેશનની વિભાવના

ગ્રંથાલયમાં વિવિધ સેવાઓ આપવા માટે અલગ-અલગ ફોરમેટમાં ઉપલબ્ધ દસ્તાવેજોની જરૂરિયાત રહેતી હોય છે. પરંપરાગત ગ્રંથાલય પદ્ધતિમાં સ્વયં કાર્ય, ધીમે ગતિએ તેમજ ખર્ચાળ થતું હતું. ૧૯૭૦ના દાયકાથી (જ્યારથી કમ્પ્યુટરની આગમન થયું) માનવશ્રમને ઘટાડવાનો, સમયનો સદ-ઉપયોગ કરવાનો અને ઓછા શ્રમથી વધુ સારું કાર્ય કરવાનો હેતુ અને તક આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.ગ્રંથાલય યાંત્રિકીકરણ એક સામાન્ય શબ્દ તરીકે લેવાય છે. જેનો અર્થ પરંપરાગત પ્રવૃતિઓને ટેક્નોલોજીની મદદથી યાંત્રિકીકરણમાં રૂપાંતરિત કરવાનો છે. ગ્રંથાલય એ વિકાસશીલ સંસ્થા છે, જેમાં સમયનુસાર થતાં નવા પડકારો અને બદલાવ માટે ગ્રંથાલય એ પણ પોતાની કાર્ય

કરવાની પદ્ધતિ તેમજ પ્રવૃતિઆને બદલવાની જરુરી છે. આજના ઉપભોક્તા ટેક્નોલોજી સાથે ડીજીટલ અને ઈલેકટ્રોનિક દસ્તાવેજોનો ઉપયોગ કરતા થયા છે.આથી ગ્રંથાલય એ ઉપભોક્તાની માંગના આધારે પ્રવૃત્તિ અને કાર્યશૈલીમાં ફેરફાર લાવવા કમ્પ્યુટર, હાર્ડવેર અને સોફ્ટવેરની સમજણ પ્રાપ્ત કરવી આવશ્યક છે. ઘણા કોમર્શિયલ અને ઓપન સોર્સ સોફ્ટવેર ઉપલબ્ધ છે. નીચે મુજબના માપદંડ લાઈબ્રેરી ઓટોમેશન સોફ્ટવેરની પસંદગીમાં મદદરૂપ બને છે.

- લાઈબ્રેરી ઓટોમેશન માટેના વિઝન અને ઉદ્દેશો સમજવા
- સોફ્ટવેર કોના દ્વારા વિકસાવામાં આવ્યું છે, કોઈ કંપની, સંસ્થા, કે વ્યક્તિ
- સમય-સમય એ રિવિઝન માટેની ઉપલબ્ધતા
- મોડ્યુલની ઉપલબ્ધતા
- ગ્રંથસૂચિ રેકોર્ડને સંગ્રહ કરવાની સગવડ
- અન્ય ડેટાબેઝમાંથી ડેટા પુનઃ પ્રાપ્ત કરવા અને આયાત કરવા માટે Z39.50 સાથે સુસંગતા
- માર્ક રેકોર્ડને ઈમ્પોર્ટ અને એક્ષપોર્ટ કરવા માટે માર્ક-૨૧ સાથે સુસંગતતા
- સોફ્ટવેરમાં ISO 2709 ફોરમેટમાં ગ્રંથસૂચિ ડેટા ઈમ્પોર્ટ કરવાની સુવિધા પૂરી પાડે છે, તેમજ એ જ ફોરમેટમાં એક્ષપોર્ટની સુવિધા છે કે નહિ.
- ઉપભોક્તા માટે યુઝર ફ્રેન્ડલી હોવું જોઈએ.
- ગ્રંથ માળખામાં સુધારા કરવાની સુવિધા
- સરળ એક્સેસ માટે મેનુ ડ્રાઈવ
- શું સોફ્ટવેર ઈ-મેઈલ સિસ્ટમ સાથે સુસંગત છે.?
- સોફ્ટવેરનો વપરાશ કરતા ઉપભોક્તાની સંખ્યા
- નવા વર્ઝનમાં સરળતાથી અપગ્રેડ થવાની સુવિધા
- ડેવલોપર્સ તરફથી મળતી સુવિધા
- OPACમાં સુધારા-વધારા માટેની ઉપલબ્ધતા

## લાયબ્રેરી ઓટોમેશનની જરૂરિયાત

લાયબ્રેરીમાં મોટાભાગના કાર્યોનું પુનરાવર્તન વારંવાર જોવા મળતું હોય છે. જે કે પુસ્તકોની એન્ટ્રી, મેગેઝીન ની એન્ટ્રી, બારકોડ, સ્પાઈન વગેરે. જેમાં ફાઈલોના રેકોર્ડને યોગ્ય રીતે અપડેટ કરવાની જરૂર પડતી હોય છે. લાઈબ્રેરીમાં સમાન ગ્રંથસૂચિ રેકોર્ડનો ઉપયોગ એક કર્તા વધારે કામગીરી કરવા માટે થાય છે. દરેક કામગીરી એ

રેકોર્ડને યોગ્ય, સચોટ અને ખાતરીપૂર્વક ગ્રંથાલયમાં ગોઠવવામાં મદદરૂપ બને છે. જે પુસ્તક અથવા દસ્તાવેજોનો ઓર્ડેર કાર્યો હોય ત્યાંથી તેને એક્સેસન રજીસ્ટ્રરમાં નોધવું,વર્ગીકરણ કરવું, સૂચિકરણ કરવું, બારકોડ અને સ્પાઈન કરીને સ્ટેક એરિયામાં મુકવા સુધીની કામગીરી સ્વયંસંચાલિત રીતે કરવી પડતી હોય છે.આથી જ નીચેની બાબતો માટે લાયબ્રેરી ઓટોમેશન જરૂરી છે.

● લાયબ્રેરી ઓટોમેશનથી કર્મચારીઓ દ્વારા કરવામાં આવતું બેવડું કામ અટકાવી શકાય છે. મધ્યસ્થ લાયબ્રેરીમાં તેની બ્રાંચમાં થતા કામ તેમજ પુસ્તકની ખરીદી થી લઈને તેની ગોઠવણી સુધીનું કામ સોફ્ટવેરમાં અપડેટ રાખી શકાય છે. અને ઉપભોક્તાને યોગ્ય માહિતી પૂરી પડી શકાય છે.

● લાયબ્રેરીમાં માહિતી ટેકનોલોજીના ઉપયોગથી ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો થાય છે. જે વધુ ઝડપ સાથે માનવ શ્રમમાં કાર્યક્ષમતા, ચોકસાઈ અને અર્થતંત્રની સરળતા સુનિશ્ચિત કરે છે;

● લાયબ્રેરીમાં કાર્ય કર્તા કર્મચારીઓ, એમાં પણ અત્યારની પેઢીના યુવાનો/યુવતીઓ કમ્પ્યુટર સાથે વધારે જોડાયેલા રહે છે,અને તેમને લાયબ્રેરીમાં કામ કરવાની સરળતા તેમજ પ્રેરણાદાયક રહે છે.

● ઓટોમેશન લાયબ્રેરીમાં કર્મચારીઓનો ઘણો સમય બચે છે. અને તે સમય તેઓ ઉપભોક્તાઓની જરૂરિયાતોને સમજવા અને નવી સેવાઓ આપવામાં ફાળવી શકે છે.

● લાયબ્રેરી ઓટોમેશનથી લાયબ્રેરીમાં સંગ્રહ કરેલા દસ્તાવેજો સરળતાથી શોધી શકાય છે. સંગ્રહને લગતા કાર્યોમાં સુધારો થાય છે. લાયબ્રેરી કર્મચારીઓ તેમનો સમય યોગ્ય અને સતર્ક સેવાઓ આપવામાં ફાળવી શકે છે. અને તેનાથી લાયબ્રેરી દ્વારા આપવામાં આવતી સેવાઓની ગુણવત્તામાં સુધારો થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : (i) તમારા જવાબો નીચે આપેલ જગ્યામાં લખો.**

**(ii) આ એકમના અંતમાં આપેલા જવાબો સાથે તમારા જવાબો તપાસો.**

**૧. લાઈબ્રેરી ઓટોમેશનની પસંદગી માટેના માપદંડ ટૂંકમાં જણાવો.**

## 4.3. હાર્ડવેરની વિભાવના અને જરૂરિયાત

કમ્પ્યુટર સિસ્ટમના ઇલેક્ટ્રિક અને યાંત્રિકીકરણ ઉપકરણો જે ભૌતિક રીતે જોઈ શકાય અને સ્પર્શી શકાય તેને હાર્ડવેર તરીકે ઓળખાવામાં આવે છે. જે કમ્પ્યુટર સિસ્ટમનો ભૈતિક ઉપકરણ છે. કમ્પ્યુટિંગ કાર્યોમાં માહિતી સંચાર કોડેડ સૂચના, સાધનો વહન અને પરિવર્તન માટે હાર્ડવેરમાં ટ્રાન્ઝિસ્ટર, કેપેસિટર, રેઝિસ્ટર, ડાયોડ, પ્રિન્ટેડ સર્કિટ, ઈન્ટિગ્રેટેડ સર્કિટ, મેઈન અને સહાયક સંગ્રહ વ્યવસ્થા, વિવિધ પ્રકારના ચુંબકીય મીડિયા વગેરેનો સમાવેશ થાય છે.

**હાર્ડવેરની પસંદગી માટેના પગલાઃ**

હાર્ડવેરની પસંદગી દરમિયાન નીચે આપેલ પગલાં પસંદગીમાં મદદરૂપ બને છે.

- ગ્રંથાલયમાં જે કાર્ય/પ્રવૃત્તિનું યાંત્રિકીકરણ કરવાનું છે તેને અલગ કરવું.
- ગ્રંથાલયમાં જે કાર્ય/પ્રવૃત્તિનું યાંત્રિકીકરણ કરવાનું છે તેમાં હાર્ડવેરની જરૂરિયાતની ગણતરી કરવી. હાર્ડવેરની જરૂરિયાત ગ્રંથાલયના કાર્ય, ટર્મિનલ, ડેટા એન્ટ્રી, વર્ડ પ્રોસેસિંગ, ઓપેક સર્ચિંગ, ઇન્ટરનેટ સર્ચિંગ અને બ્રાઉઝિંગ, વગેરે; ઉપર આધાર રાખે છે.
- ગ્રંથાલય યાંત્રિકીકરણ અને નેટવર્કિંગ માટે જરૂ હાર્ડવેરનો સરવાળો કરવો.
- હાર્ડવેરના નવા અને અપગ્રેડ વર્ઝનને ખરીદવા.

**સારા હાર્ડવેરની આવશ્યક ગુણવતા :**

- ઓછામાં ઓછી હાર્ડવેર રીડન્ડન્સી;
- વ્યૂહરચનાના અમલીકરણ માટે તબક્કાવાર સ્પષ્ટ અને યોગ્ય માર્ગની જોગવાઈ
- વધારાના ટર્મિનલનો સમાવેશ કરવાની જોગવાઈ
- યોગ્ય અને ગુણવત્તાયુકત કમ્પ્યુટીંગની વ્યવસ્થા.
- બધા પ્રકારના ગ્રંથાલયમાં નાના અને મોટા કમ્પ્યુટરમાં કાર્યરત રહે.

લાઇબ્રેરી ઓટોમેશન માટે હાર્ડવેર પ્રાથમિક જરૂરિયાત છે; બજારમાં વિવિધ પ્રકારના હાર્ડવેર ઉપલબ્ધ છે. હાર્ડવેર નીચેની બાબતો ઉપર આધાર રાખે છે

- બજેટ સુવિધા
- સંગ્રહ કરવા માટે ડેટાનું કદ
- વપરાશનું માપ
- યોગ્ય ઝડપ

●જ્યારે જરૂરી હોય ત્યારે અપગ્રેડ કરવાની સુવિધાઓ.

●સર્વિસિંગ (જાળવણી) ની ઉપલબ્ધતા.

●ઓપરેટિંગ સિસ્ટમ સાથે સુસંગતા

●ખાતરીનો સમયગાળો.

| Standalone system Specifications | IBM System x3100 M4 (Basic server form IBM) Specifications | On Cloud (Cloud server providers) |
|---|---|---|
| • i5 / i7 Processor INTEL<br>• 8GB RAM<br>• DVD Writer<br>• 500 GB Hard Disk | • PN: 2582IKA<br>• One Socket Tower<br>• Intel Xeon E3- 1220v2 CPU (Quad Core)<br>• 3.1. Ghz 8 MB Cache<br>• 1600 MHz, 1x4GB Memory<br>• 1x500 GB SATA 7200 RPM, 3.5" Simple Swap<br>• MULTI BURNER, Integrated RAID 01 (SR C100) | • http://www.cloudoye.com<br>• Http://azure.microsoft.com<br>• http://iweb.com |

ક્લાઉડ સર્વરની કિંમત પ્રોવાઈડરથી પ્રોવાઈડર અલગ હોઈ શકે છે અને ખાસ કરીને નીચેના પર આધારિત છે.

●સંગ્રહ ક્ષમતા

●રેમ

●ઓપરેટિંગ સિસ્ટમ (લિનક્સ, ઉબુન્ટુ, વિન્ડોઝ)

●લાયબ્રેરી ઓટોમેશનને સપોર્ટ કરતા સોફ્ટવેર

**કીબોર્ડ અને માઉસઃ** જે સામાન્ય લઘુત્તમ જરૂરિયાતો તરીકે છે.

**પ્રિન્ટરઃ** કોઈ પણ પ્રકારના દસ્તાવેજની કોપી અથવા છાપવા માટે કોઈપણ પ્રકારના લેસર પ્રિન્ટર.

| Standalone system Specifications | IBM System x3100 M4 (Basic server form IBM) Specifications | On Cloud (Cloud server providers) |
|---|---|---|
| • i5 / i7 Processor INTEL<br>• 8GB RAM<br>• DVD Writer<br>• 500 GB Hard Disk | • PN: 2582IKA<br>• One Socket Tower<br>• Intel Xeon E3- 1220v2 CPU (Quad Core)<br>• 3.1. Ghz 8 MB Cache<br>• 1600 MHz, 1x4GB Memory<br>• 1x500 GB SATA 7200 RPM, 3.5" Simple Swap<br>• MULTI BURNER, Integrated RAID 01 (SR C100) | • http://www.cloudoye.com<br>• Http://azure.microsoft.com<br>• http://iweb.com |

**સ્કેનર:** ગ્રંથાલયના ઓટોમેશન સોફ્ટવેરમાં ઉપભોક્તાના ફોટોગ્રાફ્સ અને સ્કેન કોપી અપલોડ કરવા માં પુસ્તકના કવર સ્કેન કરવા માટે બેઝિક મોડેલ સ્કેનર જરૂરી છે.

**બારકોડ પ્રિન્ટર:** બારકોડ જનરેટ કરવા માટે ઘણા બધા ઓપન સોર્સ બારકોડ જનરેટર ઉપલબ્ધ છે. કોઈ એક બારકોડ જનરેટ, એક થી વધારે અને જથ્થામાં બારકોડ જનરેટ કરતા બારકોડ જનરેટર સેવા પૂરી પાડે છે. પ્રોજેક્ટની કિંમતને ધ્યાને રાખી સામાન્ય લેસર પ્રિન્ટરનો ઉપયોગ કરીને બારકોડ તૈયાર કરી શકાય છે. ઓપન સોર્સ બારકોડ જનરેટરની સંખ્યા ઉપલબ્ધ છે.

**સ્કેનર:** ગ્રંથાલયના ઓટોમેશન સોફ્ટવેરમાં ઉપભોક્તાના ફોટોગ્રાફ્સ અને સ્કેન કોપી અપલોડ કરવા માં પુસ્તકના કવર સ્કેન કરવા માટે બેઝિક મોડેલ સ્કેનર જરૂરી છે.

**બારકોડ પ્રિન્ટર:** બારકોડ જનરેટ કરવા માટે ઘણા બધા ઓપન સોર્સ બારકોડ જનરેટર ઉપલબ્ધ છે. કોઈ એક બારકોડ જનરેટ, એક થી વધારે અને જથ્થામાં બારકોડ જનરેટ કરતા બારકોડ જનરેટર સેવા પૂરી પાડે છે. પ્રોજેક્ટની કિંમતને ધ્યાને રાખી સામાન્ય લેસર પ્રિન્ટરનો ઉપયોગ કરીને બારકોડ તૈયાર કરી શકાય છે. ઓપન સોર્સ બારકોડ જનરેટરની સંખ્યા ઉપલબ્ધ છે.

**બારકોડ સ્કેનર:**પરિભ્રમણની ચકાસણી અને સ્ટોક માટે બારકોડ સ્કેનર જરૂરી છે. બારકોડ સ્કેનરનો ઉપયોગ કરીને આપણે ખોટા ચેક આઉટ અને ચેક ઈન્સને ઘટાડી શકાય છે. બારકોડ સ્કેનર્સનો ઉપયોગ કરીને સમય, માનવશક્તિ બચાવી શકાય છે તેમજ સ્ટોક વેરિફિકેશનમાં ચોક્કસ આંકડા મેળવે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : (i) તમારા જવાબો નીચે આપેલ જગ્યામાં લખો.**

**(ii) આ એકમના અંતમાં આપેલા જવાબો સાથે તમારા જવાબો તપાસો.**

**૨. હાર્ડવેરની સમજૂતિ આપી, સારા હાર્ડવેરની ગુણવતા જણાવો.**

**૩. હાર્ડવેરની સમજુતી આપી, હાર્ડવેરની પસંદગી માટેના પગલા જણાવો.**

---

---

---

---

## 4.4. સોફ્ટવેરની વિભાવના અને જરૂરિયાત

સોફ્ટવેર એ કમ્પ્યુટરમાં ઉપયોગમાં લેવાતું એક એવું સાધન છે જેના દ્વારા કમ્પ્યુટર અમુક પ્રકારના કાર્યો કરવા સક્ષમ બને છે. તેથી, કોઈપણ પુસ્તકાલયને સ્વચાલિત અથવા કમ્પ્યુટરાઇઝ કરવા માટે, પ્રથમ સોફ્ટવેર જરૂરી છે.એવું કહેવાય છે કે સોફ્ટવેર કોમ્પ્યુટરને ઉપયોગી બનાવે છે; જે સમસ્યાને સમજે છે અને તેનો ઉકેલ પણ મેળવે છે.

સોફ્ટવેર પસંદ કરતી વખતે સૌ પ્રથમ જે-તે સમસ્યાને ધ્યાને રાખી તેના વિશે માહિતી ક્યાંથી મેળવવું જોઈએ એ જાણવું જરૂરી છે. નીચે મુજબના ગ્રંથાલયના સોફ્ટવેરની માહિતી પ્રકાશિત કરે છે.

- પુસ્તકાલયોમાં કોમ્પ્યુટર
- ઇલેક્ટ્રોનિક લાઇબ્રેરી
- લાઇબ્રેરી માઇક્રો રાષ્ટ્ર સમાચાર
- આંતરરાષ્ટ્રીય જર્નલ ઓફ ઇન્ફર્મેશન મેનેજમેન્ટ
- માહિતી વ્યવસ્થાપન માટે માઇક્રોકોમ્પ્યુટર

**સોફ્ટવેરની પસંદગી દરમિયાન નીચે મુજબના માપદંડ ધ્યાનમાં લેવા જોઈએ.**

**ઓપરેટિંગ સિસ્ટમ**

ઓપરેટિંગ સિસ્ટમની પસંદગી નીચેની બાબતો ઉપર આધાર રાખે છે.

- હાર્ડવેર સુસંગતતા

- ઓપરેટીંગ સિસ્ટમના ડેવલપર્સ તરફથી મળતી સહાય

- ઉપયોગકર્તાને સરળતાથી સમજી શકાય

- લાઇબ્રેરી ઓટોમેશન સોફ્ટવેર

- લાઇબ્રેરી ઓટોમેશન સોફ્ટવેર માટે સપોર્ટિંગ સોફ્ટવેર

| Operating System | Price Rs. (Approximate) |
|---|---|
| Linux | Free |
| Ubuntu | Free |
| Microsoft Windows 7 | 5,232.00 |
| Microsoft Windows 8 | 7,124.00 |
| Microsoft Windows Server 2012 Std | 45,117.00 |
| Windows Server 2012 Unleashed | 3,500.00 |
| Windows Server 2008 R2 Unleashed | 3,389.00 |

● **સોફ્ટવેરની કિમતઃ** ગ્રંથાલય પાસે માર્યાદિત બજેટ રહેતું હોય છે. આથી બજેટને ધ્યાને રાખી,સોફ્ટવેર જે કોઈ સોફ્ટવેરની ખરીદી કરવામાં આવે તે ગ્રંથાલયના કાર્યોમાં લાભદાયી હોવું જોઈએ.

●**હાર્ડવેરઃ** સોફ્ટવેરની પસંદગી દરમિયાન હાર્ડવેરની ચકાસણી જરૂરી છે. આથી સોફ્ટવેરને અનુકુળ અને સપોર્ટ કરતાં હોય તેવા હાર્ડવેરની પસંદગી કરવી જોઈએ.

● **પ્રોગ્રામિંગ ભાષાઃ** સોફ્ટવેરની પસંદગી દરમિયાન પ્રોગ્રામિંગ ભાષા ઉપર ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે. કમ્પ્યુટર જે ભાષામાં લખ્યું છે તેને સપોર્ટ કરતુ સોફ્ટવેર હોવું આવશ્યક છે.

●**અપ ટુ ડેટઃ** સોફ્ટવેરમાં ફીચર અપટુ ડેટ હોવાં જોઈએ. જેથી કરીને કમ્પ્યુટરમાં તેના નવા ફીચરનો લાભ મળી શકે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : (i) તમારા જવાબો નીચે આપેલ જગ્યામાં લખો.**

**(ii) આ એકમના અંતમાં આપેલા જવાબો સાથે તમારા જવાબો તપાસો.**

**૩. સોફ્ટવેરની સમજુતી આપી, સોફ્ટવેરની પસંદગી દરમિયાન કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે, તે જણાવો?**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 4.5. નેટવર્કની વિભાવના અને જરૂરિયાત

પહેલાંના યુગમાં આપણે જોતાં કે લોકો એક બીજા સુધી પોતાના વિચારો રજૂ કરવા માટે વિવિધ માધ્યમો જેવાકે પત્ર, ડ્રમ, પરિવાહક વગેરેનો ઉપયોગ કરતાં હતા. નેટવર્કિંગનો ખ્યાલ ટેલિકમ્યુનિકેશન જેટલો જ જૂનો છે. વર્તમાનમાં, આપણે કોમ્પ્યુટર વાયર, માઈક્રોવેવ્સ અને ફાઈબર ઓપ્ટિક્સના વિશાળ એસેમ્બલ પર એકબીજા સાથે વાત કરીએ છીએ. નેટવર્ક વપરાશકર્તાની વસ્તીમાં નવીનતમ વિકાસ ઘણી અને મોટી સંખ્યામાં બિન-તકનીકી એપ્લિકેશનો સમાવેશ કર્યો છે. નેટવર્ક ઉપભોક્તાની વધતી માહિતીની જરૂરિયાતને પૂરી કરવાનું એક સંશાધન છે, જે માહિતી વિસ્ફોટમાં જટિલ માહિતી, તેનો વધતા એક્સેસ ઉપર ધ્યાન આપે છે. પ્રિન્ટેડ માહિતી તુલનામાં હવે ઈલેક્ટ્રોનિક સ્વરૂપે ઝડપથી ઉપલબ્ધ થઈ શકે છે.

કમ્પ્યુટર્સને એકબીજા સાથે જોડવા માટે નેટવર્કિંગ જરૂરી છે, કમ્પ્યુટરના સંશાધનો માહિતીને મોકલવામાં મદદ કરતા હોય છે. નેટવર્કનો ઉદેશ તેની સાથે જોડાયેલા નેટવર્ક ઉપભોક્તા સુધી માહિતી પહોંચાડવાનો છે.સામાન્ય રીતે નેટવર્કમાં ત્રણ વિભાગનો સમાવેશ થાય છે, ટ્રાન્સમિશન મિડિયા, મેકેનિઝમ અને નેટવર્કના ઈન્ટરફેશ યુનિટ. નેટવર્કના પ્રકાર ઉપભોક્તાની જરૂરિયાત અથવા સંસ્થાના ઉપભોક્તાને આપવાના એક્સેસ ઉપર આધાર રાખે છે.સંસ્થાની અંદર લાઈબ્રેરી ડેટાબેઝના ઉપયોગ માટે લોકલ એરિયા નેટવર્ક વધારે મદદરૂપ છે. સંસ્થાની બહાર ડેટાબેઝ એક્સેસ માટે વાઈડ એરિયા નેટવર્ક મદદરૂપ બને છે.અને જયારે ક્લાઉડના ડેટાનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ક્લાઉડ એરિયા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવે છે.





લોકલ એરિયા નેટવર્ક

વાઈડ એરિયા નેટવર્ક




ક્લાઉડ કમ્પ્યુટિંગ

લાઈબ્રેરી નેટવર્કિંગ માટે વિવિધ હાર્ડવેર અને સોફ્ટવેરની જરૂરિયાત રહેતી હોય છે, જે દરેક હાર્ડવેર અને સોફ્ટવેર લાઈબ્રેરીના ઉદ્દેશો અને ઉપભોક્તાને આપવાની થતી સેવાઓ ઉપર આધાર રાખે છે. લાયબ્રેરીમાં સામાન્ય રીતે નેટવર્કિંગમાં LAN અથવા WANનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે બીજી કોઈ પણ લાઈબ્રેરી સાથે ILL અંતર્ગત સેવા આપવાની થાય અથવા સંસાધનની વહેંચણી કરવી હોય ત્યારે નેટવર્કિંગ ખુબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. તેમજ તે લાઈબ્રેરીના ઘણા કાર્યોને સરળ પણ બનાવે છે.

## તમારી પ્રગતિ ચકાસો

**નોંધ : (i) તમારા જવાબો નીચે આપેલ જગ્યામાં લખો.**

**(ii) આ એકમના અંતમાં આપેલા જવાબો સાથે તમારા જવાબો તપાસો.**

**૪. નેટવર્કની માહિતી આપી, તેની જરૂરિયાત સમજાવો.**

____________________________________________________

____________________________________________________

____________________________________________________

## 4.6. સારાંશ (Summary)

હાર્ડવેર અને સોફ્ટવેરની પસંદગી લાઈબ્રેરી ઓટોમેશનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, તે મેનેજમેન્ટ તરફથી મળતી નાણાકીય સહાય પર આધાર રાખે છે. લાઈબ્રેરી ઓટોમેશન પ્રોજેક્ટ પ્રપોસલ જમા કરાવ્યા પછી, મેનેજમેન્ટ પાસેથી બજેટની અપ્રુવલ લેવામાં આવે છે. લાઈબ્રેરી ઓટોમેશન પ્રોજેક્ટમાં હાર્ડવેર, સોફ્ટવેર, તેમજ અન્ય સંશાધનો માટે બજેટની ફાળવણી મહત્વની ભૂમિકા ભજવે છે. ઓપન સોર્સ મૂવમેન્ટની શરૂઆત પછી લાઈબ્રેરી ઓટોમેશનનો ખર્ચમાં ફેરફાર આવે છે.ઉપભોક્તાની સમસ્યાઓ ઉકેલવા માટે તેમના અનુભવોની ચર્ચા, તેમજ તેને શેર કરવા માટે ઉપભોક્તા ફોર્મ ઉપલબ્ધ છે. ઓપન સોર્સ લાઈબ્રેરી ઓટોમેશન સોફ્ટવેરની જાળવવા માટે વાર્ષિક જાળવણીની જરૂર નથી.લાઇબ્રેરી ઓટોમેશન એ એકમાત્ર અસરકારક રીતે સંસાધનોને હસ્તગત, જાળવણી માટેનો ઉપાય છે. લાઈબ્રેરી સ્ટાફના સભ્યો માટે યોગ્ય તાલીમ, બ્રેનસ્ટોર્મિંગ સેકશન વ્યવસ્થા જરૂરી છે. આ ઉપરાંત લાઈબ્રેરી ઓટોમેશન ડેટાબેઝનો અસરકારક રીતે ઉપયોગ કરવા માટે ઉપભોક્તા શિક્ષણનું સંચાલન કરવું જરૂરી છે.

આ એકમમાં આપણને લાઈબ્રેરી ઓટોમેશન માટેના જરૂરી હાર્ડવેર, સોફ્ટવેર અને નેટવર્કની વિભાવના તેમજ તેમની જરૂરિયાતનો ખ્યાલ આવે છે. જેથી ભવિષ્યમાં લાઈબ્રેરી ઓટોમેશનમાં જરૂર જનતા સંશાધનોથી આપણે માહિતગાર રહી શકીએ.

## 4.7. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer the Self-Check Exercieses)

૧. ઘણા કોમર્શિયલ અને ઓપન સોર્સ સોફ્ટવેર ઉપલબ્ધ છે. નીચે મુજબના માપદંડ લાઈબ્રેરી ઓટોમેશન સોફ્ટવેરની પસંદગીમાં મદદરૂપ બને છે.

- લાઈબ્રેરી ઓટોમેશન માટેના વિઝન અને ઉદ્દેશો સમજવા, સોફ્ટવેર કોના દ્વારા વિકસાવામાં આવ્યું છે, કોઈ કંપની, સંસ્થા કે વ્યક્તિ. ઉદ્દેશો સમય-સમય એ રિવિઝન માટેની ઉપલબ્ધતા, મોડ્યુલની ઉપલબ્ધતા, ગ્રંથસૂચિ રેકોર્ડને સંગ્રહ કરવાની સગવડ, અન્ય ડેટાબેઝમાંથી ડેટા પુનઃ પ્રાપ્ત કરવા અને આયાત કરવા માટે Z39.50 સાથે સુસંગતા, માર્ક રેકોર્ડને ઈમ્પોર્ટ અને એક્ષપોર્ટ કરવા માટે માર્ક-૨૧ સાથે સુસંગતતા, સોફ્ટવેરમાં ISO 2709 ફોરમેટમાં ગ્રંથસૂચિ ડેટા ઈમ્પોર્ટ કરવાની સુવિધા પૂરી પાડે છે. તેમજ એ જ ફોરમેટમાં એક્ષપોર્ટની સુવિધા છે કે નહિ., ઉપભોક્તા માટે યુઝર ફ્રેન્ડલી હોવું જોઈએ. ગ્રંથ માળખામાં સુધારા કરવાની સુવિધા. સરળ એક્સેસ માટે મેનુ ડ્રાઈવ, શું સોફ્ટવેર ઈ-મેઈલ સિસ્ટમ સાથે સુસંગત છે? સોફ્ટવેરનો વપરાશ કરતા ઉપભોક્તાની સંખ્યા, નવા વર્ઝનમાં સરળતાથી અપગ્રેડ થવાની સુવિધા, ડેવલોપર્સ તરફથી મળતી સુવિધા, OPACમાં સુધારા-વધારા માટેની ઉપલબ્ધતા, સોફ્ટવેરની કિંમત વગેરે.

૨. કમ્પ્યુટર સિસ્ટમના ઈલેક્ટ્રિક અને યાંત્રિકીકરણ ઉપકરણો જે ભૌતિક રીતે

જોઈ શકાય અને સ્પર્શી શકાય તેને હાર્ડવેર તરીકે ઓળખાવામાં આવે છે. જે કમ્પ્યુટર સિસ્ટમનો ભૈતિક ઉપકરણ છે. કમ્પ્યુટિંગ કાર્યોમાં માહિતી સંચાર કોડેડ સૂચના, સાધનો વહન અને પરિવર્તન માટે હાર્ડવેરમાં ટ્રાન્ઝિસ્ટર, કેપેસિટર, રેઝિસ્ટર, ડાયોડ, પ્રિન્ટેડ સર્કિટ, ઈન્ટિગ્રેટેડ સર્કિટ, મેઈન અને સહાયક સંગ્રહ વ્યવસ્થા, વિવિધ પ્રકારના ચુંબકીય મીડિયા વગેરેનો સમાવેશ થાય છે.

**હાર્ડવેરની પસંદગી માટેના પગલાઃ**

હાર્ડવેરની પસંદગી દરમિયાન નીચે આપેલ પગલાં પસંદગીમાં મદદરૂપ બને છે.

- ગ્રંથાલયમાં જે કાર્ય/પ્રવૃત્તિનું યાંત્રિકીકરણ કરવાનું છે તેને અલગ કરવું.
- ગ્રંથાલયમાં જે કાર્ય/પ્રવૃત્તિનું યાંત્રિકીકરણ કરવાનું છે તેમાં હાર્ડવેરની જરૂરિયાતની ગણતરી કરવી. હાર્ડવેરની જરૂરિયાત ગ્રંથાલયના કાર્ય, ટર્મિનલ, ડેટા એન્ટ્રી, વર્ડ પ્રોસેસિંગ, ઓપેક સર્ચિંગ, ઇન્ટરનેટ સર્ચિંગ અને બ્રાઉઝિંગ, વગેરે; ઉપર આધાર રાખે છે.
- ગ્રંથાલય યાંત્રિકીકરણ અને નેટવર્કિંગ માટે જરૂ હાર્ડવેરનો સરવાળો કરવો.
- હાર્ડવેરના નવા અને અપગ્રેડ વર્ઝનને ખરીદવા.

૩. સોફ્ટવેર એ કમ્પ્યુટરમાં ઉપયોગમાં લેવાતું એક એવું સાધન છે જેના દ્વારા કમ્પ્યુટર અમુક પ્રકારના કાર્યો કરવા સક્ષમ બને છે. તેથી, કોઈપણ પુસ્તકાલયને સ્વચાલિત અથવા કમ્પ્યુટરાઇઝ કરવા માટે, પ્રથમ સોફ્ટવેર જરૂરી છે.એવું કહેવાય છે કે સોફ્ટવેર કોમ્પ્યુટરને ઉપયોગી બનાવે છે; જે સમસ્યાને સમજે છે અને તેનો ઉકેલ પણ મેળવે છે.

સોફ્ટવેર પસંદ કરતી વખતે સૌ પ્રથમ જે-તે સમસ્યાને ધ્યાને રાખી તેના વિશે માહિતી ક્યાંથી મેળવવું જોઈએ એ જાણવું જરૂરી છે. નીચે મુજબના ગ્રંથાલયના સોફ્ટવેરની માહિતી પ્રકાશિત કરે છે.

- પુસ્તકાલયોમાં કોમ્પ્યુટર
- ઇલેક્ટ્રોનિક લાઇબ્રેરી
- લાઇબ્રેરી માઇક્રો રાષ્ટ્ર સમાચાર
- આંતરરાષ્ટ્રીય જર્નલ ઓફ ઇન્ફર્મેશન મેનેજમેન્ટ
- માહિતી વ્યવસ્થાપન માટે માઇક્રોકોમ્પ્યુટર

**સોફ્ટવેરની પસંદગી દરમિયાન નીચે મુજબના માપદંડ ધ્યાનમાં લેવા જોઈએ.**

**ઓપરેટિંગ સિસ્ટમ**

ઓપરેટિંગ સિસ્ટમની પસંદગી નીચેની બાબતો ઉપર આધાર રાખે છે.

- હાર્ડવેર સુસંગતતા
- ઓપરેટીંગ સિસ્ટમના ડેવલપર્સ તરફથી મળતી સહાય
- ઉપયોગકર્તાને સરળતાથી સમજી શકાય
- લાઇબ્રેરી ઓટોમેશન સોફ્ટવેર
- લાઇબ્રેરી ઓટોમેશન સોફ્ટવેર માટે સપોર્ટિંગ સોફ્ટવેર

● **સોફ્ટવેરની કિમતઃ** ગ્રંથાલય પાસે માર્યાદિત બજેટ રહેતું હોય છે. આથી બજેટને ધ્યાને રાખી,સોફ્ટવેર જે કોઈ સોફ્ટવેરની ખરીદી કરવામાં આવે તે ગ્રંથાલયના કાર્યોમાં લાભદાયી હોવું જોઈએ.

●**હાર્ડવેરઃ** સોફ્ટવેરની પસંદગી દરમિયાન હાર્ડવેરની ચકાસણી જરૂરી છે. આથી સોફ્ટવેરને અનુકુળ અને સપોર્ટ કરતાં હોય તેવા હાર્ડવેરની પસંદગી કરવી જોઈએ.

● **પ્રોગ્રામિંગ ભાષાઃ** સોફ્ટવેરની પસંદગી દરમિયાન પ્રોગ્રામિંગ ભાષા ઉપર ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે. કમ્પ્યુટર જે ભાષામાં લખ્યું છે તેને સપોર્ટ કરતુ સોફ્ટવેર હોવું આવશ્યક છે.

●**અપ ટુ ડેટઃ** સોફ્ટવેરમાં ફીચર અપટુ ડેટ હોવાં જોઈએ. જેથી કરીને કમ્પ્યુટરમાં તેના નવા ફીચરનો લાભ મળી શકે.

૪. કમ્પ્યુટર્સને એકબીજા સાથે જોડવા માટે નેટવર્કિંગ જરૂરી છે, કમ્પ્યુટરના સંશાધનો માહિતીને મોકલવામાં મદદ કરતા હોય છે. નેટવર્કનો ઉદ્દેશો તેની સાથે જોડાયેલા નેટવર્ક ઉપભોક્તા સુધી માહિતી પહોંચાડવાનો છે. નેટવર્કના પ્રકાર ઉપભોક્તાની જરૂરિયાત અથવા સંસ્થાના ઉપભોક્તાને આપવાના એક્સેસ ઉપર આધાર રાખે છે. સંસ્થાની અંદર લાઈબ્રેરી ડેટાબેઝના ઉપયોગ માટે લોકલ એરિયા નેટવર્ક વધારે મદદરૂપ છે. સંસ્થાની બહાર ડેટાબેઝ એક્સેસ માટે વાઈડ એરિયા નેટવર્ક મદદરૂપ બને છે. અને જયારે ક્લાઉડના ડેટાનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ક્લાઉડ એરિયા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવે છે.

## 4.8. ચાવીરૂપ શબ્દો (Keywords)

- ●**હાર્ડવેરઃ** કમ્પ્યુટર સિસ્ટમના ઈલેક્ટ્રિક અને યાંત્રિકીકરણ ઉપકરણો જે ભૌતિક રીતે જોઈ શકાય અને સ્પર્શી શકાય તેને હાર્ડવેર તરીકે ઓળખાવામાં આવે છે.
- ●**કીબોર્ડ અને માઉસઃ** જે સામાન્ય લઘુત્તમ જરૂરિયાતો તરીકે છે.

- **પ્રિન્ટરઃ** કોઈ પણ પ્રકારના દસ્તાવેજની કોપી અથવા છાપવા માટે કોઈપણ પ્રકારના લેસર પ્રિન્ટર
- **સ્કેનરઃ** ગ્રંથાલયના ઓટોમેશન સોફ્ટવેરમાં ઉપભોક્તાના ફોટોગ્રાફ્સ અને સ્કેન કોપી અપલોડ કરવા માં પુસ્તકના કવર સ્કેન કરવા માટે બેઝિક મોડેલ સ્કેનર જરૂરી છે.
- **બારકોડ પ્રિન્ટરઃ** બારકોડ જનરેટ કરવા માટે ઘણા બધા ઓપન સોર્સ બારકોડ જનરેટર ઉપલબ્ધ છે. કોઈ એક બારકોડ જનરેટ, એક થી વધારે અને જથ્થામાં બારકોડ જનરેટ કરતા બારકોડ જનરેટર સેવા પૂરી પાડે છે.
- **બારકોડ સ્કેનરઃ** પરિભ્રમણની ચકાસણી અને સ્ટોક માટે બારકોડ સ્કેનર જરૂરી છે. બારકોડ સ્કેનરનો ઉપયોગ કરીને આપણે ખોટા ચેક આઉટ અને ચેક ઈન્સને ઘટાડી શકાય છે. બારકોડ સ્કેનર્સનો ઉપયોગ કરીને સમય, માનવશક્તિબચાવી શકાય છે તેમજ  સ્ટોક વેરિફિકેશનમાં ચોક્કસ

## 4.9. સંદર્ભો અને આગળ વાંચન (Reference and Further Reading)


G. Rama Devi, K. Raghuveer (2014) Hardware and Software Selection for Library Automation. International Journal of Science and Research (IJSR), 3(12), 2319-7064

Dr. Falguni Prajapati, Selection of Hardware and Software for Library Automation. International Journal of Library and Information Studies, Vol.10(3) Jul-Sep, 2020 ISSN: 2231-4911.

| એકમ 5 | ગ્રંથાલય યાંત્રિકીકરણના સ્ટાન્ડર્ડ્સઃ માર્ક, યુનિમાર્ક, માર્ક-૨૧ |
|---|---|

# એકમ 5: ગ્રંથાલય યાંત્રિકીકરણના સ્ટાન્ડર્ડ્સઃ માર્ક, યુનિમાર્ક, માર્ક-૨૧

## રૂપરેખા


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 માર્ક, માર્ક-21, અને યુનિમાર્કની વિભાવના

5.2.1. માર્ક

5.2.2 માર્ક 21

5.2.3 યુનિમાર્ક

5.3 સારાંશ

5.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

5.5. ચાવીરૂપ શબ્દો

5.6 સંદર્ભ અને વિશેષ વાંચન


## 5.0 ઉદ્દેશો (Objectives)

આ એકમ અભ્યાસ બાદ આપ નીચેની બાબતોથી જાણકાર બનશો.

- માર્ક, માર્ક-21અને યુનિમાર્કના ગ્રંથસૂચિના બંધારણમાંના મુખ્ય તત્વોની સમજણ પ્રાપ્ત થશે.
- માર્ક-21 ગ્રંથસૂચક સામગ્રીને કેવી રીતે એન્કોડ કરે છે તે સમજો;
- માર્ક-21 રેકોર્ડ “વાંચવા” માટેની વ્યૂહરચના, ટેગ્સ, ફિલ્ડ અને સબ-ફિલ્ડની માહિતી જાણી શકશો.
- એમએઆરસી 21 રેકોર્ડ તૈયાર કરવાની સમજણ મળશે.

## 5.1 પ્રસ્તાવના (Introduction)

દસ્તાવેજના ગ્રંથસુચિ વર્ણનમાં દસ્તાવેજને અલગ તારવતા જરૂરી બધા ડેટા તત્ત્વોનો સમાવેશ કરવામાં આવે છે ગ્રંથસૂચિ વર્ણન ISBDના આધારે હોય છે. AACR -૨અનુસાર કેટલોગમાં લેવાતા મુખ્ય તત્ત્વો નીચે મુજબ છે.

- મુખ્ય સંલેખ (શીર્ષક વિભાગ, લેખક અથવા શીર્ષક)
- જવાબદારીનું શીર્ષક અને શીર્ષક (લેખક અને અન્ય સહયોગીઓ)
- છાપ (પ્રકાશન વિગતો)
- ભૌતિક વર્ણન
- નોંધ
- સંસાધન ઓળખકર્તા (વર્ગ નંબર, પુસ્તકનો નંબર અને પ્રવેશ)
- વિષયો
- એક્સેસ પોઈન્ટ (નામ, શીર્ષક અથવા નામંતર સંલેખના તત્વો, Added Entry)

AACR-2 કેટલોગ રેકોર્ડમાં માહિતી કેવી રીતે મુકવી તેના નિયમો દર્શાવે છે. જયારે MARCએ પ્રત્યાયન માટેનો માનાંક છે, જે કેટલોગ રેકોર્ડની સૂચિ દર્શાવે છે. MARC એ ગ્રંથાલયના સંસાધનને કેટલોગમાં રજૂ કરવાનું ફોરમેટ છે. ઓનલાઈન કેટલોગમાં રેકોર્ડ મૂકવા માટે MARCનો ઉપયોગ થાય છે.

## 5.2 માર્ક, માર્ક-૨૧, અને યુનિમાર્કની વિભાવના

### 5.2.1 માર્ક(MARC)

MARC (મશીન રીડેબલ કેટલોગીંગ) એ ગ્રંથાલયો દ્વારા વર્ણવેલ વસ્તુઓના વર્ણન માટેનું એક માનાંક જે સ્વયંસંચાલિત ગ્રંથાલય સિસ્ટમોમાં ગ્રંથસૂચિની માહિતીના વિનિમય માટે વપરાય છે.માર્ક એ હેન્ડ્રીટી આવરણ એવ્રમ દ્વારા લાયબ્રેરી ઓફ કોંગ્રેસમાં એક પાયલોટ પ્રોજેકટ તરીકે કમ્પ્યુટર દ્વારા વાંચી અને સમજી શકાય તેવો દસ્તાવેજ એક પાયલોટ પ્રોજેકટ તરીકે તૈયાર કરવામાં આવ્યો હતો. જે મુદ્રિત કાર્ડ અથવા તો સૂચિ (પુસ્તક,સૂચિ,માઈક્રોફેટ્ચ સૂચિની યાંત્રિકીકરણની પ્રક્રિયા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

૧૯૭૧થી યુ.એસ.એમાં માર્ક ફોરમેટ બિબ્લોગ્રાફીક માહિત્તીને પહોંચાડવા માટેની રાષ્ટ્રીય માનાંક બન્યું. જે ૧૯૭૩ સુધીમાં આંતરરાષ્ટ્રીય માનાક બન્યું. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ માર્કના અલગ અલગ વર્ઝન આવ્યા. (1960 માંએલ.સી.માર્ક,૧૯૮૦માં યુ.એસ.માં,૧૯૯૦મા માર્ક ૨૧)માર્ક ૨૧ જે યુ.એસ.અને કેનેડાના માર્ક ફોરમેટને ભેગું કરીને એક ફોરમેટ તૈયાર કરવામાં આવ્યું છે અને યુનિમાર્ક (યુરોપમાં ઉપયોગમાં લેવાતી) હાલનું સૌથી વધારે ઉપયોગી માનાંક છે.માર્ક ૨૧ માનાકમાંઓથોરીટી દસ્તાવેજ,હોલ્ડીંગ રેકોર્ડ,વર્ગીકરણનાં શીડ્યુલ અને અન્ય વધારાની માહિતીને બિબ્લોગ્રાફીક માહિતીમાં મૂકવામાં આવે છે.

માર્ક એક સામાન્ય ફોરમેટ છે જે ગ્રન્થાલયના સ્રોતોને સૂચિમાં દર્શાવે છે.પરંતુ ઓપેકમાં દર્શાવવામાં તે માર્ક દરેક ડેટાને પોતાના ફોરમેટ મુજબ સંગ્રહિત કરતું નથી.

માર્ક સૂચિમાં દર્શાવેલ માહિતીને એક સિસ્ટમથી બીજી સિસ્ટમમાં મોકલવાની સુવિધા પૂરી પાડે છે.જેમાં કોપી કેટલોગની સુવિધાથી એલ.ઓ.સી અથવા ઓસી.એલ.સી.માંથી માહિત્તી ઈમ્પોર્ટ કરી શકો છો.

### 5.2.2 માર્ક-21 (MARC-21)

માર્ક -21ના રેકોર્ડની રચનાને ત્રણ સ્તરમાં વિભાજિત કરવામાં આવી છે.

* **રેકોર્ડ સ્ટ્રક્ચર :** રેકોર્ડ સ્ટ્રક્ચરએ International standards format for information exchange (ISO-2709) અને Bibliographic Information Interchange (ANSII) NISO Z39.2ના આધારે રેકોર્ડ માટેનું માળખું છે.

* **કન્ટેન્ટ ડેઝીગનેશન :** એવા સિમ્બોલનો અમૂહ કે જે રેકોર્ડના ડેટાને ઓળખાવાનું અને ફેરફારનું કાર્ય કરે છે. રેકોર્ડના ડેટા તત્ત્વો અને ફેરફારની લાક્ષણીકતાને આગળ વધારવા કોડ અને સંમેલ સ્થાપિત કરવામાં આવે છે.

* **રેકોર્ડનો ડેટા કન્ટેન્ટ:** રેકોર્ડનો ડેટા કન્ટેન્ટ જે ફિલ્ડ મુજબ માહિતીને રેકોર્ડ કરવાનું કાર્ય કરે છે, જે બાહ્ય માનાંકો જેવા કે ISBD, AACR-2 અથવા કેટલોગીંગ રૂલ્સ, LCSH તેમજ વિષય થિસોરસ અને વર્ગીકરણ પદ્ધતિનો ઉપયોગ કરીને સંસ્થા દ્વારા તૈયાર થતા રેકોર્ડ ઉપર આધાર રાખે છે.

માર્ક રેકોર્ડના રેકોર્ડ સ્ટ્રક્ચરમાં લીડરનો સમાવેશ થાય છે. જે નવા રેકોર્ડની શરૂઆત કરે છે. રેકોર્ડ સ્ટ્રક્ચરમાં રેકોર્ડ ડીરેક્ટરીનો પણ સમાવેશ થાય છે. કન્ટેન્ટ ડેઝીગનેશનમાં બે ફિલ્ડ એટલે કે નિયત ફિલ્ડ અને ચલ ફિલ્ડ હોય છે અને ડેટા કન્ટેન્ટ વર્ણન, વિષય મથાળા, વર્ગીકરણ નંબર અને મુખ્ય તેમજ નામાંતર સંલેખને ગોઠવે છે. માર્ક-21 રેકોર્ડમાં ડેટાના ત્રણ વિભાગો નીચે મુજબ છે.

* લીડર

* ડીરેક્ટરી/રેકોર્ડ ડીરેક્ટરી

* ડેટા સામગ્રી

ઉપરોકત વિભાગને આપણે વિસ્તૃત સમજીએ.

**લીડર:** પ્રથમ 24 અક્ષરો (દરેક ગ્રંથ સૂચિ વર્ણનના અક્ષરો 00-23 ક્રમ) નો રેકોર્ડ. જેમાં રેકોર્ડની લંબાઈ, રેકોર્ડના પ્રકાર, ગ્રંથ સૂચિ સ્તર, એન્કોડિંગ સ્તર, વર્ણનાત્મક સૂચિકરણ ફોર્મ વગેરેને લગતા ડેટાનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં ડેટા તત્વો દ્વારા નંબર અને કોર્ડ કે જે રેકોર્ડની પ્રક્રિયા કરવાના પેરામિટરનો સમાવેશ કરે છે. જેમાં કેટલોગર પાસે કોઈ નિયંત્રણ રહેતું નથી. માત્ર અમુક ડેટા જેવા કે રેકોર્ડનો પ્રકાર અને તેના વર્ણનાત્મક સ્તર કોડને કેટલોગ્રર્સ રજૂ કરવા પડે છે.

**ડીરેક્ટરી/રેકોર્ડ ડીરેક્ટરી:** ડિરેક્ટરી લીડર પછી તરત જ શરુ થાય છે. ડિરેક્ટરીમાં અલગ-અલગ 12 અક્ષરોનો સમાવેશ થાય છે. ડિરેક્ટરી એડ્રેસની મદદથી ડેટા ફિલ્ડનું એડ્રેસ કમ્પ્યુટર દ્વારા જનરેટ કરે છે. એડ્રેસ મીકેનીઝમમાં 3 ભાગ એટલે કે ફિલ્ડ ટેગ,

ફિલ્ડ લંબાઈ અને શરૂઆતના ક્રમાંકનો સમાવેશ થાય છે. પ્રથમ 3 અક્ષર ફિલ્ડ ટેગના, પછીના 4 અક્ષર ફિલ્ડની લંબાઈ અને પછીના 5 અક્ષર શરૂઆતના ક્રમાંક દર્શાવે છે.

**ડેટા સામગ્રી:** આ વિભાગ ડેટા ફિલ્ડમાં વર્ણનાત્મક ડેટા ફિલ્ડ દર્શાવે છે. માર્ક રેકોર્ડમાં ડેટા ચલ ફિલ્ડમાં વર્ણન કરવામાં આવે છે. જેમાં દરેક અક્ષર 3 ક્રમાંક સાથે દર્શાવવામાં આવે છે, જે ફિલ્ડમાં તે ડીરેક્ટરી એન્ટ્રીમાં સંગ્રહિત થાય છે. દરેક ફિલ્ડ, ફિલ્ડ ટર્મિનેટરથી પૂરી થાય છે. ચલ ડેટા ફિલ્ડ અને ચલ નિયંત્રિત ફિલ્ડ એમ બે ચલ ફિલ્ડનો સમાવેશ થાય છે. ચલ નિયંત્રિત ફિલ્ડમાં અક્ષરનો ક્રમાંક એક ડેટા તત્ત્વ અથવા ચોક્કસ ડેટા સિરીઝમાં દર્શાવવામાં આવે છે. જ્યારે ચલ ડેટા ફિલ્ડ કોઈ ફિલ્ડ ટેગ દ્વારા દર્શાવવામાં આવતી નથી. ડેટા ચલ ફિલ્ડમાં ઈન્ડીકેટર અને સબફિલ્ડ કોડ એમ બે પ્રકારના કન્ટેન્ટ ડેઝીગનેશનનો ઉપયોગ થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો**

1. **માર્ક-21 રેકોર્ડના ડેટા માટેના વિભાગમાં લીડર વિભાગની સમજૂતી આપો.**

**નીચે મુજબની માર્ક-21ની ટેગ અને સબ ફિલ્ડને વિસ્તૃત સમજીએ.**

### 5.2.2.1 માર્ક-21 ટેગ અને સબ-ફિલ્ડ

| | |
|---|---|
| OXX | નિયંત્રિત માહિતી, વર્ગીકરણ અને કોડ્સ વગેરે.<br>(Control info, classification, codes, etc.) |
| IXX | મુખ્ય સંલેખ (Main entries) |
| 2XX | શિર્ષક, આવૃત્તિ,છાપ(Titles, edition, imprint) |
| 3XX | ભૈતિક વર્ણન (Physical description, etc.) |
| 4XX | સિરીઝ નોંધ (Series statements) |
| 5XX | નોંધ (Notes) |
| 6XX | વિષય એક્સેસ ફિલ્ડ (Subject access fields) |
| 7XX | નામાંતર સંલેખ (Added entries) |
| 8XX | સિરીઝ નામાંતર સંલેખ,સ્થળ, વગેરે.<br>(Series added entries, holdings, location, etc.) |
| 9XX | સ્થાનિક રીતે ઉપયોગી (Locally-defined uses) |

★ કમ્પ્યુટરાઈઝ દરમિયાન માર્ક-21ની મુખ્ય ટેગ જે સામાન્ય રીતે સૌથી વધારે ઉપયોગમાં લેવામાં આવતી હોય છે. જેમાં 100: main એન્ટ્રી વ્યક્તિના નામ માટે ઉપયોગમાં લેવામાં આવે છે, અને નીચે મુજબના ઈન્ડીકેટ અને સબ ફિલ્ડનો સમાવેશ થાય છે.

100 - Main Entry-Personal Name (NR)

**First Indicator**

0 - Forename

1 - Surname

3 - Family name

**Subfield Codes**

$a - Personal name (NR)

$b - Numeration (NR)

$c - Titles and words associated with a name (R)

$d - Dates associated with a name (NR)

$e - Relator term (R)

$f - Date of a work (NR)

$g - Miscellaneous information (R)

$j - Attribution qualifier (R)

$k - Form subheading (R)

$l - Language of a work (NR)

$n - Number of part/section of a work

**(R) Second Indicator**

# - Undefined

$p - Name of part/section of a work (R) \

$q - Fuller form of name (NR)

$t - Title of a work (NR)

$u - Affiliation (NR)

$0 - Authority record control number or standard number(R)

$1 - Real World Object URI (R)

$2 - Source of heading or term (NR)

$4 - Relationship (R) $6 - Linkage (NR)

$8 - Field link and sequence number (R)

★ ટેગ 245 ટાઈટલ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, કોઈ પણ પુસ્તક, પેપર, પ્રોસેડિંગના ટાઈટલની એન્ટ્રી 245 ટેગમાં કરવામાં આવે છે. નીચે મુજબના ઈન્ડીકેટ અને સબ ફિલ્ડનો સમાવેશ થાય છે.

**Title and Title-Related Fields**

210 Abbreviated Title (R)

222 Key Titles (R)

240 Uniform Titles (NR)

242 Translation of Title by Cataloguing Agency (R)

243 Collective Uniform Titles (NR)

245 Title Statements (NR)

246 Varying Form of Title (R)

217 Former Titles (R)

**245-Title and statement of responsibility(NR)**

**Indicators**

First Indicators

0 - No added entry

1 - Added entry Second Indicators

0 - No non-filing characters

1-9 - Number of non-filing characters

**Subfield Codes**

$a - Title (NR)

$b - Remainder of title (NR)

$c - Statement of responsibility, etc. (NR)

$f - Inclusive dates (NR)

$g - Bulk dates (NR)

$h - Medium (NR)

$k - Form (R)

$n - Number of part/section of a work (R)

$p - Name of part/section of a work (R)

$s - Version (NR)

$6 - Linkage (NR)

$8 - Field link and sequence number (R)

* ટેગ 240 આવૃત્તિ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, કોઈ પણ પુસ્તક, પેપર, પ્રોસેડિંગના ટાઈટલની જે-તે આવૃત્તિ આ ટેગ દર્શાવવામાં આવે છે. જેમાંનીચે મુજબના ઈન્ડીકેટ અને સબ ફિલ્ડનો સમાવેશ થાય છે.

250 - Edition Statement (R)

251 - Version Information (R)

254 - Musical Presentation Statement (NR)

255 - Cartographic Mathematical Data (R)

256 - Computer File Characteristics (NR)

257 - Country of Producing Entity (R)

258 - Philatelic Issue Data (R)

260 - Publication, Distribution, etc. (Imprint) (R)

263 - Projected Publication Date (NR)

264 - Production, Publication, Distribution, Manufacture, and Copyright Notice (R)

270 - Address (R)

### 250 - Edition Statement (R)

Indicators

| | |
|---|---|
| First - Undefined | Second - Undefined |
| # - Undefined | # - Undefined |

**Subfield Codes**

$a - Edition statement (NR)

$b - Remainder of edition statement (NR)

$3 - Materials specified (NR)

$6 - Linkage (NR)

$8 - Field link and sequence number (R)

* ટેગ 260 પ્રકાશક અને વિક્રેતા દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, કોઈ પણ પુસ્તક, પેપર, પ્રોસેડિંગના પ્રકાશન વર્ષ અને વિક્રેતાની એન્ટ્રી 260 ટેગમાં કરવામાં આવે છે. નીચે મુજબના ઈન્ડીકેટ અને સબ ફિલ્ડનો સમાવેશ થાય છે.

**260 - Publication, Distribution, etc. (Imprint) (R)**

Indicators

First - # - Not applicable/No

2 - Intervening publisher

3 - Current/latest publisher

Second - Undefined

# - Undefined

**Subfield Codes**

$a - Place of publication, distribution, etc. (R)

$b - Name of publisher, distributor, etc. (R)

$c - Date of publication, distribution, etc. (R)

$e - Place of manufacture (R)

$f - Manufacturer (R)

$g - Date of manufacture (R)

$3 - Materials specified (NR)

$6 - Linkage (NR)

$8 - Field link and sequence number (R)

**5.2.2.2 MARC-21 Tag અને Subfieldનું વિસ્તૃતિકરણ**

| MARC 21 Tag | Contents | Indicators | Subfield code | Display constants/ code/Meaning/what to input |
|---|---|---|---|---|
| 21 Tag | | | | |
| 003 | - | - | - | |
| 005 | Transition info | - | - | Date and time of latest transaction |
| 006 | Additional Material Characteristics | - | - | Additional Material Characteristics |
| 007 | Physical characteristics | - | - | Codes for Colors, bytes, dimensions,media,etc., |
| 008 | Additional Material characteristics | - | - | Fixed Filed |
| 010 | LOC number | - | $a | Library of congress control number(Card number)yy-xxxxx(x) or yyyyxxxxx(xy) is 2-or-4-digit year |

| | | | | |
|---|---|---|---|---|
| 017 | Copyright or legal deposit | - | $a $b | Copyright registration number Assigning agency |
| 020 | ISBN | - | $a | International standard book number- repeatable |
| 024 | UPC | 1- | $a | Universal Product code- repeatable |
| 028 | Publisher Number | Xx | $a | Formatted publisher number(for scores and recordings)-repeatable publisher or label |
| 033 | Event time and place codes | | 00 | $a Single capture date(e.g., record date for television) single broadcast date Multiple single broadcast dates rang of broadcast dates |
| 040 | Cataloging code | — | $a | Original, language, transcribing, modifying agencies |
| 041 | Language code | 1- | - $a Sb Sh | Item is or include a translation Text/soundtrack Subtitle Original language from which translated |
| 043 | Subject area codes | — | $a | Geographic area code for each subject term in 6xx |
| 044 | Maker area codes | — | $a | Code for each country of producer and/or publisher |
| 045 | Time period | 0- 1- 2- | - $a $b | Single date/time period of content Multiple single date/time period Range of dates/time periods of content Time period code Formatted 9999 B.C through A.D time period |
| 050/080 | Library of congress number | 00 | $a | Item is in LC, number assigned by LC |
| 082/92 | Dewey classification number | 00 10 | $a | From full DDC edition From abridged DDC edition |
| 100 | Main entry personal name | 0- 1- 3- - | - $d | Forename Surname Family name Dates.$d 1988- |
| 110 | Main entry corporate name | 0- | - | Inverted name [pre AACR2, obsolete] |
| 111 | Main entry meeting name | — | $a | See 110 corporate name |
| 130 | Main entry uniform title | 0- | - $l $f $s | Standardized titles of Journals, broadcasts, movies, etc. when work has appeared under varying titles Language Date of work Version |

| | | | | |
|---|---|---|---|---|
| 245 | Tittle | 0- 1- -x, - | - - | Title is main entry replace '[]'with "()" and "…" with "-", but at start use no space replace foreign character: [beta] order ; a. $n, $p $h[] : $b/$c Title is only an added entry; there is already a 1xx Number of non-filing characters present |
| | | | $b | Remainder of title |
| | | | $c | Statement of responsibility; includes authors, editors, production company producers directors |
| | | | $h | General material designator see AACR2 1.1C(GMD) is include; braille, cartographic material, electronic resource kit, manuscript, microform, motion picture, music, sound recording, txt(large print), Video recording; add(large print or tactile anywhere and braille except text or braille) |
| | | | $n | Number of part/section |
| | | | $p | Name of part/section |
| 246 | Variant title | - | $a | Portion, translation, different spelling, expansion/contraction of abbreviation or symbol(&)…"Note" means using $i to introduce e.g., "on spine ; "added entry" creates an entry point in database T = type, see OCLC 246 reference t = _ - no type specified t = O - portion of title |
| | | 0t | - | Use note, do not create added entry |
| | | 1t | - | Use note, created added entry 9entry term ) |
| | | 2t | | Do not use not, do not create added entry |
| | | 3t | - | Do not use note, create added entry |
| 250 | Edition | — | $a | Edition, issue, version, revision must abbreviate via AACR2 appendix |

| | | | | |
|---|---|---|---|---|
| | | | $b | Remainder of edition statement |
| 260 | Publication | — | $a | Place (or[S.1], unknown location) |
| | | | $b | Distributor (or[S.n], unknown location) |
| | | | $e | Date(precede with 'e' if copyright, or 'p' if music copyright ) hyphens are used for unknown date digits, in brackets, e.g.[19-] 008's dates use u's, e.g.19uu |
| 300 | Physical dimension(s) | — | $a | SMDsp,(pafe(s)v.(volume(s)) broadside (8) case(s) column(s) leaf / leavepart(s) pamphlet(s) pieces(s) portfolio(s) sheet(s) sound disc(s) videodisc(s) _ of plates (large print) CD_ROMs DVD- ROMS new things |
| | | | $b | Other details |
| | | | $c | Dimensions: Height(xxcm), diameter(4 3/4in)… |
| 306 | Playing time | — | $a | Playing time in hours, minutes and second, two digits each |
| 440 | Series title as added entry | | -x | $a Exactly what*s on the item - this *IS* the traced/controlled series statement x= number of non-filing character $a is itle proper |
| 490 | Series title as added entry | 0- | $a | Exactly what's on the item - not traced/controlled there exists no added entry |
| | | 1- | | Exactly what's on the item - not traced/controlled differently, for controlled added entry use an 8xxt |
શૈક્ષણિક ગ્રંથાલયનું આ મુખ્ય દાયિત્વ છે કે તે પોતાની નાણાકીય જરૂરિયાતોનું અનુમાન લગાવી પોતાના દરેલ કાર્ય–કારણીઓ, ગતિવિધિઓ, કાર્યક્રમો તથા સેવાઓ માટે જરૂરી બજેટ તૈયાર કરે, નાણાંનું યોગ્ય વ્યવસ્થાપન તથા નિશ્ચિત સમયાવધિમાં નાણાની જરૂરિયાત મુજબ યોગ્ય પ્રકારમાં ખર્ચ કરે, દરેક આવેક–ખર્ચના વ્યવહારોની નોંધ રાખે તથા તેનો અહેવાલ તૈયાર કરે.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(1) ગ્રંથાલય ઓટોમેશન એટલે શું ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(2) ગ્રંથાલય ઓટોમેશનમાં બજેટ શું ભાગ ભજવે છે ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

### 7.2.1 યાંત્રિકીકરણની વ્યાખ્યા (Definition of Automation) :

લાઈબ્રેરી ઓટોમેશનની વ્યાખ્યા આપતા જણાવે છે કે ગ્રંથાલયના પારંપારિક કાર્યો જેવા કે પુસ્તક પરિગ્રહન પુસ્તક આપ—લે કાર્ય, સૂચીકરણ અને સંદર્ભ સેવા તેમજ સામાયિક વિભાગ વગેરેના કાર્યોની માહિતીના સમૂહ પર જે સ્વચાલન કે અર્ધ સ્વચાલન પ્રક્રિયા જે યંત્ર (કોમ્પ્યુટર) દ્વારા કરવામાં આવે છે તે ગ્રંથાલય સ્વચાલનની ઓળખ છે. અત્યારે 'લાઈબ્રેરી ઓટોમેશન' શબ્દ ગ્રંથાલય પ્રવૃત્તિઓમાં કોમ્પ્યુટરના ઉપયોગ માટે બોહળા પ્રમાણમા સર્વમાન્ય શબ્દ મશીનાઈજેશન ઓફ લાયબ્રેરી માટે વાપરવામાં આવે છે.

1. Library Automation may be defined as the application of automatic and semiautomatic data processing machines (Computers) to perform traditional library housekeeping activities such as acquisition, circulation, cataloguing and reference and serials control. Today 'Library Automation' is by far the most commonly used terms to describe the mechanization of library activities using the computer.

2. એન્સાયક્લોપેડિયા ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાઈન્સીસના જણાવ્યા મુજબ સ્વચાલિત અને અર્ધસ્વચાલિત ડેટા મશીન કે જે ગ્રંથાલયની પરંપરાગત પ્રવૃત્તિઓ જેવી કે પુસ્તક, પરિગ્રહન, સૂચીકરણ તેમજ પુસ્તક આપ—લે કાર્યમાં ગ્રંથાલય યાંત્રિકરણ ઉપયોગી થાય છે. આ પ્રવૃત્તિઓ પરંપરાગત રીતે જ થાય એવું નથી પરંતુ આ પ્રવૃત્તિઓ સ્વયં પરંપરાગત રીતે થતી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે. ગ્રંથાલય યાંત્રિકરણ માહિતી પુનઃપ્રાપ્તિ અનુક્રમણિકા, સારસંક્ષેપ અને પાઠ્યપુસ્તક વિશ્લેષણ જેવી પ્રવૃત્તિઓથી જુદું પાડે છે.

   'Library Automation is the use of automatic and semiautomatic data processing machines to perform such traditional library activities as acquisitions, cataloguing and circulation. These activities are not necessarily performed in traditional ways, the activities themselves are those traditionally associated with libraries, library automation may thus be distinguished from related fields such as information retrieval fields such as information retrieval, automatic indexing and abstracting and automatic textual analysis.'

3. કોમ્પ્યુટર યુક્તિ છે. જે સ્વયંસંચાલિત રૂપથી વિવિધ પ્રકારના આંકડાઓને સંચિત સંશોધન કરી પુનઃપ્રાપ્ત કરી શકાય છે.

4. ભટ્ટાચાર્યના જણાવ્યા મુજબ ગ્રંથાલયના પરંપરાગત વિવિધ કાર્યો જેવા કે Acquisition, Serial Control, Cataloguing અને Circulation વગેરે કાર્યોમાં આજના વર્તમાન સમયમાં આ સમગ્ર પ્રવૃત્તિઓ માટે કોમ્પ્યુટરનો ઉપયોગ વધી રહ્યો છે. જેને ગ્રંથાલય સ્વચલન (Library Automation) તરીકે ઓળખવામાં આવે છે.

5. પ્રમોદકુમાર સિંઘે "Library Automation" ની પ્રસ્તાવનામાં લખેલ છે કે "લાયબ્રેરી ઓટોમેશન"ની વ્યાખ્યા એમ કહી શકાય કે ગ્રંથાલયોના કાર્યોમાં માનવશ્રમની જગ્યાએ કોમ્પ્યુટરીકરણ પદ્ધતિઓ.

'Library Automation is generally defined as the replacement manual operations in libraries by computerized methods.'

ઉપરની જુદી જુદી વ્યાખ્યાઓનો સામાન્ય અર્થ એવો નીકળે કે ગ્રંથાલયના પરંપરાગત કાર્યોમાં કોમ્પ્યુટરનો એક યંત્ર (મશીન) તરીકે ઉપયોગ કરવો. બીજા શબ્દોમાં કહીએ તો ગ્રંથાલય સ્વચાલનના પર્યાય તરીકે ગ્રંથાલય યાંત્રિકરણ શબ્દ પણ વાપરી શકાય છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(3) ભટ્ટાચાર્યના મતે ગ્રંથાલય ઓટોમેશન એટલે શું ?**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**(4) પ્રમોદકુમાર સિંઘ ઓટોમેશન વિષે શું કહે છે ?**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

## 7.3 ગ્રંથાલય યાંત્રિકીકરણની જરૂરિયાત (Need of Library Automation)

ઉપરોક્ત જુદી જુદી વ્યાખ્યાઓ પરથી કહી શકાય કે ગ્રંથાલય યાંત્રિકરણની જરૂરિયાત માટેના ઘણા કારણો છે. વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં કોમ્પ્યુટરની જરૂરિયાત તેના ઉપયોગને ધ્યાનમાં રાખીને ખુબજ જોવા મળે છે. ગ્રંથાલયમાં પુસ્તક પસંદગી અને આદેશ, વર્ગીકરણ–સૂચીકરણ, પુસ્તક આપ–લે, સામાયિક વિભાગ, સંદર્ભ સેવાઓ વગેરે કાર્યો માટે કોમ્પ્યુટરનો ઉપયોગ થઈ શકે છે. આ ઉપરાંત ગ્રંથાલય કાર્યોના જુદા–જુદા એહવાલો તથા આંકડાકીય માહિતી તૈયાર કરવામાં તથા તેની યોગ્ય રજૂઆત કરવામાં તેમજ તેને પુનઃપ્રાપ્ત કરવામાં પણ કોમ્પ્યુટરની જરૂરીયાત રહેલ છે. જે સામન્ય રીતે નીચે મુજબની છે.

7.3.1 ગ્રંથાલયોમાં પુસ્તકોની સંખ્યામાં નિરંતર વૃદ્ધિ, મોટા પ્રમાણમા રહેલા ડેટા કે માહિતીને અંકુશીત કરી શકાય છે.

7.3.2 માહિતી પ્રક્રિયા ઝડપી બને છે અને માહિતી પુનઃપ્રાપ્તિ પણ ઝડપી બને છે.

7.3.3 ગ્રંથાલય પ્રક્રિયાનું ધોરણ જળવાય છે.

7.3.4 નેટવર્ક પ્રોગ્રામ અને રિસોર્સ શેરિંગ કાર્યોમાં ભાગ લઇ શકાય છે.

7.3.5 સ્થાનિક/રાષ્ટ્રીય કક્ષાએ સારી વાંગમ્ય સૂચિ અંકુશીત કરી શકાય છે.

7.3.6 આદાન–પ્રદાન ઝડપી બને છે.

7.3.7 આધુનિક માહિતી ટેકનોલોજીનું આર્થિક પદાર્પણ શક્ય બને છે.

7.3.8 સંશોધન આંતર વિદ્યાશાખાની માહિતી ઝડપી મેળવી શકાય છે.

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(5) ભારતમાં ગ્રંથાલય યાંત્રિકરણની જરૂરિયાત શામાટે ઊભી થઈ ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 7.4 ગ્રંથાલય યાંત્રિકીકરણ કરવા માટેના પગથિયાં (Steps of Library Automation)

7.4.1 પર્યાપ્ત સંગ્રહ (Adequate Collection)

7.4.2 નાણાકીય આયોજન (Financial Planning )

7.4.3 કમ્પ્યુટર હાર્ડવેર (Computer Hardware)

7.4.4 કમ્પ્યુટર સોફ્ટવેર (Computer Software)

7.4.5 સમસ્યાઓ અને ઉકેલ (Problem and Suggestion)

7.4.5.1 આયોજન સ્તરે (Planning Stage)

7.4.5.2 કામકાજના સ્તરે (Operational Stage)

7.4.6 તાલીમ (Training)

### 7.4.1 પર્યાપ્ત સંગ્રહ (Adequate Collection) :

લાઇબ્રેરી ઓટોમેશન માટે લાઇબ્રેરીમાં યોગ્ય પ્રમાણમા ગ્રંથ સંગ્રહ હોય. ગ્રંથોનો ભવિષ્યમાં પણ ઉપયોગ થતો હોય. સુદ્રઢ અને ઉપયોગી સંગ્રહનીતિ દ્વારા જ વિકસિત કરી શકાય છે.

### 7.4.2 નાણાંકીય આયોજન (Financial Planning) :

નાણાકીય આયોજન એ લાઇબ્રેરી બજેટથી પણ ઓળખાય છે. કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલા તેના સંભવિત ખર્ચ વિષે વિચારવામાં આવે છે. કેટલા પ્રમાણમાં નાણાકીય સ્રોત ઉપલબ્ધ છે તે પરથી ગ્રંથાલય યાંત્રિકરણ અમલમાં મૂકી શકાય છે. નાણાકીય સહાયના સ્રોતોમાં મુખ્યત્વે સંસ્થા

કે રાજ્ય સરકાર કે યુજીસીની ગ્રાંટનો સમાવેશ થાય છે. નાણાકીય સ્રોત નીચેની બાબતો માટે જરૂરી બને છે.

- સ્થાયી ખર્ચમાં કમ્પ્યુટર સિસ્ટમ વસાવવી, હાર્ડવેર, સોફ્ટવેર, ઇન્ટરનેટ, નેટવર્કિંગ જેવા એકજ વખત કરવામાં આવતા ખર્ચને સૌ પહેલા જોવામાં આવે છે.
- ગ્રંથાલય યાંત્રિકરણ કર્યા પછી હાર્ડવેરની નિયમિત સારસંભારમાં ખર્ચની જોગવાઈ કરવામાં આવે છે.
- ગ્રંથાલય સોફ્ટવેર તથા નવા સાધન સામગ્રીના યોગ્ય અને કાર્યક્ષમ ઉપયોગ માટે તાલીમની જરૂર રહે છે. તે માટે પણ યોગ્ય નાણાકીય ભંડોળ ફાળવવું પડે છે.
- કાયમી ખર્ચ જેમ કે એર કંડિશન, ઇલેક્ટ્રિક પાવર બિલ, સ્ટેશનરી ખર્ચ, પ્રિન્ટરની કાર્ટિઝ, રિબન, પ્રિન્ટ પેપર, ઇ–બુક્સ, ઇ–જર્નલના વાર્ષિક લવાજમ ખર્ચ, કમ્પ્યુટર જાળવણીનો વાર્ષિક ખર્ચ વગેરે માટે સતત ખર્ચ કરતાં રહેવું પડે છે. જે માટે કુલ બજેટનો અમુક ભાગ ફરજિયાત પણે ફાળવવો પડે છે.

### 7.4.3 કમ્પ્યુટર હાર્ડવેર (Computer Hardware) :

ગ્રંથાલય યાંત્રિકરણ માટે નીચે જણાવ્યા મુજબ હાર્ડવેરની સામાન્ય રીતે જરૂર પડે છે. હાર્ડવેર વસાવતા પહેલા નાણાકીય ભંડોળ ઉપરાંત ગ્રંથાલયની જરૂરિયાત તેમજ ગ્રંથાલયના ઉપભોક્તા વર્ગને ધ્યાનમાં લેવામાં આવે છે અને તે મુજબ જરૂરી હાર્ડવેરની પસંદગી અને ખરીદી કરવામાં આવે છે.

- **કમ્પ્યુટર :** ગ્રંથાલય યાંત્રિકરણ માટે ઓછામાં ઓછા ત્રણ કમ્પ્યુટરની જરૂર રહે છે. એક ગ્રંથપાલ કે ઓપરેટર માટે કે જે ગ્રંથાલયના દરેક ભાગોની માહિતીને ગ્રંથાલયના ઉપભોક્તા વર્ગને ધ્યાનમી રાખીને કમ્પ્યુટરીકરણ કરે છે. બીજું કમ્પ્યુટર પુસ્તક આપ–લે વિભાગ માટે અને ત્રીજું કમ્પ્યુટર ગ્રંથાલયના ઉપભોક્તાને માટે રાખવામા આવે છે કે જેમી OPACની વ્યવસ્થા હોય. કમ્પ્યુટરની ખરીદી કરતાં પહેલા કોન્ફિગરેશનની જાણકારી મેળવી લેવી જરૂરી બને છે. સામાન્ય રીતે જે નીચે મુજબ છે.

  પ્રોસેસર – પેન્ટિયમ – 4, કોર ટુ ડિયો, આઈ 3 વિગેરે

  રેમ – 1 – 4 જીબી

  હાર્ડડિસ્ક સાઇઝ – 500 જીબી – 1 ટીબી

  ઓપરેટિંગ સિસ્ટમ – વિન્ડોઝ એક્ષ પી, વિન્ડોઝ 10

  સૂચવેલ નેટવર્ક/મલ્ટિમીડિયા – વિન્ડોઝ એનટી
- પ્રિન્ટર (ગ્રંથાલયની જરૂરિયાત મુજબ) – ડોટ મેટ્રિક્સ, લેજર, ઇન્કજેટ
- બારકોડે પ્રિન્ટર – ડેટામેક્સ અથવા તેની સમકક્ષ – 1
- બારકોડ સ્કેનર – પુસ્તક આપ–લે અથવા સભ્યના બારકોડે વાંચવા માટે – 1
- યુ.પી.એસ. – સારી નામાંકિત કંપનીના ઓછામાં ઓછાં 20 મિનિટ બેકઅપ સમય સાથેના – 3
- ઇન્ટરનેટ કનેક્શન – ઇ બુક્સ – ઇ–જર્નલસ, ઇ–મેઈલ તથા ઓનલાઈન માહિતી શોધ માટે
- મોડેમ – 1
- ફેક્સ મશીન – 1
- ઝેરોક્ષ મશીન – 1

- કેબલ અને કનેક્ટર જરૂર મુજબ
- મલ્ટિમીડિયા કીટ
- વેબ સર્વર
- નેટવર્ક કાડ્‌ર્સ
- સર્વર નેટવર્ક ઈન્ટરફેસ કાર્ડ

### 7.4.4 કમ્પ્યુટર સોફ્ટવેર (Computer Software) :

સોફ્ટવેરએ નાના નાના પ્રોગ્રામનો સમૂહ છે. સોફ્ટવેરના મુખ્ય બે પ્રકાર છે. (1) સિસ્ટમ સોફ્ટવેર (2) એપ્લિકેશન સોફ્ટવેર

**7.4.4.1 સિસ્ટમ સોફ્ટવેર :** સિસ્ટમ સોફ્ટવેર એ પ્રોગ્રામ્સનો સમૂહ છે. જે કમ્પ્યુટરને કાર્યરત કરવામાટે તૈયાર થયેલ હોય છે. જેમાં ઓપરેટિંગ સિસ્ટમ, પ્રોગ્રામ્સ, ઈનપુટ—આઉટપુટ રૂટિન્સ, મેમરી તથા ફાઇલ મેનેજમેંટ, યુટિલિટિ વર્ક પ્રોસેસિંગ, સ્પ્રેડ શીટ, ડેટાબેઝ મેનેજમેંટ વગેરેનો સમાવેશ થાય છે.

**7.4.4.2 એપ્લિકેશન સોફ્ટવેર :** ગ્રંથાલય યાંત્રિકરણ પદ્ધતિ માટે એપ્લિકેશન સોફ્ટવેર ખુબજ ઈચ્છનીય સોફ્ટવેર છે. ગ્રંથાલય અથવા માહિતી કેન્દ્રો દ્વારા તેના ઉપભોક્તાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વસાવવામાં આવતા સોફ્ટવેરને ગ્રાહકલક્ષી સોફ્ટવેર પણ કહેવામા આવે છે.

સોફ્ટવેર વસાવતા કે ખરીદતા પહેલા કેટલીક બાબતો અંગે જાણવું જરૂરી બને છે. જેમ કે સોફ્ટવેર કોને તૈયાર કરેલ છે ? કોઈ વ્યક્તિએ, સંસ્થાએ કે આઈ.ટી. કંપનીએ સોફ્ટવેર ISO 2709 પ્રમાણિત છે કે કેમ ? મૂલ્ય કેટલું છે ? સોફ્ટવેરના ઉપયોગ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ ? સોફ્ટવેર ઈન્સ્ટોલેશન થઈ ગયા પછીની સેવાઓ મળે છે કે કેમ ? સોફ્ટવેરમાં નવું સંસ્કરણ શક્ય છે કે કેમ ? વગેરે માહિતી મેળવીને ગ્રંથાલય માટે સોફ્ટવેર વસાવવામાં આવે છે. ગ્રંથાલય માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઓપન સોર્સ સોફ્ટવેર ઘણા બધા જોવા મળે છે.

### 7.4.5 સમસ્યાઓ અને ઉકેલ (Problems and Suggestions) :

ગ્રંથાલય યાંત્રિકરણ કરતી વખતે સામાન્ય રીતે નીચે જણાવ્યા મુજબની સમસ્યાઓનો દરેક ગ્રંથાલયે સામનો કરવો પડે છે.

- ➢ વાઙ્ગમય સૂચીગત માહિતીને મશીન રિડેબલ સ્વરૂપમાં પરીવર્તન કરવામાં આવતી મુશ્કેલીઓ
- ➢ ગ્રંથાલયના ડેટાની જાળવણી કરનાર કર્મચારીગનમા તાલીમનો અભાવ
- ➢ ગ્રંથાલય યાંત્રિકરણની જાણકારીનો અભાવ
- ➢ ગ્રંથાલય ઉપભોક્તામાં તાલીમનો અભાવ ગ્રંથાલય યાંત્રીકરણના સંભવિત લાભોની સમાજનો અભાવ

ગ્રંથાલય યાંત્રિકરણ દરમિયાન આવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યાઓનો ઉકેલ દરેક ગ્રંથાલય તેની રીતે મેળવે છે અને ગ્રંથાલય યાંત્રીકરણની પ્રક્રિયા સતત ચાલુ રાખે છે. જરૂર જણાય ત્યાં ગ્રંથાલય કર્મચારીગણને તાલીમ આપવામાં આવે છે. નવી તકનિકીનો મહત્તમ ઉપયોગ શક્ય બનાવવા તેના વપરાશ માટે તેમજ તેના પ્રત્યેની સમાજ કેળવવા માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ્સ કરવામાં આવે છે.

### 7.4.6 તાલીમ (Introduction) :

ગ્રંથાલય યાંત્રિકરણ કરવા માટે દરેક ગ્રંથાલયો તેના ગ્રાંટલાય કર્મચારીગણને કમ્પ્યુટરનો સામાન્ય ઉપયોગ કેવી રીતે થાય તેમજ ગ્રંથાલયના કાર્યો ગ્રંથાલય સોફ્ટવેરની મદદથી કમ્પ્યુટર દ્વારા કેવી રીતે થાય છે તેની ગ્રંથાલયમાં તાલીમ આપવી જોઈએ. ગ્રંથાલયના દરેક કર્મચારીને કમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન જેમ કે કમ્પ્યુટર સિસ્ટમ ચાલુ કરવી તથા તેને પ્રોપર શટ–ડાઉન કરવા જેવી પ્રાથમિક બાબતથી લઈને એમ.એસ.ઓફિસમાં વર્ડ, એક્સેલ, પાવર પોઈન્ટમાં કાર્ય કરવાની તાલીમ આપવી જોઈએ. તાલીમ દ્વારા જ વ્યક્તિની આંતરિક શક્તિ ખીલવી શકાય છે. ગ્રંથાલય સોફ્ટવેરની ગ્રંથાલયમાં જ ઈન–હાઉસ ટ્રેનિંગ અથવા સોફ્ટવેર કંપની દ્વારા ગ્રંથાલયની બહાર અન્યત્ર ઓછામાં ઓછું એક અઠવાડિયાની પૂરા દિવસની થીયરી તથા પ્રેક્ટિકલ્સની સમજ મળી રહે તેવા પ્રકારની તાલીમ આપવી જોઈએ.

❖ **લાઈબ્રેરી ઓટોમેશનની વિશેષતા (Features of Automation) :**

- આ એક ઈલેક્ટ્રોનિક પ્રક્રિયા છે
- ગ્રંથાલય વિજ્ઞાનના સિદ્ધાંતોને અનુકૂળ ઉપયોગકર્તા માટે મહત્ત્વપૂર્ણ
- ગ્રંથાલય સેવાઓનું ઓટોમેશન કરવામાં સરળતા
- ગ્રંથાલયના દૈનિક કાર્યો કરવા સરળ
- ગ્રંથાલયોને અદ્યતન, વિકાસશીલ તેમજ ઉપયોગી બનાવવા સક્ષમ

**<u>તમારી પ્રગતિ ચકાસો</u>**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(6) ગ્રંથાલય યંત્રીકરણના પગથિયાં સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(7) ગ્રંથાલય યાંત્રિકરણની વિશેષતા જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 7.5 ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગની પરિસ્થિતિ (Situation of Library Automation Industry)

ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગને મુખ્યત્વે 3 ભાગમાં વહેચવામાં આવ્યો છે.

7.5.1 ગ્રંથાલય ગૃહ સંચલનના કાર્યો

7.5.2 સોફ્ટવેર પેકેજીસ

7.5.3 ડીજીટાઈઝેશન

### 7.5.1 ગ્રંથાલય ગૃહ સંચલનના કાર્યો :

ગ્રંથાલય ગૃહ સંચાલન કાર્યો નિત્યક્રમ કાર્યો છે કે જે ગ્રંથાલયના દૈનિક કાર્યો જાળવી રાખવા બજાવવાના હોય છે. ICTનું વિનિયોજન આ શ્રમસધન કાર્યોના યાંત્રિકરણમાં મદદ કરે છે. અને એ રીતે ગ્રંથાલય કર્મચારીઓના વધારે ઉત્પાદન ઉપયોગની ખાતરી આપે છે. ગ્રંથાલય ગૃહસંચાલન કાર્યોના યાંત્રિક ઉદ્યોગ સંચાલન ગ્રંથાલય પદ્ધતિના પૃથક્કરણ અને ક્રિયાવિધિઓ, પ્રવૃત્તિઓ અને કાર્યોના પૃથક્કરણ જરૂરિયાત રહે છે. આવું પૃથક્કરણ પ્રવર્તમાન પદ્ધતિમાં આંતરલો ઓળખવામાં મદદ કરશે. ગ્રંથાલય સ્રોતોની પ્રાપ્તિ અને ઉમેરણ. તે અંદાજપત્ર ફાળવણી, ભંડોળ હિસાબ અને MIS આધાર અને ઉપભોગતા સેવાઓના સંબંધમાં નિગામોના ઉત્પત્તિ સંબધિત કાર્યોનો પણ સમાવેશ કરે છે. એકત્રિત યાંત્રિક ઉદ્યોગ સંચાલન સંહિતામાં પ્રાપ્તિ અને સૂચીપત્રક રચના એખલાસપૂર્ણ રીતે કાર્ય કરે છે. નવા પ્રાપ્ત પ્રલેખોની વાઙ્ગમયસૂચિય માહિતી પ્રાપ્તિ નિશ્ચયિકામાંથી સૂચીપત્રક રચના નિશ્ચયિકામાં તબદીલ કરાય છે તેમજ સુધાર વધારા મારફતે પ્રમાણિત કરાય છે. વાઙ્ગમયસૂચિય માહિતી માળખું કોઈપણ આંતરરાષ્ટ્રીય રીતે સૂચીપત્રક રચનાનાં માહિતીના વિનિમયને પરવાનગી આપવા અપનાવાયેલ વિષયવસ્તુ રૂપરેખાકર યોજના ઉપર આધારિત છે.

કોમ્પ્યુટર સૂચીપત્રક રચના કાર્યોના ત્રણ જૂથોનો સમાવેશ થાય છે. જેમ કે અધિકાર–સત્તા નિયંત્રણ, માહિતી નોંધની અને કોમ્પ્યુટરમાંથી માહિતી ઉતારવી. સૂચીપત્રક લખાણો ગ્રંથાલય પદ્ધતિમાં કેન્દ્રી વાઙ્ગમયસૂચિય માહિતી સંગ્રહ તરીકે કાર્ય કરે છે. યોગ્ય માધ્યમો ઉપર સૂચીપત્રક માહિતી સંગ્રહના આ નિયમિત આધાર અને જરૂરિયાતના સમયે તેની સરળ વસૂલાત કોમ્પ્યુટરયુક્ત સૂચીપત્રક રચના કાર્યોનો અન્ય અગત્યનો વિસ્તાર છે. પ્રકાશનમાલા નિયંત્રણ પ્રવૃત્તિઓનું કોમ્પ્યુટરીકરણ સામયિકોને સંબધિત અવારનવાર અને પુનરાવર્તિત ઉમેરા અને સુધાર વધારના વ્યવસ્થાપનમાં ગ્રંથાલય કર્મચારીઓને મદદ કરે છે. આધુનિક ગ્રંથાલય વ્યવસ્થાપન સોફ્ટવેર (LMS)ના સામાયિક નિયંત્રણ નિશ્ચયિકા માત્ર આદેશ આપવી. પ્રાપ્ત કરવું, દાવો કરવો, બંધાઈ કરવી અને અન્ય આવા કાર્યોનું યાંત્રિકરણ કરવાનો પ્રયત્ન નથી કરતું પણ તે અંકોનું આગમન, કાર્યક્ષમ તૈયારી, સ્વયં સ્મૃતિપત્ર ઉત્પત્તિની આગાહી પણ બજાવે છે. સામાયિક નિયંત્રણ કાર્યો કૌશલ્ય માહિતી સંગ્રહના સર્જન સાથે શરૂ થાય છે. અને કૌશલ્ય માહિતી સંગ્રહના લખાણો તમામ પેટા નિશ્ચયિકાઓમા ઉપલબ્ધ કારવાય છે. તે પ્રવૃત્તિઓના ત્રણ જૂથને અનુસરે છે. – લવાજમ અને પ્રાપ્તિ, સૂચીપત્રક રચના અને લેખ નિર્દેશિકા રચના અને ફેલાવો તથા બંધાઈ. કોમ્પ્યુટરયુક્ત સામાયિક નિયંત્રણ પેટા પદ્ધતિઓ વિવિધ નિગામોનો ઉત્પન્ન કરવા સક્ષમ હોય છે. અને આ જરૂરી સ્વરૂપો અને માળખામાં માહિતી ઉત્પાદનો અને ઉપભોક્તા સેવાઓના વિકાસ અને રૂપરેખા માટે ઉપયોગી છે. અંક પ્રલેખોની વાપસી અને નવીનીકરણ ઉપરાંત ફેલાવા પદ્ધતિ પ્રલેખોનું પૂર્વા રક્ષણ, આંતર ગ્રંથાલય ધિરાણ, આંકડાઓ અને અન્ય આધાર યુક્ત પ્રવૃત્તિઓની જાળવણી બજવણી કરે છે.

### 7.5.2 સોફ્ટવેર પેકેજીસ :

ગ્રંથાલય યાંત્રીકરણમાં સોફ્ટવેરને સંબંધિત કોમ્પ્યુટર કાર્યક્રમોમાં જૂથ તરીકે વ્યાખ્યાયિત થાય છે કે જે કોમ્પ્યુટર પદ્ધતિના કાર્યો પર શાસન કરે છે અને હાર્ડવેરને ચલિત કરે છે. કોમ્પ્યુટર પદ્ધતિ

માટે સોફ્ટવેર એ પદ્ધતિ સોફ્ટવેર અને વિનિયોજન સોફ્ટવેર તરીકે વર્ગીકૃત કરી શકાય. સોફ્ટવેર યાંત્રિક સંચાલન સોફ્ટવેરના એકંદર વ્યવસ્થાપન માટે જવાબદાર હોય છે. ગ્રંથાલય યાંત્રિકરણ સંચાલન સોફ્ટવેર પેકેજ ગૃહ સંચાલન અને માહિતી ક્ષતિપૂર્તિ જેવા કોઈપણ ગ્રંથાલયના બે મહત્ત્વની પ્રવૃત્તિઓના દ્રષ્ટિબિંદુથી સંવર્ધિત થાય છે. સ્વયં સંચાલિત ગ્રંથાલયો એ છે કે જ્યાં પ્રાપ્તિઓ, પ્રકાશનમાળા નિયંત્રણ, સૂચીપત્રક રચના, જાહેર પ્રવેશ જેવા ગ્રંથાલયોના ચાવીરૂપ કાર્યોનું વ્યવસ્થાપન કરવા ઉપયોગમાં લેવાય છે.

લાઈબ્રેરી મેનેજમેંટ સિસ્ટમ (LMS) ગ્રંથાલય વ્યવસ્થાપન પદ્ધતિઓ અસરકારક ગ્રાહક સેવા, સંગ્રહ વ્યવસ્થાપન અને ગ્રંથાલય વ્યવસ્થાપનના ટેકમાં આવશ્યક સાધન તરીકે હવે સ્ટફિટ થયું છે. આ બાબતો સૈકાઓ દરમિયાન ગ્રંથાલય વ્યવસાયિકોના જ્ઞાન અને અનુભવ ઉપર આધારિત હોય છે. હાર્ડવેર, સોફ્ટવેર, જોડાણ અને ઘટાડાયેલ ખર્ચાઓના ઉપયોગમાં ઝડપથી વૃદ્ધિ, LMSના વિકાસમાં પરિણમ્યા છે. અદ્યતન LMS એકત્રિત પદ્ધતિઓ છે. જે સંબધિત માહિતી સંગ્રહ સ્થાપત્ય પર આધારિત છે. આવી પદ્ધતિઓમાં ફાઈલોનું આંતર જોડાણ થાય છે. જેથી એક ફાઈલમાં રદબાતલ, ઉમેરા અને ફેરફારો સ્વયંસંચલિત રીતે સંબધિત ફાઈલોમાં યોગ્ય ફેરફારોને કાર્યશીલ કરે છે. LMS માટે બજાર હવે ભારતમાં પરિપક્વ છે. લગભગ તમામ વિશિષ્ટ ગ્રંથાલયો અને ભારતમાં વધારે મોટા શૈક્ષણિક ગ્રંથાલયો યાંત્રિકરણ આધારિત સંચાલન પસંદ કરી રહ્યા છે. આમ ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગ સફળતાના શિખરો સર કરી રહ્યો છે.

ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગ સંચાલન એ સામાન્ય રીતે ICT દ્વારા અને વિશેષ રીતે LMS વિસ્તૃત કરાયેલ સમર્થતાઓ મારફતે ગ્રંથાલય સંચાલનનો અને સેવાઓની કાર્યક્ષમતાઓને સુધારવા મદદ કરે છે. ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગ સંચાલનની પ્રક્રિયા યાંત્રિક સંચાલન સોફ્ટવેર ઉપર કેન્દ્રિત હોય છે. ભારતમાં ઉપલબ્ધ યાંત્રિક સંચાલન સોફ્ટવેર ત્રણ પ્રકારના હોય છે. — વિદેશી મૂળના સોફ્ટવેર, વિદેશી LHS સોફ્ટવેર પેકેજ કે જેના ઉપર વિનિયોજનો વિકસિત કરાય છે અને ભારતમાં વિકસાવાયેલ સોફ્ટવેરો. આ સોફ્ટવેરો ગૃહસંચાલન કાર્યો OPEC, Web OPEC, ડિજિટલ માધ્યમ દફ્તર રચના Z 39.50 આધારિત નકલ સૂચીપત્રક રચના અને RFID સ્માર્ટકાર્ડ વગેરે જેવા આધુનિક માહિતી ગ્રહણ સાધનોને ટેકો આપે છે. LMSની પસંદગીની પ્રક્રિયા કેટલાક સુવ્યખાયિક મણકોના આધારે હોવી જોઈએ. કારણકે LMS નું અમલીકરણ એ નાણાં, સમય અને માનવબળના સંદર્ભમાં મોટું રોકાણ છે.

### 7.5.3 ડીજીટાઝેશન :

ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગમાં આ ત્રીજું અને મહત્ત્વનુ પાસું ડીજીટાઈઝેશન છે. પરંપરાગત ગ્રંથાલયમાં તમામ લેખિત માહિતી સ્વરૂપમાં અનુરૂપ હોય છે. અનુરૂપ માહિતી છૂપેલા પુસ્તકો, સામયિકો, લેખો, હસ્તપ્રતો, પત્તા, છબીઓ, વિનાઈલ ડિસ્ક, દશ્ય અને શ્રાવ્ય ટેપનો સમાવેશ કરેલ છે. આમ છતાં, એનેલોગ માહિતી કોમ્પ્યુટરમાં નાખવામાં આવે છે. ત્યારે તેને એનેલોગમાંથી ડિજિટલમાં તેની લાક્ષણિકતાઓ બદલીને Os અને IS માં વિભાજિત કરાય છે. માહિતીના બિટેસને કુશળ ઉપયોગ માટે પુનઃજોડાણ કરી શકાય છે અને સંગ્રહ માટે સંકુચિત CD ROM કે કોમ્પ્યુટર ડ્રાઈવમાં કરી શકાય છે કે જેને સર્ચ, પુનઃ પ્રાપ્ત કરી શકાય. ડિજિટલ માહિતીના લક્ષણો પૈકી કે છે કે તે જે રીતે પુસ્તકો કાગળ ઉપર છપાય છે તેમ નિશ્ચિત હોતું નથી. ડિજિટલ પુસ્તકો કાં તો આખરે કે બિન અનંત હોતા નથી અને તેઓ સરમાં કે સ્વરૂપમાં નિશ્ચિત હોતા નથી. ડિજિટલ આલેખન એ ભૌતિક માધ્યમોની (સામયિકો, લેખો, પુસ્તકો, હસ્તપ્રતો, પત્તા, છબીઓ, વિનાઈલ ડિસ્ક)ની વિગતો રૂપાંતર કરવાની પ્રક્રિયા છે. મોટાભાગના ગ્રંથાલયોમાં ડિજિટલ આલેખન સામાન્ય રીતે ગ્રંથાલયોની વેબસાઈટમાંથી પ્રવેશગમ્ય પ્રલેખો બનાવવામાં પરિણામે છે. ડિજિટલ કેમેરા ઈમેજીસનું ડિજિટલ આલેખન કરવામાં તેમને કોમ્પ્યુટર નિયંત્રિત માહિતીમાં ભાષાંતર કરવામાં ઉપયોગમાં લેવાય છે. ધ્વનિ, શ્રાવ્ય, આલેખો, પ્રાણસંચાર વગેરે ડિજિટલ આલેખન કરવાનું પણ શક્ય છે.

ડિજિટલ આલેખન એ ડિજિટલ ગ્રંથાલયો ઘડવાની પ્રક્રિયામાં પ્રથમ પગથિયું છે. ડિજિટલ આલેખન સાચવણી અને દફ્તર સંગ્રહ સિદ્ધ કરવા માટે પણ ઉપયોગમાં લેવાય છે. પરંતુ ઘણીવાર તે કોપીરાઇટ અને આઇપીઆર બાબતોનો સમાવેશ કરતી અમુક જટિલતાઓનો સમાવેશ કરે છે. ડિજિટલ આલેખનની પ્રક્રિયામાં ચાર પગથિયાની સમાવેશ થાય છે. જેમ કે, સૂક્ષ્મ સ્કેનિંગ નિર્દેશિત રચના, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ, સૂક્ષ્મ સ્કેનિંગ પ્રલેખો એ છાપેલા પાન કરતાં કોઈ પાન વધારે નથી. તેને તેમની વિગતો આધારિત સંપાદિત, કુશળ ઉપયોજિત કે વ્યવસ્થા કરી શકાતી નથી. ડિજિટલ ઈમેજની ગુણવત્તા ચાર પરિબળો દ્વારા ગ્રહણ કરી શકાય છે. બીટ ગહનતા, સંકલ્પ, પ્રારંભ અને પ્રતિમા વૃદ્ધિ. એકમ આ પરિમાણોનું વિગતવાર વર્ણન કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(8) ગ્રંથાલય ગૃહ સંચાલન એટલે શું ?**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(9) ડીજીટાઈઝેશન એટલે શું ?**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 7.6 ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગમાં ગ્રંથાલય નેટવર્કનો ફાળો (Role of Library Networks in library Automation Industry)

ગ્રંથાલય નેટવર્કસ જેવા કે ઇન્ફલિબનેટ, ડેલનેટ, કેલિબનેટ, મેલીબનેટ, બોનેટ, એડીનેટ, વિગેરેના માધ્યમથી ગ્રંથાલયો દ્વારા પેઇડ સેવા આપવાની શરૂઆત થઈ. આમ ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગનો વિકાસ હાલના સમયમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહ્યો છે અને આવા નેટવર્કના માધ્યમથી નીચે મુજબના હેતુઓ સિદ્ધ થયા છે.

- દેશના જુદા જુદા ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો વચ્ચે આંતર જોડાણ કરીને રાષ્ટ્રીય સ્તરે નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું.
- મોનોગ્રાફ્સ, સામયિકો અને આ–ગ્રંથિત સામગ્રીની સંઘસૂચીઓ તૈયાર કરીને ભારતના જુદા જુદા ગ્રંથાલયોમાં ઉપલબ્ધ પ્રલેખ સંગ્રહની આધારભૂત માહિતી આપવી.

- સ્થાનિક કેન્દ્રોમાં તૈયાર કરવામાં આવેલ આધાર સામગ્રી દ્વારા સામાયિકના લેખો, કોન્ફરન્સ પેપર, ટેક્નિકલ એહવાલો, સ્ટાન્ડર્ડસ, સ્પેશિફિકેશન, પેટન્ટ, મોનોગ્રાફ્સ વગેરેના ઉલ્લેખો અને સંક્ષેપો સાથેની વાઙ્ગમયસૂચિ માહિતી પૂરી પાડવી તેમજ આંતરરાષ્ટ્રીય આધાર સામગ્રી ઓનલાઈન મળી શકે એ માટે ગેટવેઝ શરૂ કરવા.
- ગ્રંથાલયની આસપાસ સ્રોત કેન્દ્રો સ્થાપીને પ્રલેખો પહોંચાડવાની સેવા શરૂ કરવી.
- સહકારી સૂચીકરણ, આંતર ગ્રંથાલય ઉદ્ધરણ સેવા, સૂચિઓ બનાવવી, સંગ્રહનો વિકાસ અને ગ્રંથ પ્રાપ્તિમાં શક્ય હોય ત્યાં સુધી પ્રલેખો બેવડાય નહીં એવા પ્રયત્નો દ્વારા માહિતી સંપત્તિની ઉપયોગિતા વધારવી.
- એકરૂપ ધોરણો માનકો અપનાવીને દેશના ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોની પ્રક્રિયાઓ અને સેવાઓનું યાંત્રિકરણ કરવું.
- યાંત્રિકરણ ઉદ્યોગ દેયરા દેશના કોઈપણ ખૂણામાં બેઠેલા ઉપયોગકર્તાને સ્થળ કે અંતરના અવરોધવાના પ્રયત્નોની નવી ટેકનોલોજી અને પ્રલેખોની સંઘસૂચી દ્વારા માહિતી પૂરી પાડવી.

આમ ઉપરોક્ત ગ્રંથાલય યાંત્રિકરણ દ્વારા ઉપયોગકર્તાને ઝડપથી, સરળતાથી ત્વરિત માહિતી પ્રાપ્તિ થાય અને ઉદ્યોગ દ્વારા કામ કરતાં કર્મચારીને રોજગારી પણ ઉપલબ્ધ થાય તે મુખ્ય ઉદ્દેશ્ય છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો**</u>

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**(10) ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગમાં નેટવર્કની ભૂમિકા.**

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

## 7.7 સારાંશ (Summary)

યાંત્રિક સંચાલન સોફ્ટવેરના એકંદર વ્યવસ્થાપન માટે જવાબદાર હોય છે. ગ્રંથાલય યાંત્રિકરણ સંચાલન સોફ્ટવેર પેકેજ ગૃહ સંચાલન અને માહિતી ક્ષતિપૂર્તિ જેવા કોઈપણ ગ્રંથાલયના બે મહત્ત્વની પ્રવૃત્તિઓના દ્રષ્ટિબિંદુથી સંવર્ધિત થાય છે. સ્વયં સંચાલિત ગ્રંથાલયો એ છે કે જ્યાં પ્રાપ્તિઓ, પ્રકાશનમાળા નિયંત્રણ, સૂચીપત્રક રચના, જાહેર પ્રવેશ જેવા ગ્રંથાલયોના ચાવીરૂપ કાર્યોનું વ્યવસ્થાપન કરવા ઉપયોગમાં લેવાય છે. ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગમાં ત્રીજું અને મહત્ત્વનું પાસું ડીજીટાઈઝેશન છે. ગ્રંથાલય નેટવર્ક્સ જેવા કે ઈન્ફ્લિબનેટ, ડેલનેટ, કેલિબનેટ, મેલીબનેટ, બોનેટ, એડીનેટ વિગેરેના માધ્યમથી ગ્રંથાલયો દ્વારા પેઈડ સેવા આપવાની શરૂઆત થઈ. આમ ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગનો વિકાસ હાલના સમયમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહ્યો છે.

## 7.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer of Self-check Exercise)

(1) યાંત્રિકરણ એટલે વૈજ્ઞાનિક કે બીજા કામ/પ્રયોગો કરવા માટેના સાધનો કે ઉપકરણો બનાવવા માટેની તકનિક એક પ્રક્રિયા અથવા એક યાંત્રિકરણથી ચાલતી પદ્ધતિ. બીજા શબ્દોમાં કહીએ તો આ તે મશીનરી છે કે જે ગાણતિક દ્વારા કુશળતાથી વપરાતી સંગ્રહિત માહિતી પસંદગી અને નોંધાયેલ ઈનપુટ ડેટા અથવા આંતરિક નિર્માણ કરેલ ડેટાની રજૂઆત.

(2) નાણાંનું યોગ્ય વ્યવસ્થાપન તથા નિશ્ચિત સમયાવધિમાં નાણાંની જરૂરિયાત મુજબ યોગ્ય પ્રકારમાં ખર્ચ કરે, દરેક આવેક–ખર્ચના વ્યવહારોની નોંધ રાખે તથા તેનો અહેવાલ તૈયાર કરે.

(3) ભટ્ટાચાર્યના જણાવ્યા મુજબ ગ્રંથાલયના પરંપરાગત વિવિધ કાર્યો જેવા કે Acquisition, Serial Control, Cataloguing અને Circulation વગેરે કાર્યોમાં આજના વર્તમાન સમયમાં આ સમગ્ર પ્રવૃત્તિઓ માટે કોમ્પ્યુટરનો ઉપયોગ વધી રહ્યો છે. જેને ગ્રંથાલય સ્વચલન (Library Automation) તરીકે ઓળખવામાં આવે છે.

(4) પ્રમોદકુમાર સિંઘે "Library Automation" ની પ્રસ્તાવનામાં લખેલ છે કે "લાયબ્રેરી ઓટોમેશન"ની વ્યાખ્યા એમ કહી શકાય કે ગ્રંથાલયોના કાર્યોમાં માનવશ્રમની જગ્યાએ કોમ્પ્યુટરીકરણ પદ્ધતિઓ.

(5) ગ્રંથાલયોમાં પુસ્તકોની સંખ્યામાં નિરંતર વૃદ્ધિ, મોટા પ્રમાણમાં રહેલા ડેટા કે માહિતીને અંકુશીત કરી શકાય છે. માહિતી પ્રક્રિયા ઝડપી બને છે અને માહિતી પુનઃપ્રાપ્તિ પણ ઝડપી બને છે. ગ્રંથાલય પ્રક્રિયાનું ધોરણ જળવાય છે. નેટવર્ક પ્રોગ્રામ અને રિસોર્સ શેરિંગ કાર્યોમાં ભાગ લઈ શકાય છે. સ્થાનિક/રાષ્ટ્રીય કક્ષાએ સારી વાઙ્ગમ્યસૂચિ અંકુશીત કરી શકાય છે. આદાન–પ્રદાન ઝડપી બને છે.

(6) પર્યાપ્ત સંગ્રહ (Adequate Collection), નાણાકીય આયોજન (Financial Planning), કમ્પ્યુટર હાર્ડવેર (Computer Hardware), કમ્પ્યુટર સોફ્ટવેર (Computer Software), સમસ્યાઓ અને ઉકેલ (Problem and Suggestion), તાલીમ (Training)

(7) આ એક ઈલેક્ટ્રોનિક પ્રક્રિયા છે, ગ્રંથાલય વિજ્ઞાનના સિદ્ધાંતોને અનુકૂળ ઉપયોગકર્તા માટે મહત્ત્વપૂર્ણ, ગ્રંથાલય સેવાઓનું ઓટોમેશન કરવામાં સરળતા, ગ્રંથાલયના દૈનિક કાર્યો કરવા સરળ, ગ્રંથાલયોને અદ્યતન, વિકાસશીલ તેમજ ઉપયોગી બનાવવા સક્ષમ.

(8) ગ્રંથાલય ગૃહસંચાલન કાર્યોના યાંત્રિક ઉદ્યોગ સંચાલન ગ્રંથાલય પદ્ધતિના પૃથક્કરણ અને ક્રિયાવિધિઓ, પ્રવૃત્તિઓ અને કાર્યોના પૃથક્કરણ જરૂરિયાત રહે છે. આવું પૃથક્કરણ પ્રવર્તમાન પદ્ધતિમાં આંતરલો ઓળખવામાં મદદ કરશે. ગ્રંથાલય સ્રોતોની પ્રાપ્તિ અને ઉમેરણ. તે અંદાજપત્ર ફાળવણી, ભંડોળ હિસાબ અને MIS આધાર અને ઉપભોગતા સેવાઓના સંબંધમાં નિગામોના ઉત્પત્તિ સંબધિત કાર્યોનો પણ સમાવેશ કરે છે. એકત્રિત યાંત્રિક ઉદ્યોગ સંચાલન સંહિતામાં પ્રાપ્તિ અને સૂચીપત્રક રચના એકલાસપૂર્ણ રીતે કાર્ય કરે છે. નવા પ્રાપ્ત પ્રલેખોની વાઙ્ગમયસૂચિય માહિતી પ્રાપ્તિ નિશ્ચયિકામાંથી સૂચીપત્રક રચના નિશ્ચયિકામા તબદીલ કરાય છે તેમજ સુધાર વધારા મારફતે પ્રમાણિત કરાય છે. વાઙ્ગમયસૂચિય માહિતી માળખું કોઈપણ આંતરરાષ્ટ્રીય રીતે સૂચીપત્રક રચનાના માહિતીના વિનિમયને પરવાનગી આપવા અપનાવાયેલ વિષયવસ્તુ રૂપરેખાકર યોજના ઉપર આધારિત છે.

(9) ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગમાં આ ત્રીજું અને મહત્ત્વનુ પાસું ડીજીટાઈઝેશન છે. પરંપરાગત ગ્રંથાલયમાં તમામ લેખિત માહિતી સ્વરૂપમાં અનુરૂપ હોય છે. અનુરૂપ માહિતી છૂપેલા પુસ્તકો, સામયિકો, લેખો, હસ્તપ્રતો, પત્તા, છબીઓ, વિનાઇલ ડિસ્ક, દશ્ય અને શ્રાવ્ય

ટેપનો સમાવેશ કરેલ છે. આમ છતાં, એનલોગ માહિતી કોમ્પ્યુટરમાં નાખવામાં આવે છે. ત્યારે તેને એનેલોગમાંથી ડિજિટલમાં તેની લાક્ષણિકતાઓ બદલીને Os અને IS માં વિભાજિત કરાય છે. માહિતીના બિટેસને કુશળ ઉપયોગ માટે પુનઃજોડાણ કરી શકાય છે. અને સંગ્રહ માટે સંકુચિત CD ROM કે કોમ્પ્યુટર ડ્રાઈવમાં કરી શકાય છે કે જેને સર્ચ, પુનઃ પ્રાપ્ત કરી શકાય. ડિજિટલ માહિતીના લક્ષણો પૈકી કે છે કે તે જે રીતે પુસ્તકો કાગળ ઉપર છપાય છે તેમ નિશ્ચિત હોતું નથી. ડિજિટલ પુસ્તકો કાં તો આખરે કે બિન અનંત હોતા નથી અને તેઓ સરમાં કે સ્વરૂપમાં નિશ્ચિત હોતા નથી. ડિજિટલ આલેખન એ ભૌતિક માધ્યમોની (સામયિકો, લેખો, પુસ્તકો, હસ્તપ્રતો, પત્તા, છબીઓ, વિનાઈલ ડિસ્ક)ની વિગતો રૂપાંતર કરવાની પ્રક્રિયા છે.

(10) ગ્રંથાલય નેટવર્ક્સ જેવા કે ઈન્ફલિબનેટ, ડેલનેટ, કેલિબનેટ, મેલીબનેટ, બોનેટ, એડીનેટ, વિગેરેના માધ્યમથી ગ્રંથાલયો દ્વારા પેઈડ સેવા આપવાની શરૂઆત થઈ. આમ ગ્રંથાલય યાંત્રિકરણ ઉદ્યોગનો વિકાસ હાલના સમયમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહ્યો છે.

## 7.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **યાંત્રિકીકરણ :** એન્સાયક્લોપેડિયા ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાઈન્સીસના જણાવ્યા મુજબ સ્વચાલિત અને અર્ધસ્વચાલિત ડેટા મશીન કે જે ગ્રંથાલયની પરંપરાગત પ્રવૃત્તિઓ જેવી કે પુસ્તક, પરિગ્રહન, સૂચીકરણ તેમજ પુસ્તક આપ–લે કાર્યમાં ગ્રંથાલય યાંત્રિકરણ ઉપયોગી થાય છે. આ પ્રવૃત્તિઓ પરંપરાગત રીતે જ થાય એવું નથી પરંતુ આ પ્રવૃત્તિઓ સ્વયં પરંપરાગત રીતે થતી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે. ગ્રંથાલય યાંત્રિકરણ માહિતી પુનઃપ્રાપ્તિ અનુક્રમણિકા, સારસંક્ષેપ અને પાઠ્યપુસ્તક વિશ્લેષણ જેવી પ્રવૃત્તિઓથી જુદું પાડે છે.
- **સિસ્ટમ સોફ્ટવેર :** સિસ્ટમ સોફ્ટવેર એ પ્રોગ્રામ્સનો સમૂહ છે.
- **એપ્લિકેશન સોફ્ટવેર :** ગ્રંથાલય યાંત્રિકરણ પદ્ધતિ માટે એપ્લિકેશન સોફ્ટવેર ખુબજ ઈચ્છનીય સોફ્ટવેર છે. ગ્રંથાલય અથવા માહિતી કેન્દ્રો દ્વારા તેના ઉપભોક્તાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વસાવવામાં આવતા સોફ્ટવેરને ગ્રાહકલક્ષી સોફ્ટવેર પણ કહેવામા આવે છે.

## 7.10 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Further Reading)


Jain, S. L. (2010). Computerization of Information work. IASLIC Bulletin, 32. p. 115–121.

Jagadesha, S. and Mudhol, Mahesh V. (1998). Library automation using FOXPRO 2.0. New Delhi, ESS ESS Publications. p. 42.

Ibid, Jagadesha, S. and Mudhol, Mahesh V. (1998). p. 43 to 47

Kent, Allen (1997). Encyclopedia of library and Information Science. New York, Marcel Dekkar vol. 56, Suppliment 19, p.44–54

Lata Suresh (2011) Handbook for library professionals. Jaipur, Shruti Publictions, p. 119–120.

Satpath. Sunilkumar : Swain, Chandrakant and Rautary, Bijay Laxmi (2008). Libraries in Digital Environment: Problems and Prospects. New Delhi, Mahamaya Publications House. p. 110.

Singh, Gurdev (2007) Introduction to computers for library professional. New Delhi, Ess Ess Publications. p. 107

Singh, Pramod Kumar (2005). Library automation. New Delhi, New Delhi, Shree Publication & Distributor. p. iii.

Ibid કોમ્પ્યુટર વર્લ્ડ (2012)

વેબસ્ટર્સ થર્ડ ન્યુ ઇન્ટરનેશનલ ડીક્ષનરી ઓફ ઇંગ્લિશ લેંગ્વેજ

કોમ્પ્યુટર વર્લ્ડ (2012). બનો કોમ્પ્યુટર એક્ષ્પર્ટ. અમદાવાદ, કોમ્પ્યુટર વર્લ્ડ.

★ ★ ★

# BLOCK- 3

## ગ્રંથાલય યાંત્રિકીકરણના સોફ્ટવેરનો પરિચય

**(Introduction of Library Automation Software)**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## BLIS-108

## ગ્રંથાલય  યાંત્રિકીકરણ અને નેટવર્ક્સ.

## Library Automation and Networks

# વિભાગ

# 3

**ગ્રંથાલય યાંત્રિકીકરણના સોફ્ટવેરનો પરિચય.** (Introduction of Library Automation Software)

---

**એકમ-8: ગ્રંથાલય યાંત્રિકીકરણના ઓપન સોર્સ અને પ્રોપયટરી સોફ્ટવેરનો પરિચય અને તેના લાભાલાભ.**

---

**એકમ-9: સોલ ૨.૦, કોહા, ન્યુજેનલિબ: વિવિધ મોડ્યુલ્સ અને મૂલ્યાંકન.**

---

**નિદર્શન :**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય — નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ. પ્રિયાંકી વ્યાસ — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. ચેતના શાહ — ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહ – સંપાદન :**

કિંજલ પરમાર — આસિસ્ટન્ટ પ્રોફેસર,ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**વિષય સમિતિ:**

**(2020-2022)**

ડૉ. પ્રિયાંકી વ્યાસ — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ. પ્રયત્કર કાનડીયા — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

ડૉ. અતુલ ભટ્ટ — પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**(2017-2019)**

ડૉ. વૈશાલી ભાવસાર — ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

ડૉ. વૈદેહી પંડ્યા — ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર.

ડૉ. યોગેશ પારેખ — ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

ડૉ.તેજસ પટેલ — ગ્રંથપાલ, વી.વી.પી. એન્જિનિયરીંગ કોલેજ, રાજકોટ.

નિશા મહારાજ — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**વિષય પરામર્શન:**

ડૉ. યોગેશ પારેખ — ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**ભાષા પરામર્શન:**

પ્રિ. ધનશ્યામ કે. ગઢવી — નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા

પ્રો. નિસર્ગ આહીર — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ.

**પ્રકાશક:** કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-91468-46-0

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ 8

# ગ્રંથાલય યાંત્રિકીકરણના ઓપન સોર્સ અને પ્રોપરાઈટરી સોફ્ટવેરનો પરિચય અને તેના લાભાલાભ

## રૂપરેખા


8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.1.1 ગ્રંથાલય યાંત્રિકીકરણ

8.1.2 સોફ્ટવેર વ્યાખ્યા

8.1.3 સોફ્ટવેર પેકેજીસની વિભાવના

8.2 ઓપન સોર્સ સોફ્ટવેર

8.3 ઓપન સોર્સ સોફ્ટવેરના પ્રકારો અને તેની સમજણ

8.3.1 સી.ડી.એસ./આઈ.એસ.આઈ.એસ. – CDS/ISIS

8.3.2 વીનાઈસીસ – WINISIS

8.3.3 કોહા – KOHA

8.3.4 ન્યુજનલીબ – NEWGENLIB

8.3.5 પીએમબી – PMB

8.3.6 ઓપનબીબ્લીઓ – Openbiblio

8.3.7 એવરગ્રીન – EVERGREEN

8.3.8 એબીસીડી – ABCD

8.3.9 ગ્રીનસ્ટોન – GREENSTONE

8.3.10 ડીસ્પેઈસ – DSPACE

8.3.11 ફેડોરા – FEDORA

8.3.12 ઈપ્રિન્ટ – EPRINT

8.3.13 જુમલા – JOOMLA

8.3.14 દ્રુપલ – DRUPAL

8.4 ઓપન સોર્સ સોફ્ટવેરના લાભાલાભ

8.4.1 ઓપન સોર્સ સોફ્ટવેરના ફાયદાઓ

8.4.2 ઓપન સોર્સ સોફ્ટવેરીની મર્યાદાઓ

8.5 પ્રોપરાઈટરી સોફ્ટવેર

8.6 પ્રોપરાઈટરી સોફ્ટવેરના પ્રકારો અને તેની સમજણ

8.6.1 સંજય – SANJAY

8.6.2 મૈત્રી – MAITRYEE

8.6.3 લાઈબ્રેરીયન – LIBRARIAN

8.6.4 સોલ – SOUL

8.6.5 ગ્રંથાલય – GRANTHALAYA

8.6.6 એલીસ – ALICE

8.6.7 લીબસીસ – LIBSYS

8.7 પ્રોપરાઈટરી સોફ્ટવેરના લાભાલાભ

8.7.1 પ્રોપરાઈટરી સોફ્ટવેરના ફાયદાઓ

8.7.2 પ્રોપરાઈટરી સોફ્ટવેરીની મર્યાદાઓ

8.8 સારાંશ

8.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તર

8.10 ચાવીરૂપ શબ્દો

8.11 સંદર્ભ અને વિશેષ વાંચન

## 8.0 ઉદ્દેશો (Objectives)

સાંપ્રત યુગ એ ટેક્નોલોજીનો યુગ છે. એમા પણ કોમ્પ્યુટર ટેક્નોલોજીને કારણે આજે વિશ્વના દરેક ક્ષેત્રમાં ખૂબ જ સારી પ્રગતિ અને પરિણામ જોવા મળે છે. એકવીસમી સદી એ જ્ઞાનની–માહિતીની અને ટેક્નોલોજીની સદી કહેવાય છે ત્યારે વિશ્વની અંદર વિવિધ ક્ષેત્રોમાં માન–માહિતી અને ટેક્નોલોજીનો સમન્વય સાધવામાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અથવા તો ગ્રંથાલય ક્ષેત્ર પણ ખૂબ જ પ્રભાવિત થયું છે. ગ્રંથાલય ક્ષેત્રના ભિષ્મ પિતામહ ડૉ. રંગનાથને આપેલુ સૂત્ર "ઉપભોક્તાનો સમય બચવો જોઈએ" (Save the Time of User) ને કોમ્પ્યુટર ટેક્નોલોજીના ગ્રંથાલયમાં થઈ રહેલા ઉપયોગથી ખરા અર્થમાં સાર્થક થઈ રહેલું આપણે જોઈ રહ્યા છીએ. પ્રસ્તુત વિષય "ગ્રંથાલય યાંત્રિકીકરણના ઓપન સોર્સ અને પ્રોપરાઈટરી સોફ્ટવેરનો પરિચય અને તેના લાભાલાભ" દ્વારા સાંપ્રત સમયમાં ગ્રંથાલય ક્ષેત્રે થઈ ગયેલ અને થઈ રહેલ યાંત્રિકીકરણ તથા તેના વિવિધ ઓપન સોર્સ તથા પ્રોપરાઈટરી સોફ્ટવેરની તલસ્પર્શી માહિતી આપવાના ઉદ્દેશથી નિરૂપણ કરવામાં આવેલ છે.

## 8.1 પ્રસ્તાવના (Introduction)

પરિવર્તન એ સંસારનો નિયમ છે. એકવીસમાં સદીમાં થઈ રહેલા આમૂલ પરિવર્તનોથી વિશ્વ આજે ચંદ્ર પર પણ પહોંચી ગયું છે ત્યારે ગ્રંથાલય ક્ષેત્રે થઈ રહેલા વિકાસ અને પરિવર્તનના ફલ સ્વરૂપ આજે આપણે "લાઈબ્રેરી ઓટોમેશન" શબ્દથી વાકેફ થઈ શક્યા છીએ અને તેથી ગ્રંથાલય યાંત્રિકીકરણ અને તેના ભાગરૂપે વિવિધ સોફ્ટવેરનો ગ્રંથાલય ક્ષેત્રે બહોળા પ્રમાણમાં ઉપયોગ શરૂ થઈ ચૂક્યો છે, તે ચાહે વિશ્વ વિદ્યાલયની (યુનિવર્સિટી) લાઈબ્રેરી હોય, મહાવિદ્યાલય (કોલેજ) લાઈબ્રેરી હોય, શાળા (સ્કૂલ) લાઈબ્રેરી હોય કે પછી કોઈ જાહેર (પબ્લિક) લાઈબ્રેરી / ગ્રંથાલયો કે સ્પેશીઅલ લાઈબ્રેરી હોય, કારણ કે આજનો ઉપભોક્તા પણ આધુનિક જમાનાની જેમ સ્માર્ટ બની રહ્યો છે. દરેકને આંગળીના ટેરવે દુનિયા મુઠ્ઠીમાં કરવી ગમે છે અને આથી જ વિશ્વભરની માહિતીઓ પૂરી પાડવાનું એકમાત્ર વિશ્વસનીય અને ભરોસાપાત્ર સ્થળ એ છે લાઈબ્રેરી કે જ્યાંથી ઉપભોક્તાને જોઈતી તમામ માહિતી પ્રાપ્ત થઈ શકે છે એવી તમામ લાઈબ્રેરીઝ / ગ્રંથાલયો આધુનિકરણ કરી ડૉ. રંગનાથનનાં પાંચેય સૂત્રોને સાર્થક કરવા માટેની જરૂરી પ્રક્રિયા એટલે કે, ગ્રંથાલય યાંત્રિકીકરણ કે જેની મદદથી ગ્રંથાલય દ્વારા થતી તમામ આંતરિક (ઈન હાઉસ) પ્રક્રિયાઓ તથા ઈન્ટરનેટના માધ્યમથી થતા વૈશ્વિક જ્ઞાનના આદાન–પ્રદાનની પ્રક્રિયાઓ ખૂબ જ સરળતાથી કરી શકાય છે.

### 8.1.1 ગ્રંથાલય યાંત્રિકીકરણ :

આપમેળે અથવા પોતાની રીતે સ્વયં સંચાલિત યંત્ર દ્વારા કોઈ નિશ્ચિત કાર્યો કરાવવાની અથવા થતી પ્રક્રિયાને સ્વયં સંચાલન અથવા ઓટોમેશન અથવા તો યાંત્રિકીકરણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે યાંત્રિકીકરણ / ઓટોમેશન કરવામાં કોમ્પ્યુટર અને કોમ્પ્યુટર ટેક્નોલોજીનો ઉપયોગ સાંપ્રત સમયમાં કરવામાં આવે છે. ગ્રંથાલય ક્ષેત્રે થતી વિવિધ રૂઢીગત કાર્યપ્રણાલી વિવિધ ઈન હાઉસ એક્ટિવીટી, ફિઝિકલ કાર્યો સહજતાથી, સરળતાથી ઉપભોક્તા સુધી પહોંચાડવામાં સમય અને માનવશક્તિની બચત માટે તથા માહિતી વિસ્ફોટ, સાહિત્યની વિપુલતા વચ્ચે ઉપયોગકર્તાઓને લાઈબ્રેરીના તમામ સ્રોતો, માહિતીઓ, વૈશ્વિક જ્ઞાનના સંદર્ભો સરળતાથી, ચોકસાઈથી, ઝડપી, વ્યાજબી કિંમતે અને પદ્ધતિસર પહોંચાડવાની તથા પુનઃ પ્રાપ્તિની આધુનિક પ્રક્રિયા એટલે ગ્રંથાલય યાંત્રિકીકરણ.

ઐતિહાસિક કારણોથી જોતા 'સ્વચલન' (ઓટોમેશન) શબ્દનો ઉપયોગ 'મશીનીકરણ' 'યાંત્રિકીકરણ'ના પર્યાયના રૂપમાં કહી શકાય. (અથવા કોઈ ક્રિયા–પ્રતિક્રિયા કરવા માટે મશીનનો ઉપયોગ) જો કે ગ્રંથાલયના વિજ્ઞાનના આધુનિક સાહિત્યમાં સ્વચાલન શબ્દનો એ અર્થમાં પ્રયોગ બહુ પરિલક્ષિત (Vogue) નથી. બીજી બાજુ 'સ્વચાલન'ને 'કમ્પ્યૂટરીકરણ'ની સમકક્ષ માનવું વધારે સુવિધાજનક રહેશે. જ્યારે કોઈ ગ્રંથાલય પ્રક્રિયાની મદદના હેતુથી કમ્પ્યૂટરનો ઉપયોગ કરવામાં આવે છે અથવા જ્યારે કમ્પ્યૂટર કેટલીક પાયાગત પ્રક્રિયાઓ જેવી કે પુસ્તક પ્રાપ્તિ, પરિક્રમણ અથવા સામયિક ક્રમિક પ્રકાશન નિયંત્રણ વગેરે ગ્રંથાલયના રૂટીન કાર્યો તે કરે છે તો તેના ફળ સ્વરૂપ સ્વચાલિત પદ્ધતિનો ઉદય થયો છે.

### 8.1.2 સોફ્ટવેર વ્યાખ્યા :

કોઈપણ યાંત્રિકીકરણ કરવાની પ્રક્રિયા ચલાવવા માટે કમ્પ્યૂટર ટેક્નોલોજીનાં ઉપયોગ કરવામાં આવે છે જે અંતર્ગત જરૂરી આંકડાકીય કે શાબ્દિક ડેટા કે માહિતીને નિશ્ચિત પ્રોગ્રામમાં મશીન દ્વારા ઉમેરી તે જ માહિતીને સુવ્યવસ્થિત સ્વરૂપમાં, આપણે જોઈતા સ્વરૂપમાં મેળવવાની સરળ પ્રક્રિયા કરી આપતું માધ્યમ એટલે સોફ્ટવેર. સામાન્ય રીતે સીસ્ટમ સોફ્ટવેર, એપ્લીકેશન સોફ્ટવેર અને પ્રોગ્રામિંગ સોફ્ટવેર વડે કમ્પ્યૂટર પર કાર્યો કરવામાં આવે છે.

### 8.1.3 ગ્રંથાલય ક્ષેત્રે વપરાતા વિવિધ સોફ્ટવેર પેકેજીસની વિભાવના :

યાંત્રિકીકરણ કરવા માટેનું મુખ્ય પરિબળ તે કમ્પ્યૂટર હાર્ડવેર તથા તેને ચલાવવા માટે તેમાં સમાવિષ્ટ સોફ્ટવેર હોય છે. આથી, સોફ્ટવેર એ અગત્યનું પરિબળ બની રહે છે. કમ્પ્યૂટર દ્વારા વિશેષ પ્રકારના કાર્યો કરાવવા માટે સર્વ પ્રથમ સોફ્ટવેર હોવો એ અપેક્ષિત બાબત છે અને એથી જ આજે ગ્રંથાલય અને માહિતી સેવાના ક્ષેત્રેમાં જો કોઈ ગ્રંથાલય કમ્પ્યૂટરનો પ્રયોગ કરીને કમ્પ્યૂટરીકૃત થવા માગે તો એ માટે સૌથી પહેલા જરૂરિયાત મુજબના સોફ્ટવેરની આવશ્યકતા રહે છે. આજે ભારતીય બજારમાં તથા વિશ્વ ફલક પર ઈન્ટરનેટના માધ્યમથી ગ્રંથાલય સબંધિત અનેક પ્રોપરાઈટરી તથા ઓપન સોર્સ સોફ્ટવેર ઉપલબ્ધ છે. ઓપન સોર્સ સોફ્ટવેર વિનામૂલ્યે પ્રાપ્ય હોય છે જ્યારે પ્રોપરાઈટરી સોફ્ટવેર માટે તેનું મૂલ્ય અથવા કિંમત ચૂકવવી પડતી હોય છે. આવા ગ્રંથાલય સોફ્ટવેરની ખરીદી કરતા સમયે ઘણી બાબતોને ધ્યાનમાં રાખવી આવશ્યક છે. જેમ કે, ગ્રંથાલયનો પ્રકાર, ઉપયોગકર્તાની સંખ્યા, સોફ્ટવેરમાં ઉપયોગમાં લેવામાં આવેલ મોડ્યુલ્સની જાણકારી, ઓપરેટીંગ સિસ્ટમ, પ્રોગ્રામિંગ ભાષા, કિંમત વગેરે અને આપણી જરૂરિયાત મુજબની વ્યવસ્થા છે કે નહીં તે સઘળા પાસા જોવા ખૂબ જ અનિવાર્ય છે.

આવા વિવિધ ઓપન સોર્સ સોફ્ટવેર તથા પ્રોપરાઈટરી સોફ્ટવેરની માહિતી પ્રસ્તુત વિભાગમાં રજૂ કરવામાં આવેલ છે. ગ્રંથાલય ક્ષેત્રે ઉપયોગી વિવિધ ઓપન સોર્સ સોફ્ટવેર તથા પ્રોપરાઈટરી સોફ્ટવેરની વિસ્તૃત સમજ નીચે મુજબ છે.

## 8.2 ઓપન સોર્સ સોફ્ટવેર (Open Source Software)

ઓપન સોર્સ સોફ્ટવેર અથવા તો ખુલ્લા સ્રોત સોફ્ટવેર એટલે એવા સોફ્ટવેર કે જે ઈન્ટરનેટના માધ્યમથી ઉપયોગકર્તાઓને સીધા જ ઉપયોગ કરવા મળી શકે છે. જેના તમામ સોર્સકોડ લાઈસન્સ સાથે મુક્ત રીતે ઈન્ટરનેટ પર પ્રાપ્ત હોય છે. આ પ્રકારના સોફ્ટવેરથી ગ્રંથાલયની આંતરિક વ્યવસ્થાઓ એટલે કે ઈન હાઉસ એક્ટિવીટીઝને સુચારુ રીતે યાંત્રિકીકરણ કરી માહિતીનું સરળતાથી આદાન—પ્રદાન કરી શકાય છે. ઓપન સોર્સ સોફ્ટવેર એ નફો કરવા માટે નહીં પણ વિશ્વમાં જ્ઞાનનું સરળતાથી આદાન—પ્રદાન થાય તે હેતુ બનાવવામાં આવેલ સોફ્ટવેર છે. જેમાં વપરાશકર્તાઓને તેનો ઉપયોગ, ફેરફાર તથા જરૂરી સુધારા કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકે છે.

ઓપન સોર્સ સોફ્ટવેરનો ટૂંકો ઈતિહાસ :

- 1984 માં રિચાર્ડ સ્ટોલમેને GNU પ્રોજેક્ટ અંતર્ગત ફ્રી સોફ્ટવેર ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી.
- 1991 માં લિનસ ટોર વાલ્ડસે લિનક્સ વિકસિત કર્યું હતું.
- 1994 માં રેડ હેટ—કોમર્સિયલ લિનક્સ કંપનીની સ્થાપના થયેલ.
- 1998 માં સર્વપ્રથમ ઓપન સોર્સ સોફ્ટવેરની રચના સોર્સકોડ સાથે થયેલ હતી.

## 8.3 ઓપન સોર્સ સોફ્ટવેરના પ્રકારો (Types of Open Source Software)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા વિકાસને અને જરૂરિયાતને ધ્યાને લઈ લાઈબ્રેરીની મુખ્ય પ્રક્રિયાઓ જેવી કે પ્રાપ્તિ એકમ – ACQUISITION, સૂચિકરણ – CATALOGUING, આપ-લે – CIRCULATION, ઓપેક – OPAC/WEB OPAC, ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટલોગ, સામાયિક નિયંત્રણ – SERIAL CONTROL, વહીવટી પ્રક્રિયા – ADMINISTRATION, રિપોર્ટ – REPORTS વિગેરે ઈનહાઉસ એક્ટિવીટીઝ અને જરૂરી ફેરફારો કરી શકાય તે માટે વિશ્વમાં અનેક પ્રકારના ઓપન સોર્સ સોફ્ટવેરનું નિષ્ણાતો દ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. મુખ્યત્વે નીચે મુજબની કેટેગરીમાં ઓ.એસ.એસ. તૈયાર કરેલ છે. (અ) ઈન્ટીગ્રેટેડ લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ (બ) ઓપન સોર્સ ડિજીટલ લાઈબ્રેરી સોફ્ટવેર (ક) ઓપન સોર્સ કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ. આ બધા પ્રકારના નિર્મિત થયેલ સોફ્ટવેરમાંથી બહોળા પ્રમાણમાં પ્રચલિત થયેલ સોફ્ટવેર વિશેની માહિતી અત્રે પ્રસ્તુત છે. પ્રસ્તુત વિભાગમાં કુલ નીચે મુજબના ઓપન સોર્સ સોફ્ટવેર પ્રકારો વિશે માહિતી મેળવીશું.

8.3.1 સી.ડી.એસ./આઈ.એસ.આઈ.એસ. – CDS/ISIS

8.3.2 વીનાઈસીસ – WINISIS

8.3.3 કોહા – KOHA

8.3.4 ન્યુજનલીબ – NEWGENLIB

8.3.5 પીએમબી – PMB

8.3.6 ઓપનબીબ્લીઓ – Openbiblio

8.3.7 એવરગ્રીન – EVERGREEN

8.3.8 એબીસીડી – ABCD

8.3.9 ગ્રીનસ્ટોન – GREENSTONE

8.3.10 ડીસ્પેઈસ – DSPACE

8.3.11 ફેડોરા – FEDORA

8.3.12 ઈપ્રિન્ટ – EPRINT

8.3.13 જુમલા – JOOMLA

8.3.14 દ્રુપલ – DRUPAL

**ઈન્ટીગ્રેટેડ લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ ઓ.એસ.એસ. :**

આ પ્રકારના ઓપન સોર્સ સોફ્ટવેરમાં નીચે મુજબના સોફ્ટવેર મુખ્યત્વે વપરાય છે.

**8.3.1 સી.ડી.એસ. / આઈ.એસ.આઈ.એસ. – CDS / ISIS :**

(https://sourceforge.net/directory/?q=cds/isis%20library%20 software%20free%20download)

- CDS/ISIS નું પૂરું નામ Computerized Documentation Services/Integrated Sets of Information System છે.
- આ સોફ્ટવેર પેકેજ ઈ.સ. 1985 માં UNESCO દ્વારા DOS ઓપરેટિંગ સિસ્ટમમાં તૈયાર કરવામાં આવ્યું. ભારત તેમજ અન્ય દેશોના ગ્રંથાલયોને કમ્પ્યૂટરાઈઝેશન માટે આપવામાં આવ્યું હતું.
- બીજા સોફ્ટવેરની જેમ ફિક્સ અથવા વધારે જગ્યા રોકતું નથી.
- વિનામૂલ્યે ડેટાબેઝ તૈયાર કરી શકાય છે. ઉપયોગકર્તા જાતે જ ડેટાબેઝ તૈયાર કરી તેમાં માહિતી સંગ્રહ કરી મુદ્રિત સ્વરૂપમાં માહિતી મેળવી શકે છે.
- આ સોફ્ટવેરમાં મેનુ દ્વારા વિવિધ વિકલ્પો આપેલ છે. તેથી ઉપયોગકર્તા ખૂબ જ ઓછા સમયમાં તથા સરળતાથી સમજી શકે છે તથા ઉપયોગ કરી શકે છે. તેથી આ સોફ્ટવેર એ User Friendly છે.
- આ સોફ્ટવેરમાં હાર્ડડિસ્કની સાઈઝ મુજબ અસંખ્ય ડેટાબેઝ અલગ અલગ નામ ધરાવતા અને જરૂરિયાત મુજબની ભાષામાં બનાવી શકાય છે.
- હાલમાં આ સોફ્ટવેરનું વિન્ડોઝ વર્ઝન વિનાઈસીસ પણ ઓ.એસ.એસ. તરીકે કાર્યરત થયેલ છે.
- વર્ષ 1985 માં પ્રથમ 1.0 વર્ઝન બનાવવામાં આવેલ ત્યારબાદ સમયાંતરે અલગ અલગ નવા વર્ઝન બહાર પાડવામાં આવેલ એ છેલ્લે વર્ષ 2005 થી જીન ક્લાઉડ ડોફીન સંચાલિત અને યુનેસ્કો દ્વારા બહાર પડાયેલ FOSS (Free and Open Source Software) કે જે યુનિકોડ આધારીત છે તેનો વપરાશ થઈ રહેલ છે.

**8.3.2 વીનાઈસીસ – WINISIS (http://www.unesco.org/isis/file/winsis15_3.exe) :**

- CDS/ISIS નું વિન્ડોઝ વર્ઝન એટલે વિનસીસ સોફ્ટવેર કે જે ઓપન સોર્સ ડેટાબેઈઝ સોફ્ટવેર તરીકે કાર્યરત છે.
- તેની 1.5 બિલ્ડ 3 નામના સ્ટાન્ડર્ડ વર્ઝનથી શરૂઆત કરવામાં આવી હતી.
- યુનેસ્કો દ્વારા વિકસીત કરવામાં આવેલ છે. વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ પર કાર્ય કરે છે.
- ગ્રાફિકલ ઈન્ટરફેઈઝ યુઝર (જી.યુ.આઈ.) તરીકે સરળતાથી ઉપયોગમાં લઈ શકાય છે.
- આ સોફ્ટવેર વાપરવો સહેલો, સરળતાથી સંચાલિત થઈ શકે તેવો, વિવિધ મેનુ થકી સંચાલિત અને વિવિધ માહિતીઓના સંગ્રહ અને તેના પુનઃ પ્રાપ્તિ કરાવતો સહજ રીતે ઉપયોગમાં આવતો સોફ્ટવેર છે.

- સામાન્ય કમ્પ્યૂટરનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ પણ આ સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે.
- વિન્ડોઝ વર્ઝન હોવાથી ટેક્સ્ટ, ઈમેઈજ, ઓડિયો, વિડિયો, માઈક્રોસોફ્ટ ઓફિસના વર્ડ, એક્સલ, પાવરપોઈન્ટ વિગેરે ઓપ્શન્સ વિગેરે સુવિધાઓનો ઉપયોગ થઈ શકે છે.
- ડેટાબેઈઝ શોધ માટેની વ્યવસ્થા ઊભી કરી શકાય છે. એચ.ટી.એમ.એલ. થકી સર્ચિંગ સુવિધા આપી શકાય છે.
- તેના મુખ્ય ઘટકો તરીકે ફાઈલ ડેફિનેશન ટેબલ (એફ.ડી.ટી.), ડેટા એન્ટ્રી વર્કશીટ, પ્રિન્ટ ફોર્મેટ તથા ફિલ્ડ સિસ્ટમ ટેબલ (એફ.એસ.ટી.) આવે છે.
- આ સોફ્ટવેર http://www.unesco.org/isis/files/winsis15_3.exe ઈન્સ્ટોલ કરી શકાય છે.

**8.3.3 કોહા – KOHA (https://koha-community.org) :**

- Koha એ દુનિયાનો સૌ પ્રથમ ગ્રંથાલયની મહત્તમ સુવિધા પૂરી પાડતો Open Source Library Software છે.
- KOHA SOFTWARE વર્ષ 1999 માં Katipo Communication દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- KOHA નો પ્રથમ ઉપયોગ જાન્યુઆરી 2002 માં ન્યૂઝિલેન્ડના Horowhenus Library Trust માં કરવામાં આવ્યો.
- Paul Paulain એ 2001 માં KOHA માં નવી ઉપયોગિતાઓ ઉમેરવાનું શરૂ કર્યું. જેમાંથી બહુભાષા ઉપયોગ મુખ્ય હતો.
- 2010 સુધીમાં KOHA નું ફ્રેન્ચ, ચાઈનીઝ ભાષાંતર થઈ ચૂક્યું હતું. Koha April 2010 થી કાર્યરત પ્રોજેક્ટ છે.
- Koha 3.06 નું પ્રકાશન 17 મે 2010 માં થયું. જેમાં નવી કોઈ લાક્ષણિકતા ન હતી. પરંતુ ઘણી Bugs Fix કરવામાં આવ્યું.
- Koha 3.2.6 નું પ્રકાશન 20 નવેમ્બર 2011 માં થયું. જેમાં ઘણી નવી લાક્ષણિકતાઓ હતી જેવી કે, સંપાદકોની પસંદગી માટે વધુ તીવ્ર પદ્ધતિ, વધારે પ્રમાણમાં સુધારા કરવાની ક્ષમતા, સૂચિકરણના કાર્યના પ્રવાહને વધુ તીવ્ર બનાવવું, Koha ની આપ-લે કાર્ય પદ્ધતિમાં સુધારો, અદ્યતન અવબોધન સેવામાં Single Signon નો આધાર આપી શકાય છે.
- MARC-21 આધારીત સૂચિકરણ, Web 2.0 જેવી અનેક સગવડો, Tagging (જોડાણ) અને RSS Feeding ની સુવિધા, સંઘસૂચિની સગવડ, રૂઢિગત શોધ (Simple Search), ISO સાથે સુસંગત છે.
- Barcode આધારિત Database બનાવવામાં આ સોફ્ટવેર સૌથી મહત્ત્વનો છે.
- RFID માં Koha Software સૌથી મહત્ત્વનું તથા ઉત્તમ કાર્ય કરે છે. વેબ ઓપેક સુવિધા પણ પ્રાપ્ય છે.
- Koha માં ઉપયોગમાં લેવાયેલ માનકો (Standards) Z39.50, UNIMARC, ISO.2709, MARC 21 છે. વેબ 2.0 ની સુવિધા છે.
- વિશ્વની ઘણી મુખ્ય લાઈબ્રેરીઓમાં Koha Software નો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં શૈક્ષણિક, સાર્વજનિક, શાળાકીય તથા વિશિષ્ટ ગ્રંથાલયોનો સમાવેશ થાય છે. આ સોફ્ટવેરનો મુખ્ય રીતે આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુ.એસ., ફ્રાન્સ, ભારત તથા ન્યૂઝીલેન્ડમાં ઉપયોગ થઈ રહ્યો છે.

**8.3.4 ન્યુજનલીબ – NEWGENLIB : (http://www.verussolutions.biz)**

- આ સોફ્ટવેર VERUS SOLUTION PVT. LTD. તથા KESAVAN ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ નોલેજ મેનેજમેન્ટ દ્વારા વિકસિત કરવામાં આવેલ છે. તેને ન્યૂ જનરેશન ઓપન સોર્સ લાઈબ્રેરી ઓટોમેશન સોફ્ટવેર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 2005 માં 1.0 વર્ઝન તરીકે શરૂઆત થઈ અને વર્ષ 2008 દરમિયાન આ સોફ્ટવેરને ઓપન સોર્સ સોફ્ટવેર તરીકે GNU GPL લાઈસન્સ અંતર્ગત વરયુસ સોલ્યુશન લી. હૈદરાબાદ દ્વારા જાહેર કરવામાં આવેલ.
- તેના 3.X વર્ઝનમાં ઘણી નવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.
- લીનક્ષ અને વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમમાં ઈન્સ્ટોલ થઈ શકે છે.
- તે આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ જેમ કે, Z39.50 પ્રોટોકોલ, આઈ.એસ.બી.ડી., ડબ્લીન કોર મેટાડેટા, યુનિકોડ, માર્ક–21 ફોર્મેટ જેવા નિયમ મુજબ કામ કરે છે.
- આર.એફ.આઈ.ડી. ટેક્નોલોજીનું અમલીકરણ કરી શકાય છે.
- તેને સપોર્ટ કરતા દરેક સોફ્ટવેર ફ્રીમાં ઓપન સોર્સ તરીકે પ્રાપ્ય છે.
- યુનિકોડ–3 સપોર્ટેડ હોવાથી ડેટા એન્ટ્રી, સંગ્રહ અને પુનઃ પ્રાપ્તિ વિવિધ ભાષાઓમાં પ્રાપ્ત કરી શકાય છે.
- એક્વીઝીશન, કેટલોગીગ, સરક્યુલેશન, એડમિનીસ્ટ્રેશન, સીરીયલ કન્ટ્રોલ, રિપોર્ટસ, વેબ ઓપેક, મેઈન્ટેનન્સ જેવી સુવિધાઓ ઉપરાંત ઘણી કસ્ટમાઈઝ સુવિધાઓ પૂરી પાડે છે.
- ઉપયોગકર્તાઓની તકલીફ, પ્રશ્નો દૂર કરવા પોતાનું સ્વતંત્ર ફોરમ ચલાવે છે.

**8.3.5 પીએમબી – PMB (PhpMy Bibli) (https://sourceforge.net/pmb) :**

- વર્ષ 2002 માં પ્રકાશિત થયેલ આ સોફ્ટવેર PMB Service દ્વારા બનાવવામાં આવેલ છે.
- મુખ્યત્વે અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિસ, અરેબિક, ઈટાલિયન, ડચ તથા પોર્ટુગીઝ ભાષામાં ઉપલબ્ધ છે.
- આ સોફ્ટવેરનું છેલ્લું વર્ઝન 3.0 વર્ઝન સપ્ટેમ્બર 2006 માં પ્રકાશિત કરવામાં આવ્યું.
- આ સોફ્ટવેર માટે Linux Windows, Mac OS ઓપરેટિંગ સિસ્ટમ જરૂરી છે.
- આ સોફ્ટવેરનું વર્ઝન Integrated Library System પ્રકારનું છે.
- તેનું લાઈસન્સ GNO–GPL પ્રકાશનું છે જે PHP ભાષામાં લખાયેલું છે.
- ઓપેરા વેબ સર્વર તથા માય એસક્યુએલ ડેટાબેઈઝ સાથે સપોર્ટેડ છે.

**8.3.6 ઓપનબીબ્લીઓ – Openbiblio (https://sourceforge.net/p/obiblio) :**

- Openbiblio એ ઇન્ટીગ્રેટેડ લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ છે. General Public Licence (GPL) અંતર્ગત આ સોફ્ટવેર 2002 માં તૈયાર કરવામાં આવેલ છે.
- MARC21 પર આધારિત છે.
- Pro. Castilian દ્વારા સ્પેનિશમાં અનુવાદ કરવામાં આવેલ છે.
- આ સોફ્ટવેર માટે Windows તથા Linux ઓપરેટિંગ સિસ્ટમ જરૂરી છે.
- આ સોફ્ટવેરના Database ને અન્ય માન્ય ફોર્મેટમાં ફેરવી (Convert) શકાય છે.
- આ સોફ્ટવેરમાં ગ્રંથાલયની મુખ્ય ઈનહાઉસ પ્રવૃત્તિઓનું સુચારું સંચાલન થાય છે.

**8.3.7 એવરગ્રીન – Evergreen (https://evergreen-ils.org) :**

- આ ગ્રંથાલય સોફ્ટવેર Georgia Public Library Service દ્વારા Public Information Work માટે વિવિધ Electronic Services પૂરી પાડવા માટે વર્ષ 2006 માં તૈયાર કરવામાં આવ્યું છે.
- અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે.
- આ સોફ્ટવેરની પ્રોગ્રામિંગ ભાષા C, Perl, JavaScript માં તૈયાર થયેલ છે. આ સોફ્ટવેર Run કરવા માટે Linux Public Operating System જરૂરી છે.
- આ સોફ્ટવેરના લાઈસન્સ General Public Licence (GNU) પ્રકારનું છે. આ સોફ્ટવેરના મોડ્યુલ્સ આ મુજબ છ વિન્ડોઝ, લીનક્ષ અને તાજેતરમાં જ ઉબન્ટુ ઓપરેટીંગ સિસ્ટમ સાથે સુસંગત છે.
- ઓક્ટોબર 2019 માં તેનું સ્થાયી વર્ઝન 3.4 બહાર પાડવામાં આવેલ છે.

**8.3.8 એ.બી.સી.ડી. – ABCD (http://abcdlibraryautoma/abcdltionsoftware) :**

- વર્ષ 2009 માં પ્રથમ વખત વિકસિત કરવામાં આવ્યું. સ્પેનીસ ભાષામાં તેનો અર્થ (Automatisacion de Bibliotecasy Centros de Docementacion) પરથી ABCD નામ આપવામાં આવ્યું હતું.
- વિન્ડોઝ અને લીનક્ષ પ્લેટફોર્મ પર ચાલે છે.
- CDS/ISIS સાથે મૂળભૂત રીતે સુસંગત છે.
- લાઈબ્રેરીની ઈનહાઉસ એક્ટિવિટીઝ જેવી કે સંસ્કરણ, સૂચિકરણ, આપ-લે, સામાયિક નિયંત્રણ, વેબઓપેક, વહીવટી કાર્ય અને થીસોરસ મેનેજમેન્ટ જેવા મોડ્યુલસની સેવાઓ આપે છે.
- PHP, JAVA, JAVA SCRIPT, PYTHON જેવી પ્રોગ્રામિંગ લેંગ્વેજ સાથે સુસંગત છે.
- એબીસીડીનું હાલનું PHP V.5 અને ISIS Script માં લખાયેલ વર્ઝન વપરાય છે.
- અંગ્રેજી સિવાય સ્પેનીસ, પોર્ટુગલ અને ફ્રેન્ચ ભાષામાં પણ પ્રાપ્ય છે.
- MARC-21, METS, Z39.50 અને ડબલીન કોર મેટાડેટા જેવા ફોર્મેટને સપોર્ટ કરે છે.
- ખૂબ મોટી સંખ્યામાં ડેટાબેઈઝ બનાવી શકાય છે.
- બારકોડ જનરેટ થઈ શકે છે, SDI સર્વિસ પૂરી પાડે છે તથા વિવિધ ઓનલાઈન સર્વિસ પણ મળે છે.

**ડીજીટલ લાઈબ્રેરી સોફ્ટવેર નીચે મુજબ છે.**

**8.3.9 ગ્રીનસ્ટોન – GREENSTONE: (http://www.greenstone.org) :**

- યુનિવર્સિટી ઓફ વૈયકટો ખાતે વર્ષ 1995 માં ન્યૂઝીલેન્ડ ડીજીટલ લાઈબ્રેરી પ્રોજેક્ટ અંતર્ગત વિકસીત થયેલ અને યુનેસ્કો દ્વારા પ્રમાણિત કરી વિતરીત કરવામાં આવેલ.
- હાલમાં તેના GSDL 2.82 અને GSDL 3.03 વર્ષનનો ઉપયોગ કરવામાં આવે છે.
- ડીજીટલ લાઈબ્રેરી કલેક્શન સોફ્ટવેર તરીકે ખૂબ બહોળા પ્રમાણમાં ઉપયોગમાં આવે છે.
- હાલમાં JAVA 1.6 હાયર વર્ઝનનો ઉપયોગ થઈ રહ્યો છે.
- એપેચી 2.2 એપ્લીકેશન સર્વર તરીકે ઉપયોગમાં આવી રહેલ છે.
- યુનિકોડ સુવિધા થકી મલ્ટી લેંગ્વેજ સપોર્ટ કરે છે.
- ફુલ ટેક્સ્ટ સર્ચિંગ સુવિધા પૂરી પાડે છે.

- મેટાડેટા સર્ચ, બુલીઅન સર્ચ, સર્ચ હિસ્ટરી જેવી સુવિધા.
- વિવિધ ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેઈસ સુવિધા પૂરી પાડે છે.
- વેબ બેઈઝ ઓપેક સર્વિસ પૂરી પાડે છે.
- XML, UNICODE અને DOBLIN CORE સ્ટાન્ડર્ડ સપોર્ટ કરે છે.
- તેની અમુક મર્યાદાઓને લીધે ખૂબ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહેલ નથી.

**8.3.10 ડિસ્પેઈસ – DSPACE:- (http://www.dspace.org) :**

- મસ્સ્યુસીટસ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એમ.આઈ.ટી.) લાઈબ્રેરીઝ તથા હેવલેટ પેકાર્ડ દ્વારા તેને વર્ષ 2002 માં વિકસીત કરવામાં આવેલ.
- ઈન્સ્ટીટ્યુશનલ રિપોઝીટરી તરીકે ખાસ આ ઓપન સોર્સ સોફ્ટવેરને વિકસાવવામાં આવેલ છે કે જેમાં સંસ્થાના ફેકલ્ટી, વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ રિસર્ચ પેપર્સ, પ્રોજેક્ટ્સ, લેક્ચર નોટ્સ, ન્યૂઝપેપર ક્લીપિંગ્સ, વિડીયો લેક્ચર્સ વિગેરેને એકત્ર કરી નિશ્ચિત સ્વરૂપમાં ગોઠવણી કરી અહીં અપલોડ કરવામાં આવે છે અને યોગ્ય સ્વરૂપમાં પુનઃ પ્રાપ્ત કરાવવામાં આવે છે.
- ઈન્સ્ટીટ્યુશનલ રિપોઝીટરી તરીકે મૂકવામાં આવેલ મટીરીયલને યોગ્ય સ્વરૂપમાં પુનઃ પ્રાપ્ત કરી શકાય છે.
- ઉપયોગકર્તાઓની જરૂરિયાત મુજબ ફેરફારો શક્ય બને છે.
- પરંપરાગત JSP Interface તથા XML Based Manakin નામના યુઝર ઈન્ટરફેઈસ પૂરા પાડે છે.
- ડબ્લીન કોર મેટાડેટા ફોર્મેટમાં કાર્ય કરે છે.
- ઘણા સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ જેમ કે, OAI-PMH, OAI-ORE, SWORD, WebDAV, OpenSearch, OpenURL, RSS, ATOM ના ઉપયોગ થકી વિવિધ સેવાઓ પૂરી પાડે છે.
- બ્રાઉઝીંગ તથા સર્ચિંગ માટેની સુવિધાઓને આપણી જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકાય છે.
- ડેટાબેઈઝ માટે Postgre SQL અથવા Oracle ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે.
- વિવિધ 20 જેટલી ભાષાઓમાં આ સોફ્ટવેર વાપરી શકાય છે.
- http://localhost:8080/jspui or http://localhost:8080/xmlui એમ બે પ્રકારના યુઝર ઈન્ટરફેઈસથી આપણા પોતાના બ્રાઉઝરમાં ઉપયોગમાં લઈ શકાય છે.

**8.3.11 ફેડોરા – FEDORA:- (http://getfedora.org) :**

- ફેડોરા વર્ષ 1997 માં સેન્ડી પેઈટી અને કાર્લ લાગોઝ દ્વારા કોરનેલ યુનિવર્સિટી – વર્ઝીનીયાથી શરૂ થયેલ. જેનું પૂરું નામ ફ્લેક્ષીબલ ડીજીટલ ઓબ્જેક્ટ રિપોઝીટરી આર્કીટેક્ચર છે.
- લીનક્ષ ઓપરેટીંગ સિસ્ટમમાં વપરાય છે.
- હાલમાં ફેડોરા 5.0 વર્ઝન વાપરવામાં આવી રહ્યું છે.
- ડીજીટલ કન્ટેન્ટ મેનેજમેન્ટ તરીકે ખૂબ જ ઉપયોગી સોફ્ટવેર તરીકે વપરાય છે.
- બધા પ્રકારના કન્ટેન્ટ અને મેટાડેટા સ્ટોર કરી શકે છે.
- વધુ સારી સ્ટોરેજ સુવિધા ધરાવે છે.

- વેબ બેઈઝ ગ્રોફિકલ યુઝર ઈન્ટરફેઈઝ તરીકે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે.
- ડેટા ગુમ થવાના સંજોગોમાં વધુ સારી બેકઅપ સુવિધા ધરાવે છે અને ડેટા અન્ય જગ્યાએ બદલાવી પણ શકાય છે.

**8.3.12 ઈપ્રિન્ટ – EPRINT (https://eprints.org) :**

- વર્ષ 2000 માં યુનિવર્સિટી ઓફ સધનટમ્પન ઈંગ્લેન્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.
- ઈન્સ્ટીટ્યુશન રિપોઝીટરી સોફ્ટવેર તરીકે વિશ્વમાં ખૂબ પ્રખ્યાત ઓપન સોર્સ સોફ્ટવેર છે.
- શરૂઆતમાં Cross Platform OS પર અને ત્યારબાદ Ubantu ઓપરેટીંગ સિસ્ટમ પર કાર્ય કરી શકે છે.
- જનરલ પબ્લિક લાઈસન્સ હેઠળ કાર્યરત છે.
- PERL લેંગ્વેજમાં લખાયેલ છે.
- ઈપ્રિન્ટ એ પ્રીપ્રિન્ટ તથા પોસ્ટપ્રિન્ટનો સંયુક્ત ઉપક્રમે ચાલતો સોફ્ટવેર છે.
- શરૂઆતમાં વર્ઝન 1.0 આવેલ ત્યારબાદ વર્ષ 2007 માં વર્ઝન 3 મુક્ત કરવામાં આવેલ.

**ઓપન સોર્સ કન્ટેન્ટ મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે નીચે મુજબના સોફ્ટવેર વધારે પ્રમાણમાં વપરાય છે.**

**8.3.13 જુમલા – JOOMLA (http://www.joomla.org) :**

- જુમલા કન્ટેન્ટ મેનેજમેન્ટ સુવિધા પૂરી પાડતો ઓપન સોર્સ સોફ્ટવેર છે.
- શરૂઆતમાં પ્રોપરાઈટરી સોફ્ટવેર તરીકે વર્ષ 2000 માં મીરો તરીકે આવેલ અને ત્યારબાદ વર્ષ 2005 થી જુમલા તરીકે ઓપન સોર્સ સોફ્ટવેર તરીકે કાર્યરત છે.
- GNU GPL લાઈસન્સ અંતર્ગત આ સોફ્ટવેર કામ કરે છે.
- સહજ, સરળ અને ઝડપથી ફેરફાર કરી શકાય તેવું યુઝર ફ્રેન્ડલી છે.
- સર્ચ એન્જીનને જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકાય છે.
- આપણે જોઈતી ભાષામાં ઉપયોગ કરી શકાય છે.
- PHP એપ્લીકેશનમાં કાર્ય કરે છે.
- કન્ટેન્ટ મેનેજમેન્ટની સાથે યુઝર મેનેજમેન્ટ, મિડિયા મેનેજર, બેનર મેનેજર, કોન્ટેક્ટ મેનેજમેન્ટ, વેબલીંક મેનેજમેન્ટ, ન્યુઝફીડ મેનેજમેન્ટ, ટેમ્પલેટ મેનેજમેન્ટ, હેલ્પ સિસ્ટમ, વેબ સર્વિસ જેવી ઘણી મહત્ત્વની સુવિધાઓ જુમલા સોફ્ટવેર પૂરી પાડે છે.
- લાઈબ્રેરી ઉપરાંત ઘણી સંસ્થાઓ, વ્યવસાયિક, ઉદ્યોગપતિઓ આ સોફ્ટવેરનો ઉપયોગ કરી રહ્યા છે.

**8.3.14 દ્રુપલ – DRUPAL : (http://drupal.org) :**

- કન્ટેન્ટ મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે દ્રુપલ સોફ્ટવેર વર્ષ 2001 માં અસ્તિત્વમાં આવેલ જે એક સાથે લાખો વેબસાઈટનું સંચાલન કરી શકે છે.
- તેનું અદ્યતન વર્ઝન માર્ચ 2020 ની સ્થિતિએ 9.0.0 betal ઉપયોગમાં આવી રહ્યું છે.
- યુનિક્ષ તથા વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ પર કાર્ય કરે છે.
- PHP ભાષામાં તેનું કોડીંગ થયેલ હોય છે અને SQL ડેટા બેઈઝમાં સંગ્રહિત થાય છે.
- કન્ટેન્ટ મેનેજમેન્ટ ફ્રેમવર્ક, કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ તથા બ્લોગ સોફ્ટવેર તરીકે કાર્ય કરી શકે છે.

- વેબ પ્લેટફોર્મ પર આધારિત છે.
- GNU GPL હેઠળ લાઈસન્સ મળેલ છે.
- Web 2.0 એપ્લીકેશન અંતર્ગત ઉપયોગકર્તા અને લાઈબ્રેરીયન્સ વચ્ચેના અનુસંધાન થકી ઉપયોગકર્તાઓને સંતોષકારક સુવિધાઓ પૂરી પાડી શકાય છે.

## 8.4 ઓપન સોર્સ સોફ્ટવેરના લાભાલાભો (Advantages of Open Source Software)

ઓપન સોર્સ સોફ્ટવેર વિનામૂલ્યે ઉપલબ્ધ હોવાથી તેના લાભો પણ છે અને સાથોસાથ તેની મર્યાદાઓ પણ છે જે વિશેની સમજ નીચે મુજબ આપેલ છે.

### 8.4.1 ઓપન સોર્સ સોફ્ટવેરના લાભો :

- ઈન્ટરનેટ કનેક્શન મારફત વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સંપૂર્ણ સોફ્ટવેર વિનામૂલ્યે મળતો હોવાથી આર્થિક ભારણ કોઈપણ સંસ્થા પર આવતું નથી જે સાંપ્રત સમય માટે ખૂબ મહત્ત્વની બાબત છે.
- સોર્સ કોડ વિનામૂલ્યે ઉપલબ્ધ છે.
- આપણી જરૂરિયાત મુજબના ફેરફાર આપણી રીતે કરી શકીએ છીએ.
- યુઝર ફ્રેન્ડલી હોવાથી ઉપયોગકર્તાને સંતોષકારક પરિણામ આપી શકીએ છીએ.
- એક વખત ઈન્સ્ટોલ કર્યા પછી અનેક વિવિધ સંસ્થાનોમાં ઉપયોગમાં લઈ શકાય છે.
- સોર્સ કોડ મળવાથી કાર્યો દરમિયાન ઉદ્દભવતી સમસ્યાઓનું ઝડપી નિરાકરણ કરી શકાય છે.
- સ્થાનિક જરૂરિયાત મુજબ ઉપયોગ કરી શકાય છે.
- સોફ્ટવેર સપોર્ટ તથા તેની જાળવણી માટેની વ્યવસ્થા વૈશ્વિક દષ્ટિએ પ્રાપ્ત થાય છે.
- ઓપન સોર્સ સોફ્ટવેર બનાવવામાં ઘણી કંપનીઓ અને ટીમ જોડાયેલી હોવાથી સતત નવી ટેક્નોલોજીનો લાભ નિરંતર મળતો રહે છે.
- તેના લક્ષણો, હેતુઓ, ઉપયોગીતાઓનું મૂલ્યાંકન કરવું સહેલુ છે.
- વિન્ડોઝ અને લીનક્ષ જેવી ઓપરેટીંગ સિસ્ટમ સપોર્ટ કરતી હોવાથી ઈન્સ્ટોલેશન સરળતાથી થઈ શકે છે.
- વિવિધ ઓનલાઈન ફોરમ થકી સપોર્ટ સુવિધા પ્રાપ્ય હોય છે.

### 8.4.2 ઓપન સોર્સ સોફ્ટવેરની મર્યાદાઓ / ગેરફાયદાઓ :

- ઓપન સોર્સ સોફ્ટવેર ઈન્સ્ટોલેશન માટે ટેક્નિકલ સ્કીલ હોવી જરૂરી છે જે ન હોય તો ઈન્સ્ટોલેશનમાં તકલીફ પડે છે.
- સપોર્ટીંગ સોફ્ટવેર સરળતાથી ઉપલબ્ધ નથી હોતા.
- ટ્રેઈનિંગના અભાવને કારણે રોજબરોજની પ્રક્રિયાઓ સમજવામાં મુશ્કેલી પડે છે.
- જ્યારે કોઈ તક્નિકી ક્ષતિ ઊભી થાય ત્યારે તેનું નિરાકરણ કરવામાં તકલીફ પડે છે અને કાર્ય મોડું થાય છે.
- સોફ્ટવેરના ઉપયોગ અને ઉદ્દ્ભવતા પ્રશ્નો બાબતે કોઈની જવાબદારી ફિક્સ નથી હોતી.
- અન્ય સોફ્ટવેર સાથે સુસંગત ન પણ હોય શકે.
- નવા નવા થતા સુધારાઓ, ટેક્નોલોજીનું અમલીકરણ થતાં વાર લાગી શકે છે.

## 8.5 પ્રોપરાઈટરી સોફ્ટવેર (Proprietary Software)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા અનેક લાઈબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેર હાલ વપરાય રહ્યા છે. જેમાં અગાઉ જોઈ ગયા તેમ ઓપન સોર્સ સોફ્ટવેર કે જે વિનામૂલ્યે ઈન્ટરનેટ પર પ્રાપ્ય હોય છે અને જેનો સોર્સ કોડ અને લાઈસન્સ પણ વિનામૂલ્યે પ્રાપ્ત થતો હોય છે. જ્યારે પ્રોપરાઈટરી સોફ્ટવેર એટલે એવા સોફ્ટવેર કે જે લાઈબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે વપરાય છે અને બજારમાં જે સોફ્ટવેર અમુક કંપની દ્વારા તૈયાર કરવામાં આવે છે અને જેને કોમર્શિયલ હેતુ એટલે કે વ્યાવસાયિક હેતુથી તેની રકમ વસુલ કરી ક્લાઈન્ટ એટલે કે ગ્રાહકોને વેચાણ કરવામાં આવે છે. જેના સોર્સ કોડ તથા લાઈસન્સ જે તે વેચાણ કરતી કંપનીનાં અધિકૃત હોય છે.

## 8.6 પ્રોપરાઈટરી સોફ્ટવેરના પ્રકારો (Types of Proprietary Software)

વિશ્વમાં ઘણા પ્રકારના પ્રોપરાઈટરી સોફ્ટવેર બન્યા છે, તેમાંથી મુખ્યત્વે જે વધુ પ્રખ્યાત બન્યા છે તેવા પ્રોપરાઈટરી સોફ્ટવેરના પ્રકારો નીચે મુજબ છે. આ પ્રોપરાઈટરી સોફ્ટવેરમાં ગ્રંથાલયની મૂળભૂત ઈનહાઉસ પ્રક્રિયાઓ જેવી કે એક્વીઝીશન, કેટલોગીગ, સરક્યુલેશન, સીરીયલ કન્ટ્રોલ, એડમિનીસ્ટ્રેશન, ઓપેક-વેબઓપેક, રિપોર્ટ્સ જેવી વિવિધ પ્રક્રિયાઓ કે જે બારકોડિંગ, ક્યુ.આર.કોડ, આર.એફ.આઈ.ડી. જેવી આધુનિક ટેક્નોલોજી સાથે સુસંગત હોય છે અને સ્ટેટ ઓફ આર્ટ લાઈબ્રેરી બનાવવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

8.6.1 સંજય – SANJAY

8.6.2 મૈત્રી – MAITRYEE

8.6.3 લાઈબ્રેરીયન – LIBRARIAN

8.6.4 સોલ – SOUL

8.6.5 ગ્રંથાલય – GRANTHALAYA

8.6.6 એલીસ – ALICE

8.6.7 લીબસીસ – LIBSYS

**8.6.1 સંજય – SANJAY :**

- NISSAT દ્વારા પ્રયોજેલ પરિયોજના અંતર્ગત DESIDOC દ્વારા આ વર્ષ 199 માં સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે.
- આ સોફ્ટવેર ડોઝ (ડિસ્ક ઓપરેટીંગ સિસ્ટમ) વર્ઝનમાં તૈયાર કરવામાં આવેલ.
- ભારતના પસંદગીયુક્ત ગ્રંથાલયોમાં સંજય સોફ્ટવેરનું વર્ષ 1992 માં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.
- સી.ડી.એસ./આઈ.એસ.આઈ.એસ.ને ધ્યાનમાં રાખી આ સોફ્ટવેર બનાવવામાં આવેલ છે.
- ગ્રંથાલયમાં રહેલ બીબ્લીઓગ્રાફિકલ ડેટાનો સંગ્રહ અને પુનઃ પ્રાપ્તિ કરવા માટે આ સોફ્ટવેર ખૂબ ઉપયોગી છે.

- ઈનહાઉસ એક્ટીવીઝીટ જેવી કે એક્વીઝીશન, સરક્યુલેશન, કેટલોગીગ, સીરીઅલ કન્ટ્રોલ જેવી કામગીરી આ સોફ્ટવેર દ્વારા થઈ શકે છે.
- પાસ્કલ ભાષામાં આ સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે.

**8.6.2 મૈત્રી – MAITRAYEE :**

- NISSAT દ્વારા જે નાણાકીય સેવા પૂરી પાડવામાં આવે છે. એમાં (CALIBNET) ના સહભાગી (MC Limited) દ્વારા આ સોફ્ટવેર પેકેજ બનાવવામાં આવ્યું છે.
- આ સોફ્ટવેરમાં ગ્રંથાલય હાઉસ કીપીંગના દરેક કાર્યોની સુવિધા ઉપલબ્ધ છે.
- આ સોફ્ટવેરને નેટવર્કિંગ અને રિસોર્સ શેરીંગ માટે પણ તૈયાર કરવામાં આવેલ છે.
- INGRES વર્ઝન 5.0/6.0 RDBMS સપોર્ટેડ યુનિક્ષ 3.2 વર્ઝન પર કાર્ય કરે છે.
- ISO 2709 માન્ય સોફ્ટવેર છે.

**8.6.3 લાઈબ્રેરીયન – LIBRARIAN :**

- આ સોફ્ટવેર ડ્રીવન સિસ્ટમ આધારીત User Friendly સોફ્ટવેર પેકેજ છે.
- આ અંતર્ગત હાઉસ કીપીંગના દરેક મહત્ત્વના કાર્યોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.
- ઉપરાંત Single user અને Multi user version મળી શકે છે.
- આ સોફ્ટવેર નેટવર્કિંગ માટે પણ સાનુકૂળતા ધરાવે છે.
- MARC–21, Z–29.50 ફોર્મેટ સપોર્ટ કરે છે.
- બારકોડ જનરેટ થઈ શકે છે, આર.એફ.આઈ.ડી. સપોર્ટેડ છે.
- હાલમાં લાઈબ્રેરીયન – 11 કોડ નેટ ટેકનોલોજી ધરાવતું સોફ્ટવેર ઉપલબ્ધ છે.

**8.6.4 સોલ – SOUL :**

- SOUL નું પૂરું નામ Software for Universityr Libraries છે. આ સોફ્ટવેર INFLIBNET અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.
- જે વિન્ડોઝ બેઝ સોફ્ટવેર છે. SOUL 1.0 નું નવું વર્ઝન SOUL 2.0 છે. જે સંપૂર્ણપણે આંતરરાષ્ટ્રીય માપદંડ ઉપર આધારીત છે.
- આ સોફ્ટવેર MARC-21 મુજબ બિબ્લીયોગ્રાફિક માપદંડને અનુસરે છે. આ ઉપરાંત UNICORD (Universal Character Code) સેટ કરી જેનાથી બહુભાષીય કેટલોગ તૈયાર કરી શકાય છે તથા આ સોફ્ટવેર NCIP મુજબ કાર્ય કરે છે.
- આ સોફ્ટવેર ડીજીટલ ગ્રંથાલયમાં Full Text Data તથા તેના ડીજીટલ ઓબ્જેક્ટની લીંક પૂરી પાડે છે.
- આમ સોફ્ટવેર ગ્રંથાલય માટે ખૂબ જ ઉપયોગી છે અને તેના મુખ્ય મોડ્યુલ પ્રાપ્તિ એકમ (Acquisition), સૂચિકરણ (Cataloguing), આપ-લે (Circulation), ઓપેક (OPAC), સામાયિક નિયંત્રણ (Serials Control), વહીવટી કાર્ય (Administration), WEB-OPAC વિગેરે છે.
- SOUL સોફ્ટવેરની રચના Windows આધારિત છે. તેની વ્યવસ્થિત રીતે તૈયાર કરાયેલ સ્ક્રીન, તાર્કિક ગોઠવણી તથા Help Menu ના કારણે આ સોફ્ટવેર ખૂબ જ ઉપયોગી બને છે.
- તેની સુવિધા અને સરળ રચનાને કારણે આજે ભારતના શૈક્ષણિક ગ્રંથાલયોમાં સૌથી વધુ વપરાતો સોફ્ટવેર છે.

**8.6.5 ગ્રંથાલય – GRANTHALAYA :**

- INSDOC દ્વારા સર્જિત ભારતીય પેકેજ છે. જે MS Dos ઓપરેટીંગ સિસ્ટમ પર આધારીત છે. જે વર્તમાનમાં UNIX તથા LAN પર પણ પ્રસારિત કરી શકાય છે.
- આ સોફ્ટવેરના મુખ્ય મોડ્યુલ આ મુજબ છે. Data Management (Data સંચાલન), OPAC (ઓપેક), Serial Control (સામાયિક / ક્રમિક નિયંત્રણ), Technical Process (તક્નિકી પ્રક્રિયા).
- CCF ના એટલે કે કોમન કોમ્યુનિકેશન ફોર્મેટના બધા જ ક્ષેત્રોનો સમન્વય થઈ શકે છે.
- ઉપયોગમાં સરળ, User Friendly, શોધમાં ત્વરિતતા અને અસરકારક છે.
- શબ્દકોશની સંકલ્પના પર આધારિત છે.

**8.6.6 એલીસ ફોર વિન્ડોઝ – ALICE FOR WINDOWS :**

- આ સોફ્ટવેર ઓસ્ટેરિલાય વર્ષ 1994 માં વિકસિત કરાયેલ આંતરરાષ્ટ્રીય સોફ્ટવેર પેકેજ છે જેને વર્ષ 1998 માં પ્રથમ વખત રજૂ કરવામાં આવેલ.
- ભારત અને શ્રીલંકામાં આ સોફ્ટવેર “Softlink Asia” દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ.
- હાલમાં તેના અમુક ભાગને ઓપન સોર્સ તરીકે રજૂ કરવામાં આવેલ છે પરંતુ તેના સોર્સ કોડ પ્રાપ્ય નથી.
- વિશ્વમાં 8700 ગ્રંથાલયોમાં તેનો સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- તેને ચલાવવા માટે વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે.
- ઉપભોક્તાઓની આવશ્યકતાને અનુરૂપ તેની નાની આવૃત્તિ ઉપલબ્ધ છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.
- શૈક્ષણિક ગ્રંથાલય આવૃત્તિ
- વિશિષ્ટ ગ્રંથાલય આવૃત્તિ
- સાર્વજનિક ગ્રંથાલય આવૃત્તિ
- વિદ્યાલય ગ્રંથાલય આવૃત્તિ, મહાવિદ્યાલય ગ્રંથાલય આવૃત્તિ

**8.6.7 લીબસીસ – LIBSYS :**

- LIBSYS એ LIBSYS Corporation દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- શરૂઆતમાં DOS અને ત્યારબાદ UNIX, XENIX/VMS ના પર્યાવરણ હેઠળ PC સાથે Super, Micro, Mini Computer ચલાવવા માટે સંપૂર્ણપણે એકીકૃત અનેક ઉપયોગકર્તાલક્ષી પદ્ધતિ છે.
- MS હેઠળ Micro Computer માટે LIBSYS ના Subnet ઉપલબ્ધ છે.
- LIBSYS પર સરળતાથી કામ કરી શકાય છે અને એ માટે ગ્રંથાલયના કર્મચારીગણને કમ્પ્યૂટરના પ્રોગ્રામ અંગેનો કે કમ્પ્યૂટરના પૂર્વ જરૂરી કૌશલ્યની જરૂરીયાત હોતી નથી.
- (Data Entry) પૂર્વ માહિતીની લઘુત્તમ શક્યતાઓ અને શોધ પૂછપરછ માટેની શક્તિશાળી સગવડોને કારણે તેની ઉત્પાદકતા ઘણી હોય છે.
- LIBSYS માં પ્રાપ્તિ, સૂચિકરણ, ગ્રંથ લેવડદેવડ, સામયિકોને લગતી બધી પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરે છે.
- કોઈપણ માઈક્રો, મીની અને મેઈનફ્રેમ સિસ્ટમમાં ઉપયોગ થઈ શકે છે.

## 8.7 પ્રોપરાઈટરી સોફ્ટવેરના લાભાલાભો (Advantages of Proprietary Software)

પ્રોપરાઈટરી સોફ્ટવેર વિવિધ પ્રકારે બજારમાં પ્રોફેશનલી એટલે કે વ્યવસાયિક ધોરણે ઉપલબ્ધ હોવાથી તેના લાભો પણ છે અને સાથોસાથ તેની મર્યાદાઓ પણ છે જે વિશેની સમજ નીચે મુજબ આપેલ છે.

### 8.7.1 પ્રોપરાઈટરી સોફ્ટવેરના લાભો :

- આ સોફ્ટવેર નાના અને પ્રાથમિક લેવલની જરૂરિયાત મુજબ ખાસ બનાવવામાં આવતા હોય, ખાસ જરૂરિયાત પૂર્ણ થાય છે.
- જે તે સંસ્થાની જરૂરિયાત અનુસાર બનાવવામાં આવેલ હોય ઉપયોગીતા મુજબ બરાબર કામ આવે છે.
- બજારમાં તેનો ફેલાવો, ગુણવત્તા, ટકી રહેવા માટેની કિંમત તથા લાઈબ્રેરી સાયન્સના સિદ્ધાંતોનો અભ્યાસ કરી બનાવવામાં આવેલ હોય વિશ્વસનિયતા વધુ હોય છે.
- સમયાંતરે તેના ગ્રાહકો માટેની જરૂરી ફોલોઅપ અને તેના મેઈન્ટેનન્સ માટેની સુવિધાઓ પૂરી પાડતું હોય ગ્રાહકને યોગ્ય સંતોષ મળી રહે છે.
- જ્યારે કોઈ અપડેટેડ વર્ઝન બહાર પડે ત્યારે તેના ક્લાઈન્ટ્સ/ગ્રાહકોને તેની માહિતી અને તે વર્ઝનની સેવાઓ વિનામૂલ્યો પૂરી પાડવામાં આવે છે.
- જરૂરી ટ્રેનિંગ તથા ટેક્નિકલ બાબતો સમજાવવાની વ્યવસ્થા જે-તે કંપની તરફથી પૂરી પાડવામાં આવે છે.
- તેને ઈન્સ્ટોલ કરવાના મેન્યુઅલ હાર્ડ કોપીમાં તથા સી.ડી. સ્વરૂપે પ્રાપ્ય હોવાથી ગમે તે સમયે તેનો અભ્યાસ કરી જરૂરી માહિતી મેળવી શકાય છે.

### 8.7.2 પ્રોપરાઈટરી સોફ્ટવેરની મર્યાદાઓ :

- સોફ્ટવેરની કિંમત વધુ હોવાથી બજેટના પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે છે.
- સોફ્ટવેર ખરીદનાર ક્લાઈન્ટ / ગ્રાહકને હંમેશા જે તે કંપની પર આધારિત રહેવું પડે છે.
- સોર્સ કોડ કોઈ ખરીદનાર ગ્રાહકને ન મળતો હોવાથી જરૂરી ફેરફારો (કસ્ટમાઈઝેશન) આપણી રીતે કરી શકાતા નથી.
- અમુક વખતે કોઈ ટેક્નિકલ ક્ષતિ ઉદ્ભવે ત્યારે કંપની પર આધારીત હોવાથી તેના નિરાકરણમાં જરૂર કરતા વધુ સમય લાગી શકે છે.
- વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (એ.એમ.સી.) લેવો જરૂરી હોય તેમાં પણ આર્થિક રીતે ખર્ચ કરવો પડે છે.

<u>**તમારી પ્રગતિ ચકાસો**</u>

નોંધ : **i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

(1) ઓપન સોર્સ સોફ્ટવેર એટલે શું ? ટૂંકમાં જવાબ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) પ્રોપરાઈટરી સોફ્ટવેર એટલે શું ? ટૂંકમાં જવાબ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) ઈન્ટીગ્રેટેડ લાઈબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે કયા કયા ઓપન સોર્સ સોફ્ટવેર વપરાય છે ? ફક્ત નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) ડીજીટલ લાયબ્રેરી સોફ્ટવેર તરીકે કયા કયા ઓપન સોર્સ સોફ્ટવેર વપરાય છે ? ફક્ત નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(5) કન્ટેન્ટ મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે કયા કયા ઓપન સોર્સ સોફ્ટવેર વપરાય છે ? ફક્ત નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

- **સ્વાધ્યાયના પ્રશ્નો :**

(6) ઈન્ટીગ્રેટેડ લાઈબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે કયા કયા ઓપન સોર્સ સોફ્ટવેર વપરયા છે ? વિસ્તૃત ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(7) ડીજીટલ લાઈબ્રેરી સોફ્ટવેર તરીકે કયા કયા ઓપન સોર્સ સોફ્ટવેર વપરાય છે ? વિસ્તૃત ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(8) કન્ટેન્ટ મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે કયા કયા ઓપન સોર્સ સોફ્ટવેર વપરાય છે ? વિસ્તૃત ચર્ચા કરો

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(9) પ્રોપરાઈટરી સોફ્ટવેર વિશે વિસ્તૃત ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(10) ઓપન સોર્સ સોફ્ટવેરના ફાયદા – ગેરફાયદાઓ જણાવો.

.................................................................

.....................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(11) પ્રોપરાઈટરી સોફ્ટવેરના ફાયદા – ગેરફાયદા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(12) નીચેનામાંથી કયો સોફ્ટવેર ઓપન સોર્સ સોફ્ટવેર નથી ?

(અ) ગ્રીન સ્ટોન (બ) વીનાઈસીસ **(ક) એલીસ** (ડ) દ્રુપલ

(13) નીચેનામાંથી કયો સોફ્ટવેર પ્રોપરાઈટરી સોફ્ટવેર છે ?

**(અ) એબીસીડી** (બ) ડિસ્પેઈસ (ક) જુમલા (ડ) લીબસીસ

(14) કયો સોફ્ટવેર ઈન્સ્ટીટ્યુશન રિપોર્ઝીટરી તરીકે વપરાય છે ?

(અ) સીડીએસઆઈએસઆઈએસ (બ) પીએમબી

(ક) સંજય **(ડ) ડિસ્પેઈસ**

(15) નીચેનામાંથી કયો સોફ્ટવેર ઈન્ફ્લીબનેટ દ્વારા નિર્મિત છે ?

(અ) સંજય (બ) મૈત્રી **(ક) સોલ** (ડ) કોહા

(16) ઓપન સોર્સ સોફ્ટવેરમાં સોર્સ કોડ વિનામૂલ્યે મળે છે. હા / ના માં જવાબ આપો.

**હા** / ના

## 8.8 સારાંશ (Summary)

ગ્રંથાલય યાંત્રિકીકરણ માટે અનેક પ્રકારના ઓપન સોર્સ સોફ્ટવેર તથા પ્રોપરાઈટરી સોફ્ટવેર ઉપલબ્ધ છે. આધુનિક સમયમાં ગ્રંથાલય યાંત્રિકીકરણ દેશના અને દુનિયાનાં લગભગ બધા શૈક્ષણિક સંસ્થાનો, વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો, શાળાઓ, જાહેર ગ્રંથાલયો, વિશિષ્ટ સરકારી તેમજ સામાજિક સંસ્થાઓ જેવા વિવિધ ક્ષેત્રોમાં થઈ રહ્યો છે, ત્યારે આપણા ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના પ્રમાણેનું ડીજીટલ ભારત બનાવવા અને શિક્ષણના તથા ગ્રંથાલયના માધ્યમથી ઉપરોક્ત સોફ્ટવેર દ્વારા મહત્તમ જ્ઞાનપ્રાપ્તિ થકી સમૃદ્ધ અને જ્ઞાનવાન ભારતનું નિર્માણ કરવામાં આ પ્રકારના ટેક્નોલોજીયુક્ત ગ્રંથાલયો અને કૌશલ્યયુક્ત ગ્રંથપાલોના યોગદાનથી પ્રાચીન અને આધુનિક ગ્રંથાલયોનું નિર્માણ થઈ રહ્યું છે તે માટે ઉપર્યુક્ત સોફ્ટવેરનો સિંહફાળો રહ્યો છે.

## 8.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answer of Self-check Exercise)

(1) ઓપન સોર્સ સોફ્ટવેર અથવા તો ખુલ્લા સ્રોત સોફ્ટવેર એટલે એવા સોફ્ટવેર કે જે ઈન્ટરનેટના માધ્યમથી ઉપયોગકર્તાઓને સીધા જ ઉપયોગ કરવા મળી શકે છે. જેના તમામ સોર્સકોડ લાઈસન્સ સાથે મુક્ત રીતે ઈન્ટરનેટ પર પ્રાપ્ત હોય છે. આ પ્રકારના સોફ્ટવેરથી ગ્રંથાલયની આંતરિક વ્યવસ્થાઓ એટલે કે ઈન હાઉસ એક્ટિવીટીઝને સુચારુ રીતે યાંત્રિકીકરણ કરી માહિતીનું સરળતાથી આદાન–પ્રદાન કરી શકાય છે. ઓપન સોર્સ સોફ્ટવેર એ નફો કરવા માટે નહીં પણ વિશ્વમાં જ્ઞાનનું સરળતાથી આદાન–પ્રદાન થાય તે હેતુ બનાવવામાં આવેલ સોફ્ટવેર છે. જેમાં વપરાશકર્તાઓને તેનો ઉપયોગ, ફેરફાર તથા જરૂરી સુધારા કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ થઈ શકે છે.

(2) ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલા અનેક લાઈબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેર હાલ વપરાય રહ્યા છે. જેમાં અગાઉ જોઈ ગયા તેમ ઓપન સોર્સ સોફ્ટવેર કે જે વિનામૂલ્યે ઈન્ટરનેટ પર પ્રાપ્ય હોય છે અને જેનો સોર્સ કોડ અને લાઈસન્સ પણ વિનામૂલ્યે પ્રાપ્ત થતો હોય છે. જ્યારે પ્રોપરાઈટરી સોફ્ટવેર એટલે એવા સોફ્ટવેર કે જે લાઈબ્રેરી મેનેજમેન્ટ સોફ્ટવેર તરીકે વપરાય છે અને બજારમાં જે સોફ્ટવેર અમુક કંપની દ્વારા તૈયાર કરવામાં આવે છે અને જેને કોમર્શિયલ હેતુ એટલે કે વ્યાવસાયિક હેતુથી તેની રકમ વસુલ કરી ક્લાઈન્ટ એટલે કે ગ્રાહકોને વેચાણ કરવામાં આવે છે. જેના સોર્સ કોડ તથા લાઈસન્સ જે તે વેચાણ કરતી કંપનીનાં અધિકૃત હોય છે.

(3) 1. સી.ડી.એસ./આઈ.એસ.આઈ.એસ. – CDS/ISIS
2. વીનાઈસીસ – WINISIS
3. કોહા – KOHA
4. ન્યુજનલીબ – NEWGENLIB
5. પીએમબી – PMB
6. ઓપનબીબ્લીઓ – Openbiblio
7. એવરગ્રીન – EVERGREEN
8. એબીસીડી – ABCD

(4) 1. ગ્રીનસ્ટોન – GREENSTONE
2. ડીસ્પેઈસ – DSPACE
3. ફેડોરા – FEDORA
4. ઈપ્રિન્ટ – EPRINT

(5) 1. જુમલા – JOOMLA
2. દ્રુપલ – DRUPAL

## 8.10 ચાવીરૂપ શબ્દો (Key Words)

- **ગ્રંથાલય યાંત્રિકીકરણ :** આપમેળે અથવા પોતાની રીતે સ્વયં-સંચાલિત યંત્ર દ્વારા કોઈ નિશ્ચિત કાર્યો કરવાની અથવા થતી પ્રક્રિયાને સ્વયં-સંચાલન અથવા ઓટોમેશન અથવા તો યાંત્રિકીકરણ કહેવામાં આવે છે.
- **ઓપન સોર્સ સોફ્ટવેર :** એવા સોફ્ટવેર કે જે ઈન્ટરનેટના માધ્યમથી ઉપયોગકર્તાઓને સીધા જ ઉપયોગ કરવા મળી શકે છે.

- **પ્રોપરાઈટરી સોફ્ટવેર :** એવા સોફ્ટવેર કે LMS તરીકે વપરાય છે અને બજારમાં જે સોફ્ટવેર અમૂક કંપની દ્વારા તૈયાર કરવામાં આવે છે અને જેને કોમર્શિયલ હેતુ એટલે કે વ્યાવસાયિક હેતુથી તેની રકમ વસુલ કરી ક્લાયન્ટ એટલે કે ગ્રાહકોને વેચાણ કરવામાં આવે છે.

## 8.11 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Further Reading)


Obajemu A. S. (2013). Library software products in India. A survey of uses and assesment from Internatinoal Journal of Library and Information Science. Vol. 5(5). pp.113-125. www.academicjournals.org/ijlis.

Ukachi Ngozi B. (2014). Library automation and use of open source software to maximize library effectiveness from information and knowledge managment. Vol. 3(4).

Wikipedia (2020) http://em.m.wikipedia.org/wiki/integrated_library_system

Engrand, N. C. (2011). Book review on practical open source software for libraries by Ariadne issue 66. http://www.ariadne.ac.uk/issue66/rafiq-rvw/ accessed on 23rd March 2020.

Gbdirect (2011). Benifits of using open source software. http://open-source.gbdirect.co.uk/migration/benifit.html accessed on 25th March 2020.

Aswal, L. O. (2006). Library automation for 21st century. New Delhi. Ess Publication. pp. 5-8.

Rahit Amitkumar (2017). A Comarative study of open source software and properitory software. http://www.ijirg.com/ijirg/2017/03/24/a-comparative-study-of-open-source-software-and-proprietary-software-in-libraries/ accessed on 13th February 2020.


★ ★ ★

# એકમ 9

# સોલ 2.0, કોહા, ન્યુજેનલિબ : વિવિધ મોડ્યુલ્સ અને મૂલ્યાંકન

## રૂપરેખા


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 સોલ

9.2.1 સોલ (SOUL)ની લાક્ષણિકતાઓ

9.2.2 મોડ્યુલ્સ (Modules)

9.3 કોહા

9.3.1 કોહાનો ઈતિહાસ

9.3.2 વિશેષતાઓ

9.3.3 કોહાનું સ્થાપત્ય (Koha Architecture)

9.3.4 કોહાના મોડ્યુલ્સ

9.3.5 ખાસ લાક્ષણિકતાઓ

9.4 ન્યુજેનલિબ

9.4.1 લાક્ષણિકતાઓ – સુવિધાઓ

9.4.2 સંપાદન (Acquisition Module)

9.4.3 કેટલોગિંગ (Cataloguing Module)

9.4.4 પરિક્રમણ (Circulation)

9.4.5 સિરિઅલ મેનેજમેન્ટ (Serial Cant.)

9.4.6 વહીવટ (Administration)

9.4.7 અન્ય ઉપયોગિતાઓ

9.5 સારાંશ

9.6 તમારી પ્રગતિ ચકાસો

9.7 ચાવીરૂપ શબ્દો

9.8 સંદર્ભો અને વિશેષ વાંચન


## 9.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અધ્યયન કર્યા પછી તમે આ બાબતથી સક્ષમ બનશો.

- સૉફ્ટવૅર સાથે સંકળાયેલી સામાન્ય વિભાવનાઓ સમજવામાં.
- મહત્ત્વના ઓપન સોર્સ સૉફ્ટવૅર અને પ્રોપરાયટરી સૉફ્ટવૅરના મહત્ત્વના પાસાંઓ સમજવામાં.
- કૉમ્પ્યૂટર સૉફ્ટવૅર કઈ પદ્ધતિ દ્વારા વિકસાવવામાં આવે છે તે જાણી શકવામાં.
- તમારી બધી જ જરૂરિયાતો પૂરી પાડી શકે તેવા સૉફ્ટવૅર પેકેજીસને શોધી કાઢવામાં.

## 9.1 પ્રસ્તાવના (Introduction)

તમે આ અભ્યાસક્રમના આગળના એકમમાં હાર્ડવૅર અને સૉફ્ટવૅર જેવાં પદોથી જાણકાર થઈ ગયા છો. સંક્ષિપ્તમાં હાર્ડવેર પદનો ઉપયોગ કૉમ્પ્યૂટર પદ્ધતિના ભૌતિક સાધનો તરફ નિર્દેશ કરે છે અને સૉફ્ટવૅર પદ સામાન્ય રીતે પ્રોગ્રામોના પ્રકાર અથવા સૂચનાઓની યાદી દર્શાવે છે કે જેની કૉમ્પ્યૂટર પદ્ધતિને ડેટા પ્રક્રિયા કરવાની શક્તિ મેળવવા જરૂર પડે છે.

સામાન્ય રીતે સૉફ્ટવૅર પૅકેજ એટલે કોઈ પ્રોગ્રામોનો સેટ તૈયાર કરાય. કોઈ ચોક્કસ કાર્યને અથવા કાર્યના જથ્થાને પૂર્ણ કરવા ઘણાં પ્રોગ્રામ સેટ દ્વારા તે તૈયાર થાય છે તેમજ ઘણાં કાર્યોને તેમાં આવરી લેવામાં આવે છે.

પરંપરાગત રીતે સૉફ્ટવૅર્સનું નિર્માણ અનુભવી પ્રોગ્રામર્સ દ્વારા સંસ્થાની અંદર થાય છે. પરંતુ તેઓ લાંબો સમયગાળો લઈ લે છે. એનું મુખ્ય કારણ કૉમ્પ્યૂટર પ્રોગ્રામર્સ ગ્રંથાલયમાંની વિવિધ નિભાવ પ્રક્રિયાઓથી અજાણ હોય છે. આ માટે તેમણે સમજણ કેળવવી પડે છે અને તેમને વારંવાર ફેરફારની જરૂર પડે છે.

સૉફ્ટવૅર પૅકેજની ખરીદી માટે બીજો વિકલ્પ છે, સુધારા–વધારા કરી શકાય તેવા પૅકેજ પ્રોગ્રામ દ્વારા પદ્ધતિ વિકાસાવવી. આ પ્રોગ્રામમાં મહત્ત્વના પ્રોગ્રામનો જથ્થો રહેલો છે. જે એવી રીતે લખાયેલ છે કે જે ક્રિયાત્મક ઉપયોગમાં લેતાં પહેલાં આ પ્રોગ્રામને સારી રીતે સમજવા ખરેખર જરૂરી છે.

વ્યાપારિક ધોરણે ઉપલબ્ધ ચોક્કસ એપ્લિકેશન સૉફ્ટવૅર ખરીદવાનો એક મોટો ફાયદો એ છે કે સમય અને પૈસાની બચત થાય છે. સમસ્યા શિક્ષણ ટીમ દ્વારા કોઈપણ સમસ્યા ઝડપી ઉકેલવામાં આવે છે.

## 9.2 સોલ (SOUL) Software for University Library :

કૉલેજ અને યુનિવર્સિટીની આવશ્કયતાઓને ધ્યાનમાં રાખીને સેન્ટર દ્વારા એક અદ્યતન ટૅક્નૉલૉજી દ્વારા લાયબ્રેરી મેનેજમેન્ટ સૉટવૅર વિકસાવવામાં આવ્યું છે. તે યુઝર ફ્રેન્ડલી સૉફ્ટવૅર કલાયન્ટ સર્વર એન્વાયમેન્ટ હેઠળ વિકસાવવામાં આવ્યું છે. સૉફ્ટવૅર અઝ્યુબેશન, બીબ્રીઓમેટ્રીક ફોર્મેટ અને નેટવર્કીંગ માટે આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલનું પાલન કરે છે. આ વ્યાપક અભ્યાસ પછી તેમજ દેશના વરિષ્ઠ વ્યાવસાયિકો સાથે ચર્ચા કરી અને પછી વિકસાવવામાં આવેલ છે. આ સૉફ્ટવૅર ફક્ત યુનિવર્સિટી માટે જ નહીં પરંતુ દરેક જાતના ગ્રંથાલયો તેમજ કોઈપણ કદના ગ્રંથાલયો માટે ઉપયોગી છે.

સોલ સૉફ્ટવૅર પ્રથમ સંસ્કરણ Caliber (કેલીબર) 2000 દરમ્યાન રીલીઝ કરવામાં આવ્યું હતું. સોલ 1.0 નો ડેટાબેઝ MS SQL પર રચાયેલ છે અને તે MS SQL Server 7.0 અથવા તેનાથી ઉચ્ચ સંસ્કરણ સાથે સુસંગત છે. 2008 માં તેનું નવું સંસ્કરણ બહાર પાડવામાં આવ્યું. SOUL ના નવા સંસ્કરણ માટેનો ડેટાબેઝ MS SQL અને My SQL (અથવા કોઈપણ RDBMSના નવીનતમ સંસ્કરણો માટે રચાયેલ છે. આ SOUL 2.0 આંતરરાષ્ટ્રીય ધોરણો જેવાં કે MARC 21, Bibliographic format, UNICORD based Universal Character Set, મલ્ટી લેંગ્વેજ, બીબ્લીઓગ્રાફીક્સ રેકોર્ડ્સ અને એનસીઆઈપી 2.0 (NCIP 2.0) આધારિત પ્રોટોકોલ ઈલેકટ્રોનિક દેખરેખ અને નિયંત્રણ માટે સુસંગત છે.

### 9.2.1 સોલ (SOUL)ની લાક્ષણિકતાઓ :

– ભારતીય અને વિદેશી ભાષાઓ માટે યુનિકાર્ડ આધારિત બહુભાષીય સપોર્ટ તેમજ આંતરરાષ્ટ્રીય ધારા–ધોરણો અનુરૂપ છે.

- એન આર આઈ પી 2.0 પ્રોટોકોલ માટે RFID અને અન્ય સંબંધિત એપ્લિકેશન માટે ખાસ કરીને ઈલેક્ટ્રોનિક દેખરેખ અને સ્વયંસંચાલિત ચેક ઇન, ચેક આઉટ માટે સુસંગત છે.
- ક્લાયન્ટ સર્વર આધારિત આર્કિટેક્ચર તેમજ મૈત્રીપૂર્ણ વપરાશ થઈ શકે એમ છે. તેના માટે વ્યાપર તાલીમની આવશ્યકતા નથી.
- Bibliographic database મલ્ટી–પ્લેટફોર્મને સપોર્ટ કરે છે. જેમકે MS SQL, My SQLઅથવા અન્ય કોઈપણ RDBMS.
- ઈ–મટિરીયલ્સને પણ સુચિબદ્ધતા માટે સમર્થન આપે છે.
- ડિજિટલ લાયબ્રેરીની આવશ્યકતાઓને સમર્થન આપે છે. આ માટે તે ઓબ્જેક્ટને લિંક આપે છે.
- વિવિધ દસ્તાવેજોની ડેટા એન્ટ્રી માટે ડિફોલ્ટ નમૂનાઓ પ્રદાન કરે છે.
- ટેમ્પલેટ માટે પસંદગી અને ફોર્મેટ રિપોર્ટ જનરેટ કરવા માટે સ્વતંત્રતા પ્રદાન કરે છે.
- ઈમેલ દ્વારા રિપોર્ટ મોકલવા માટેની સુવિધા પ્રદાન કરે છે. વર્ડ, પીડીએફ, એક્સેલ વગેરે સ્વરૂપમાં રિપોર્ટ્સ સાચવવાની મંજૂરી આપે છે.
- તે ISO–2709 ધોરણ દ્વારા માહિતી વિનિમય સમર્થન આપે છે.
- તમામ મુખ્ય પરિભ્રમણ કાર્યો માટે સરઈ બજેટિંગ સિટિમ અને સિંગલ વિન્ડો ઓપરેશન પ્રદાન કરે છે.
- સ્ટૉક વેરીફીકેશન, બુક બેન્ક, ટ્રાન્ઝેકશન લેવલ વિસ્તૃત સુરક્ષા વગેરે વ્યાવહારિક જરૂરિયાતોને ટેકો આપે છે.

### 9.2.2 મોડ્યુલ્સ (Modules) :

સોલ 2.0 ના નીચેના મોડ્યુલો છે. દરેક મોડ્યુલને તેની કાર્યકારી આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે ઉપ–મોડ્યુલોમાં વિભાજીત કરવામાં આવ્યું છે.

#### 9.2.2.1 સંપાદન (Acquisition) :

આ મોડ્યુલ ગ્રંથાલયના કાર્યકર્તાઓને દરેક કાર્યો સરળતાથી પાર પાડવા માટે સક્ષમ છે. જેમકે, સૂચનોનું સંચાલન, આર્ડર આપવો, રદ કરવો, રિમાઇન્ડર આપવો, રસીદ બનાવવી, ચૂકવણી કરવી તેમજ બજેટનું નિયંત્રણ કરન્સી, વિક્રેતા અને પ્રકાશકો જેવી માસ્ટર ફાઈલ પણ બને છે તેમજ અહેવાલો પણ જનરેટ કરી શકાય છે.

આ મોડ્યુલ લાયબ્રેરીને વિભિન્ન સ્ત્રોતમાંથી નવીન પુસ્તકોની પ્રાપ્તિ અને પ્રક્રિયાની સુવિધા પૂરી પાડે છે. આ મોડ્યુલમાં લાયબ્રેરીના સંગ્રહ વિકાસની વૃદ્ધિના બધાં જ કાર્યોને સરળતાથી કરી શકવા માટેની સવલતો પૂરી પાડે છે. સભ્યો દ્વારા કરવામાં આવેલ માંગ અને વિક્રેતાઓ દ્વારા મોકલવામાં આવેલ પુસ્તકોના આધારે શીર્ષક પ્રાપ્તિ માટેનાં પ્રયત્નો કરાય છે. જ્યારે વિનંતીપત્ર તૈયાર કરવામાં આવે ત્યારે વાઙ્મયસૂચિ સંબંધિત માહિતી સંગ્રહવામાં આવે છે. જે ઓર્ડર આપવા માટે માહિતી પૂરી પાડે છે, તે પહેલેથી જ જો ડુપ્લિકેશન થતું હોય તો અટકાવી દે છે. આ મોડ્યુલ ગ્રંથાલયના વાર્ષિક બજેટ સાથે તાદાત્મ જાળવી રાખવા અને વિભિન્ન વિભાગમાં બજેટની વહેંચણી માટે સહાયક બને છે. આ મોડ્યુલ ગ્રંથાલયમાં વિવિધ અહેવાલો અને પત્રો તૈયાર કરવામાં સમર્થ બનાવે છે. જે ગ્રંથાલયના સંપાદન કાર્યને કાર્યક્ષમ બનાવે છે.

#### 9.2.2.2 કેટલોગ (Catalogue) :

કેટલોગ મોડ્યુલ ISO–2709નો ઉપયોગ કરીને MARC 21 ફોરમેટમાં કોપી કેટલોગિંગને સપોર્ટ કરે છે. તે ગ્રંથાલયના કાર્યકર્તાને નવી હસ્તગત કરેલ લાયબ્રેરીના સંસાધનોની પ્રક્રિયા કરવા માટે સુવિધા આપે છે. SOUL ડેટા એન્ટ્રી માટે કેટલોગકર્તાને ગ્રંથાલયની સામગ્રી માટે પોતાની

રીતે ટેમ્પલેટ બનાવી શકે છે. ટેમ્પલેટના લીડર અને ફિક્સ ફિલ્ડ મટો MARC 21 નો ઉપયોગ થાય છે. તેમાંથી ઉપયોગકર્તાના અલગ–અલગ રિપોર્ટ પણ બને છે. આ ડેટા અલગ–અલગ ભાષામાં પણ તૈયાર કરી શકાય છે.

એમ કહી શકાય કે આ મોડ્યુલ યુનિવર્સિટી કે કૉલેજ ગ્રંથાલયના સૂચિકરણ વિભાગમાં કરવામાં આવી બધી જ પ્રવૃત્તિઓને આવરી લે છે. તે સૂચિકરણ પ્રક્રિયા, સૂચિ શોધ ઉપભોક્તા સેવાઓ, અધિકાર ફાઈલ નિભાવ, પાશ્ચાતવર્તી (Retrospective) રૂપાંતર અને વિવિધ અહેવાલોનો સમાવેશ થાય છે. કોઈપણ પ્રલેખ SOUL માંથી ISO ફાઈલમાં અને SOUL માંથી SOUL ફાઈલમાં આયાત–નિકાસ કરી શકાય છે. સૂચિકરણ વિભાગમાં જરૂરી વિવિધ અહેવાલનો અહીં સમાવેશ કરવામાં આવેલ છે.

**9.2.2.3 પરિક્રમણ (Circulation) :**

આ મોડ્યુલ પરિક્રમણના તમામ કાર્યોની સંભાળ રાખે છે. મેમ્બરશીપ મેનેજમેન્ટ, લાયબ્રેરીના દસ્તાવેજો, ટ્રાન્ઝેકશન, ઈન્ટર લાયબ્રેરી ઓવરડ્યુ ચાર્જ, નવીનકરણ રિમાઈન્ડર્સ, દસ્તાવેજની સ્થિતિ, રિપૉર્ટ જનરેટરની સ્થિતિથી શરૂ થતાં આ મોડ્યુલને ડિઝાઇન કરવાની કાળજી રાખવામાં આવી છે. પરિક્રમણ મોડ્યુલ અને NIS U અને Interchange Photocol Version 2.0 સાથે સંપૂર્ણ સુસંગત છે.

આમ, પરિભ્રમણ વિભાગના આવશ્યક બધાં જ ઘટકોનો સમાવેશ કરે છે. પરિક્રમણ વિભાગમાં સામાન્ય રીતે કરવામાં આવતા કાર્યોનાં વિભિન્ન પાસાંઓ સંબંધી પ્રવૃત્તિઓ પ્રત્યેક પેટા એકમમાં ઉપલબ્ધ છે. અહીં દંડની રકમની ગણતરી કરવી અને તેના આધારે નીતિ વિષયક નિર્ણયો લેવા અને તેના અસરકારક અનુસરણ હેતુ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ આપોઆપ તૈયાર કરવા સંબંધિત સવલતો છે. આ એકમ નાણાકીય અને પરિભ્રમણ પ્રવૃત્તિઓ ઉપર અસરકારક નિયંત્રણ કરવામાં સહાયક થાય છે. આ મોડ્યુલમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(1) સભ્યપદ (Membership)

(2) સ્મૃતિપત્રો (Reminders)

(3) કાર્યવાહી (Transactions)

(4) આંતર–ગ્રંથાલય લેણદેણ (Inter-Library Loan)

(5) ઓવર ડ્યુ ચાર્જ (Over Due Charge)

(6) નિભાવ (Maintenance)

**9.2.2.4 Online Public Access Catalogue (OPAC) :**

સોલ સૉફ્ટવૅરના મુખ્ય આકર્ષણોમાંનું એક આકર્ષણ એ ઓપેક છે. ઓપેકમાં લેખક શીર્ષક કોર્પોરેટ સંસ્થા, કોન્ફરન્સનું નામ, વિષય, શીર્ષક, કી વર્ડ, વર્ગ નંબર, શૃંખલા, નામ, નંબર અથવા બે કે તેથી વધુ માહિતીમાંથી કોઈપણ સંયોજનનો ઉપયોગ કરીને વસ્તુની ન્યૂનતમ માહિતી સાથે સરળ અને અદ્યતન શોધ સુવિધા છે. મોડ્યુલમાં પ્રદાન કરેલા મુખ્ય કાર્યોમાં સરળ શોધ, બુલિયન શોધ, ઉન્નત બુલિયન શોધ છે. આ મેળવેલ ડેટા ડાઉનલોડ કરી અને તે પીડીએફ ફોર્મેટમાં મેળવી શકાય છે.

ઓપેકમાં સભ્ય સ્થિતિ પણ જાણી શકાય છે. સભ્યના કોડ દ્વારા સભ્યની અદ્યતન સ્થિતિ પ્રદર્શિત થાય છે. આ ઉપરાંત ગ્રંથાલયની રૂપરેખા, ગ્રંથાલયનું કેલેન્ડર, ઘોષણા, અન્ય ગ્રંથાલયો કે માહિતી કેન્દ્રો દ્વારા નિભાવવામાં આવતા ડેટાબેઝ અને ઈ–રિસોર્સના ઉપયોગ માટે પણ સમર્થન છે.

**9.2.2.5 સામયિક નિયંત્રણ (Serial Control) :**

લાયબ્રેરી માટે સામયિકનું સંચાલન એ સૌથી જટિલ પ્રક્રિયા છે. આ મોડ્યુલ લાયબ્રેરીમાં અસરકારક રીતે ટ્રેડ રાખે છે. આ નિયંત્રણ મોડ્યુલ એ KARDEX System પર આધારિત છે. સુચનો, મુખ્ય ડેટાબેઝ, લવાજમ, દરેક જનરલના એક–એક અંકની તપાસણી, ચૂકવણી, દરેકને રિમાઈન્ડર્સ આપવા, તેની બાંધણી વગેરે ધ્યાનમાં લેવાય છે. આ માટે ISO– 2709 નો ગ્રંથસૂચિ વિનિમય ફોર્મેટનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, આર્ટિકલ ઈન્ડેક્ષ તેમજ ઈલેક્ટ્રોનિક ર્નબસની પણ એન્ટ્રી થાય છે.

આમ, આ મોડ્યુલ ગ્રંથાલયમાં સામયિકોના નિયંત્રણપૂર્તિની તમામ સુવિધાઓ પૂરી પાડે છે. આ મોડ્યુલમાં નીચે મુજબનાં પેટા એકમો છે.

(1) સૂચનો (Suggestions)

(2) લવાજમ (Subscription)

(3) ચૂકવણી (Payments)

(4) મુખ્ય ડેટાબેઝ (Master Database)

(5) આંતરિક નિયંત્રણ (Check–in)

(6) સ્મૃતિપત્ર (Remainder)

(7) શોધ સ્થિતિ (Search Status)

(8) બાંધણી (Binding)

(9) શીર્ષક ઈતિહાસ (Title History)

(10) નિકાસ / આયાત (Export / Import)

(11) અહેવાલ (Reports)

**9.2.2.6 વહીવટ (Administration) :**

સોલ 1.0ના એડમિનીસ્ટ્રેટીવ મોડ્યુલમાં ઉપલબ્ધ સુવિધાઓ ઉપરાંત કેટલીક વધુ સુવિધાઓ 2.0 માં ઉમેરવામાં આવી છે. વિવિધ વપરાશકર્તાઓ અને લાયબ્રેરી સ્ટાફના અધિકારો અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈ આ મોડ્યુલને ત્રણ વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યું છે. જે યુઝર મેનેજમેન્ટ, સિસ્ટમ પરિણામો અને માસ્ટર આમ ત્રણ વિભાગ છે. આ એડ્મિનિસ્ટ્રેશન મોડ્યુલમાં નીચેના ત્રણ લક્ષણોનો સમાવેશ થાય છે.

– નીતિના આધારે ઉપયોગકર્તા જૂથ

– સિસ્ટમો પરના વ્યાવહારિક અધિકારો

– વપરાશકર્તાઓ માટે ટ્રાન્ઝેકશન સ્તરની સુરક્ષા

આમ, સોલ 2.0 એ સ્ટાન્ડર્ડ હોવાથી તેમાં આપ/ લે ઈલેક્ટ્રોનિક મટીરિયલ્સ જેમકે ઈ–જરનલ્સ, ઈ–બુક્સ તેમજ અન્ય મટીરિયલના ડેટા સેવ કરવા માટે પણ ઉપયોગી છે. ડિજિટલ ગ્રંથાલયની સવલતો જેમકે ફુલ ટેક્સ્ટ આર્ટિકલ માટે લિંક આપવા તેમજ સ્ટોક વેરીફિકેશન, બુક બેન્ક તેમજ ટ્રાન્ઝેકશન લેવલ વધારવા જેવી સવલતો પુરી પાડે છે.

## 9.3 કોહા સોફ્ટવેર (Koha Software)

કોહા એ પ્રથમ ઓપન સોર્સ સૉફ્ટવૅર છે. તે 1999 માં વિકસાવવામાં આવ્યું. કોહા એ ગ્રંથાલય પ્રણાલી માટેનું એક સર્વશ્રેષ્ઠ સૉફ્ટવૅર છે. જે યુ. એસ.એ, ન્યુઝીલેન્ડ, યુરોપ અને ભારતમાં વાપરવામાં આવે છે. સ્કુલ, કોર્પોરેટ વર્લ્ડ, પબ્લિક લાયબ્રેરી (જાહેર ગ્રંથાલયો) વગેરેમાં

વાપરવામાં આવે છે. પહેલેથી જ તેની કાર્યક્ષમતા માટે હંમેશા પ્રયત્નો થાય છે. તેમાં કેટલોગિંગ માટે માર્ક (MARC) અને 239.50ના ધોરણો અપનાવ્યા છે.

કોહા એ ઈન્ટિગ્રેટેડ લાયબ્રેરી સૉફ્ટવૅર છે, જેમાં સ્ટેટ ઓફ ધ આર્ટ બેઝ ઈન્ટરફેસ ઉન્નત સામગ્રી છે. તેમાં કી-વર્ડ્સ દ્વારા શોધવાની જોગવાઈ તેમજ વપરાશકર્તાના યોગદાન દ્વારા સતત અદ્યતન બનાવે છે અને RSS ફીડ્સ પણ પ્રદાન કરે છે. હાલમાં, કોહા પાસે ફ્રેન્ચ, ચાઈનીઝ, ઈટાલિયન અને સ્પેનિશ સહિત ચાર વિશિષ્ટ ભાષાની વેબસાઈટ્સ છે.

**9.3.1 કોહાનો ઈતિહાસ :**

કોહા સૉફ્ટવૅર મૂળ ન્યૂઝીલેન્ડમાં વિકસિત થયું હતું. જેને કાટીપો કૉમ્યુનિકેશન લિમિટેડ (Katipo Communication Limited) તરીકે ઓળખાય છે. તે સાલ 2000માં હોરોવેનુઆ લાયબ્રેરી ટ્રસ્ટ માટે તૈયાર કરવામાં આવ્યું હતું, પછી તેની સફળતાના કારણે તે વધુ લોકપ્રિય બન્યું છે અને અત્યારે તે લગભગ દરેક પ્રકારની લાયબ્રેરીમાં વિશ્વપ્રિય બન્યું છે. તે લગભગ 47 ભાષામાં સુલભ છે, તેમજ આંશિક રીતે 62 ભાષામાં ભાષાંતર કરવામાં આવે છે. જૂન 2016માં તેની લોકપ્રિયતાના લીધે 3.22.06મી આવૃત્તિ તૈયાર થઈ ગઈ છે.

કોહા સૉફ્ટવૅર કાટીપો કૉમ્યુનિકેશન (Katipo Communication) દ્વારા બનાવવામાં આવ્યું છે અને હોરોવેનુઆ (Horowhenua) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. તેનો વર્તમાન પ્રોજેક્ટ લીડર પેટ્રીક આઈલર (Leader Patrick Eyler) તેને સ્પોન્સર કરે છે અને ભંડોળ પૂરું પાડે છે. તે અપાચે (Apache) પર્લ (Perl) માય એસક્યુએલ (MySQL) પર નિર્ભર છે.

જીએનયુ (GNU) જનરલ પબ્લિક લાયસન્સ હેઠળ તે ઉપલબ્ધ હોવાથી તેને http://sourceforge.net/software/product/koha/, http://www.koha.org/download પરથી ડાઉનલોડ કરી શકાય છે. 2006 સુધીમાં કોહાને ત્રણ વાર અપડેટ કર્યું છે.

**9.3.2 વિશેષતાઓ :**

કોહા સૉફ્ટવૅર સમયાંતરે નવી સુવિધાઓ સાથે અદ્યતન બનાવે છે. આની જાણકારી માટે અવારનવાર વેબસાઈટની મુલાકાત લેવી જોઈએ.

– **સંપાદન (Aquisition) :**

  ભલામણો, ઓર્ડર પ્રાપ્ત કરવા, બજેટ, પુસ્તક ભંડોળ, સપ્લાયર્સ અને હૂંડિયામણના દર નક્કી કરવાની સંપૂર્ણ કાર્યક્ષમતા ધરાવે છે.

– **પરિક્રમણ (Circulation) :**

  વિશિષ્ટતાઓ તેમજ પરિક્રમણનાં નિયમો સાથેનું પરિક્રમણ મોડ્યુલ ગ્રંથાલય સામગ્રીની આપ-લે માટેનું સ્વસંચાલિત મોડ્યુલ ખૂબ જ શક્તિશાળી છે.

– **ઓપેક (OPAC) :**

  કોહા એક સ્પષ્ટ અને સરળ ઈન્ટરફેસવાળાં તત્ત્વો અને લક્ષણો ધરાવે છે. તે ગુગલ, એમેઝોન બુક્સ જેવાં સંગ્રહ સ્ત્રોતોને પણ સપોર્ટ કરે છે.

– **રિપોર્ટિંગ (Reporting) :**

  કોહા આર. ડી. બી. એમ. એસ.ને એક્સેસ પ્રદાન કરે છે, જેને કારણે આવશ્યકતા અનુસાર રિપોર્ટ જનરેટ કરી શકાય છે.

– **વૈવિધ્યપૂર્ણ વસ્તુનાં પ્રકાર (Customisable Item Types) :**

  કોઈપણ ગ્રંથાલયની જરૂરિયાતો અને પસંદગીના આધારે કેટલોગ આઈટમ પસંદ કરી શકાય છે.

– **બારકોડ (Barcode) :**

કોહા એ તમામ પ્રકારનાં બારકોડ, ક્યુઆર કોડ, આર. એફ. આઈ. ડી. અને અન્ય આવી સમાનતા ધરાવતી ટેક્નૉલૉજી સાથે તે સંપૂર્ણ રીતે સુસંગત છે.

– **મેટાડેટા (Metadata) :**

કોહા ગુણવત્તા સભર મેટાડેટા ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. આ મેટાડેટા ખૂબ ઝડપથી ફુલ ટેક્સ્ટ અનુક્રમણિકા માટે એન્જીનનો ઉપયોગ કરે છે.

– **માનકો (Standards) :**

કોહા યુનિમાર્ક, Z39.50 SRU / SW, માર્ક 21 જેવાં અનેક ધોરણોનો ઉપયોગ કરે છે.

– કોહા દ્વારા સ્વયં સંચાલિત ઈ-મેલ અને એસ. એમ. એસ. દ્વારા ઓવર ડ્યુની સૂચનાઓ પૂરી પાડવામાં આવે છે.

– કોહા લગભગ 62થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

**9.3.3 કોહાનું સ્થાપત્ય (Koha Architecture) :**

કોહા ક્લાયન્સ–સર્વર મોડેલ બેઝ છે. વિનક્સ–યુનિક્સ અથવા મેક ઓપરેટિંગ સિસ્ટમ્સ દ્વારા સર્વર ચાલે છે. કોહા માટે ડેબિયન લીનક્સ (Debian Linux) વધુ યોગ્ય છે. ક્લાયન્સને ઈન્સ્ટોલ કરવા માટે ફક્ત વેબ બ્રાઉઝર (ગ્રાફિક્સ બ્રાઉઝર)ની આવશ્યકતા હોય છે. કોહા નેટવર્ક પર કામ કરવા માટે ટીસીપી–આઈપી (TCP–IP) પ્રોટોકોલનો ઉપયોગ કરે છે. તે લો બેન્ડવીથ કનેક્શન સાથે પણ સારી રીતે કાર્ય કરે છે. તેની કનેક્ટિવિટી સાથે ટેલિફોન લાઈન, બ્રોડબેન્ડ કનેક્શન પણ ઉપયોગમાં લઈ શકાય છે.

કોહાનું સ્થાપત્ય ત્રણ સ્તરમાં થયેલું છે. જે સોફ્ટવેરને ત્રણ જુદાં જુદાં લેયરમાં વહેંચે છે.

– ડેટાબેઝ લેયર – તે ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમને સંચાલિત કરે છે.

– પ્રોસેસિંગ લેયર – તે યુઝર્સ દ્વારા જરૂરી પ્રક્રિયાઓ અને કાર્યવાહીનું સંચાલન કરે છે.

– ફોર્મેટીંગ લેયર – તે એચટીએમએલ ફોર્મેટમાં દેખાવ અને પ્રસ્તુતિ માટે નમૂના પ્રદાન કરે છે.

**9.3.4 કોહાના મોડ્યુલ્સ :**

**9.3.4.1 કોહા વહીવટ (Koha Administration) :**

કોહાના વહીવટીય મોડ્યુલ, કોહામાં પસંદગીનાં અને વિવિધ પરિમાણોને સેટ કરવા દે છે. તે આખી સિસ્ટમને સુઆયોજીત કરે છે અને કોહામાં થયેલાં કાર્યોને વ્યખ્યાયિત કરે છે. તે ખૂબ મહત્ત્વનું મોડ્યુલ છે કે જે માર્ક ફોર્મેટ, તારીષ વહીવટકર્તાઓનાં મેલ અને જુદાં જુદાં માળખાગત રીતે તૈયાર કરે છે.

**9.3.4.1.1 વૈશ્વિક સિસ્ટમ પસંદગી સુયોજીત કરવી (Setting Global System Preferences) :**

વૈશ્વિક સિસ્ટમ પસંદગી આયોજીત કરવી જરૂરી છે કે જે કોહાનાં કાર્યોને નિયંત્રિત કરે છે અને તેનાં પસંદગી પ્રમાણે મૂળાક્ષરો મુજબ ગોઠવી શકાય છે. આમાં,

– **સંપાદન (Aquisition) :**

સંપાદનમાં પ્રાધાન્ય, નાણાંનું આયોજન અને બંધારણ, યુનિક આઈટમ્સ, સ્થાનિક કર વગેરેની પસંદગી આપે છે.

– **વહીવટ (Administration) :**

આમાં જેવાં કે, વહીવટીય ઈ–મેલ, સરનામું, સત્ર સંગ્રહ, સર્ચ એન્જીનની પસંદગી સમય અને અન્ય બીજા પરિબળોને સેટ કરવાની મંજૂરી આપે છે.

– **અધિકારીત્વ (Authorities) :**

અધિકારીત્વ વિકલ્પ કે જેમાં માર્ક, યુનિમાર્ક, કન્ટ્રોલ, ફિલ્ડ્સ જેવાં રેકોર્ડને હેન્ડલ કરવા સબંધિત નક્કી કરવામાં આવે છે.

– **સૂચિ (Catalouging) :**

સુચિબદ્ધ કરવા માટે માર્ક, ફેલવ, Z39.50 રેકોર્ડના માળખા અને સ્પાઈન લેબલને આયોજીત કરવા સાથે આ સંબંધિત છે.

– **પરિક્રમણ (Circulation) :**

આ એક અગત્યનો વિકલ્પ હોવાથી જેમાં ચકાસણી, નીતિઓ, અભ્યાસક્રમ અનામત, દંડનીતિ, પૉલિસી માટેના વિકલ્પો પૂરા પાડવા સાથે સંબંધિત છે.

– **ઉન્નત સામગ્રી (Enhanced Content) :**

ગુગલ, ઓપેક, સ્ટાફ ક્લાયન્સ, એમેઝોન, બેકર અને ટેલર જેવાં બાહ્ય સ્ત્રોતમાંથી સામગ્રી ઉમેરવાને લગતી પસંદગી આપે છે. જેમાં IDream Libraries, HTML 5 Media, Tagging Pluging માટે પણ પસંદ કરી શકાય છે.

– **લોકલ યુઝ (Local Use) :**

ટેબમાં ફ્રેમવર્ક વર્ઝન વગેરે માટેની પસંદગી હોય છે.

– **ઓપેક (OPAC) :**

જે સક્ષમ અથવા અક્ષમ કરવાની સુવિધા આપે છે. તે નીતિ તેમજ ગોપનીયતા સુયોજિત કરે છે.

– **પેટ્રોન્સ (Patrons) :**

આ પસંગીથી સ્વસંચાલિત ઈ–મેલ, શીર્ષક શોધ, છબીઓ, નાનો પાસવર્ડ, લંબાઈ, સભ્યપદ નંબર, સેટીંગ જેવાં નિયંત્રણો સામેલ છે.

– **શોધ (Search) :**

શોધના પરિણામો પ્રદર્શિત કરવા, પસંદગી માટેનું ફોર્મ અને સ્ટોપ શબ્દોને દૂર કરવા માટેની મંજૂરી આપવા માટેની પસંદગીઓ કરવામાં મદદ કરે છે.

– **સીરીયલ (Serials) :**

એ લવાજમના સંચાલનથી સંબંધિત પસંદગીઓ આપે છે.

**9.3.4.1.2 કોહાના મૂળભૂત પરીમાણો (Basic Operating Parameters of Koha) :**

કોહાના મૂળભૂત પરિમાણો કોહાનું કાર્ય સંચાલન કરે છે અને તેને સેટ કરવા માટેની મંજૂરી આપે છે. આ સેટિંગ્સમાં કોહામાં કાર્ય કરવા માટે સેટ કરવું આવશ્યક છે.

– **ગ્રંથાલય અને જૂથો (Library and Groups) :**

કાર્ય શરૂ કરવા માટે પ્રથમ પગલું આ મૂળભૂત પરિમાણોને સુયોજીત કરવામાં આવેલાં છે, માટે દરેક ગ્રંથાલયો માટે વિગતો ઉમેરવામાં આવે છે અને તેને એક સિસ્ટમ દ્વારા વહેંચવામાં આવે છે. જ્યારે નવા ગ્રંથાલયને ઉમેરતા હોય ત્યારે તેના કોડ, સરનામુ, ગુણધર્મો અને આઈ.પી. પ્રદાન કરવું જરૂરી હોય છે. આ દરેક ગ્રંથાલયોનાં નામ, કોડ અને વર્ણન સાથે તેને ડોમેનમાં જૂથબદ્ધ કરી શકાય છે.

– **આઈટમનાં પ્રકાર (Types of Item) :**

આ પરીબળ દ્વારા દરેક આઈટમને અને તેના સંગ્રહને ગોઠવવાની પરવાનગી આપે છે. તેના પ્રકારને ભૌતિક સામગ્રીના સંદર્ભ આપે છે જેમ કે, પુસ્તક, સી.ડી., ડી.વી.ડી., ઓડિયો બુક કે મોટી પ્રિન્ટ વગેરે.

– **અધિકૃત મૂલ્યો (Authorised Values) :**

આ કેટેગરીમાં તે મૂલ્યોને નિયંત્રિત કરે છે. જે સૂચિકર્તાઓ દ્વારા માર્ક (MARC) ક્ષેત્રોમાં ઈનપુટ થઈ શકે છે.

**9.3.4.1.3 આશ્રયદાતા અને પરિક્રમણ પરિમાણ (Patron and Circulation Parameters) :**

– **આશ્રયદાતા શ્રેણીઓ (Patron Categories) :**

આમાં વિવિધ ભૂમિકાઓ, વય જૂથો અને આશ્રયદાતાનાં પ્રકારો પ્રમાણે ગોઠવવાની પરવાનગી આપવામાં આવે છે. તેમાં મુખ્ય છ શ્રેણીઓ છે. પુખ્ત, બાળકો, કર્મચારી, સંગઠનાત્મક, વ્યાવસાયિક અને આંકડાકીય.

– પરિક્રમણ અને દંડનાં નિયમોને પણ નક્કી કરવામાં આવે છે. ચેક—આઉટ, હોલ્ડ અને રિટર્નની પૉલિસી નક્કી કરવામાં આવે છે.

– કોઈપણ આઈટમ ગ્રંથાલયો વચ્ચે મોકલવા અને પ્રાપ્ત કરવા અને સંગ્રહ માટેનો કોડ સામેલ કરવા માટેની નીતિ આધારિત વસ્તુની આપ-લેની મંજૂરી અને મર્યાદાઓ નક્કી કરે છે.

– આઈટમ તેમજ આશ્રયદાતાનાં પ્રકારોના આધારે ચેક-ઈન – ચેક-આઉટ અને આઈટમના પ્રકારના નિયમો પ્રદાન કરે છે.

**9.3.4.1.4 સૂચિના પરીમાણો (Catalouging Parameters) :**

– **માર્ક ગ્રંથસૂચિ ફ્રેમવર્ક :**

કોહા પહેલેથી નક્કી કરાયેલ ફ્રેમવર્ક કે જેમાં ફેરફાર, ઉમેરવું કે કાઢી નાંખવાની સુવિધા આપતું ફ્રેમવર્ક છે અને કોઈપણ પોતાની લાયબ્રેરીની જરૂરિયાતના આધારે પોતાનું માળખું બનાવી શકે છે.

– **કોહાથી માર્ક આલેખન :**

તે એસ.ક્યુ.એલ. (SQL) ના વ્યાવહારિક ડેટાબેઝ અને માર્કની ગ્રંથસૂચિના રેકોર્ડ માટે આલેખની પરવાનગી આપે છે.

– **કિ-વર્ડ દ્વારા માર્ક આલેખન :**

માર્કના ફિલ્ડ અને તેનાં કિ-વર્ડ વચ્ચે આલેખન કરે છે. જે કિ-વર્ડ સ્વતંત્ર રીતે જુદાં જુદાં ડેટા શોધવા માટેનું એક માળખું આપે છે અને પહેલેથી નક્કી થયેલાં કિ-વર્ડને પણ માર્ક આલેખનમાં પરવાનગી આપે છે.

– **માર્ક ગ્રંથસૂચિના માળખાનું પરિક્ષણ (MARC Bibliographic Framework Test) :**

આ સાધન માર્કના માળખા અને તેની ફ્રેમવર્કને ચેક કરે છે. જો કોઈ બદલાવ હોય તો તેને ભૂલો દ્વારા ચકાસવાની ભલામણ કરવામાં આવે છે અને ફેરફાર કરવામાં આવે છે.

– **અધિકારના પ્રકાર :**

તે સત્તાવાળું માળખું તૈયાર કરી અને સંચાલન કરે છે. તે માર્કના રૅકોર્ડ્સ અને તેના ક્ષેત્રો ફિલ્ડ અને સબફિલ્ડને વ્યાખ્યાયિત કરે છે.

– **વર્ગીકરણનાં સ્ત્રોતો (Classification Sources) :**

આ વર્ગીકરણનાં સ્ત્રોતો જેવાં કે, કોલ નંબર યોજનાઓ કે જેનો ઉપયોગ ગ્રંથાલયના સંગ્રહમાં કરવામાં આવે છે અને કોલ નંબરનું સેટિંગ કરવા માટેનાં નિયમોને પણ તૈયાર કરે છે.

**9.3.4.1.5 સંપાદનનાં પરિમાણો (Aquisition Parameters) :**

– **ચલણ અને વિનિયમનાં દરો :**

તે ગ્રંથાલયમાં સંપાદન માટે ઉપયોગમાં લેવામાં આવતાં રોજબરોજનાં ચલણો અને વિનિયમનાં દરો નક્કી કરે છે.

– **બજેટ :**

તે ગ્રંથાલયનું વાર્ષિક બજેટ તૈયાર કરે છે અને એક્ટિવ અને અનએક્ટિવ બજેટ દર્શાવે છે.

– **ફંડ :**

બજેટમાંથી ફાળવવામાં આવેલા પેટા ગ્રંથાલય અને વિભાગો માટેના ભંડોળને વ્યાખ્યાયિત કરે છે.

**9.3.4.1.6 વધારાનાં પરિમાણો (Additional Parameters) :**

– **Z39.50 સર્વર વહીવટ :**

કોહા Z39.50 ની એક ડિફોલ્ટ સૂચિ પ્રદાન કરે છે જે સેટ કરી શકાય છે. તેને લાયબ્રેરીની જરૂરિયાત પ્રમાણે ઉમેરી કે કાઢી શકાય છે.

– **ડીડ યુ મીન વિકલ્પ (Did You Mean Option) :**

આ ઓપેક અને ઈન્ટ્રાનેટનાં સમર્થકો અને સ્ટાફ દ્વારા કરવામાં આવેલી શોધ માટે પ્લગઈનને પસંદ કરવાની મંજૂરી આપે છે.

નીચે તેના વિવિધ મોડ્યુલોની ટૂંકી ચર્ચા કરવામાં આવી છે.

**9.3.4.2 સંપાદન મોડ્યુલ (Acquisition Module) :**

આ મોડ્યુલ સામાન્ય રીતે આદેશ (ખરીદી માટેનો આદેશ), મેળવણીની દેખરેખ, ઈનવોઈન પ્રક્રિયા, પરિગ્રહણાંક અને ચુકવણી દેખરેખ સાથે વ્યવહાર ધરાવે છે.

**1. શીર્ષક ઉમેરવું (Enter Title) :**

લાયબ્રેરી માટે પુસ્તક ઓર્ડર કરતી વખતે પહેલાં શોધ મેનુ આવે છે. શીર્ષક શોધ મેનુમાં ટાઈપ કરવામાં આવે કે તરત તે ગ્રંથાલયમાં છે કે નહીં તેની તપાસ શરૂ કરે છે. સરખા શીર્ષક મળે તો તેમાંના બધાંની યાદી આગળની પ્રક્રિયા કરતાં પહેલાં ધ્યાનમાં લેવાય છે.

**2. ખરીદી માટે આદેશ (Ordering) :**

આદેશ આપતી વખતે સૂચિમાં વિગતો આપવામાં આવે છે. જેમાં શીર્ષક આવશ્યક હોય છે. ક્ષેત્ર, લેખક, કોપીરાઈટ, આઈએસબીએન વગેરે માહિતી આપવાની રહે છે. જે માહિતી પછી પણ ઉમેરી અથવા તો રદ કરી શકાય છે. જો શાખા જુદી જુદી હોય તો રિપ્લેસમેન્ટ ખર્ચ, બજેટ, ખર્ચ, ભરતીયું નંબર, નોટ્સ વગેરે માહિતી પૂરી પાડે છે.

**3. ઈનવોઈસ પ્રોસેસિંગ / એક્સેસિંગ (Invoice Processing / Accessing) :**

લાયબ્રેરી દ્વારા મેળવવામાં આવેલ ભરતી યાની વિગતો સૉફ્ટવૅરમાં દાખલ કરવાની જરૂર પડે તો સૉફ્ટવૅર આ વસ્તુઓ સ્વીકાર કરે છે. પુસ્તક, પ્રાપ્તિ, પરિગ્રહણાંક આપવા વગેરે આદેશની જાણકારી રાખે છે.

પરિગ્રહણ કાર્ય દરમ્યાન એકમ કિંમત, વળતર, હસ્તાંતરણ લાભ વગેરે જરૂર પડે તો સુધારી શકાય છે. વિવિધ ચલણ વિશેની વિગતો પણ તેમાં સામેલ છે. જે જરૂર મુજબ બદલી શકાય છે.

આ સૉફ્ટવૅર સ્વયંસંચાલિત રીતે પરિગ્રહણાંક તૈયાર કરે છે. એકવાર શીર્ષકનો પરિગ્રહણાંક થઈ જાય કે ડેટા તરત સ્વયંસૂચિમાં ઉપલબ્ધ થાય છે.

**9.3.4.3 કેટલોગિંગ મોડ્યુલ (Cataloguing Module) :**

કોઈ પુસ્તક કે લાયબ્રેરીમાં રહેલ અન્ય સામગ્રીની વિગતો વિશે માહિતી જોઈતી હોય તો આઈટમ નંબર દ્વારા અથવા બીજા ફિલ્ડ દ્વારા જેમ કે કીવર્ડ, શીર્ષક, લેખક, કલાસીફિકેશન નંબર, ડી.ડી. વગેરે દ્વારા શોધી શકાય છે. જો કોઈ વસ્તુ મેચ થતી હોય તો તેના પરિણામો પ્રદર્શિત થાય છે. જેમાં શીર્ષક, કોપીરાઈટ, લેખક, નકલોની સંખ્યા, ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે કે નહીં અને તે કોઈએ ઈસ્યુ કરાવેલ હોય તો ક્યારે પરત આવશે તેમજ જો પુસ્તક મેળવવું હોય તો તેની નોંધણી શક્ય થઈ શકે છે.

નવા ગ્રંથસૂચિ રૅકોર્ડ ઉમેરવાની મંજૂરી આપે છે. નવા રૅકોર્ડ ટેગ્સ દાખલ કરવાથી ખાલી નમૂના બતાવે છે. માળખું પસંદ કરતા તે આધારિત રૅકોર્ડ બતાવે છે. આમાં ઘણાં બધાં ફ્રેમવર્ક આપેલા હોય છે. જે સૂચિબદ્ધ કરવામાં મદદ કરે છે. ડુપ્લિકેટ રૅકોર્ડની સવલત હોવાથી સમય બચે છે.

**9.3.4.4 સભ્ય મોડ્યુલ :**

ભારતીય યુનિવર્સિટીઓમાં રજૂ થયેલા થીસિસ અને ડિઝર્ટેશન માટે ડેટાબેઝ શરૂ કરવામાં આવ્યો છે, જે વિવિધ વિષયોના 175330 રેકોર્ડ ધરાવે છે.

**9) અખબારોની યુનિયન યાદીઃ**

આ ડેટાબેઝ 70 રેકોર્ડ ધરાવે છે. તેમાં ટાઈટલ, એડિટરનું નામ, ઈ-મેલ, વેબ સરનામા, સહિતની માહિતી ધરાવે છે.

**10) ઈ પુસ્તકોનું ડેટાબેઝઃ**

તે લગભગ 1613 સંખ્યા રેકોર્ડ ધરાવે છે.

**11) સભ્યપદ મેળવેલ ગ્રંથાલયોની યાદીઃ**

સભ્યપદ મેળવેલ ગ્રંથાલયોની માહિતી ડિરેક્ટરીનો રેકોર્ડ પણ ઉપલબ્ધ છે.

**અન્ય સેવાઓઃ-**

- ઓનલાઈન કેમ્બ્રિજ શબ્દકોશ
- ડિજિટલ લાઈબ્રેરી ઓફ થીસિસ એન્ડ ડિઝર્ટેશન વર્ક્સ
- ODLIS: લાઈબ્રેરી અને માહિતી વિજ્ઞાનની ઓનલાઈન ડિક્શનરી

- GISTNIC ડેટાબેઝ
- MEDLINE અને NLM ડેટાબેઝ
- યુ. એસ. પેટન્ટ
- Full Text મેડિકલ જર્નલ
- ઓપન એક્સેસ જર્નલ્સ
- Full-Text Medical Books
- Learning Resources fro LIS Professionals
- વિશ્વની ડિજિટલ લાઈબ્રેરીઝ

**તાલીમ કાર્યક્રમો (Training Programmes)**

DELNET એ NIC (National Infromation Center)ની મદદથી સંયુક્ત રીતે Web Design , Internet search strategy વિષયો પર માસિક તાલીમ કાર્યક્રમનું આયોજન કરે છે. તેમજ મશીન રિડબલ કેટલોગ (MARC-21) અને ગ્રંથસૂચક ધોરણો જેવા કે AACR-2નું સંચાલન પણ કરે છે.

**પરિષદો, વ્યાખ્યાનો અને કાર્યશાળાઓ (Conferences, Lectures and Workshops)**

દેશના જુદા જુદા ભાગોમાં National Conference on Library and Information Networking દ્વારા આયોજીત વાર્ષિક પરિષદ અને કાર્યશાળાના નિયમિતપણે આયોજન DELNET દ્વારા કરવામાં આવે છે.

તદઉપરાંત DELNET દેશ અને વિદેશનાં જુદા જુદા ભાગોમાં કાર્યશાળા પ્રવચનોનું નિયમિત આયોજન કરે છે.

**ન્યૂઝલેટર**

DELNET, ગ્રંથાલય વ્યવસાયિકોને સંચાર કરવા માટે 'DELNET ન્યૂઝલેટર' નામે ન્યૂઝલેટર આવૃતી પ્રકાશિત કરે છે.

**સંશોધન**

DELNET દ્વારા MARC 21 ના વિકાસ માટે આંતરરાષ્ટ્રીયજ્ઞાન માપદંડના ધોરણે સહયોગ આપીને મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

DELNET ઓપન સોર્સ સોફ્ટવેર્સની હિમાયત કરી રહ્યું છે અને વર્તમાન સમયમાં કોહા (KOHA) અને ડી-સ્પેસ (D-Space)ના તાલીમ કાર્યક્રમો ચલાવવાનું આયોજન ધરાવે છે.

**તમારી જાતે ચકાસો**

**નોંધ : 1) તમારો જવાબ નીચે આપેલ જગ્યામાં લખો.**

**2) આ પ્રકરણમાં અંતે આપેલાં જવાબો સાથે તમારો જવાબ સરખાવો.**

**2) DELNET દ્વારા ઓફર કરવામાં આવતી વિવિધ સેવાઓનું વર્ણન કરો.**

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

### 11.3.3 ADINET (Ahmedabad Library Network)

અમદાવાદ અને તેની આસપાસના પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો વચ્ચે કામ કરવાની સહકારી પદ્ધતિ વિકસાવવા માટે Ahmedabad Library Network (ADINET)ની સ્થાપના 1994માં NISSAT (National Information System for Science and Technology)ની મદદ કરવામાં આવી.

ADINET માહિતી સ્ત્રોતોની વહેચણીને પ્રોસ્તાહન આપે છે અને સભ્યપદ મેળવેલ ગ્રંથાલયોને નેટવર્કિંગ સાધનો દ્વારા માહિતીને પ્રસારિત કરે છે. તેનો મુખ્ય હેતું તમામ પ્રકારના ગ્રંથાલયો જેવા કે શાળાઓ, કોલેજ, યુનિવર્સિટીઓ, સંસ્થાકીય ગ્રંથાલયો અને જાહેર ગ્રંથાલયો વગેરેની સહકરી એકસૂત્રતા જાળવી માહિતી સંસાધનોની વહેચણી સેવા પુરી પાડવી.

**ઉદ્દેશો (Objervation) :**

ADINET હેતુઓ નીચે મુજબ છે.

- અમદાવાદ અને તેની આસપાસની લાઈબ્રેરીઝ અને માહિતી કેન્દ્રોમાંનું જોડણ કરી સહકરી સેવાઓનુંપ્લેટફોર્મ પૂરું પાડવું.
- અમદાવાદ અને તેની આસપાસની એક અસરકારક નેટવર્કમાં આર્થિક, વૈજ્ઞાનિક અને તકનીકી માહિતી સિસ્ટમને એકીકૃત કરવા.
- અમદાવાદ અને તેની આસપાસની યોજનાઓ, નિષ્ણાંતો અને સંસ્થાઓના ડેટાબેઝને વિકસાવવા માટે તમામ વપરાશકર્તાઓના જૂથોમાં જાગૃતિ લાવવા અને તેમને માહિતીના ઉપયોગમાં શિક્ષિત કરવા.
- અમદાવાદ અને તેની આસપાસના પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રોમાં સ્ત્રોતોની વહેચણી અને પ્રોસ્તાહન આપવા માટે.
- કેન્દ્રિય ઓન લાઈન યુનિયન કેટલોગ ધરાવતી ગ્રંથસૂચક માહિતી, પુસ્તકો, શ્રેણીઓ અને તમામ ભાગ લેનાર પુસ્તકાલયોની બિન-પુસ્તક સામગ્રીની રચના અને જાળવણી
- માહિતી અને દસ્તાવેજોના વિનિમય માટે અન્ય પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક્સ, પુસ્તકાલયો , માહિતી અને દસ્તાવેજીકરણ કેન્દ્રો સાથે સંકલન માટે પસંદગી પ્રદાન કરવા.
- યોગ્ય સંગ્રહ વિકાસ માટેના પ્રયાસોને સંકલન કરવા અને શક્ય હોય ત્યારે બિનજરૂરી પુનરાવર્તન ઘટાડવા.
- માહિતી સ્ત્રોતોનો વિસ્તાર વિકસાવવો અને અમદાવાદ અને તેની આસપાસના વપરાશકર્તાઓની જરૂરિયાતોને યોગ્ય રીતે માહિતગાર કરવી.
- ગ્રંથાલય અને માહિતી કેન્દ્રોના વપરાશકર્તાઓ અન્ય વ્યક્તિઓ કે જેઓ તેમના વ્યવસાયની વિશિષ્ટ માહિતી મેળવવામાં વિવિધ વ્યવસાયોનો અભ્યાસ કરવા મદદ કરવી.

**સેવાઓ (Services):**

**અ) દસ્તાવેજ ડિલિવરી અને ઈન્ટર લાઈબ્રેરી લોન**

ADINET કોઈપણ સામયિક, પુસ્તક, અહેવાલ, થીમ્સ અને ઓન-વીડિયો મટિરિયલ જેવી નોન-બુક સામગ્રી શોધવા માટે રેફરલ સેન્ટર તરીકે કરે છે.

અમદાવાદ પ્રદેશના પુસ્તકાલયો વચ્ચે ઈન્ટર લાઈબ્રેરી લોનની સહાય કરે છે. આ ઉપરાંત, પ્રાદેશિક પુસ્તકાલયો દ્વારા પ્રાપ્ત થયેલ સામયિકોના લખોના ફોટોકોપી સેવા પુરી પડે છે.

**બ) લાઈબ્રેરી અને ઈન્ફોર્મેશન સાયન્સ માટે વર્તમાન સામગ્રીઃ**

(CUCOLIS)Current Content fro Library and Information Science

ADINET ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન સામયિકના સામગ્રી પૃષ્ઠોની એકીકરણને તૈયાર કરે છે અને સભાસદ પુસ્તકાલયોને યાદી પ્રદાન કરે છે. તેમજ પસંદ કરેલ લેખોની માંગના સંપૂર્ણ પાઠો પણ દસ્તાવેજ વિતરણ સેવા હેઠળ પ્રદાન કરવામાં આવે છે.

આ સેવા 19 મુખ્ય પ્રકાશકો પાસેથી મળેલી 5000થી વધારે સંખ્યા સામયિકો પર આધારિત છે.

**ડેટાબેઝ (Databases)**

ADINET એક રેફરલ સેન્ટર તરીકે કામ કરે છે અને અમદાવાદ અને તેની આસપાસની વિવિધ લાઈબ્રેરીઓમાં ઉપલબ્ધ તમામ ડેટાબેઝનું સંચાલન કરે છે. અમદાવાદ અને તેની આસપાસના 140 થી વધુ લાઈબ્રેરીઓ દ્વારા પ્રાપ્ત થયેલા 5500 વર્તમાન સામયિકોના ડેટાબેઝ પણ તૈયાર કાર્યો છે. તેને ગુજરાતમાં 2077 થી પણ વધારે પુસ્તકાલયોની ડિરેક્ટરી ડેટાબેઝ ને મુખ્ય કામગીરી કરી છે.

**લાયબ્રેરી પ્રોફેશનલ્સની શિક્ષણ અને કૌશલ્ય સુધારણા કાર્યક્રમો (Education and Skill Enhancement of Library Professionals)**

- ADINET વર્ષ દરમિયાન અનેક વ્યાવસાયિક પ્રવૃત્તિઓ કરે છે.
- લાઈબ્રેરી વિજ્ઞાનના નવા ગ્રેજ્યુએટસ વ્યાવસાયિક માટે CDS/ISIS સોફ્ટવેરના ટ્રેનિંગ અભ્યાસક્રમ ચલાવે છે.
- લાઈબ્રેરી વિજ્ઞાનના વ્યાવસાયિકોનો વ્યાવસાયિક માહિતી ડેટાબેઝને જાળવી રાખે છે.
- યોગ્ય નોકરી શોધવામાં ગ્રંથાલય વ્યાવસાયિકોને મદદ કરે છે અને યોગ્ય કર્મચારીઓની તેમની જરૂરિયાત માટે અનેક સંસ્થાઓ માટે સલાહકાર છે. તે સલાહકાર છે. તે સમયાંતરે નિકટવર્તી વિદ્વાનો અને વ્યાવસાયિકોના વ્યાખ્યાનો વર્કશોપ કાર્યક્રમોનું આયોજન પણ કરે છે.
- ઉપરાંત ADINET ગ્રંથાલયોનું કમ્પ્યૂટરાઈઝેશન, લાઈબ્રેરી દસ્તાવેજોનું વર્ગીકરણ, પુસ્તકોના લેબલિંગ અને સેલ્વિંગ, લાઈબ્રેરીના દસ્તાવેજોના સ્ટોક ચકાસણી, સ્ટાફ તાલીમ, લાઈબ્રેરી વિકાસ માટે આયોજન વગેરે જેવા વિવિધ સેવાઓ પૂરી પાડે છે.

**તમારી જાતે ચકાસો**

**નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.**

**(2) એકમનાં અંતે આપેલાં ઉત્તરો સાથે તમારા ઉત્તરને સમજાવો.**

**3) 'ADINET દ્વારા ઓફર કરવામાં આવતી વિવિધ સેવાઓનું વર્ણન કરો.**

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

## 11.4 સારાંશ (Summary)

આ એકમ સૂચિત કરે છે કે ભારતમાં કાળક્રમે થયેલાં ગ્રંથાલય નેટવર્કનો વિકાસ મુખ્યત્વે ઔદ્યોગિકરણ વિકાસની હરણફાળને આભારી છે. અહિં માહિતી સેવાઓની માંગમાં થયેલો વધારોએ માહિતી નેટવર્ક્સની લોકપ્રિયતા સૂચવે છે.

ભારતના વિવિધ ગ્રંથાલય નેટવર્ક્સ દેશ અને વિદેશમાં તેની પ્રવૃત્તિઓ અને સેવાઓનું વિસ્તરણ કરે છે. જેમકે દેશમાં INFLIBNET અને DELNETની પ્રવૃતિઓમાં મુખ્યત્વે ગ્રંથાલય સહભાગિતા, માહિતી ટેક્નોલોજી વગેરે શૈક્ષણિક ગ્રંથાલયો,

યુનિવર્સિટી ગ્રંથાલયોમાં મોટા પાયે કાર્યરત છે. જેની અહીં ચર્ચા કરવામાં આવી છે. તેમજ INFLIBNET, DELNET ADINET જેવા મહત્ત્વના નેટવર્ક્સની સેવાઓ હેતુઓ, ડેટાબેઝ, કાર્યક્રમો અને પ્રોજેક્ટ વિસ્તારથી સમજવામાં આવેલાં છે.

## 11.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**1) ગ્રંથાલય ઓટોમેશનના વિકાસમાં INFLIBNET મુખ્ય ભૂમિકા-**

**ગ્રંથાલય નેટવર્કિંગ :**

INFLIBNET એક રાષ્ટ્રીય સંસ્થા છે જે ભારતીય યુનિવર્સિટી ગ્રંથાલયોના ગ્રંથાલય ઓટોમેશનને પ્રોસ્તાહન આપી છે. INFLIBNET વિદ્વાનો, વિધાર્થીઓ અને સંશોધકો વચ્ચે વાતચીત માટે ઈન્ટરનેટ એક્સેસ કરવા માટે યુનિવર્સિટી ગ્રંથાલયો માટે લીઝ્ડ લાઈન પૂરી પડે છે. આ નેટવર્કના કરોડરજ્જુ તરીકે યુનિવર્સિટીઓ કોલેજો, યુજીસી માહિતી કેન્દ્રો, રાષ્ટ્રીય સંસ્થાઓ અને R & D સંસ્થાઓ વગેરે માહિતી કેન્દ્રો જોડાય છે.

**ગ્રંથાલય ઓટોમેશન :**

ભારતીય ગ્રંથાલયો માટે ગ્રંથાલય ઓટોમેશનના ઉકેલના ભાગરૂપે INFLIBNET એ SOUL Software વિકસાવ્યું છે જે સુપર માઈક્રો/મીની કમ્પ્યૂટર્સ ઉપર ચલાવવા માટે MS SQL – 7.0/2000 માં window system અને UNIX સંસ્કરણમાં વિકસાવવામાં આવ્યું છે.

**શિક્ષણઃ**

INFLIBNET ગ્રંથાલય ઓટોમેશન અને તાલીમ અભ્યાસક્રમો ચલાવે છે. અભ્યાસક્રમોનો સમયગાળો એક સપ્તાહનો છે. તે ગ્રંથાલય સ્ટાફ માટે સોફ્ટવેર તાલીમ પણ આપે છે. તે ડિજિટલ ગ્રંથાલયના ડીઝાઈન અને વિકાસમાં કાર્યશાળાઓ અને સેમિનારનું પણ સંચાલન કરે છે.

**2) DELNET તેના સભ્યો માટે નીચેની સેવાઓ આપે છેઃ**

- ઈન્ટર લાઈબ્રેરી લોન ઓનલાઈન
- Retro – Convesion અને ગ્રંથ સૂચક ડેટાબેઝનું નિર્માણ અને જાળવણી
- પરિષદો, વ્યાખ્યાનો અને કાર્યશાળાઓમાં તાલીમ કાર્યક્રમો.
- ન્યૂઝલેટર
- ઈન્ટરનેટ, ઈલેક્ટ્રોનિક મેલ અને વીડિયો- કોન્ફરન્સિંગ, ઓનલાઈન

ડેટાબેઝ જે ઓનલાઈન માહિતી એક્સેસ પુરો પડે છે.

- યુનિયન કેટલોગ ઓફ બુક્સ ઇન, કોમન કોમ્યુનિકેશન ફોર્મેટ (સીસીએફ)
- વર્તમાન સામયિકની યુનિયન સૂચિઃવિજ્ઞાન અને તકનીક, સામાજિક વિજ્ઞાન અને માનવતા જેવા વિષયો ધરાવે છે.

**3) UGC- INFLIBNET મુખ્ય લાક્ષણિકતાઓઃ**

- યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં માહિતી સેવા માટે પાયાની આર્કિટેક્ચર સુવિધા પુરી પાડવી.
- ફાઈબર ઓપ્ટિક લિંકસનો ઉપયોગ કરીને નેશનલવાઈડ પાર્થિવિયલ બેકબોન-વિકસાવવા.
- ઇન્ટિગ્રેટેડ સેટેલાઈટ WAN સહાયક બ્રોડબેન્ડ અને SCPC VSAT ટેક્નોલોજી વિકસાવવી.
- નેટવર્કના એકંદરે મોનીટરીંગ માટે સર્વગ્રાહી નેટવર્ક્સ વ્યવસ્થાપન સિસ્ટમો વિકસાવવી.
- સમગ્ર વિશ્વમાં અન્ય શૈક્ષણિક અને સંશોધન નેટવર્ક્સ સાથે જોડાણ.
- ફાયરવોલ્સ અને ઇન્ટુઝન ડિટેક્શન સિસ્ટમ્સનો ઉપયોગ કરીને ડેટા સિક્યોરિટી એન્ડ વાયરસ પ્રોટેકશન માટેની સેવાઓ આપવી.
- ડિસ્ટન્સ લર્નિંગ માટે બ્રોડબેન્ડ મલ્ટીમીડિયા અને વીડિયો ચેનલ્સ વિકસાવવા.

4) સંયુક્ત રાજ્ય અમેરિકામાં લાઈબ્રેરી નેટવર્કનો વિકાસ આજે સૌથી અદ્યતન સ્તર પર છે. જેનો શ્રેય ગ્રથાલય નેટવર્કિંના સફળ વિકાસ માટે ગ્રંથાલયો વચ્ચે સહકારની પરંપરાનો સમાવેશ થાય છે. 1960ના દાયકાના પ્રારંભથી ગ્રંથાલય ઓટોમેશનની ધારદાર રજૂઆતોથી 1970 અને 1980માં માહિતી વિજ્ઞાનની અને 1968માં લાયબ્રેરી ઓફ કોંગ્રેસ દ્વારા MARC ફોર્મેટના વિકાસએ નેટવર્ક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જેનાથી યુનાઇટેડ સ્ટેટ્સમાં OCLC, RLIN અને અન્ય સફળ નેટવર્કનો વિકાસ થયો.

USA માં OCLC એ એક બિન-લાભદાયી સદસ્ય સંગઠન છે, જે સમગ્ર વિશ્વમાં 84 દેશો અને 50540 ગ્રંથાલયોને સેવા આપે છે. તેનું મુખ્ય લક્ષ્ય ગ્રંથાલયો અને તેમના વપરાશકારો માટે સેવાઓ ઓફર કરવાનું છે. આજે OCLC ગ્રંથાલય ખર્ચ ઘટાડવા અને અગ્રણી વૈશ્વિક સહકારી ગ્રંથાલય બનવા માટે ગ્રંથાલયોને ઉચ્ચતમ જ્ઞાનસહયોગ દ્વારા મદદ કરે છે.

સંશોધન લાઈબ્રેરી ગ્રુપ (RLG) યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં એક

અન્ય મહત્ત્વપૂર્ણ ગ્રંથાલય નેટવર્ક છે જે "સંશોધન અને શિક્ષણને સમર્થન કરતી માહિતીની પહોચી વળવા" ના મિશનની પ્રતિબદ્ધતા ધરાવે છે. યુકે માં JANET એ (UKERNA) દ્વારા સંચાલિત ઉચ્ચ શિક્ષણ ભંડોળ પરિષદની સંયુક્ત માહિતી સમિતિ (JISC) દ્વારા સેવા સ્તર કરાર હેઠળ વિકસિત કરવામાં આવેલ નેટવર્ક છે.

યુનિવર્સિટી રિસર્ચ લાઈબ્રેરીઝના કાન્સોર્ટિયમ (CURL) એ UK ની યુનિવર્સિટી ગ્રંથાલયોમાં સહકારને વધારવા માટે સંપૂર્ણ ગ્રંથાલય નેટવર્ક છે. જેમાં JANET વિદેશમાં વૈશ્વિક ઈન્ટરનેટનો હિસ્સો છે. જે અન્ય દેશોમાં સમકક્ષ શૈક્ષણિક નેટવર્ક સાથે જોડાયેલ હોય છે. જે UK માં ઘણા વ્યાપારી નેટવર્ક્સ સાથે પણ જોડાયેલ છે.

## 11.6 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તરો સહિત) (Answer of Self Check Exercises)

1) NICNET ની સ્થાપના ક્યાં વર્ષમાં થઈ?

(A) 1978 (B) 1977 (C) 1976 (D) 1975

2) 1991માં નીચેનામાંથી કયા ગ્રંથાલય નેટવર્કની સ્થાપના થઈ?

(A) INFLIBNET (B) DELNET

(C) MYLIBNET (D) ADINET

3) 1995માં નીચેનામાંથી કયા ગ્રંથાલય નેટવર્કની સ્થાપના થઈ?

(A) ADINET (B) BALNET

(C) MYLIBNET (D) DELNET

4) DELNET 1988 માં NIC અને NISSAT દ્વારા શરુ કરવામાં આવી અને એક સોસાયટી તરીકે ક્યારે રજીસ્ટર થઈ?

(A) 1992 (B) 1991

(C) 1990 (D) 1989

5) Ahmedabad Library Netwrok (ADINET)ની વૃદ્ધિ DSIR & NISSAT દ્વારા ક્યારે કરવામાંઆવી?

(A) 1991 (B) 1992

(C) 1993 (D) 1994

6) કયા ગ્રંથાલય નેટવર્કે SOUL (Library Automation Software) નુંનિર્માણ કર્યું?

(A) DELNET (B) INFLIBNET

(C) MYLIBNET (D) BALNET

7) શોધગંગા એ કયા ગ્રંથાલય નેટવર્ક નો ડેટાબેઝ છે?

(A) DELNET (B) INFLIBNET

(C) MYLIBNET (D) BALNET

8) નીચેનામાંથી જે અલગ છે તેને ઓળખો.

(A) KOHA (B) VLTS

(C) SLIM + + (D) SOUL

9) INFLIBNETનું વડું મથક ગુજરાતમાં ક્યાં આવેલ છે?

(A) Ahmedabad (B) Gandhinagar

(C) Vadodara (D) Rajkot

10) નીચેનામાંથી કયો ઈ- થીસિસ માટેનો ડેટાબેઝ છે?

(A) શોધગંગા (B) શોધસિન્ધુ

(C) ઈ-પાઠશાલા (D) શોધગંગોત્રી

ઉત્તરો : 1 – B, 2 – A, 3 – C, 4 – A,
5 – D, 6 – B, 7 – B, 8 – A,
9 – B, 10 - A

---

## 11.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

---

**CAS (Current Awareness Services) :** સંશોધન કર્મચારીઓને તેમની રુચિના વિષયોમાં વર્તમાન વિકાસ માટે સહાય કરવા માટે રચવામાં આવેલી સેવા.

**સીડી રોમ ડેટાબેઝ (CD-ROM Databases) :** સીડી રોમ પર ઉપલબ્ધ માહિતીનું સંગઠિત સંગ્રહ કેન્દ્રિત ડેટાબેઝ છે. તે કેન્દ્રિત સ્ટોરેજ અને એકીકૃત સંદર્ભ માહિતીનો ઉપયોગ કરવા માટે વપરાય છે.

**કોન્સોર્ટિઆ (Consortia):** જે વ્યક્તિઓ દ્વારા ખાનગી રીતે માહિતી પ્રાપ્ત કરી શકાતી નથી, તેવા માહિતી સ્ત્રોતોની વહેચણીનો ોત છે. જમા સમકક્ષ ધ્યેયો પ્રાપ્ત કરવા માટે ગ્રંથાલયો અને અન્ય સંસ્થાઓ ભાગીદારી સાથે જોડાયેલ હોય છે.

**ડિજિટલ કલેક્શન (Digital Collection) :** ડિજિટલ કલેક્શન એ ડિજિટલ ફોર્મેટમાં માહિતી સામગ્રીઓનું એક જૂથ છે.

**દસ્તાવેજ ડિલિવરી સેવા (Document Delivery Service) :** એક એવી સેવા જેમાં ગ્રંથાલય દસ્તાવેજો, સંશોધનપત્રો, કોન્ફરન્સ પેપર, જર્નલ લેખો વગેરેની સંપૂર્ણ નકલો આપે છે.

**ઈ-રિસોર્સ (E-Resourcces) :** ઈલેક્ટ્રોનિક માહિતી સ્ત્રોતો જે ઈન્ટરનેટ દ્વારા એક્સેસ કરી શકાય છે.

**ગેટવે (Gateway) :** એક નેટવર્ક બિંદુ કે જે બીજા નેટવર્કના પ્રવેશદ્વાર તરીકે કામ કરે છે. જેમ કે સર્વર કે જેના દ્વારા કંપનીના લોકલ એરિયા નેટવર્ક પરના લોકો ઈન્ટરનેટ એક્સેસ કરે છે.

**ઈન્ટર લાઈબ્રેરી લોન (Inter Library Lone) :** ગ્રંથાલયોમાં એક સહકારી વ્યવસ્થા, જેના દ્વારા એક ગ્રંથાલય અન્ય ગ્રથાલયોમાંથી માલિકી ધરાવતી સામગ્રી ઉધાર લઈ શકે છે.

**ઈન્ટરનેટ : Internet:** આંતરિક રીતે જોડાયેલા નેટવર્ક્સનું વિશાળ સંગ્રહ જે તમામ TCP/ IP પ્રોટોકોલનો ઉપયોગ કરે છે અને જે 60 ના દાયકાના અંતમાં અને 70 ના દાયકાના ARPANET માંથી વિકાસ થયો.

**ઈન્ટરનેટઃ Internet:** કંપની અથવા સંગઠનની અંદર એક ખાનગી નેટવર્ક જે એક સરખા ઉપયોગ માટે હોય છે. જે ઈન્ટરનેટ તરીકે સોફ્ટવેર હોય છે. પરંતુ તે ફક્ત આંતરિક ઉપયોગ માટે છે અને વૈશ્વિક ઈન્ટરનેટ પર સીધું કનેક્ટ થયેલ નથી.

**MARC – મશીન વાંચવા યોગ્ય કેટલોગ :** MARC બંધારણો મશીન વાંચી શકે તેવા સ્વરૂપમાં ગ્રંથસૂચક અને સંબંધી માહિતીના પ્રતિનિધિત્વ અને સંચાર માટેના ધોરણો છે.

**Metropolitan Area Netwrok:** મેટ્રોપોલિટન / શહેર વ્યાપીય વિસ્તાર જેમ કે નગર કે શહેરમાં આવેલી ઈમારતો પર કમ્પ્યુટર્સનું એક નેટવર્ક ફેલાયેલું છે.

**Online Database :** ડેટાબેઝમાં રહેલ માહિતી જે દૂરવર્તી કમ્પ્યૂટરમાં સ્થિતિ છે આ માહિતીનો ઈન્ટરનેટ દ્વારા કોઈપણ સ્થળે ઉપયોગ કરી શકાય છે.

14) **Online Union Catalogues :** ઓનલાઈન ઉપલબ્ધ ગ્રંથાલયોનું યુનિયન કેટલોગ

15) **OPAC :** ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટલોગ તે પુસ્તકાલય સંગ્રહનું ઓનલાઈન સૂચિ છે. જે જાહેર જનતા માટે ઉપલબ્ધ છે.

16) **Resources Sharing:** ગ્રંથાલયની દુનિયામાં Resources Sharing અર્થ એ છે કે તમે વહેચાયેલ ડિજિટલ સ્ત્રોતો ખરીદવા સહકારી ગ્રંથાલયોના સંગ્રહને શેર કરવા વધુ લાઈબ્રેરીઓ સાથે સહયોગ કરી શકો છો.

17) **Retro Conversion Service:** પશ્ચાદવર્તી રૂપાંતરણ સેવા એવી સેવા છે જેમાં લાઈબ્રેરીના કાગળ સૂચિ રેકોર્ડને મશીન-વાંચી શકાય તેવા સ્વરૂપમાં રૂપાંતર કરી શકાય છે.

18) **SDI :** એસડીઆઈ એક વર્તમાન જાગૃતિ પદ્ધતિ છે જે વપરાશકર્તાને તેના ચોક્કસ ક્ષેત્રની તાજેતરના પ્રકાશનોની માહિતી સૂચિત કરે છે.

19) **Union Catalogues :** યુનિયન કેટલોગ એક કરતાં વધુ ગ્રંથાલયોના સંગ્રહ વિશેની મહિતી પ્રસ્તુત કરે છે.જેમાં ગ્રંથાલય જૂથો માટે તેમના સંગ્રહો વિશેની માહિતીને સુસંગત રીતે આપ-લે કરવા માટે અને Inter Library Loanના હેતુઓ માટેનો એક માર્ગ છે.

## 11.8 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Further Readings)


1. Balakrishnan, Shyam, Networking and the Future of Libraties. New Delhi: EssEss, 2000.

2. Basandra, Suresh K. Computer Today. New Delhi: Galgotia, 1999.

3. Kaul, S. Information resource sharing models in developing countries: a network Emerging from the World Bank supported environmental management capacity Building project. http://www.fh-potsdam.de/~IFLA/INSPEL/01-1kasu.pdf

11. National Commission on Libraries and Information Science. Towards a National Progress for Libraries and Information

Science. Towards a national Progress for Libraries and Information Services: Goals for Action. Washington: Govt. Printing Office, 1975.

5. Prasad, Kiran. Information and Communication Technology. New Delhi: BRPublishers, 2004

6. Ramamurthy, C.R. Globalisation and Library Information Networking. New Delhi: Author Press, 2003

7. Raman Nair, R. Information Technology for Participatory Development. New Delhi: Kaveri, 2003

8. Satyanarayana, R and T. N Rajan. "Information Networks: Structure and Operation with Reference to India". International Information Communication and Education, 19811. 156

**9. Websites**

INFLIBNET : http://www.inflibnet.ac.in

DELNET : http://delnet.nic.in

ADINET : www.alibnet.org

*

# BLOCK- 5

# પ્રેક્ટિકલ

# (Practical)

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# BLIS-108

## ગ્રંથાલય  યાંત્રિકીકરણ અને નેટવર્ક્સ.

**Library Automation and networks**

# વિભાગ

# 5

## પ્રેક્ટિકલ  (Practical)

---

**એકમ-12:  SOUL 2.0**

---

**એકમ-13: KOHA**

---

**એકમ-14:  NewGenlib**

---

**નિદર્શન :**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય　નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન :**

ડૉ. પ્રિયાંકી વ્યાસ　પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. ચેતના શાહ　ગ્રંથપાલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહ – સંપાદન :**

કિંજલ પરમાર　આસિસ્ટન્ટ પ્રોફેસર,ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**વિષય સમિતિ:**

**(2020-2022)**

ડૉ. પ્રિયાંકી વ્યાસ　પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ. પ્રયત્કર કાનડીયા　પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

ડૉ. અતુલ ભટ્ટ　પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**(2017-2019)**

ડૉ. વૈશાલી ભાવસાર　ગ્રંથપાલ, આણંદ એજ્યુકેશન કૉલેજ, આણંદ.

ડૉ. વૈદેહી પંડ્યા　ગ્રંથપાલ, હિંમતનગર લો કૉલેજ, હિંમતનગર.

ડૉ. યોગેશ પારેખ　ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**લેખન:**

ડૉ. ભરત ચૌધરી　આસિસ્ટન્ટ ગ્રંથપાલ, પંડિત દિનદયાલ યુનિવર્સિટી, ગાંધીનગર.

**વિષય પરામર્શન:**

ડૉ. યોગેશ પારેખ　ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**ભાષા પરામર્શન:**

પ્રિ. ધનશ્યામ કે. ગઢવી　નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા

ડૉ. સ્વાતિ શાહ　એસોસિયેટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**પ્રકાશક:** કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**ISBN :** 978-93-92139-35-2

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# એકમ 12 SOUL 2.0

**રૂપરેખા**


**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** હાર્ડવેરની જરૂરિયાત

**12.3** SOUL : મોડ્યુલ-1 સોલનું સંચાલન (એડમિનિસ્ટ્રેટર દ્વારા)

**12.3.1** ઉપભોક્તા સેટિંગ્સ

**12.3.2** સીસ્ટમ સેટિંગ્સ

**12.4** SOUL : મોડ્યુલ-2 સોલનું ગ્રંથાલય કર્મચારી દ્વારા સંચાલન

**12.4.1** પ્રાપ્તિ એકમ માસ્ટર

**12.4.1.1** વિક્રેતા સંચાલન

**12.4.2** સૂચિકરણ માસ્ટર

**12.4.3** ગ્રંથ આપ-લે માસ્ટર

**12.4.4** સામયિક નિયંત્રણ માસ્ટર

**12.4.5** સર્વસાધારણ માસ્ટર

**12.4.6** પરિગ્ગહણ

**12.4.6.1** પ્રાપ્તિ એકમ

**12.4.6.1.1** સૂચનો

**12.4.6.2** આદેશ પ્રક્રિયા

**12.4.6.2.1** આદેશ

**12.4.6.2.2** ચુકવણી

**12.5.** સૂચિકરણ

**12.5.1** લીડર એન્ટ્રી

**12.5.2** ગ્રંથનામ, શીર્ષક,આવૃત્તિ અને (લેખક)ની વિગતો

**12.5.3** મુખ્ય લેખક જો સરકારી પ્રકાશન હોય તો

**12.5.4** પ્રકાશકની માહિતી દાખલ કરવી

**12.5.5** શીર્ષકની (સંલેખ) એન્ટ્રી/કોપી એન્ટ્રીઃ

**12.6** આદાન-પ્રદાન

**12.6.1** સભ્યપદ

12.6.2 આપ-લે
12.7 ઓપેક શોધ (OPAC) ગ્રંથ-સામગ્રી શોધ
12.8 ક્રમિક પ્રકાશન નિયંત્રણ વ્યવસ્થા
12.9 અહેવાલો
12.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
12.11 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)
12.12 ચાવીરૂપ શબ્દો
12.13 સંદર્ભ અને વિશેષ વાંચન

## 12.0. ઉદ્દેશો (Objectives)

**પ્રસ્તુત એકમમાં આપણે**

- સોફ્ટવેરના વિવિધ મોડ્યુલનો પ્રાયોગિક ઉપયોગ વિવિધ પગલાં સાથે કરીશું.
- SOUL 2.0નું સંચાલન એડમિન દ્વારા તથા ગ્રંથાલય કર્મચારી દ્વારા કરીશું.

**એકમના અભ્યાસના અંતે વિદ્યાર્થી**

- SOUL 2.0 ગ્રંથાલય સોફ્ટવેરના વિવિધ મોડ્યુલનો ઉપયોગ કરતાં શીખશે.
- SOUL 2.0 ગ્રંથાલયમાં ગ્રંથ પસંદગીથી લઇ રિપોર્ટ સુધીના આંતરિક કાર્યો વિદ્યાર્થી જાતે કરી શકશે.

## 12.1. પ્રસ્તાવના : (Introduction)

વર્તમાન સમયમાં ગ્રંથાલય ક્ષેત્રની માંગમાં ઉદ્ભવેલ વિવિધ સ્વયં સંચાલિત કાર્યોનાં આયોજન માટે ગુજરાતમાં માહિતી અને ગ્રંથાલય નેટવર્ક ક્ષેત્રે સંકળાયેલ પ્રાદેશિક સંસ્થા ઇન્ફ્લિબનેટના સઘન પ્રયાસોથી ગ્રંથાલય સોફ્ટવેર 'સોલ' નો આવિષ્કાર થયો, જે અદ્યતન ગ્રંથાલયલક્ષી છે. જે સુપર માઇક્રો /મીની કમ્પ્યુટર્સ ઉપર ચલાવવા માટે MS-SQL-7.0/2000, Windows પર્યાવરણ ઉપર વિકસાવવામાં આવેલ છે. SOULમાં સુધારો શક્ય છે. નેટવર્કિંગ અને મલ્ટિલેંગ્વેજનો ઉપયોગ શક્ય છે. SOULનું સંચાલન સહેલું છે અને પૂર્ણ તાલીમ વગર પણ ગ્રંથાલય કર્મચારી ઝડપથી ઉપયોગ કરી શકે છે. તેમાં શોધ (Search) અને પૃચ્છા (alse) સગવડો સાથે વિવિધ કાર્યોને સુગ્રંથિત કરવામાં આવ્યાં છે.

## 12.2 હાર્ડવેરની જરૂરિયાત (HARDWARE REQUIREMENT)

SOUL 2.0 સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવા નીચે મુજબના કોમ્પ્યુટર કન્ફિગરેશની જરૂર પડે છે.

1. PROCESSOR : 1Ghz Fasher

2. Ram : 2 GB

12. Hard Disk Space : 20 GB

4. Operating System : Windows xp/7/10

5. Others : LAN અને ઇન્ટરનેટ જોડાણ

આ ગ્રંથાલયમાં સોફ્ટવેર, 6 એકમ 32 પેટા એકમોમાં વહેંચાયેલું છે. જેના વિવિધ મોડયુલનો પ્રયોગિક અભ્યાસ નીચે પ્રમાણે છે.

સૌ પ્રથમ આપણે સોલ સોફ્ટવેરના મોડ્યુલ વિશે સમજીએ, જે મુખ્ય બે વિભાગોમાં વિભાજીત કરવામાં આવેલ છે.

## 12.3 મોડયુલ -1 સોલનું પરિસંચાલન (SOUL Administration by Administrator)

ગ્રંથાલયના બધા જ પ્રકારના આંતરિક (In-house) કાર્યો સોફ્ટવેર સૂચન મુજબ ઉમેરો કરવો પડે છે. જેમકે, પ્રારંભિક માહિતી જાણવી જેમ કે, ગ્રંથાલય નામ, સરનામું ગ્રથપાલ, ફોન વગેરે. ત્યારબાદ દરેક પ્રકારનાં મોડ્યુલમાં ગ્રંથાલયનાં રોજબરોજના કામોની માહિતી જેમકે-ગ્રંથાલય ઉપભોક્તા, વિક્રેતા, સૂચિકરણ, વર્ગીકરણ, સામયિક લવાજમ, બજેટ વગેરે કાર્યો. ગ્રંથાલયની કામગીરી એ વિવિધ વિભાગોમાં વહેંચાયેલી હોય છે. જેનું અદ્યતન જ્ઞાન પણ હોવું અનિવાર્ય છે. જે આ પ્રથમ મોડ્યુલમાં ખૂબ જ સાવધાની રાખવી જોઈએ. મોડ્યુલ-2 માં ગ્રંથાલયના કર્મચારીઓ દ્વારા રોજબરોજનાં કાર્યોનો સમાવેશ થાય છે. જેમ કે ગ્રંથ આદાન-પ્રદાન વિભાગના કાર્યો ગ્રંથ સંગ્રહ વિભાગનાં કામો, સામયિક વિભાગનાં કાર્યો, તકનિકી વિભાગનાં કાર્યો, અદ્યતન સેવા વિભાગ અંગેનાં કાર્યો ગ્રંથાલયના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા કાર્યોની વિગત આ તમામ વસ્તુ સમજ્યા બાદ મોડ્યુલ -1 વિશે ગ્રંથપાલ દ્વારા સોફટવેરમાં માહિતીનું નિરૂપણ કેવી રીતે કરવું તે સમજીએ.

સૌ પ્રથમ કોમ્પ્યુટર ઉપર આવેલ SOUL 2.0 આઇકોન પર ક્લિક કરો અને માગ્યા મુજબ આપેલ યુઝર નામ -Superuser અને પાસવર્ડ -Su દાખલ કરો.




સૌ પ્રથમ લાયબ્રેરીની માહીતીની વિગત ઉમેરવાનું મોડ્યુલ ઓપન થશે. જેમાં આપણે સાવધાનીપૂર્વક આપણી ગ્રંથાલય કે સંસ્થાની મૂળ માહિતી દાખલ કરીશું, જે નીચે મુજબ છે.




માહિતી દાખલ કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન દેખાશે. માહિતી દાખલ કર્યા બાદ (ઈ-મેઈલ ફરજિયાત દાખલ કરવો) સેવ કરો.




ઉપરોક્ત મેનૂ સ્ક્રીન પર કુલ 7 ટેબ આપવામાં આવેલ છે. જેમાં સૌ પ્રથમ (Administration) પર ક્લિક કરો, જેથી બીજા 7 ટેબ કે પેટા વિકલ્પ ડિસપ્લે થશે. જેમાં પ્રથમ User setting પર ક્લિક કરો.




**12.3.1 ઉપભોક્તા સેટિંગ્સ (User Settings)**

**12.3.2 સીસ્ટમ સેટિંગ્સ (System Setting)**

### 12.3.1 ઉપભોક્તા સેટિંગ્સ (User Setting)

અહીં વપરાશકર્તાને વિવિધ મોડ્યુલની અધિકૃતતા આપી શકાય તથા નવા યુઝર્સ બનાવી શકાય છે એટલે કે અહીં યૂઝર્સને પાસવર્ડ, મોડ્યુલના હકો આપી, યૂઝર્સનું જૂથ બનાવી શકો છો.



ઉપર મુજબ (User setting) ટેબ પર ક્લિક કરી, નવો User બનાવો. પ્રથમ group બનાવો. દા.ત. Cataloguer Group, admin group, cicrulation group વગેરે.

### 12.3.2 સીસ્ટમ સેટિંગ્સ (System setting)




ઈમેલ સેટિંગ્સ તેમજ અહીં ઇન્સ્ટિટયૂટનો લોગો અથવા સ્ટાન્ડર્ડ લોગો અથવા સ્ટાન્ડર્ડ હેડર ઇમેજ દાખલ કરી શકશો જેનો ઉપયોગ લેટરહેડ્સ સભ્યપદ કાર્ડ વગેરે આઉટગોઇંગ કાર્યો માટે કરવામાં આવશે અને માનક સ્ટેશનરી લેબલ્સ માટે નમૂનો તૈયાર કરી શકો છો. દા.ત. સરનામાં લેબલ્સ, બારકોડ લેબલ, આવશ્યક કદના સ્પાઇન બારકોડ, બુક કાર્ડ, સ્પાઇન લેબલ વગેરે માટે પ્રતિ નિર્ધારિત માનક સેટિંગ્સ આપેલ છે. તમે તમારી આવશ્યકતા અનુસાર નવાં માપો ઉમેરી શકો છો. અને ભવિષ્યના ઉપયોગ માટે તેને સેવ કરી સંગ્રહ કરી શકો. સોલ એપ્લિકેશનને ડેટાબેઝ સર્વર સાથે કનેક્ટ કરવાનું જરૂર છે. જેથી connection setting પર ક્લિક કરો. આ વિકલ્પનો ઉપયોગ કરીન કોઇ જોડાણ સેટિંગ્સને નિર્દિષ્ટ કરી શકે છે. આ વિકલ્પ માત્ર ત્યારે જ લાગુ પડે છે જો તમારી પાસે બહુવિધ સોલ ડેટાબેઝ હોય, તો તમારે નવા ડેટાબેસ કનેક્શનની અસર માટે જોડાણ બદલ્યા પછી તમારી એપ્લિકેશનને ફરી શરૂ કરવી પડશે.

---

## 12.4 મોડ્યુલ -2 સોલનું ગ્રંથાલય કર્મચારીઓ દ્વારા સંચાલન (SOUL Administration by Staff)

---

12.4.1 પ્રાપ્તિ એકમ માસ્ટર (Acquisition Master)

12.4.1.1. વિક્રેતા સંચાલન (Vendor Management)

12.4.2 સૂચીકરણ માસ્ટર (Catalogue Master)

12.4.3 ગ્રંથ આપ-લે માસ્ટર (Circulation Master)

12.4.4 સામયિક નિયંત્રણ (Serial Master)

12.4.5 સર્વસામાન્ય માસ્ટર (General Master)

### 12.4.1 પ્રાપ્તિ એકમ માસ્ટર (Acquisition Master)

#### 12.4.1.1 વિક્રેતા સંચાલન (Vendor Management)

વેન્ડર મેનેજમેન્ટ વિભાગ એ વિક્રેતાઓ વિશે માહિતી સંગ્રહિત કરવાની પરવાનગી આપે છે અને વિક્રેતાઓની માહિતીનો સંગ્રહ કરે છે અને ડેટાનો વારંવાર ઉપયોગ કરી શકાય. દરેક વિક્રેતાનું વિભાજન જરૂરી છે. અહીં શકય બધી જ (વિક્રેતાની) માહિતી આપવી, તેમને પત્ર, ઓર્ડર, રિમાઈન્ડર્સ, ઈમેઈલ્સ વગેરે મોકલવા માટે સરળ બને છે.




### 12.4.2 સૂચિકરણ માસ્ટર (Catalogue Master)

સોલ 2.0 ગ્રંથ-સામગ્રી સંગ્રહ માટે MARC-21 બિબ્લીઓગ્રાફિક ફોર્મેટનો ઉપયોગ કરે છે. અહીં આ મોડ્યુલમાં પ્રત્યેક વિકલ્પ સામેના મૂલ્યો રેકોર્ડ્સને ઓળખવા, અલગ અથવા જૂથબદ્ધ કરવા, રોકોર્ડ સેવ કરવા, ઉપભોક્તાની માહિતી જરૂરીયાતને ધ્યાનમાં રાખી ગ્રંથ-સામગ્રી દાખલ કરવી. જ્યારે વપરાશકર્તા સિસ્ટમમાંથી કોઈપણ માહીતી માગે છે.




હવે કેટલોગ માસ્ટર પર ક્લિક કરો, તો નીચે મુજબનું પેટા મેનૂ જોવા મળશે.

### 12.4.3 ગ્રંથ આપ-લે માસ્ટર (Circulation Master)



ઉપર મુજબનું મેનૂ ડિસ્પ્લે થયા બાદ Category વિકલ્પ પર ક્લિક કરો. જેથી નીચે પ્રમાણે મેનુ જોવા મળશે.

ઉપર મુજબના મેનૂમાં જઇ નવી staff category બનાવીએ. આ બનાવવા Add ટેબ પર ક્લિક કરો. અને માગ્યા પ્રમાણે વિગત ભરો. ત્યાર બાદ Save કરી staff category પર ડબલ ક્લિક કરો, જ્યાં જમણી બાજુ staff category ના માટેના issue માટેના નિયમ સેટ કરો. અને સેવ કરો.




હવે પછી, Member type મેનૂ ટેબ પર જાઓ અને Member type માં દાખલ કરી staff માટેના નિયમો માગ્યા પ્રમાણે સેટ કરો અને સેવ કરો.




### 12.4.4 સામયિક નિયંત્રણ (Serial Master)

સામયિક માસ્ટર ટેબ પર ક્લિક કરો, જેથી જમણી બાજુ પાંચ પેટા વિકલ્પ જોવા મળશે.




વેન્ડર ટેબર પર ક્લિક કરવાથી નીચે મુજબનું મેનૂ ખુલશે, જેમાં પ્રથમ (Vender) વેન્ડર પર ક્લિક કરો અને નવો વેન્ડર બનાવો. જો સીધા સામયિક મેળવતા હોય તો પ્રકાશક બનાવો અને માગ્યા મુજબની વિગતો ભરો.




ત્યાર બાદ ફ્રિકવેન્સી (frequency) સેટ કરો.




હવે સામયિક કેવી રીતે ગ્રંથાલયમાં પહોંચે છે તે (delivery mode) સેટ કરો અને સેવ કરો અને ડાયલોગ બોક્સ ક્લોઝ કરો.




### 12.4.5 સર્વસાધારણ માસ્ટર (General master)






જનરલ માસ્ટરમાં સૌ પ્રથમ ભારતીય કરન્સી સેટ કરો, જેનું વેલ્યુ 1 રાખો. કોઇ પણ ડિફોલ્ટ કરન્સીનું વેલ્યુ 1 રાખવું. ત્યાર બાદ સેવ કરી ક્લોઝ કરો, માસ કે GOC પ્રમાણે કરન્સી સેટ કરો.




જનરલ માસ્ટરમાં જઈ આવક અને જાવક (Head) મુજબનું બજેટ ફાળવો. આવકના ખાનામાં મળતી આવકની વિગત દા.ત. UGC Grants નું વર્ષ અને કુલ ફાળવેલ રકમ ભરો અને જમણી બીજુ જાવક (Expenditure) દા.ત. books એડ કરી close કરો.










અહીં જરૂરિયાત મુજબ વર્ગાંક બનાવી શકાય. ડાબી બાજુ વર્ગાંક તથા જમણી બાજુ વિષય આપવામાં આવેલ છે.

### 12.4.6 પરિગ્રહણ: (Acquisition) :

SOUL 2.O સોફ્ટવેરના આ ભાગનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રંથાલયના પ્રાપ્તિ વિભાગ સાથે વિભિન્ન કાર્યને સુગ્રંથિત કરવાનો છે.

#### 12.4.6.1. પ્રાપ્તિ એકમ : (Acquisition) :

Acquisition (પ્રાપ્તિ એકમ)માં નીચેના પેટા વિભાગનો સમાવેશ થાય છે. ગ્રંથાલય સામાન્ય પણે કોઈ ગ્રંથ ઉમેરવા માટે તેના ઉપભોક્તા (ગ્રંથાલય સમિતિ, શિક્ષકો, સંશોધકો, વિદ્યાર્થીઓ) તરફથી સૂચનો પ્રાપ્ત કરે છે. આ પ્રાપ્ય સૂચનો કે વિગતો દાખલ કરવા માટે આપણે સૌ પહેલાં Acquisition > Sugessions વિકલ્પ પસંદ કરીશું.




##### 12.4.6.1.1. સૂચનો : (Suggestions) :




Suggestions વિકલ્પ પર જઈ Request પર ક્લિક કરો. અને નીચે મુજબ વિગતો ભરી સેવ કરો.




જો ગ્રંથ ગિફ્ટ કે દાન સ્વરૂપે પ્રાપ્ત થયો હોય તો નીચે પ્રમાણે માહિતી ભરી સેવ કરો.




ત્યાર બાદ department પ્રમાણે budget સિલેકટ કરી સેવ કરો.




જો સીધો order (આદેશ) આપતા હોય તો નીચે પ્રમાણે વિગતો ભરી સેવ કરો.




### 12.4.6.2 આદેશ પ્રક્રિયા : (order Process) :

ત્યાર બાદ order ટેબ પર ક્લિક કરો અને (search પર ક્લિક કરવાથી સેવ કરેલ વિગત અહીં જોવા મળશે) સેવ કરો.










### 12.4.6.2.1 આદેશ : (ordering) :



Accessioning ટેબ પર જઈ item ટેબ પર ક્લિક કરો ઓર્ડર receive કરો.




### 12.4.6.2.2 ચુકવણી : (payment) :







## 12.5. સૂચિકરણ : (cataloguing) :

માહિતી પુનઃપ્રાપ્તિ માટે સૂચીકરણ એ ખૂબ જ અગત્યનું મોડ્યુલ છે. આ મોડ્યુલમાં સૂચીકરણ, ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ, રિપોર્ટ title-in process, data-operation જેવા વિકલ્પોનો સમાવેશ થાય છે. SOUL 2.0 MARC-21 બિબ્લિઓગ્રાફિક ફોરમેટનો ઉપયોગ કરે છે. SOUL 2.0માં સૂચિકરણની પ્રક્રિયાને data-operation તરીકે ઓળખવામાં આવે છે. SOUL 2.0 માં સૂચીકરણ કરતાં પહેલાં MARC 21 વિષે જ્ઞાન હોવું અનિવાર્ય છે. સૌ પ્રથમ data-operation વિકલ્પ પર ક્લિક કરો. જેમાં એક Predefined Data Entry, Templet Based Data Entry અને Authority Temple Based Data Entry એવા ત્રણ વિકલ્પો જોવા મળશે,

જેમાંથી Predefined Data Entry માં રહી BOOK ડ્રોપ ડાઉન પસંદ કરી OK ટેબ પર ક્લિક કરો, જેથી ગ્રંથની બધી જ વિગતો માટેનું templet જોવા મળશે. ત્યાં MARC-21 પ્રમાણે માગ્યા મુજબની ગ્રંથની બધી જ વિગતો ભરો.










## 12.5.1. લીડર એન્ટ્રી : (Leader Entry) :

પ્રથમ પંક્તિમાં આપેલ Leader વિકલ્પ માટે જો Item type પુસ્તક (ગ્રંથ) દાખલ કરતા હોય તો Book પસંદ કરો, જો સામયિક દાખલ કરતા હોય તો serial વિકલ્પ પસંદ કરો.




### 12.5.2 ગ્રંથનામ, શીર્ષક (Tital), આવૃત્તિ (Edition) અને Statement of Resposibilities (લેખક)ની વિગતો :




### 12.5.3 મુખ્ય લેખક (personal name), જો સરકારી પ્રકાશન હોય તો ( corporate name ):




### 12.5.4 Publisher Information (પ્રકાશકની માહિતી દાખલ કરવી ) :




પ્રથમ ખાનામાં પ્રકાશકનું નામ, ત્યાર બાદ પ્રકાશન સ્થળ, ભાષા, વર્ગાંક ISBN તથા Physical Description માં પ્રથમ ખાનામાં પાનાં n.p. સાથે મૂકો. જો વધારાના પાનાં હોય તો xi રોમનમાં નાખો. Accession માં પરિગ્રહણ નં. ક્રમાંક નાખો.

### 12.5.5 Item/copy Information : શીર્ષકની (સંલેખ) એન્ટ્રી)/ કોપી અન્ટ્રી:




ઉપર મુજબ જે તે શીર્ષકની (સંલેખ) એન્ટ્રી સાથે એક કે એકથી વધારે કોપી (Holding) કે આઇટમ એડ કરવી. Acc no. સામે પરિગ્રહણ નં. નાખો. Collect માં જો સામાન્ય ગ્રંથ હોય તો General સિલેક્ટ કરો. Coded Location માં જે તે ગ્રંથાલય (મુખ્ય ગ્રંથાલય) Main library સિલેક્ટ કરો. Department માં જે તે department પસંદ કરો, અહીં English કરેલ છે Supplier ટેબમાં જે

તે vendor એટલે કે supplier પસંદ કરો. Material માં textual Document પસંદ કરો. Class માં સંપૂર્ણ વર્ગીકરણ અંક નાખો. Location ટેબ માં જે તે વિભાગ નાખી શકાય. budget જો પહેલેથી ફાળવેલ હોય તો અહીં drop down માંથી પસંદ કરો. incoice No. ટેબ માટે જે તે Billની વિગતો એટલે કે અહીં નાખો. Book no. ઓપ્શનમાં લેખકના પ્રથમ ત્રણ અક્ષર કેપિટલમાં નાંખો. Shelving Location ઓપ્શનમાં રેક (અલમારી ક્રમ) કે વિભાગની વિગત નાખો. પુસ્તકની કિંમત ભારતીય નાણામાં અહીં મૂકો. ત્યાર બાદ બિલની તારીખ અને પરિગ્રહણની તારીખ અહીં નાખો.

હવે નીચેની સ્ક્રીન પ્રમાણે Operational Entry ટેબ પર ક્લિક કરી વિષયની (એક કરતા વધારે વિષય આપો) માહિતી ભરો.




---

## 12.6. આદાન-પ્રદાન (Circulation):

---

આ પેટા વિભાગ ગ્રંથાલયના આદાન-પ્રદાન વિભાગને લગતાં કાર્યોને કમ્પ્યૂટરના માધ્યમથી કરવાની સુવિધા પૂરી પાડે છે.

આ વિભાગ 7 એકમમાં વહેંચાયલો છે. જેવા કે 1) સભ્યપદ 2) આદાન પ્રદાન (3) આંતર-ગ્રંથાલય લોન 4) મોડાઈ 5) પ્રતિશ્રાવક 6) શોધ-સ્થિતિ 7) અહેવાલો.

નવું સભ્યપદ ઉમેરતાં પહેલાં, એ જાણી લેવું કે Administrator મોડ્યુલમાં જઈ, આપણે Category અને Member type બનાવેલ છે કે નહિ. ન બનાવેલ હોય તો Administrator મોડ્યુલમાં જઈ, આપણે Cetagory અને Memberdhip બનાવીશું. ત્યાર બાદ મોડ્યુલમાં જઈ નવું સભ્યપદ બનાવીશું.

### 12.6.1 સભ્યપદ (Membership):

સૌ પ્રથમ Cirulation પર ક્લિક કરો. જેમાં નીચે ડિસ્પ્લે થયેલ મેનૂમાંથી New member વિકલ્પ પસંદ કરો.




add ટેબ પર ક્લિક કરો. જેથી Institute details જોવા મળશે આ માહિતી આપણે administrator module માં પૂર્વે ભરેલ છે, જો ન ભરી હોય તો administrator module માં જઈ ભરી દેવી. Institute detail પર ડબલ ક્લિક કરશો. જેથી ભરેલી પેટા માહિતી જેમ કે, department details, course/Designation પોપ-અપ થશે.






ત્યાર બાદ add બટન પર ક્લિક કરો અને માગ્યા પ્રમાણે વિગતો ભરો. ત્યાર બાદ સેવ કરો




### 12.6.2. આપ-લે (cicrulation):

નીચે દર્શાવ્યા પ્રમાણે ગ્રંથ આપ-લે માટે cicrulation મેનૂમાં જઈ transiction પર ક્લિક કરો. ત્યાર બાદ પ્રથમ ફિલ્ડ માં Accession no. (પરીગ્રહણ નં) દાખલ કરો અને ટેબ કી પ્રેસ કરો. જેથી સ્ક્રિનમાં જે ગ્રંથ ઈશ્યુ કરવાનો છે તે દેખાશે, (display) થશે. ત્યાર બાદ membership (સભ્યપદ નં) દાખલ કરો. જેમાં સભ્યની વિગત જોવા મળશે. હવે issue માટે F3 કી પ્રેસ કરો, જેથી નીચે priviledge details માં issue તારીખ, પરત તારીખ જોવા મળશે. એ જ પ્રમાણે ગ્રંથ પરત લેવા Accession no. (પરીગ્રહણ નં) નાખી, F4 કી પ્રેસ કરતાં પુસ્તક પરત થશે. અહીં transaction મેનૂમાં દર્શાવેલ વિવિધ વિકલ્પ જેવા કે, ગ્રંથ renew કરવા F6 પ્રેસ કરી ટેબ કરો, જેથી ગ્રંથ પુનઃ ઈસ્યુ થશે. F7 દ્વારા reserve થશે. અતિદેય જોવા માટે Overdue વિકલ્પ ક્લિક કરી ઉપભોક્તાનું કુલ અતિદેય જોઈ શકાય. જમણી બાજુ પર print issue વિકલ્પ આપેલ છે, જ્યાં આપ-લે કરે ગ્રંથની print લઈ શકાય છે.



## 12.7 ઓપેક શોધ (OPAC): ગ્રંથ -સામગ્રી શોધ

SOUL 2.0 માં simple search (સાધારણ શોધ) Boolean Search (બુલિયન શોધ) Advance Search (બૃહદ્ શોધ) Member OPAC (ઉપભોક્તા OPAC) જેવા વિકલ્પો સામેલ છે. જેમાં શીર્ષક પ્રમાણે, ગ્રંથાક મુજબ, વર્ગાંક મુજબ, વિષય મુજબ, ISBN મુજબ, પ્રકાશક મુજબ ગ્રંથ શોધ કરી શકાય છે.

નોંધ : SOUL 2.0 માં શોધ માટે ઓછામાં ઓછા (3) કેરેકટર નાખતાં શોધ કરી શકાય છે. ત્રણથી ઓછા કેરેકટર નાખવાથી શોધનું પરિણામ મળશે નહિ.






## 12.8 ક્રમિક પ્રકાશન નિયંત્રણ વ્યવસ્થા (Serial control):

ક્રમિક પ્રકાશનોનું સંચાલન દરેક ગ્રંથાલય માટે જટિલ હોય છે. SOUL 2.0માં આ કાર્ય ખૂબ સરળતાથી કરી શકાય છે. સૌ પ્રથમ Serial control મેનૂ ટેબ પર જાઓ, જેમાં સાત પેટા વિકલ્પો જોવા મળશે.









## 12.9 અહેવાલો (Reports):

SOUL 2.Oમાં અહેવાલો module પ્રમાણે તૈયાર થાય છે, જેમ કે ગ્રંથને લગતા પરિગ્રહણ પત્રક માટેનો અહેવાલ, સામયિકોનો અહેવાલ, ગ્રંથ-સામગ્રી પ્રમાણે (Collection wise) વિષયવાર ગ્રંથ-પત્રક, વર્ગાંક અનુસાર ગ્રંથ-પત્રક, વિભાગો અનુસાર પત્રક વગેરે અહેવાલો તૈયાર કરી SOUL 2.O માં અહેવાલ બનાવતાં પહેલા તેનું templete બનાવવું જરૂરી છે. તો સૌ પ્રથમ administration મેનૂમાં જઈ, Catalogue Master પર ક્લિક કરો જેમાં નીચે પ્રમાણે આપેલ સ્ક્રિન મુજબ Report Templete વિકલ્પ પર ક્લિક કરો.



ઉપરોક્ત આપેલ સ્ક્રિન મુજબ Report Templete વિકલ્પ પર ક્લિક કરતાં નીચે પ્રમાણે સ્ક્રિનમાં માગ્યા પ્રમાણે વિગત સેટ કરીશું.




ઉપર મુજબ Accession Register નામનું ટેમ્લેટ તૈયાર કરી શકાય, આ Templete ને સેવ કરો. હવે આપણે પરિગ્રહણ પત્રકનો અહેવાલ મેળવી શકીશું. અહેવાલ મેળવવા Catalogue મેનૂ પર ક્લિક કરો. ત્યાર બાદ બેઝિક (Basic) પર કરી નીચે પ્રમાણે વિગતો ભરી પરિગ્રહણ પત્રકનો અહેવાલ બનાવો.




## તમારી પ્રગતિ ચકાસો

**નોંધ : (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તર લખો.**

**(2) એકમનાં અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરને સમજાવો.**

**(અ) સ્વ-અધ્યયન**

1. SOUL 2.0માં બજેટ એકમમાં ગ્રંથો તથા સામયિકોના અંદાજ-પત્રની રકમ ફાળવો

2. SOUL 2.Oમાં માર્ક-21 સિરીઝ ધરાવતા ત્રણ ગ્રંથો સેવ કરો.
3. SOUL 2.Oમાં નવા ઉપભોક્તા બનાવો તથા જૂના બનાવેલ ઉપભોક્તા એડિટ કરો.
4. ગ્રંથપ્રાપ્તિ એકમ દ્વારા પાંચ પુસ્તકોનો આદેશ અને પ્રિન્ટ કરી બતાવો.
5. Collection type દ્વારા CD/DVD માટે cetegory બનાવો.
6. SOUL 2.O માં દિવસ દરમ્યાન થયેલ પુસ્તક આપ-લેનો રીપોર્ટ એક્સલમાં તૈયાર કરો.

**(બ) નીચે આપેલ પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં લખો**

1. SOUL 2.Oમાં બેકેન્ડમાં કયા ડેટાબેઝ પર કામ કરે છે ?
2. SOUL 2.O કુલ કેટલા મોડ્યુલ છે ?
3. SOUL 2.Oમાં boolean search શું સૂચવે છે ?
4. SOUL 2.Oમાં user setting શું સૂચવે છે ?
5. પુસ્તકોનો આદેશ કયા મોડ્યુલ વડે આપી શકાય ?

## 12.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answers the Self Check Exercise)

**પ્રશ્ન (બ)ના ઉત્તરો**

1. MS-SQL
2. 6 (છ)
3. શોધ માટે વધુ સુસંગત પરિણામ લાવવા keywords જોડવાની પ્રક્રિયા કરે છે. દા.ત. "મેઘાણી" અને "વાર્તા"
4. વપરાશકર્તાને વિવિધ મોડ્યુલ્સની અધિકૃતતા આપી શકાય તથા નવા યુઝર્સ બનાવી શકાય છે. એટલે કે અહીં યુઝર્સને પાસવર્ડ મોડ્યુલના હકો આપવા, યુઝર્સનું જૂથ બનાવી શકો છો.
5. પ્રાપ્તિ એકમ (Acquisition) મોડ્યુલમાં જઈ.

## 12.11 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)

(1) SOUL 2.Oમાં અહેવાલો તૈયાર કરવા કયા વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે છે ?

a. basic b. advanced

c. narrow d. none od all

(2) SOUL 2.Oમાં OPAC શોધ માટે ઓછામાં ઓછા કેટલા કેરેકટર નાખવા ફરજિયાત છે ?

a. એક b. બે

c. ત્રણ d. ચાર

(3) ગ્રંથ renew કે પુનઃ ઈસ્યુ કરવા કઇ key પર પ્રેસ કરવું જોઈએ. ?

a. F2 b. F3 c. F4 d. F6

(4) Topical Term અર્થાત વિષય નોંધ માટે MARC-21માં કયું ફિલ્ડ છે?

a. 250 sa b. 350 sa

c. 450 sa d. 650 sa.

(5) વિક્રેતા સંચાલન કયા moduleમાં થાય છે ?

a. Reporting b. Serial

c. Acquisition d. Cataloging

---

## 12.12 ચાવીરૂપ શબ્દો (KeyWords)

---

**અતિદેય** : પુસ્તક મોડું પરત આવે તેના પર મોડાઇ કે દંડ પેટે વસૂલાતી રકમ.

**ગ્રંથાલય યાંત્રિકીકરણ** : વિવિધ પ્રકારનાં ગ્રંથાલયનાં કાર્યો જેવાં કે પરિગ્રહણ, સુચિકરણ, સામયિક નિયંત્રણ જેવા ગ્રંથાલયનાં આંતરિક કાર્યો સોફ્ટવેરની મદદથી કરવા.

**SOUL** : સોફ્ટવેર ફોર યુનિવર્સિટી લાયબ્રેરીઝ

**ગ્રંથ-પરિગ્રહણ** : ગ્રંથાલયમાં પુસ્તકોની પ્રાપ્તિ

**ગ્રંથ-પરિક્રમણ** : પુસ્તકને વાચક માટે આપ-લે. (ગ્રંથ આપ-લે)

**MARC-21** : મશીન રેડીબલ કેટલોગ, એક પ્રોગ્રામમાંથી બીજા પ્રોગ્રામ બીબ્લોગ્રાફિક રેકોર્ડ (Bibliographic Record) ને ટ્રાન્સફર કરવાનું ધોરણ.

**ઓપેક (OPAC)** : ઓનલાઇન પબ્લિક એકસેસ કેટલોગ, પુસ્તક શોધ માટેનું ટૂલ.

**એપ્લીકેશન સોફટવેર** : **(Application Software) :** અમુક ચોક્કસ કાર્ય માટે તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેર, જેમ કે SOUL 2.O. Alice, Koha વિગેરે.

## 12.13 સંદર્ભ અને વિશેષ વાંચન (References the further Reading)


* Egunjobi, R.A. and Awoyemi (2012). Library Hi Tech News, Emerald Publishing Limited
* Eyler, Pat (2003). Koha: a Gift to Libraries from New Zealand
* Joann Ransom (2009-09-14). "Library Matters: Liblime forks Koha". Library-matters.blogspot.com. Retrieved 2011-08-18.
* Mukhopadhyay, P. (2008). Library automation through Koha. Kolkata, West Bengal: Prava Prakashani.
* Inflibnet,(209). Software for University Libraries,Inflibnet Centre, http://Soul.inflibnet.ac.in


★★★

# એકમ 13 | એપ્લિકેશન સોફ્ટવેર (પ્રાયોગિક): કોહા (KOHA)

**રૂપરેખા**


**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** હાર્ડવેરની જરૂરિયાત

**13.3** કોહા સોફ્ટવેરનું એડમિનિસ્ટ્રેટર દ્વારા પરિસંચાલન

**13.3.1** કોહા પરિસંચાલન

**13.3.2** બેઝિક પેરામીટર

**13.3.2.1** નવું ગ્રંથાલય

**13.3.2.2** તમારા ગ્રંથાલયની માહિતી ઉમેરો

**13.3.2.3** ગ્રંથાલયની ગ્રંથસામગ્રી ઉમેરો

**13.3.3** ઉપભોક્તાઓ અને આપ-લે (પરિભ્રમણ)

**13.3.3.1** ઉપભોક્તાઓના પ્રકાર

**13.3.3.2** આપ-લે અને અતિદેયનાં નિયમો

**13.3.4** માર્ક-21નું વાઙ્મયસૂચિ માળખું/બંધારણ

**13.3.5** પરિગ્રહણ

**13.3.5.1** સૂચન મુજબ ગ્રંથ આદેશ

**13.4** કોહાનું ગ્રંથાલય કર્મચારી દ્વારા પરિસંચાલન

**13.4.1** ગ્રંથ આદાન-પ્રદાન

**13.4.2** ગ્રંથ સૂચિકરણ

**13.4.2.1 MARC-21** ફ્રેમવર્કના કેટલાક અગત્યનાં ફિલ્ડ અંગેની માહિતી

**13.4.3** સાધારણ ગ્રંથ-શોધ

**13.4.4** ઉચ્ચ (અગ્રિમ) શોધ

**13.4.5** ગ્રંથશોધ : ઉપભોક્તા વડે

**13.5** ક્રમિક પ્રકાશનોનું નિયંત્રણ

**13.6. Koha** અહેવાલ **(Reprots)**

**13.6.1 TOP LIST**

**13.7 Koha ટૂલ્સ (tools)**

**13.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**13.9 ચાવીરૂપ શબ્દો**

**13.10 સંદર્ભો અને વિશેષ વાંચન**

## 13.0 ઉદ્દેશો : (OBJECTIVES)

**પ્રસ્તુત એકમમાં આપણે :**

- કોહા સોફ્ટવેરનાં વિવિધ મોડ્યુલ્સનો પ્રાયોગિક ઉપયોગ વિવિધ પગલાં સાથે જોઈશું.
- કોહા એડમિસ્ટ્રેશન તથા ગ્રંથાલયનાં વિવિધ કાર્યો કોહા દ્વારા શીખીશું.

**એકમના અભ્યાસની અંતે વિદ્યાર્થીઃ**

- ગ્રંથાલય સોફ્ટવેરના વિવિધ મોડ્યુલનો ઉપયોગ કરતાં શીખશે.
- ગ્રંથાલયમાં ગ્રંથની પસંદગીથી લઈ રિપોર્ટ સુધીના વિવિધ કાર્યો વિદ્યાર્થી જાતે કરી શકશે.

## 13.1 પ્રસ્તાવના : (INTRODUCTION)

ગ્રંથાલય ઓટોમેશન પેકેજ "કોહા (દાન)" સોફ્ટ્વેરનો આવિષ્કાર ન્યુઝીલેન્ડની હોરોવેન્યું ગ્રંથાલય ટ્રસ્ટ અને વિલિગ્ટનની કટિયો કોમ્યુનિકેશન લિમિટેડ કંપનીના સયુક્ત ઉપક્રમે સને 1999માં થયો, ત્યારબાદ 3 જાન્યુઆરી 2000માં સિસ્ટમમાં સુધારો કર્યો. તેમાં ઓપન ટૂલ્સ Perl, MySql અને અપાચે, Linux અને Telnetનો ઉપયોગ કરી તે જુલાઇ -2000માં પ્રજા સમક્ષ ખુલ્લું મુકવામાં આવ્યું. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રે આ પ્રથમ મુક્ત ઓપન સોર્સ સોફ્ટવેર છે.

## 13.2 હાર્ડવેરની જરૂરિયાતઃ (HARDWARE REQUIEREMENT)

કોહા સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા નીચે મુજબના કોમ્પ્યુટર કન્ફિગરેશન જરૂર પડે છે.

1. PROCESSOR: 1Ghz Faster
2. RAM: 4GB
3. HARD DISK SPACE: 20 GB
4. OPERATING SYSTEM: Debian, Ubuntu 16.04 LTS.
5. OTHERS: LAN અને ઇન્ટરનેટ જોડાણ

## 13.3 કોહા સોફ્ટવેરનું એડમિનિસ્ટ્રેશન દ્વારા પરિસંચાલન : (KOHA ADMINISTRATION)




સૌ પ્રથમ browserમાં URL: http://localhost:8080/ટાઈપ કરો ત્યાર બાદ નીચે મુજબનો ડાઈલોગ બોક્સ દેખાશે, જેમાં માગ્યા મુજબ યુઝર નામ demo પાસવર્ડ demo વડે લો.

### 13.3.1 કોહા પરિસંચાલનઃ (Koha Administration)




કોહા સોફ્ટવેરમાં કુલ ૧૧ મોડ્યુલ્સ સમાવવામાં આવ્યા છે. સૌ પ્રથમ એડમિનિસ્ટ્રેશન મોડ્યુલ્સ વિષે સમજ કેળવીશું, તો Koha Administration ટેબ પર ક્લિક કરો. જેમાં ત્રણ બેઝિક પેરામીટર જોવા મળશે.જે નીચે પ્રમાણે છે :




અહીં કોર્પોરેટ સંચાલનની પરીક્ષા જેમાં ડાયલોટ બોક્સમાં દર્શાવ્યાનુસાર (1) બેઝિક પેરામીટર પર ક્લિક કર્યા બાદ તે મેનૂ અંતર્ગત આવતી વિગતો ત્યાર બાદ (2) ઉપભોક્તા અને પરિક્રમણ સંબંધી માહિતી અને (3) જેમાં સૂચિકાક્ષ પર ક્લિક તેની અંતર્ગત Master Database સોફ્ટવેરની બ્રેક એન્ડ સપોર્ટમાં આવતી બાબતોનો સમાવેશ થાય છે.

### 13.3.2 બેઝિક પેરામીટર (Basic Parameters)




ઉક્ત આકૃતિમાં કોહા પરિસંચાલન જેમાં ડાયલોગ બોલાય જણાવવાનું બાર બેઝિક પેરામીટર તે અંતર્ગત ગ્રંથાલય અને સમૂહો, વિવિધ માહિતીસ્ત્રોતો છે. પરિક્રમણ (આપ-લે) સાવ સંલગ્ન છે, વિવિધ કેટેગરી જેમાં સભ્યપદની વિગતો, તેમાં આપ-લેની અધિકૃતતા, સમયગાળો અતિદેવ વગેરે પાયાગત Master Database અંતર્ગત ધારાધોરણે કન્ફીગેશન (જોડાણ) સંદર્ભિત બાબતોનો સમાવેશ ઉક્ત ડાયલોગના મોડ્યુલમાં જોવા મળે છે.

### 13.3.2.1 નવું ગ્રંથાલય બનાવવું (Add a New Library)




| Name | Code | Address | MARC organization code | IP | Actions |
|---|---|---|---|---|---|
| BAOU Library | BAOU | 'Jyotirmay' Parisar, Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481. Ahmedabad , Gujarat 382 481. India Ph: 1800 233 1020 feedback@baou.edu.in http://www.baou.edu.in/contact | | | Edit Delete |
| BDM INTERNATIONAL | BDMI | PRATAPGARH KOLKATA, WEST BENGAL 700103 | | | Edit Delete |
| RAMKISHOR | GBA | SGNR SRI GANGANAGAR 335001 INIDIA | | | Edit Delete |



ઉપરોક્ત આકૃતિ પ્રમાણે લોગ-ઈન કરી નવું ગ્રંથાલય બનાવો. ત્યારબાદ માગ્યા પ્રમાણે વિગત ભરો.

નોંધ: કોડ એક વખતે ક્રિએટ કર્યા પછી નવો બનશે નહિ તે ધ્યાનમાં રાખો.

### 13.3.2.2 ગ્રંથાલયની માહિતી ઉમેરવી કે બદલવી:(Add and modify Library)



ઉક્ત આકૃતિના ડાયલોગ લેન્સ અનુસાર ગ્રંથાલયના Master Modules સોફ્ટવેર સંચાલનના ભાગરૂપે ગ્રંથાલયની વિગતે સરનામા સહિતની માહિતી શહેર, રાજ્ય, કોડ, સભ્ય એમ વિવિધ વિકલ્પો સાથે બાબતોના કન્ફિગેશન તથા ડેટાએન્ટ્રી સંબંધી બાબતોનો સમાવેશ દર્શિત થાય છે.

### 13.3.2.3 ગ્રંથાલયની ગ્રંથસામગ્રી ઉમેરો (Add item type)




| Image | Code | Description | Search category | Not for loan | Hide in OPAC | Charge | Default replacement cost | Processing fee (when lost) | Checkin message | Actions |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| DVD | VM | AV-Medien | | Yes | | | 0.00 | 0.00 | | Edit Delete |
| BOOK | BK | Bücher | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| COMPUTER FILE | CF | Datenträger | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| MAP | MP | Karten | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| KIT | MX | Medienkombinationen | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| SOUND | MU | Musik | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| REFERENCE | REF | Nachschlagewerke | | Yes | | | 0.00 | 0.00 | | Edit Delete |
| PERIODICAL | CR | Zeitschriften | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |

Showing 1 to 8 of 8 First Previous Next Last

ગ્રંથાલય બનાવ્યા પછી હવે પ્રલેખ સામગ્રી (આઈટમ ટાઈપ) બનાવવી પડશે. આઇટમો એટલે કે (ગ્રંથાલય સામગ્રી). ગ્રંથાલયમાં જે ગ્રંથ સામગ્રી હોય તે અહીં દાખલ કરો.જમણી બાજુ પર આપેલા બટન પર ક્લિક કરી આઈટમ એડિટ કરી શકાય કે ડિલિટ કરી શકાય છે. દાખલ કરેલ એક આઈટમ ડિલિટ કે એડિટ કરી જુઓ.




ઉપરોક્ત લિસ્ટ મુજબ ગ્રંથ સંગ્રહ બનાવો (દ.ત.) BK કોડ આપી books બનાવો. ક્રમિક પ્રકાશનો માટે SL આપો. એ પ્રમાણે વિવિધ ગ્રંથ સંગ્રહ બનાવો.

+ New item type

**Item types administration**

Showing 1 to 10 of 20 | Show 10 entries | First | Previous | Next | Last | Search:

| Image | Code | Description | Search category | Not for loan | Hide in OPAC | Charge | Default replacement cost | Processing fee (when lost) | Checkin message | Actions |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | BB | Book Bank | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | BV | Bound Journal | | | Yes | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | BR | Brochure | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | CRD | Cards | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | CST | Case Studies | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | TXT | General Books | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | GC | Gratis CD | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | KDL | Kindle | | Yes | | | 0.00 | 0.00 | | Edit Delete |
| | DIS | Master Dissertation | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |
| | PA | PDPU Archive | | | | 0.00 | 0.00 | 0.00 | | Edit Delete |

## 13.3.3. ઉપભોક્તા અને આપ-લે (પરિક્રમણ): (Patrons and Circulation)

**Koha administration**

**Patrons and circulation**

- Patron categories
- Circulation and fines rules
- Patron attribute types
- Library transfer limits
- Transport cost matrix
- Item circulation alerts
- Cities and towns

Patron Categories - **ઉપભોક્તા સમૂહો/પ્રકારોમાં**

ઉપભોક્તા સમૂહો/પ્રકારોમાં સમયાંતરે આપ-લે, નવી માહિતી સંદર્ભે એલર્ટ મેસેજ સંબંધી બાબતો, ક્યાંક ઉપરોક્ત આકૃતિમાં કંઈક અંશે જણાઈ આવે છે. મૂળભૂત આ મોડ્યુલ જરૂર ઉપભોક્તાના પ્રકારોનો Master Database કન્ફિગેશન બાદ જરૂરી સુધારા વધારા માટે Updation સંબંધિત બાબતો જણાઈ આવે છે.

## 13.3.3.1. ઉપભોક્તાઓના પ્રકાર : Patrons Categories :

**Patron categories**

Showing 1 to 6 of 6 | Show 20 entries | First Previous Next Last | Search:

| Code | Category name | Type | Enrollment period | Age required | Upper age limit | Enrollment fee | Overdue | Lost items | Hold fee | Messaging | Branches limitations | Default privacy | Actions |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| FAC | Faculty | Staff | 999 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filled : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| PG | PG Student | Adult | 24 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filled : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| PHD | PHD Student | Staff | 60 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filled : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| ST | Staff | Staff | 99 months | 18 years | 99 years | - | No | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filled : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| TSTU | Techology Student | Adult | 24 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filled : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | 1 branch limitation | Default | Edit Delete |
| UG | UG Student | Adult | 99 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filled : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |

કોહા એડમિનિસ્ટ્રેશન મોડ્યુલ્સમાં ઉપભોક્તા માટે એક નવી કેટેગરી બનાવો. સૌપ્રથમ Librarian નામથી એક કેટેગરી બનાવો, ત્યારબાદ જરૂરિયાત મુજબ વિવિધ કેટેગરી બનાવો. એનરોલમેન્ટ સમય librarian માટે ૯૯૯ મહિના આપો, ત્યારબાદ typeમાં staff સિલેક્ટ કરો.Age કોલમમાં ઉંમર નાખો.Foverdue માં yes સિલેક્ટ કરો. ત્યારબાદ સેવ કરો. હવે માગ્યા પ્રમાણે બીજી નવી ઉપભકતા કેટેગરી બનાવો.



ઉપભોક્તા કેટેગરીને નીચે પ્રમાણે એડિટ કરી શકાય તથા ડિલિટ પણ કરી શકાય.



Patron categories

Showing 1 to 6 of 6 Show 20 entries First Previous Next Last Search:

| Code | Category name | Type | Enrollment period | Age required | Upper age limit | Enrollment fee | Overdue | Lost items | Hold fee | Messaging | Branches limitations | Default privacy | Actions |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| FAC | Faculty | Staff | 999 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filed : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| PG | PG Student | Adult | 24 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filed : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| PHD | PHD Student | Staff | 60 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filed : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| ST | Staff | Staff | 99 months | 18 years | 99 years | - | No | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filed : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |
| TSTU | Techology Student | Adult | 24 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filed : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | 1 branch limitation | Default | Edit Delete |
| UG | UG Student | Adult | 99 months | 18 years | 99 years | - | Yes | Shown | - | Item due : email<br>Advance notice : email<br>Hold filed : email<br>Item check-in : email<br>Item checkout : email<br>Unknown : email | No limitation | Default | Edit Delete |

### 13.3.3.2 ગ્રંથ આપ-લે અને અતિદેયના નિયમો: (Circulation and Fine Rules)




ઉપભોક્તાઓના પ્રકારો નક્કી કર્યા પછી વર્ગ કે પ્રકારને આધારે ગ્રંથ-આપલેના નિયમો અહીં નક્કી કરીશું. પ્રથમ ડ્રોપ-ડાઉન મેનૂમાંથી ગ્રંથ-સામગ્રી એટલે કે આઈટમ ટાઈપ સિલેક્ટ કરી, આઈટમ મુજબ આઈટમ (દા.ત.) ગ્રંથ પરત આપવાનો સમય સેટ કરો દા.ત. ૧૪ દિવસ નક્કી કરો. તથા ગ્રંથ માટે અતિદેય (ફાઈન) માટેની રકમ સેટ કરો. દા.ત. ૨ રૂ. આમ રિન્યૂ તથા હોલ્ડિંગના નિયમો સેટ કરો તથા વિવિધ પેરામીટર બનાવો. એ જ પ્રમાણે અ-ગ્રંથ સામગ્રીના નિયમો સેટ કરો.

## 13.3.4. માર્ક-૨૧નું વાઙ્‌મયસૂચિ માળખું/બંધારણ




**માર્કનું વાઙ્‌મયસૂચિ માળખું (MARC bibliographic Framework)**

કોહામાં વાઙ્‌મયસૂચિ માળખું (માર્ક-૨૧) સ્વરૂપમાં આપવામાં આવેલ હોય છે, જેમાં જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરી શકાય છે, તો સૌપ્રથમ કોહા એડમિનિસ્ટ્રેશનમાં જાઓ, જેમાં ૬ નંબરના ટેબ પરથી વર્ગીકરણ સોર્સ નક્કી કરો. બીજા કોઈ ફેરફાર કરશો નહિ.



+ New framework

MARC frameworks

Framework name, then go to MARC biblio to set MARC editor parameters

Showing 1 to 11 of 11 | Show 20 entries | First Previous Next Last | Search:

| Code | Description | |
|---|---|---|
| | Default framework | Actions |
| ACQ | Acquistions | Actions |
| BAO | BAOU Library | Actions |
| BKS | PDPU Books | Actions |
| CDS | CD/DVD | Actions |
| FA | Fast Add Framework | Actions |
| ILL | Inter Library Loan | Actions |
| JB | JB-Journals in Books | Actions |
| PP | Product Profile | Actions |
| SER | Serials | Actions |
| THE | Theses/Dissertation | Actions |

Showing 1 to 11 of 11 | First Previous Next Last

**MARC Framework for BAOU LIbrary (BAO)**

Search for tag: 0 In framework: BAOU LIbrary Search

Display only used tags/subfields

Showing 1 to 20 of 309 Show 20 entries First Previous Next Last Search:

| Tag | Lib | Repeatable | Mandatory | Auth value | |
|---|---|---|---|---|---|
| 000 | LEADER | No | Yes | | Actions |
| 001 | CONTROL NUMBER | No | No | | Actions |
| 003 | CONTROL NUMBER IDENTIFIER | No | No | | Actions |
| 005 | DATE AND TIME OF LATEST TRANSACTION | No | No | | Actions |
| 006 | FIXED-LENGTH DATA ELEMENTS--ADDITIONAL MATERIAL CHARACTERISTICS--GENERAL INFORMATION | Yes | No | | Actions |
| 007 | PHYSICAL DESCRIPTION FIXED FIELD--GENERAL INFORMATION | Yes | No | | Actions |
| 008 | FIXED-LENGTH DATA ELEMENTS--GENERAL INFORMATION | No | Yes | | Actions |
| 009 | PHYSICAL DESCRIPTION FIXED-FIELD FOR ARCHIVAL COLLECTION (VM) [OBSOLETE] | Yes | No | | Actions |
| 010 | LCCN (DPL NO) | No | No | | Actions |
| 011 | LINKING LIBRARY OF CONGRESS CONTROL NUMBER [OBSOLETE] | No | No | | Actions |
| 013 | PATENT CONTROL INFORMATION | Yes | No | | Actions |
| 015 | NATIONAL BIBLIOGRAPHY NUMBER | Yes | No | | Actions |
| 016 | NATIONAL BIBLIOGRAPHIC AGENCY CONTROL NUMBER | Yes | No | | Actions |
| 017 | COPYRIGHT OR LEGAL DEPOSIT NUMBER | Yes | No | | Actions |
| 018 | COPYRIGHT ARTICLE-FEE CODE | No | No | | Actions |
| 020 | ISBN | Yes | No | | Actions |
| 023 | STANDARD FILM NUMBER (VM) [DELETED] | Yes | No | | Actions |
| 024 | OTHER STANDARD IDENTIFIER | Yes | No | | Actions |
| 025 | OVERSEAS ACQUISITION NUMBER | Yes | No | | Actions |
| 026 | FINGERPRINT IDENTIFIER | Yes | No | | Actions |

માર્ક ફ્રેમવર્કમાં દાખલ થાઓ, પોતાની જરૂરિયાત મુજબનું ફ્રેમવર્ક બનાવો અથવા ડિફોલ્ટ ફ્રેમવર્ક (default framework) કે ફાસ્ટ-એડ ફ્રેમવર્ક (Fast-aid framework) મુજબ પણ પ્રલેખની વાઙ્મયસ માહિતી દાખલ કરી શકાય.

## 13.3.5 પરિગ્રહણ (Acquisition)

પરિગ્રહણ માટે ફંડ તથા અંદાજપત્ર નક્કી કરવું






| Currency | Rate | Symbol | Last updated | Active | Archived | Actions |
|---|---|---|---|---|---|---|
| INR | 1.00000 | □ | 16/03/2016 | ✓ | | Edit Delete |
| USD | 65.00000 | $ | 16/03/2016 | | | Edit Delete |

હવે આપણે કોહા એડમિનિસ્ટ્રેશનમાં પરિગ્રહણ મોડ્યુલના વિવિધ પેરામીટર (parameters) જોઈશું. સૌ પ્રથમ કરન્સી (currency) અને એક્સચેન્જ (exchange) ટેબ પર ક્લિક કરો જેમાં પોતાના દેશની કરન્સી સેટ કરો. એક થી વધારે કરન્સી અહીં સેટ કરી ડિફોલ્ટ (default)માં ભારતીય (Indian) કરન્સી INR સેટ કરો.




| Budget name | Start date | End date | Locked | Total | Actions |
|---|---|---|---|---|---|
| General | 01/04/2015 | 31/03/2016 | | 100,000.00 | Actions |



હવે સૌ પહેલાં સામાન્ય અંદાજપત્ર (બજેટ)-(Budget) બનાવો અને એક્શન (Action) મેનૂ પર જઈ એક્ટિવ કરો. તમારું બજેટ ૧ એપ્રિલ થી૩૧ માર્ચ જે તે વર્ષ માટે સેટ કરો અને એમાં રકમ (Amount) દાખલ કરો. દા.ત. રૂપિયા ૧૦૦૦૦૦.૦૦ દાખલ કરો.

Currency = INR

Showing 1 to 2 of 2 Search:

Expand all | Collapse all | Hide inactive budgets | Show inactive budgets

| Fund code | Fund name | Base-level allocated | Base-level ordered | Total ordered | Base-level spent | Total spent | Base-level available | Total available | Actions |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Budget General [id=1] | | | | | | | | | |
| BK | Book | 10,000.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 10,000.00 | 10,000.00 | Actions ▴ |
| Budget School of Petroleum Technology [id=2] | | | | | | | | | |
| BK | Books | 1,000,000.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 1,000,000.00 | 1,000,000.00 | Actions ▴ |
| Period allocated | | 1,010,000.00 | | 0.00 | | 0.00 | | 1,010,000.00 | |

Showing 1 to 2 of 2

ત્યાર બાદ ડાબી બાજુ પર આપેલ ફંડ ટેબ પર ક્લિક કરો અને વિવિધ ગ્રંથ સામગ્રી, જેમકે, ગ્રંથ, સામાયિક, અ-ગ્રંથસામગ્રી માટે ફંડ બનાવો.નીચે દર્શાવેલ સ્ક્રિન પ્રમાણે એક વિક્રેતા બનાવો દા.ત. બુક્સ ઈન્ડિયા. ત્યારબાદ માગ્યા મુજબ વિગત ભરો.



## 13.3.5.1. સૂચન મુજબ ગ્રંથ આદેશ: Suggestions Management

આવેલ સૂચનો પ્રમાણે ગ્રંથ આદેશ બનાવો.




## 13.4. કોહાનુ ગ્રંથાલય કર્મચારી દ્વારા પરિસંચાલન (Koha Administration through Staff)

### 13.4.1 ગ્રંથ આપ-લે : Circulation Module




કોહાના મુખ્ય મેનૂમાં જાઓ ત્યાર બાદ પેટ્રોન ટેબ પર ક્લિક કરો.

હવે સૌપ્રથમ આપણે પેટ્રોન એટલે કે ઉપભોક્તા બનાવીએ, કોહાના મુખ્ય મેનૂમાં જાઓ ત્યાર બાદ સર્કયુલેશન ટેબ પર ક્લિક કરો. ક્લિક કરવાથી નીચેનું ડાયલોગ બોક્સબોક્ષ ખુલશે







ડ્રોપ ડોઉન ટેબ પર ક્લિક કરી સ્ટાફ કેટેગરી (પ્રકાર) પસંદ કરો. અને માગ્યા પ્રમાણે વિગતો ભરો. નામ, સરનામું, ઉપભોક્તા (પેટ્રોન) બારકોડ અને ગંથાલય, ત્યાર બાદ પ્રકાર અચૂક ભરો અને સેવ કરો.



હવે ગ્રંથને ઈશ્યુ (Check-Out) કરીશું. તો મુખ્ય મેનૂમાં જઈ સર્ક્યુલેશન (circulation) પર ક્લિક કરો. તો મુખ્ય મેનુમાં જઈ સર્ક્યુલેશન (Circulation) પર ક્લિક કરો જેથી નીચે પ્રમાણેનું ડાઈલોગ બોક્સ જોવા મળશે.




ચેક-આઉટ (Check-Out) મેનૂ પર ક્લિક કરો અને ઉપભોક્તા (અહીં Patron) બારકોડ નંબર દાખલ કરો અને એન્ટર કરો. જેથી પેટ્રોનની વિગત ડિસ્પ્લે થશે.




હવે પુસ્તક બારકોડ નાખી એન્ટર કરો. ત્યારે પરત તારીખ સાથે પુસ્તક ઈશ્યુ થશે, ઉપરના ડાયલોગ બોક્સમાં અતિદેય, પરત તારીખ, વગેરે વિગતો જોવા મળશે.

## 13.5.2 ગ્રંથ સૂચિકરણ: (Cataloguing)

મુખ્ય મેનૂમાં જઈ કેટલોગીંગ (Cataloguing) પર ક્લિક કરશો એટલે નીચેનું મેનૂ જોવા મળશે જે દ્વારા આપણે ગ્રંથ સૂચિકરણ કરીશું.




ઉપર મુજબ ડ્રોપડાઉન - BAOU Library- ફ્રેમ વર્ક પસંદ કરો. ઉપર મુજબ ડ્રોપડાઉનમાં ફ્રેમવર્ક પસંદ કરો. જેથી નીચે મુજબ વિવિધ ફિલ્ડ ખુલશે.




ઉપર મુજબ ડ્રોપડાઉનમાં ફ્રેમવર્ક પસંદ કરો. જેથી નીચે મુજબ વિવિધ ફિલ્ડ ખુલશે જેમાં ISBN, ગ્રંથશીર્ષક, લેખકનુ નામ, સહ-લેખકનું નામ કે એડિટર, પ્રકાશન સંસ્થા, પ્રકાશન વર્ષ, પાનાં નં., વિષય, આઈટમ-ટાઈપ, ગ્રંથાલય, વર્ગાંક, બારકોડ, બિલની વિગત, વેન્ડર વિગત, કિંમત વગેરે દાખલ કરો.

### 13.4.2.1 MARC-21 ફ્રેમવર્કના કેટલાક અગત્યના ફિલ્ડ અંગેની માહિતી

| | |
|---|---|
| 020$a | ISBN |
| 082$a | વર્ગાંક |
| 100$a | મુખ્ય લેખક |
| 111$a | કોન્ફરન્સ કે ઈવેન્ટ |
| 245$a | શીર્ષક |
| 250$a | આવૃત્તિ |
| 260$a | પ્રકાશન સ્થળ |
| 260$b | પ્રકાશકનું નામ |
| 260$c | પ્રકાશન વર્ષ |
| 300$a | પાના નં. |
| 440$a | સિરીઝ |
| 650$a | વિષય |
| 700$a | સહ લેખક |
| 856$a | વેબ પેજ URL |
| 942$C | પ્રલેખનો પ્રકાર |
| 952$0 | રદ કરેલ પ્રલેખ |
| 952$1 | ખોવાયેલ પ્રલેખનોંધ |
| 952$a | ગ્રંથાલય કે શાખા |
| 952$p | બારકોડ/પરિગ્રહણાંક |
| 952$o | વર્ગાંક |
| 952$y | પ્રલેખ પ્રકાર |
| 952$g | કિંમત |
| 952$e | વિક્રેતા નોધ |
| 952$d | પ્રલેખ ખરીદ્યા તારીખ |

## 13.4.3. સાધારણ ગ્રંથ શોધ: (Simple Search)




ઉપર મુજબ શીર્ષક શોધ કરીએ. દા.ત. Gandhi and Ambedkar તો તે સંબધી બધાં જ મથાળાં જોવા મળશે. ડાબી બાજુની રિફાઈન શોધમાં લેખક, સંગ્રહ અને જે તે ગ્રંથાલયની યાદી મળશે.જે તે મથાળાં પર ક્લિક કરતાં નીચે મુજબની સ્ક્રિન જોવા મળશે.




અહી ગ્રંથની સંપૂર્ણ વાઙ્મયાત્મક માહિતી જોઈ શકાય છે. જેમાં MARC, ISBD જેવી બધી જ વિગતો જોઈ શકાય છે. હવે બૃહદ્ શોધ પર જઈએ.

## 13.4..4 ઉચ્ચ (અગ્રિમ) શોધ (Advanced Search)




ઉપર સ્ક્રિન મુજબ આપણે ચાવીરૂપ શબ્દો, લેખકનું નામ, ગ્રંથનામ, એકથી વધારે લેખકો, Fuzzy Search, and or Not શોધ, આઈટમ પ્રમાણે શોધ, વિષય પ્રમાણે શોધ તથા ગ્રંથાંક કે વર્ગાંક મુજબ શોધ કરી શકીએ. દા.ત. અહીં આપણે ગ્રંથાંક (બારકોડ) પ્રમાણે શોધ કરીએ. જે નીચે મુજબ સ્ક્રિનમાં જોઈ શકાય છે.




## 13.4.5. ગ્રંથ શોધ: ઉપભોક્તા વડે (OPAC Search by Patron)

કોહામાં ગ્રંથ સામગ્રીની શોધ જુદા જુદા માપદંડ પ્રમાણે કરી શકાય છે. ઉ.ત. નીચેની સ્ક્રિન પર ગાંધીજીના પુસ્તકોની માટે શોધ કરતાં સામાન્ય રીતે બધી જ યાદી નીચે પ્રમાણે જોવા મળે છે.


Search
Library catalog
Gandhi
Go
Advanced search | Authority search | Recent comments | Tag cloud | Most popular | Purchase suggestions
Refine your search
Your search returned 734 results.
Did you mean: Search also for broader subjects Search also for narrower subjects Search also for related subjects
ગાંધીજી ઉપરના બધાજ પુસ્તકો દર્શાવશે.
1 2 3 4 5 6 7 8 9 10 Next » Last
Unhighlight
Relevance
Select all Clear all Select titles to: Save Place hold
Availability
Authors
Holding libraries
Home libraries
Item types
Locations
Show more
Adaptive Digital Relaying Scheme to Tackle Recloserfuse Miscoordination in Distribution Network with Multi Distributed Generation
Adaptive Distance Relaying Scheme for Series Compensated Transmission Line
ADTCE- 2015 : 2nd National Symposium on Advancements in Design and Trends in Chemical Engineering; 11, Sept, 2015
Advance Application of Coiled Tubing in Drilling
Advanced Control Strategies for Surfactant Flooding Enhanced Oil Recovery
Place hold
Save to Lists
Add to cart
No cover image available




ઉપરની સ્કિન પ્રમાણે જો ઉપભોક્તા પોતાના ઉપયોગ કરેલા પુસ્તકોની યાદી, અતિદેય, કે password જેવી માહિતી માટે દ્વારા લોગ-ઈન થતા, ઓપેક વડે જેતે ઉપભોક્તાએ ગ્રંથાલયમાં લીધેલ બધી જ સેવાની નોધ અહીં જોવા મળે છે.

## 13.5. ક્રમિક પ્રકાશનોનું નિયંત્રણઃ (Serials Control)

ક્રમિક પ્રકાશનોનું નિયંત્રણ ગ્રંથાલયમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કોહામાં ગ્રંથ નોધથી અલગ પ્રમાણે ક્રમિક પ્રકાશનોનું સંચાલન કરવામાં આવે છે. સૌ પ્રથમ ગ્રંથની નોધની જેમ જ માર્ક-૨૧માં સામાયિકની નોધ કરીશું.




ઉપર મુજબ નવો રેકોર્ડ બનાવવા (serials) ફ્રેમવર્ક પસંદ કરો અને નીચે દર્શાવેલ  સ્ક્રીન (Screen) પ્રમાણે સામયિકની વિગતો ભરો.




સામયિકની બધી વિગત ભરી સેવ કરો, ગ્રંથની જેમ રેકોર્ડને સેવ કરી અહી નવી હોલ્ડીંગ (Holding) એડ ન કરો. નીચે પ્રમાણે સામયિક (serial) મોડ્યુલ (module)માં જાઓ અને (new subscription) પર ક્લિક કરો. જેમાં નીચે મુજબની વિન્ડો જોવા મળશે.




સૌપ્રથમ વેન્ડર સર્ચ કરવા search for vendor પર ક્લિક કરી વેન્ડર શોધો. (જે વિક્રેતા જે તે સામયિક પૂરા પડતો હોય તેની વિગત અહી ઉમેરો. ત્યાર બાદ ઉપર મુજબ  રેકોર્ડ બન્યો દા.ત. International Journal of Humanities and Social Science (Chaitanya) નામનું સામયિક બનાવો.






પડશે.દા.ત.(Chaitanya) ની સામયિકતા અર્ધ-વાર્ષિક છે તો, frequency ટેબમાંથી ૨/year સેટિંગ પસંદ કરો. ત્યારબાદ પ્રથમ અંકની તારીખ અને અંતિમ અંકની તારીખ ઉમેરો. ત્યારબાદ ટેસ્ટ predict pattern પર ક્લિક કરી નવી વિગત ભરો. હવેસેવ  કરો.



હવે સેવ કરેલ સામયિકનો અંક (issue) ગ્રંથાલયમાં રીસીવ (Receive) કરો. અને માગ્યા પ્રમાણે વિગતો ભરો. ત્યારબાદ સેવ કરો.

## 13.7. Koha અહેવાલ ( Koha Report)

નીચે પ્રમાણે વિન્ડો (window) મુજબ હવે આપણે ગાઈડેડ રીપોર્ટ વિઝાર્ડ (Guided reports wizard) માંથી રીપોર્ટ બનાવીએ.




કોહામાં વિવિધ પ્રકારના અહેવાલો બનાવી શકાય છે. જેમાં used seved પરક્લિક કરો. ઉપર મુજબ અહેવાલોનું લીસ્ટ જોવા મળે છે, જેમાંથી માંગ્યા મુજબ અહેવાલ જનરેટ કરી શકશો. (Run) પર ક્લિક કરો.

સૌપ્રથમ (Report મોડ્યુલ) પર જાઓ.(used saved) પર ક્લિક કરો. નીચે સ્કિન (Screen) માં બતાવ્યા પ્રમાણે Current Check out Report પર ક્લિક કરો.



Showing 1 to 20 of 76 Show 20 entries First Previous Next Last Search: Clear filter Columns Export

| | ID | Report name | Type | Group | Subgroup | Notes | Author | Creation date | Last edit | Last run | Public | JSON URL | Cache expiry (seconds) | Saved results |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ☐ | 16 | Previous day Circulation Statistics | | | | | Chaudhari, Bharat (852) | 08/04/2016 | 23/05/2016 21:03 | 13/11/2019 12:16 | No | /cgi-bin/koha/svc/report?id=16 | 0 | |
| ☐ | 19 | Patrons w/ Checked Out Items | | | | | Chaudhari, Bharat (852) | 18/04/2016 | 29/03/2017 18:09 | 13/11/2019 12:17 | No | /cgi-bin/koha/svc/report?id=19 | 0 | |
| ☐ | 20 | Paton Permission | | | | | Chaudhari, Bharat (852) | 18/04/2016 | 18/04/2016 15:53 | 13/11/2019 12:17 | No | /cgi-bin/koha/svc/report?id=20 | 300 | |
| ☑ | 24 | Current Check Out Report | | Circulation | | | Chaudhari, Bharat (852) | 18/05/2016 | 25/01/2017 15:26 | 12/09/2019 09:12 | No | /cgi-bin/koha/svc/report?id=24 | 0 | |
| ☐ | 26 | Item Without Call Nomber | | | | | Chaudhari, Bharat (852) | 18/05/2016 | 14/09/2017 13:47 | | No | /cgi-bin/koha/svc/report?id=26 | 0 | |
| ☐ | 32 | Item Search by Dates | | | | | Chaudhari, Bharat (852) | 20/05/2016 | 23/08/2016 21:30 | | No | /cgi-bin/koha/svc/report?id=32 | 0 | |
| ☐ | 34 | List of Items Marked Lost/Missing | | | | | Chaudhari, Bharat (852) | 20/05/2016 | 20/05/2016 23:15 | 26/07/2019 11:14 | No | /cgi-bin/koha/svc/report?id=34 | 300 | |
| ☐ | 35 | Item Search by CallNumber | | | | | Chaudhari, Bharat (852) | 20/05/2016 | 26/09/2019 07:41 | 26/09/2019 07:40 | No | /cgi-bin/koha/svc/report?id=35 | 0 | |

હવેr un પર ક્લિક કરો એટલે નેચે પ્રમાણેની વિન્ડો જોવા મળશે. જેમાં તમારે જે સમય દરમિયાનનો રિપોર્ટ જોઈતો હોય એ મુજબ તારીખ દાખલ કરો.




હવે run પર ક્લિક કરો. તો આપણને નીચે મુજબનો રિપોર્ટ જોવા મળશે.




આ રિપોર્ટને એક્સેલ ફોર્મમાં સેવ કરી શકાય.

## 13.6..1 TOP LIST

આ વિકલ્પ આપણને Report module માં જમણી બાજુની પેનલમાં જોવા મળશે. જે નીચેની આકૃતિમાં જોઈ શકાય છે.




ઉપરોક્ત આકૃતિ કે સ્ક્રિનમાં TOP LISTS માં બે વિકલ્પો આપેલા છે, જેમાં આપણે સૌથી વધુ વખત issue કરેલ patron એટલે કે ઉપભોક્તા કોણ છે તે જાણી શકીએ. Patron with the most checkouts પર ક્લિક કરવાથી નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે, જેમાં જે તે સમય (વર્ષ) દરમિયાન કયા યુઝરે સૌથી વધુ ગ્રંથ issue કર્યા તે જાણીએ. માગ્યા મુજબ વર્ષ કે તારીખ દાખલ કરો.







તારીખ નાખી item type માં general books પસંદ કરો. ત્યાર બાદ To screen into the browser વિકલ્પ સિલેક્ટ કરી submit બટન પર ક્લિક કરવાથી નક્કી કરેલ સમય પ્રમાણે, પ્રથમ પોચ ઉપભોક્તા (patron) (સૌથી વધુ ગ્રંથ issue કરાવનાર) જોવા મળશે. એમ સૌથી વધુ ૧૦ કે સૌથી વધુ ૧૦૦ પણ જાણી શકાય.

Filtered on:

- Checked out after 01/01/2020
- Checked out before 13/03/2020

| Rank | Patron | Checkout count |
|---|---|---|
| 1 | January 2020, BOOKS BINDING | 117 |
| 2 | Sriram,, D | 18 |
| 3 | Satbhai, Ojas | 14 |
| 4 | Shah, Vaibhav | 13 |
| 5 | Gupta, Pawan | 10 |

એ જ પ્રમાણે top list નો બીજો વિકલ્પ most circulated items પણ જાણી શકાય. આ જ મેનૂમાં top list વિકલ્પમાં, most circulated items પર ક્લિક કરો. જેથી નીચેની સ્ક્રીન ડિસ્પ્લે થશે.



તારીખ (સમયગાળો) નથી, item type માં general books નાખો. ત્યાર બાદ To screen into the browser વિકલ્પ સિલેક્ટ કરી submit બટન પર ક્લિક કરવાથી નક્કી કરેલ સમય પ્રમાણે, સૌથી વધુ વખત issue (ચેક-ઓઉટ) થયેલ ગ્રંથની યાદી મળશે. અહીં top ૧૦ યાદી જોઈ શકાય છે.

**Top Most-circulated items**

Filtered on:

Issue From =01/01/2019

Issue To =13/03/2020

Branch =SOT

| Rank/Biblioitemnumbers | Global | |
|---|---|---|
| | Item | Count of checkouts |
| 1 | Thermodynamics: An Engineering Approach | 192 |
| 2 | Engineering Chemistry | 172 |
| 3 | Basic Electrical Engineering | 125 |
| 4 | Electric Machines | 118 |
| 5 | Advanced Engineering Mathematics | 116 |
| 6 | Electric Machines | 111 |
| 7 | Principles of Electronics | 93 |
| 8 | Higher Engineering Mathematics | 87 |
| 9 | Higher Engineering Mathematics Vol. -1 | 86 |
| 10 | Thomas' Calculus | 84 |

## 13.7. Koha ટૂલ્સ: Tools

કોહા (tools) મોડ્યુલ (module) માં કુલ ૩૧ ટેબ આપેલ છે, જરૂરિયાત મુજબ આપણે તેનો ઉપયોગ કરી શકીએ.

હવે (tools) વડે કાલેન્ડેર સેટ કરીએ.



ઉપરની સ્ક્રીન screen મુજબ (Additional tools) પર (Calendar) ઓપ્શન પર જાઓ.




ધારો કે રવિવારે રજા છે તો પીળાં કલરના કી-ટેબ પર જઈ (holiday repeating weekly) પર ક્લિક કરો.

આમ વાર્ષિક રજાઓ, તહેવારની રજાઓ, તથા વેકેશન સમય સેટ કરી શકાય.

## <u>તમારી પ્રગતિ ચકાસો</u>

**પ્રાયોગિક કસોટી (જાતે કરો): (DO YOUR SELF)**

૧. કોહા Administrator મોડ્યુલ દ્વારા ગ્રંથાલય, આઈટમ-ટાઈપ અને વિષય Athorise value બનાવો.

૨. એક વિક્રેતા બનાવી, સામયિક માટે બજેટ ફંડ ફાળવો.

૩. સૂચન મુજબ ત્રણ ગ્રંથોનો ગ્રંથ-આદેશ આપો.

૪. Petron મોડ્યુલનો ઉપયોગ કરી વિદ્યાર્થી ઉપભોક્તા બનાવો.

૫. Catalouge મોડ્યુલનો ઉપયોગ કરી ૫ ગ્રંથોની માર્ક-૨૧ ફોરમેટમાં એન્ટ્રી કરો.

૬. Serial મોડ્યુલનો ઉપયોગ કરી ૩ સામયિકની એન્ટ્રી કરો.

૭. Report મોડ્યુલનો ઉપયોગ કરી છેલ્લા અઠવાડિયે થયેલ પુસ્તક આપ-લેની યાદીનો રિપોર્ટ એક્સેલફાઈલમાં સેવ કરો.

૮. Report મોડ્યુલનો ઉપયોગ કરી પરત ન મળેલ ગ્રંથોની યાદી એક્સેલમાં સેવ કરો.

૯. બારકોડ રેંજ (ગ્રંથાંક) પ્રમાણે ગ્રંથોની યાદી તૈયાર કરો.

૧૦. વર્ગાંક મુજબ ગ્રંથોની યાદી તૈયાર કરો.

૧૧. ગ્રંથોની નોધ એડિટ કરી, સુધારો કરો.

૧૨. ગ્રંથોની વિષય પ્રમાણે ઓપેક (OPAC)માં શોધ કરો. and or not નો ઉપયોગ કરી શોધ કરો.

**નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ વાક્યોમાં આપો.**

1. 245$a, 300$a તથા 952$p Tag (ટેગ) ના વાઙ્મયાત્મક નામ જણાવો ?
2. Authorized values શું કરવામાં આવે છે?
3. કોહામાં ઇન્વેન્ટરી એટલે શું?
4. કોહા કઈ પ્રોગ્રામિંગ ભાષામાં લખાયેલ છે?
5. CSVનું પૂરું નામ શું છે?

**વૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

(૧) કોહા (માર્ક-૨૧) માં પ્રકાશકની નોંધ કયા પદ (ફિલ્ડ) દ્વારા થાય છે ?

(i) 100$a (ii) 200$a

(iii) 260$a (iv) 952$c

(૨) કોહામાં ગ્રંથ સામગ્રી વિકાસ માટે મોડ્યુલનાં તબક્કાઓનો સાચો ક્રમ આપો.

(i) Acquisitions, Cataloging, Patron, Circulation, Report

(ii) Cataloging, Patron, Report, Circulation, Acquisitions

(iii) Acquisitions, Patron, Cataloging, Circulation, Report

(iv) Acquisitions, Patron, Circulation, Cataloging, Report

(3) MARC નું પૂરું નામ શું છે. ?

(i) Machine Readable Catalogue

(ii) Machine Readable Cataloging

(iii) Machine Reachable cataloging

(iv) Machine Remembering Catalog

(4) સ્પાઈન લેબલ અને બારકોડ બનાવવા કયા મોડ્યુલનો ઉપયોગ કરશો.?

(i) Administration

(ii) Global Settings

(iii) Cataloging

(iv) Tools

(5) ચેક-આઉટ (Check-Out) એટલે શું ?

(i) પુસ્તક આપવું

(ii) પુસ્તક પરત લેવું

(iii) પુસ્તક રીન્યુ કરવું

(iv) ઉપરોક્ત એક પણ નહિ

## 13.8. તમારી પ્રગતિ તપાસોના ઉત્તરો (Answer the Self-Check Exercises)

**પ્રશ્નોના જવાબ બે થી ત્રણ વાક્યોમાં આપો.**

1. 245$a - Title (ગ્રંથ નામ)

   300$a - પાનાં નં (page)

   952$p પરિગ્રહણ કે બારકોડ નં. (Accession No.)

2. Authorized valuesમાં shelving location (ગ્રંથનું સ્થાન), department, new arrival display સેટ કરી શકો.

૩. ઈન્વેન્ટરી એટલે સ્ટોક વેરિફિકેશન (ગ્રંથ મેળવાની) માટે ટૂલ

૪. કોહા perl ભાષામાં લખવામાં આવેલ છે.

5. CSV એટલે Comma Separated Values (CSV) ફાઈલ જે, ડેટાની યાદીનો સંગ્રહ કરે છે..

## 13.9. ચાવીરૂપ શબ્દો (KEYWORDS):

| | | |
|---|---|---|
| **ગ્રંથાલય યાંત્રિકીકરણ** | : | વિવિધ પ્રકારના ગ્રંથાલયના કર્યો જેવા કે પરિગ્રહણ, સૂચિકરણ, સામયિક નિયંત્રણ જેવા ગ્રંથાલયના આંતરિક કાર્યો સોફ્ટવેરની મદદથી કરવા. |
| **કોહા** | : | દાન, ભેટ |
| **ગ્રંથ પરિગ્રહણ** | : | ગ્રંથાલયમાં પુસ્તક પ્રાપ્ત કરવું. |
| **ગ્રંથ પરિક્રમણ** | : | પુસ્તકને વાચક માટે આપ-લે. |
| **MARC-21** | : | મશીન રેડીબલ કેટલોગ, એક પ્રોગ્રામમાંથી બીજા પ્રોગ્રામ બિબ્લિઓગ્રાફિક રેકોર્ડને ટ્રાન્સફર કરવાનું ધોરણ. |
| **વેબ એપ્લીકેશન** | : | વર્લ્ડ વાઈબ વેબ પર ચાલતી એપ્લિકેશન |
| **ઝેડ Z39. 50** | : | એક આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ક્લાયંટ-સર્વર છે, TCP / IP કમ્પ્યુટર નેટવર્ક પર ડેટાબેઝમાંથી માહિતી શોધવા અને પ્રાપ્ત કરવા માટે એપ્લિકેશન લેયર કમ્યુનિકેશન્સ પ્રોટોકલ/ધોરણ Z39 દ્વારા આવરી લેવામાં આવ્યું છે. |

## 13.10. સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCING AND FURTHER READING)


* Egunjobi, R.A. and Awoyemi (2012). Library Hi Tech News, Emerald Publishing Limited

* Eyler, Pat (2003). Koha: A Gift to Libraries from New Zealand

* Joann Ransom (2009-09-14). “Library Matters: Liblime Forks Koha”. Library-matters.blogspot.com. Retrieved 2011-08-18.

* Mukhopadhyay, P. (2008). Library Automation Through Koha. Kolkata, West Bengal: Prava Prakashan


* * *

| એકમ 14 | NewGenLib 3.1 Practical (ન્યૂજેનલીબ પ્રાયોગિક) |
|---|---|

## રૂપરેખા


14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 હાર્ડવેરની તથા અન્ય સોફ્ટવેર જરૂરિયાત

14.2.1 સર્વર માટેની ન્યૂનતમ જરૂરિયાત

14.2.2 ક્લાયન્ટ માટેની ન્યૂનતમ જરૂરિયાત

14.2.3 સૉફ્ટવેર જરૂરિયાત: (Software requirements)

14.3 પરિગ્રહણ એકમ

14.3.1 ન્યૂજેનલીબમાં પ્રલેખ વિનંતીની પ્રક્રિયા

14.4 તકનીકી પ્રોસેસિંગ અને ડેટાબેઝ વિકાસ

14.5 પરિભ્રમણ એકમ

14.5.1 ચેકઆઉટ એકમ (પ્રલેખ આપવા)

14.5.2 ચેક ઈન (પ્રલેખ પરત કરવા)

14.6 સામયિક સંચાલન એકમ

14.7 પરિસંચાલક એકમ

14.8 અહેવાલો

14.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

14.10 ચાવીરૂપ શબ્દો

14.11 સંદર્ભ અને વિશેષ વાંચન


## 14.0 ઉદ્દેશો (Objectives)

**પ્રસ્તુત એકમમાં આપણે:**

- ન્યુજેનલીબ (Newgenlib) સોફ્ટવેરનાં વિવિધ મોડ્યુલનો પ્રાયોગિક ઉપયોગ વિવિધ પગલાં સાથે જોઈશું.

-ન્યુજેનલીબ (Newgenlib) એડમિનિસ્ટ્રેશન તથા ગ્રંથાલયના વિવિધ કાર્યો કોઠા દ્વારા શીખીશું.

**એકમના અભ્યાસના અંતે વિદ્યાર્થી:**

- ગ્રંથાલય સોફ્ટવેરના વિવિધ મોડ્યુલનો ઉપયોગ કરતાં શીખશે
- ગ્રંથાલયમાંથી ગ્રંથ પસંદગીથી લઈ રિપોર્ટ સુધીના વિવિધ કાર્યો વિદ્યાર્થી જાતે કરી શકશે.

---

## 14.1 પ્રસ્તાવના (Introduction)

---

ન્યૂજેનલીબ સંપૂર્ણ ગ્રંથાલય યાંત્રિકીકરણ માટેનું એક ઉત્તમ ઓપન સોર્સ સૉફ્ટવેર છે. જે વેરસ સોલ્યુશન્સ પ્રા.લિ. અને હૈદરાબાદમાં આવેલ કેસવાન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ નોલેજ મેનેજમેન્ટના સહયોગ દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે. સૉફ્ટવેર બનાવનાર સિદ્ધાર્થ એર્રબોલુ અને એલજે હારાવુ દ્વારા જાવા પ્રોગ્રામિંગ ભાષામાં ન્યૂજેનલીબની રચના કરેલ છે. ન્યૂજેનલીબ વર્ષ 2005 માં ખાનગી માલિકીના સૉફ્ટવેર તરીકે વિકસિત થયું હતું પરંતુ આવૃત્તિ 2.1 વર્ષ 2008માં GNU (જનરલ પબ્લિક લાઇસન્સ) અંતર્ગત ઓપન સોર્સ સોફ્ટવેર તરીકે જાહેરાત કરવામાં આવી હતી.ન્યૂજેનલીબનું નવીનતમ સંસ્કરણ 3.1.16, એપ્રિલ16, 2015ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જે લિનક્સ, વિન્ડોઝ બન્ને પ્રકારની ઓપરેટિંગ સિસ્ટમમાં ખૂબ સરળતાથી કામ કરે છે. સમગ્ર વિશ્વમાં અનેક ગ્રંથાલયોમાં ન્યૂજેનલીબનો ઉપયોગ મહત્તમ કરવામાં આવે છે.ન્યૂજેનલીબ ગ્રંથાલય યાંત્રિકીકરણ માટે ખુબ જ પ્રચલિત ઓપન સોર્સ સોફ્ટવેર છે.

---

## 14.2 હાર્ડવેર તથા અન્ય સૉફ્ટવેર જરૂરિયાત (Hardware and other Software min Requirements)

---

### 14.2.1 સર્વર માટેની ન્યૂનતમ જરૂરિયાત: (Min requirements of the Server)

હાર્ડવેર (Hardware): Pentium 4 or equivalent, 4GB RAM and 80GB Hard disk, Software: Windows 2000prof, 2000 Adv Server, XP Home, XP Prof, and 20032005 server.

### 14.2.2 ક્લાયન્ટ માટેની ન્યૂનતમ જરૂરિયાત: (Min requirements of the Client)

હાર્ડવેર (Hardware): Pentium 4 or equivalent, 2GB RAM and 40GB Hard disk, Windows 2000professional/2000 (or 2003/2007/2010) Advanced server/XP home/XP Prof/2003/2010, Red hat Linux 8.0/9.0/10

### 14.2.3 સૉફ્ટવેર જરૂરિયાત: (Software requirements)

JavaJDK 14.2 or later, DBMS: Postgresql-8 or later, jboss-3.2.1_tomcat- 4.1.24, Java-based client server application.

ન્યૂજેનલીબ (NewGenLib)ના વિવિધ (Modules) એકમોની સવિસ્તાર સમજૂતી નીચે મુજબ છે:

## 14.3 પરિગ્રહણ એકમ : ( Acquisition)

ન્યૂજેનલીબના પરિગ્રહણ એકમમાં સામાન્ય રીતે દરેક ગ્રંથાલયમાં આવશ્યક હોય તેવી બધી સુવિધાઓ છે. આ મોડ્યુલમાં વિવિધ પ્રલેખ માટેના પરિગ્રહણ કાર્ય કરવા માટે વિવિધ એકમો આપેલ છે. જેનો નિર્દેશ નીચે દર્શાવેલ ચિત્રમાં છે. આ એક્મના વિકલ્પો અને પેટા વિકલ્પો, તેમના હેતુ અને કેવી રીતે આ વિધેયોનો ઉપયોગ કરીને પરિગ્રહણ સંબંધિત કાર્યો પરિપૂર્ણ કરવામાં આવે છે તે ક્રમશઃ નીચે મુજબ દર્શાવેલ છે.




### 14.3.1 ન્યૂજેનલીબ Newgenlibમાં પ્રલેખ વિનંતીની પ્રક્રિયા: (Ordering Process in NGL)

મોટાભાગના ગ્રંથાલયો તેમના ઉપભોક્તાને ઉપયોગી હોય તેવા વિવિધ પ્રલેખોની યાદી (પુસ્તકો, સામયિકો, સીડીના નકશા, વગેરે) સૂચવવા માટે પ્રોત્સાહિત કરે છે. નવીન પ્રલેખો (અથવા જૂના પ્રલેખોની વધારાની નકલો) ઉમેરવાની આવી વિનંતીઓ ઑપેક, ઓફલાઈન દ્વારા છાપેલ, મૌખિક, ઈમેઈલ દ્વારા આપવામાં આવે છે. જો તે OPAC દ્વારા ઑનલાઈન પ્રાપ્ત થાય છે, તો આ માહિતી પરિગ્રહણાંક ડેટાબેઝમાં આપમેળે દાખલ થઈ જાય છે.

જો આ ઑફલાઈન પ્રાપ્ત થાય છે, તો આવી પ્રલેખ માટેની વિનંતીઓ સંચાલક મંડળની મંજૂરી માટે સાચવી રાખવામાં આવે અને ઓનલાઈન પણ આ માહિતી દાખલ કરવામાં આવે એ અનિવાર્ય છે.

## 14.4 તકનીકી પ્રોસેસિંગ અને ડેટાબેઝ વિકાસ : (Technical Processing)

આ મોડ્યુલમાં ઘણી સુવિધાઓ છે જે ઉપયોગકર્તાને વિવિધ પ્રકારનાં દસ્તાવેજી સામગ્રી (પુસ્તકો, સામયિકો, લઘુ શોધનિબંધ, વગેરે) અને નવીન સામગ્રી જેવી કે સીડી-રોમ, વેબ પૃષ્ઠ, દશ્ય-શ્રાવ્યને અસરકારક રીતે ઉપયોગ કરવા માટે અને સંપૂર્ણ પ્રક્રિયા અને કાર્યક્ષમતાને સમજવા માટે મહત્ત્વપૂર્ણ એકમ છે.

બધા મેટાડેટા (કેટલોગ) રેકોર્ડ્સ માર્ક -21 અનુસાર સુસંગત છે. બીજા શબ્દોમાં કહીએ તો ડેટા દાખલ કરવા માટે ઉપયોગમાં લેવાતી કેટલોગિંગ માર્ક -21 ફોર્મેટને અનુસરે છે. મુખ્ય નોંધ અને અન્ય નોંધો માટે AACR-2R ધોરણ અનુસરવામાં આવે છે. જો કે હવે કમ્પ્યૂટર આધારિત સિસ્ટમમાં મુખ્ય નોંધ અને અન્ય નોંધો વચ્ચેનો તફાવત નહિવત રહ્યો છે. કારણ કે સૂચિ શોધવા માટેના બધા જ અભિગમ ઓપેકમાં સમાવિષ્ટ થયા છે .

માહિતીના ઓબ્જેક્ટ્સનું વર્ણન ત્રણ સ્તરે વિગતવાર જોવા મળે છે. મિનિમલ, મિડ-લેવલ અને માર્ક -21 (MARC-21) ધારાધોરણ મુજબ પ્રલેખોની માહિતી દાખલ કરવા માટે ખૂબ જ સરળ નમૂનો આપવામા આવેલ છે. તમામ પ્રકારનાં સામગ્રીના વર્ણન માટે મિડ-લેવલની અને વિગતવાર માહિતી માટે સામાન્ય નમૂનો ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત માર્ક -21 નમૂનો સંપૂર્ણ માહિતીને માર્ક ફોર્મેટ પ્રમાણે સૂચિબદ્ધ કરવાની પરવાનગી આપે છે.

સૂચિકરણની નકલ કરવી દા.ત., કેટલોગ રેકોર્ડ ડેટા ડાઉનલોડ કરવો, જેમ કે લાઈબ્રેરી ઑફ કોંગ્રેસ, (ઓ.સી.એલ.સી) અધિકૃત માર્ક -21 ડેટા ડાઉનલોડ કરવામાં આવે છે. આ ઓ.સી.એલ.સી સૂચિ શોધ, પૃષ્ઠ http://catalog.loc.gov કનેક્ટ કરીને પ્રાપ્ત થાય છે. અહીં સૉફ્ટવેર વિવિધ રેકોર્ડને શોધે છે અને ત્યારબાદ રેકોર્ડને ISO-2709 ફાઈલ તરીકે સાચવવામાં આવે છે. આ માહિતીને ન્યૂજેનલીબના નમૂનામાં દાખલ કરીને સંગ્રહ કરવામાં આવે છે.

ગ્રંથાલય માલિકીના માર્ક-21 ડેટા સ્રોતોનો ઉપયોગ કરીને તેનો ઉપયોગ કરી શકે છે. એકમાત્ર શરત એ છે કે સ્રોતએ તેમના માર્ક-21સૂચિ રેકોર્ડ્સને ISO-2709 ફોર્મેટમાં જ દાખલ કરવાની મંજૂરી આપે છે. જે ગ્રંથાલય ન્યૂજેનલીબનો ઉપયોગ કરે છે અને જેનું ઓપેક ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે તેના જેવા જ અન્ય ગ્રંથાલયની સૂચિની માહિતી ડાઉનલોડ કરી શકાય છે.

MARC-21 દ્વારા આધારભૂત તમામ પ્રકારની સામગ્રી વર્ણવવાનું શક્ય છે. તેમાં દશ્ય શ્રાવ્ય, કમ્પ્યુટર ફાઈલો, વગેરે છે.પુસ્તકો, લેખો અને પરિષદના કાગળોના પ્રકરણો માટે રેકોર્ડ્સ બનાવવું શક્ય છે. આવી બધી વિશ્લેષણાત્મક માહિતી તર્કસંગત રૂપે હોસ્ટ આઈટમ (મોનોગ્રાફ, સીરીયલ, વગેરે) સાથે જોડાયેલી છે. બીજા શબ્દોમાં કહીએ તો, જો પુસ્તકના કેટલાંક પ્રકરણો વર્ણવવાની આવશ્યકતા હોય, તો મોનોગ્રાફ માટે માત્ર એક મેટાડેટા રેકોર્ડ હશે અને આ જુદાં જુદાં પ્રકરણો આ મેટાડેટા રેકોર્ડ્સ સાથે જોડાયેલું રહે છે.

મેટાડેટા (Metadata) રેકોર્ડ્સમાં એક અથવા વધુ ડિજિટલ જોડાણો હોઈ શકે છે, દા.ત. દસ્તાવેજો, છબીઓ, વગેરેનો સંપૂર્ણ ટેક્સ્ટ, આવા જોડાણો ઓપેક દ્વારા પુનઃ પ્રાપ્ત કરી શકાય છે.ન્યુજેનલીબ દ્વારા આંતરિક રીતે ઉપયોગમાં લેવાતી ભાષા અક્ષર એન્કોડિંગ યુનિકોડ અને યુટીએફ UTF8 છે. આ નૉન-રોમન સ્ક્રિપ્ટ ભાષાઓમાં ડેટા એન્ટ્રી, સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ કરે છે. આ નૉન-રોમન સ્ક્રિપ્ટ ભાષાઓ માટે વર્ચ્યુઅલ કીબોર્ડ્સનો ઉપયોગ કરવામાં આવે છે.

ગ્રંથાલયો તેમના સંસ્થાના ડિજિટલ આર્કાઇવ્ઝ બનાવવા માટે આ સોફ્ટવેર સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. જેમાં  (દા.ત., ફેકલ્ટી પેપર્સ, લેખ, પુસ્તકોના પ્રકરણો).વગેરે. ઓએઆઈ-પીએમએચ પ્રોટોકોલ મેટાડેટા હાર્વેસ્ટિંગ માટે ઓપન એક્સેસ ઇનિશિયેટિવ (OAI-PMH) નો ઉપયોગ કરીને આ રેકોર્ડ્સનું મેટાડેટામાં રૂપાંતર કરવામાં આવે છે.ન્યૂજેનલીબમાં આવા બધા રેકોર્ડ્સ અન્ય મેટાડેટા સાથે સંકલિત થાય છે અને ઓપેક દ્વારા શોધી શકાય છે. આ રેકોર્ડ્સની ડિજિટલ સામગ્રી ઓપેકનો ઉપયોગ કરનાર ઉપભોક્તાને પ્રાપ્ત થાય છે.

એ જ રીતે, ગ્રંથાલયમાં અન્ય ઓએઆઈ-પીએમએચમાંથી મેટાડેટા લેવાનું પણ શક્ય છે. આવા  રેકોર્ડ્સ ન્યૂજેનલિબ ડેટાબેઝનો ભાગ બની જાય છે અને તેથી ઓપેક દ્વારા શોધી શકાય છે.ખાસ કરીને ખુલ્લા આર્કાઈવમાં ઉમેરવામાં આવેલા રેકોર્ડ્સ HTTP દ્વારા સરળ આદેશોનો ઉપયોગ કરીને અન્ય ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો દ્વારા પણ પ્રાપ્ત કરવામા આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ન્યૂજેનલિબને ઉપયોગ કરીને ગ્રંથાલય ઑપન ઍક્સેસ ચળવળમાં સર્વિસ પ્રોવાઇડર અને ડેટા પ્રદાતા તરીકેની બેવળી ભૂમિકા નિભાવે છે.




નીચેની સ્ક્રીન મુખ્ય મેનુ વિકલ્પો બતાવે છે જે આ મોડ્યુલમાં  વિવિધ ઉપ-વિકલ્પો ઉપલબ્ધ છે.આ એકમમાં તકનીકી પ્રક્રિયા સંબંધિત કાર્યો ખૂબ જ સરળતાથી પરિપૂર્ણ કરી શકાય છે.

## 14.5 પરિભ્રમણ એકમ : (Circulation)

ન્યૂજેનલીબ (NewGenLib) ના સર્ક્યુલેશન કંટ્રોલ એટલે કે પરિભ્રમણ એકમ મોડ્યુલમાં વિશાળ અને નાના ગ્રંથાલયોમાં ઉપયોગી બધા જ કાર્યો કરી શકાય છે. આ ઉપરાંત, મૉડ્યુલમાં ઘણાં બિલ્ટ-ઇન નિયંત્રણો અને પરિમાણો નક્કી કરી શકાય છે જે ગ્રંથાલયમાં આવનાર બધા જ વાચકોને સમાન સઁગ્રહ શોધની સુવિધા આપે છે. વિવિધ અહેવાલો મેળવી શકાય છે. જે ગ્રંથાલયને સંગ્રહ વિકાસ , જાળવણી, નિકાલ, ઉપયોગ જેવા નિર્ણયો લેવામાં મદદરૂપ થાય છે. આર એફ આઈ ડી (RFID) નો ઉપયોગ પણ ન્યૂજેનલીબમાં થઇ શકે છે. આ એક્મ પરિભ્રમણ એકમની બધી જ સુવિધાઓ આવરી લે છે .




### 14.5.1 ચેક-આઉટ એકમ (પ્રલેખ આદાન) : (Check Out)

ચેક આઉટ (Check-Out) (એટલે પ્રલેખ Issue કરવો)ફંક્શન કોઈપણ પરિભ્રમણ નિયંત્રણ મોડ્યુલમાં એક મૂળભૂત અને મુખ્ય એકમ છે. ગ્રંથાલય દ્વારા ઉપભોકતાને આપવામાં આવતાં પ્રલેખની માહિતી અને નક્કી કરેલ નિયમોને ચકાસ્યા બાદ ઉપભોક્તાને પ્રલેખ આપે છે. દા.ત. પરિભ્રમણ ડેસ્કમાં લાવવામાં આવેલી સામગ્રીને અને ઉપભોક્તાની પ્રલેખો લેવાની મર્યાદા વગેરેની તપાસ કરે છે. ચેક-આઉટ ફંક્શનને ખોલવા માટે, પ્રસારણ મુખ્ય મેનુ વિકલ્પને ક્લિક કરો અને પછી ચેક-આઉટ (ઇસ્યૂ) મેનૂ વિકલ્પને ક્લિક કરો. આ નીચે બતાવેલ સ્ક્રીન આવશે.




સ્ક્રીનમાં ત્રણ ટૅબ્સ છે જે ચેક-આઉટ વિકલ્પને માટે આપવામાં આવેલ છે. ડિફૉલ્ટ રૂપે 'પેટ્રોન' ટૅબ પસંદ કરવામાં આવે છે. અન્ય બે ટૅબ્સ: આઇ.એલ.એલ માટે છે. આ ટૅબ્સને ક્લિક કરીને જો જરૂરી હોય તો ગ્રંથાલય અને ઉપભોક્તાની આઇ.એલ.એલ વિનંતી કરી શકાય છે.

ચેક-આઉટ ટ્રાન્ઝેક્શના ક્રમશ: વિગતવાર માહિતી નીચે મુજબ આપેલી છે.

સ્ક્રીનમાં ત્રણ ટૅબ્સ (tab) છે. જે ચેક-આઉટ વિકલ્પને દર્શાવે છે. ડિફૉલ્ટ રૂપે 'પેટ્રોન' (Patron) ટૅબ પસંદ કરવામાં આવે છે. અન્ય બે ટૅબ્સ: ગ્રંથાલયની આઇ.એલ.એલ વિનંતી કરવા અને ઉપભોક્તાની આઇ.એલ.એલ વિનંતી કરવા પસંદ કરી શકાય છે.

પેટ્રોનના (borrower) આઈડી કાર્ડને બાર કોડ રીડર દ્વારા પ્રથમ સ્કેન કરવામાં આવે છે. ત્યારબાદ ઉપભોક્તાની વિગતો જેવી કે ડિપાર્ટમેન્ટ અને પેટ્રોન નામ ટેક્સ્ટ બૉક્સિસ (Text Boxes)માં જોવા મળે છે અને જો ઉપભોક્તાનો ફોટોગ્રાફ ડેટાબેઝમાં સંગ્રહિત કરવામાં આવેલ હોય તો સ્ક્રીનના જમણા ખૂણા ઉપર ઉપભોક્તાનુ ચિત્ર જોવા મળે છે. જો લાઈબ્રેરીમાં બાર કોડ રીડર ન હોય, તો પેટ્રોન આઈડી કી બોર્ડ દ્વારા દાખલ કરી શકાય છે પરંતુ અહીં ભૂલ થવાની શક્યતા છે તેથી આના માટે કાળજી રાખવાની ખુબ જરૂર છે.

બારકોડને લખેલ ટેક્સ્ટ બૉક્સમાં કર્સર મૂકો અને ચેક-આઉટ કરવા પ્રલેખના બાર કોડને સ્કેન કરો . જો તમારી પાસે બાર કોડ રીડર નથી, તો પ્રલેખનો બારકોડ હાથથી દાખલ કરો પરંતુ તે ચોક્કસપણે દાખલ કરવા માટે કાળજી લો. એકવાર પ્રલેખનો બાર કોડ દાખલ થઈ જાય, ત્યારે પ્રલેખની વિગતો ગ્રંથાલયના કેટલોગ ડેટાબેસમાંથી પુનઃપ્રાપ્ત કરવામાં આવે છે.

ઉપરોક્ત પગલાનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે. જો કોઈ પેટ્રોન (ઉપભોક્તા) 4 પ્રલેખ ઉછીના લેવા ઈચ્છે છે, તો ઉપરનુ પગલું 4 વખત પુનરાવર્તન કરવામાં આવે છે. જો કે, જ્યારે પણ, નવી બારકોડ ચેક-આઉટ માટે સ્કૅન કરવામાં આવે છે અને

ઉપભોક્તાની  લોનની મર્યાદા કરતા વધી જાય છે, ત્યારે પરિભ્રમણ કર્મચારીને આ અંગે ચેતવણી આપવામાં આવે છે અને આ ઉપભોક્તા માટે ઈસ્યૂ ટ્રાન્ઝેક્શનનો છેલ્લો પ્રલેખ સ્કેન કરવામાં આવશે નહીં. ત્યારબાદ ઉપભોક્તા નક્કી કરી શકે છે કે શું તે છેલ્લા પ્રલેખના મુદ્દાને સમાવવા માટે તેની સૂચિમાં એક અથવા અન્ય પ્રલેખ રદ કરવા માંગે છે કે નહિ.

ચેક-આઉટ માટે તૈયાર પ્રલેખને  કાઢી નાખવા માટે, તે પ્રલેખને કોષ્ટકમાં પંક્તિ પર ક્લિક કરીને પસંદ કરો અને પછી કાઢી નાખો આયકનને ક્લિક કરો. એકવાર કોઈ ચોક્કસ પેટ્રોનની બધી આઇટમ્સ સ્કેન થઈ જાય, તે પછી સ્ક્રીનના તળિયે ‘ચેક આઉટ’ લેબલવાળા બટનને ક્લિક કરીને આ બધાને ચેક-આઉટ કરી શકાય છે.

હવે તમે ટાસ્ક સફળ રીતે કરેલ છે એવો મેસેજ જોવા મળશે. અહીં ઓકે પર ક્લિક કરો.

નવી વિંડો તમને ચેક-આઉટ સ્લિપનો ટેક્સ્ટ બતાવશે. તેને સાદા ટેક્સ્ટ ફાઇલ અથવા ઓપન ઑફિસ દસ્તાવેજ તરીકે તરત જ નકલ લઇ શકાય છે.

### 14.5.2 ચેક-ઈન (પ્રલેખ પ્રદાન) : (Check-in)

ચેક-ઈન ફંક્શન ગ્રંથાલયના પ્રલેખોને ચોક્સાઈથી લેવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આ ફંક્શન ઉપભોક્તાના ખાતામાંથી પ્રલેખને નીકળી ઉપભોક્તાને મુક્ત કરે છે. પરંતુ ઉપયોગી આંકડા જાળવી રાખે છે જે માહિતી પ્રલેખ પ્રાપ્તિ, સ્ટોકમાંથી પ્રલેખ રદ કરવા, ગ્રંથની ખોટ વગેરેના નિર્ણયો લેવામાં અને વિશ્લેષણ કરવામાં ઉપયોગી બને છે. ચેક-ઈન ફંકશનમાં ઉપભોગતાની હાજરીની જરૂર નથી, ફક્ત પ્રલેખ ની જરૂર હોય છે.

જ્યારે તમે ચેક-ઈન મેનૂ વિકલ્પને ક્લિક કરો છો ત્યારે નીચે બતાવેલ સ્ક્રીન જોવા મળશે.



બતાવેલ આકૃતિમાં જોઈ શકાય છે. તેમાં બારકોડવાળા લેબલ લગાવેલ પ્રલેખનો ઉપયોગ કરવામાં આવે છે. કર્સરને આ ટેક્સ્ટ બૉક્સમાં મૂકો અને પ્રલેખના બાર કોડને સ્કેન કરો. સ્ક્રીનના નીચલા ભાગમાં શીર્ષક, લેખક, પ્રકાશક વગેરે માટે ટેક્સ્ટ બૉક્સમાં પ્રલેખની વિગતો જોવા મળે છે. તમે ઉપભોક્તાના નામ, ચેક આઉટ તારીખ, બાકી તારીખ, ચુકવેલ ચૂકવણી. ટેક્સ્ટ બૉક્સની બાજુમાં અતિ દેહ ચૂકવણી માટેનું આયકન છે. ફક્ત પ્રમાણિત ગ્રંથાલયના કર્મચારી સભ્યોને અતિ દેહ લેવા માટેની પરવાનગી છે.

એકવાર, વિગતો ચકાસવામાં આવે છે, ચેક-ઈન ટ્રાંઝેક્શન મોકલવા માટે 'ઑકે' બટનને ક્લિક કરો. તમને સફળ ચેક-ઈન વિશે જાણ કરવામાં આવશે. તમે પેરામીટર કેવી રીતે સેટ કર્યુ છે તેના પર આધાર રાખીને ચેક-ઈન સ્લિપ છાપવામાં અથવા ઈમેઈલ કરવામા આવશે. જો એક જ ઉપભોક્તા દ્વારા અનેક પુસ્તકો ચેક-ઈન કરવામાં આવે છે, તો બધાં પુસ્તકો ચેક-ઈન થયા પછી 'પ્રિન્ટ કન્સોલિડેટેડ ચેક-ઈન સ્લિપ' શીર્ષકવાળા બટન પર ક્લિક કરો, જે એક ઉપભોક્તા દ્વારા ચેક-ઈન કરેલ તમામ પુસ્તકો માટે એક ચેક-ઈન સ્લિપ પ્રાપ્ત થશે.

આ એકમમાં પ્રલેખ આરક્ષણની અરજી, ગ્રંથ બંધામણી, પ્રલેખને પાછા બોલાવવા, અતિ દેહ , વગેરે પણ આપેલ છે.

## 14.6 સામયિક સંચાલન એકમઃ (Serial Management)

ગ્રંથાલય યાંત્રિકીકરણ સૉફ્ટવેરમાં સામાયિક સંચાલન એકમ સામાન્ય રીતે સૌથી જટિલ છે. આ મૉડ્યૂલમાં કાર્યક્ષમતાની આવશ્યકતા છે. સૉફ્ટવેરને સામાયિકના પ્રકાશનના અલગ અલગ અંતરને સમજવું પડે છે. નવીન સભ્યપદ લીધેલ સામાયિક, તેનું નોંધણી, ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટેલોગમાં સામાયિકના અંકોનું પ્રદર્શન અને નિયમિત સામાયિકના અંકો તેમજ પુરવણી અને અનુક્રમણિકને લગતી સમસ્યાઓનું સમધાન પણ સોફ્ટવેર માં મળે છે. સામાયિકો ઉપર સંચાલન એવી રીતે કરવામાં જેથી કોઈ અવરોધ ઊભો ન થાય. જ્યારે કોઈ સામયિકના બધા જ અંકો પ્રાપ્ત થયા હોય ત્યારે તેની ખાતરી સૉફ્ટવેરમાં કરીને  આ બધા જ અંકો બાઈન્ડર પાસે મોકલવામાં આવે છે અને તેની સંપૂર્ણ નોંધ સૉફ્ટવેરમાં કરવામાં આવે છે.

નીચે દર્શાવેલ ચિત્રમાં સામાયિક એકમના વિવિધ મોડ્યુલ જણાવેલ છે.




## 14.7 પરિસંચાલક એકમ: (Administration)

ન્યૂજેનલીબ પરિસંચાલક મોડ્યુલમાં ગ્રંથપાલ / સિસ્ટમ એડમિનને ગ્રંથાલયના પ્રકાર અને પ્રક્રિયા, ગ્રંથાલયના કર્યોને અનુકૂળ ન્યૂજેનલીબ સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે અને આ દ્વારા ગ્રંથપાલ વિવિધ એકમો, ઉદાહરણ તરીકે, પરિભ્રમણ નીતિઓ, પ્રલેખ પ્રાપ્તિ વગેરે સંદર્ભે ગ્રંથાલયની નીતિઓને નક્કી કરે છે.

આ તે પ્રથમ મોડ્યુલ છે જે અન્ય વિધેયાત્મક મોડ્યુલ્સ જેવાં કે; પરિગ્રહણ (Acquisition), તકનીકી પ્રોસેસિંગ, પરિભ્રમણ મોડ્યુલ પર નિર્ભર છે. વિવિધ પરિમાણોની વ્યાખ્યા ફક્ત અધિકૃત કર્મચારીઓ દ્વારા જ કરવામાં આવે છે, સામાન્ય રીતે સિસ્ટમ વ્યવસ્થાપક. આ એકમ ન્યુજેનલીબ એન્જીનીયર્સ અને સિસ્ટમ વહીવટકર્તા દ્વારા સોફ્ટવેર ઈન્સ્ટોલેશનમાં સંયુક્ત રીતે વિવિધ પરિમાણોને વ્યાખ્યાયિત કરવા માટે કામ કરે છે.

નીચે બતાવેલ આકૃતિમાં મેનુ વિકલ્પો બતાવેલ છે જે પરિસંચાલક એકમ તરીકે કામ કરે છે.



## 14.8 અહેવાલો : (Reports)

ન્યૂજેનલીબ ડેસ્કટૉપ એપ્લિકેશન ગ્રંથાલયમાં ઉપયોગ કરનાર ગ્રંથપાલોને ન્યૂજેનલીબના વિવિધ વિધેયાત્મક મોડ્યુલ્સ, જેમ કે પરિગ્રહણ, પરિભ્રમણ પ્રોસેસિંગ અને ડેટાબેઝ ડેવલપમેન્ટ, પ્રસારણ, વગેરે જરૂરી વિવિધ પ્રકારની રિપોર્ટ્સ બનાવવાની પરવાનગી આપે છે. ડેસ્કટૉપ એપ્લિકેશન ગ્રંથાલયના ક્લાયંટ મશીનથી આવે છે જે પછી સર્વરથી કનેક્ટ થાય છે અને ક્લાયંટને તે રિપોર્ટ પ્રાપ્ત કરવા માટે સક્ષમ કરે છે, જેની નકલ કાગળ પર લઈ શકાય છે. ડેસ્કટૉપ એપ્લિકેશનથી વધારે માહિતીના અહેવાલો પણ ખુબ જ સરળતાથી તૈયાર કરી શકાય છે. ઉ.દા. પરિગ્રહણાંક પત્રક.

### તમારી પ્રગતિ ચકાસો

■ **સ્વઅભ્યાસ કરો.**

1. NGL બેસિક ઈન્ટરફેસ લોન્ચ કરી નવું ગ્રંથાલય બનાવો.
2. NGL માં 4 ગ્રંથોના આદેશ પ્રિન્ટ કરી બતાવો.
3. NGL માં માર્ક-21 સ્વરૂપમાં 5 ગ્રંથો સેવ કરો.
4. NGL 5 ઉપભોક્તા (વિદ્યાર્થી) બનાવો.
5. ઉપભોક્તાની યાદી રિપોર્ટ મોડ્યુલ કાળે સેવ કરો.

■ **નીચે આપેલાં પ્રશ્નોના જવાબ એક-એક વાક્યોમાં લખો.**

(1) ન્યુજેનલીબ (NGL) કઈ પ્રોગ્રામિંગ ભાષામાં વિકસ્યું છે.

(2) NGLમાં કુલ કેટલાં મોડ્યુલ છે ?

(3) Mark-21માં 650નું ફિલ્ડ શાના માટે વપરાય છે.

(4) ઉપભોક્તા યાદી કયા મોડ્યુલથી મેળવી શકાય

(5) NGLના serial Moduleમાં Sub-Module કેટલાં છે ?

■ **વૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. NewGenLibનું પૂરું નામ શું છે?
   a. New Generation Library Management Software
   b. New Generation Library Software
   c. New Generation Libraries
   d. New Genome Libraries

2. NewGenLibનું પ્રથમ version 2.0 કયા વર્ષમાં રિલીઝ થયું?

a. 2005 b. 2006

c. 2007 d. 2008

3. NewGenLib સૉફ્ટવેર કોના દ્વારા વિકસિત થયું છે.?

a. Verus Solutions Pvt Ltd and KIIKM

b. Google and KIIKM

c. IBM and KIIKM

d. Verus Solutions Pvt. And IBM

4. NewGenLib સૉફ્ટવેરનું અદ્યતન (લેટેસ્ટ) વર્જન કયું છે?

a. 3.1.0 b. 3.1.1

c. 4.1.0 d. 4.1.1

6. NewGenLib સૉફ્ટવેર કઈ પ્રોગ્રામિંગ ભાષામાં બનેલું છે?

a. Java b. ASP

c. Python c. PHP

7. ISBD શું છે.?

a. Record Discretion Framework

b. Record Protocol

c. Information Dissemination Framework

d. Information Exchange Framework

## 14.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરોઃ (Answers the self check Exercises)

■ **નીચે આપેલાં પ્રશ્નોના જવાબ એક-એક વાક્યોમાં લખો.**

1. ન્યુજેનલીબ (NGL) Java માં બન્યું છે.
2. 6 6 (છ) - એકમ
3. 650નું ફિલ્ડ વિષય માટે છે
4. ઉપભોક્તા યાદી Report module માંથી મેળવી શકાય.
5. NGLમાં serial moduleમાં 6-છ sub-module છે.

## 14.10 ચાવીરૂપ શબ્દો. (Key words)

1. **ગ્રંથાલય યાંત્રિકીકરણ:** વિવિધ પ્રકારના ગ્રંથાલયના કર્યો જેવાં કે પરિગ્રહણ, સૂચિકરણ, સમાહિક નિયંત્રણ જેવા ગ્રંથાલયના આંતરિક કાર્યો સોફ્ટવેરની મદદથી કરવાં.
2. **ન્યુજેનલીબ:** ન્યુ (New) જનરેશન (Generation) લાઈબ્રેરી (Library)
3. **ગ્રંથ પરિગ્રહણ:** ગ્રંથાલયમાં પુસ્તક પ્રાપ્ત કરીવું
4. **ગ્રંથ પરિક્રમણ:** પુસ્તક આપ-લે
5. **સામયિક નિયંત્રણ:** ગ્રંથાલયમાં ક્રમિક પ્રકાશનો પ્રાપ્ત કરવા તથા તેનું સંચાલન
6. **વેબ એપ્લિકેશન:** વર્લ્ડ વાઈબ વેબ પર ચાલતી એપ્લીકેશન

## 14.11 સંદર્ભ અને વિશેષ વાંચન (Reference and Futher Reading)


* Agrawal, P. R. (2015). NewGenLib: a new generation open source library automation software. In Veer, Dharmaraj K. et al (Eds.).Advanced applications of ICT in libraries (pp 161-171). New Delhi: Agri-Biovet Press. ISBN: 9789384502065
* Casey, M. (2007). Looking toward catalog 2.0. In N. Coutney, Library 2.0 and beyond (pp. 15-24). Westport: Libraries Unlimited.
* Clarke, K. S. (2000). Open Source Software and the Library Community, Master's paper, University of North Carolina, Chapel Hill. Retrieved March 26, 2019, from <http://eprints.rclis.org/13297/1/osslc.pdf.
* NewGenLib, (2015) User Manual, Verussolutions, Hyderabad, retrieved from <http://www.verussolutions.biz/> on 13-03-2020


* * *



"શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો" -ડૉ. બાબાસાહેબ આંબેડકર

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


BAOU
Education for All

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**